[संस्कृत विभाग]

सम्पादकमण्डल

पं श्री धुरन्धरविजयजी गणिवर
मुनिराज श्री जम्बूविजयजी म
मुनिराज श्री तत्त्वानन्दविजयजी म

सम्पादक तथा अनुवादक

मुनिवर्य श्री तत्त्वानन्दविजयजी म

प्रयोजक

श्री अमृतलाल कालिदास दोशी बी ए

प्रकाशक

जैन साहित्य विकास मण्डल बम्बई ५६ (A S

प्रकाशक :
पं. अमृतलाल ताराचन्द्र दोशी, व्याकरणतीर्थ
मन्त्री, जैन साहित्य विकास मण्डल
११२, घोडबंदर रोड, इरला ब्रीज
विलेपारले, मुंबई—५६ (A S)

प्रथम आवृत्ति
१०००
ईस्वीसन् १९६२
विक्रमसंवत् २०१९
मूल्य रु. १८

मुद्रक :
वि. पु. भागवत
मौज प्रिंटिंग ब्यूरो, खटाववाडी
गिरगांव, मुंबई ४

अनुक्रमणिका

विषयानुक्रम

नोंधः—प्रत्येक स्तोत्रनो अनुवाद तथा तेनो टूंक परिचय साथे आप्यो छे। जेनो अनुवाद नथी आप्यो तेनी आगळ * आवु चिह्न मूक्यु छे।

महाकविगुणपालविरचित 'जंबुचरिय' संस्थितं

॥ मङ्गलपञ्चकम् ॥

जम्मजरमरणभवजलहिउत्तारए,
सिद्धिपुरगमणसुहसंपयागारए ।
असुरसुरमणुयपरिवंदिए जे जिणे,
मंगलं पढमयं हुंतु ते बुहयणे ॥ ८१४ ॥

सयलसंसारपरिमुक्कसंवासए,
भवियलोयाण सद्दिन्नसुहवासए ।
कम्मवणगहणयं सोसिउं सिद्धए,
मंगलं बीययं हुंतु तुह सिद्धए ॥ ८१५ ॥

कुमयवाईकुरंगाण पंचाणणे,
ससमयपरसमयसब्भावपंचाणणे ।
पंचहायारपडिपुन्नसंधारए,
मंगलं तइययं हुंतु तह सुहयरे ॥ ८१६ ॥

सव्वसाहूण उवएससंपदायए,
उभयसुत्तत्थकयपवरसज्झायए ।
धम्मसुक्काण झाणाण सज्झायए,
मंगलं चोत्थयं हुंतुवज्झायए ॥ ८१७ ॥

नाणतवचरणसम्मत्तगुणपुन्नए,
कोहमयमाणभयलोहसंचुन्नए ।
सयलसावज्जवावारकयसंवरे,
मंगलं पंचमं हुंतु तह मुणिवरे ॥ ८१८ ॥

निवेदन

नमस्कार-स्वाध्यायना प्राकृत विभाग (प्रथम भाग) नो दळदार ग्रंथ आजथी एक वर्ष पहेलां बहार पाडवामां आव्यो हतो। एने समाजे अत्यन्त आदरथी वधावी लीधो हतो। मोटा मोटा विद्वानोए ए ग्रंथनी मुक्तकंठे **प्रशंसा करी** हती। तेनी बधी नकलो तरत ज उपडी गई हती अने हजु तेनी माग चालु छे। **विदेशमांथी** पण **मागणीओ आवी रही छे**।

हवे एज ग्रंथना **बीजा (संस्कृत) विभागने** प्रगट करता अमने अत्यन्त आनंद थाय **छे**। आ बीजा **विभागमां नवकार** संबंधी कुल ४३ महत्त्वपूर्ण संदर्भो लेवामा आव्या छे। प्रथम भागनी माफक ज **आ** संस्कृत विभागमां **पण नवकार** संबंधी जुदी जुदी दृष्टिए विशेषता धरावता प्रकाशित तेमज अप्रकाशित स्तोत्रो चूटवामा आव्या छे।

ॐकारविद्यास्तवन, ह्रींकारविद्यास्तवन, मायाबीजस्तुति, मायाबीजह्रींकारकल्प, ऋषिमण्डल-स्तवयन्त्रालेखन, आ स्तोत्रो ॐकार अने ह्रींकारनु स्वतंत्र महत्त्व बतावनारा स्तोत्रो छे। **ऋषिमण्डलस्तवयन्त्रा-लेखनने** अमे जुदा पुस्तकरूपे पण बहार पाड्यु छे।

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्य विरचित **श्रीसिद्धहेमशब्दानुशासनना शब्दमहार्णवन्यासमांथी अमे अर्हँना** विस्तृत न्यासने अहीं रजु करेल छे। एनो अनुवाद अहीं प्रथम ज वार प्रकाशित थाय छे। एमां अर्हँनो **स्वरूप,** अभिधेय, तात्पर्य, क्षेम, योग, प्रणिधान अने तात्त्विक नमस्कार, ए सात द्वारो वडे सुंदर विचार करवामा **आव्यो छे**। ते पछीना संदर्भमा कलिकालसर्वज्ञकृत **संस्कृत द्व्याश्रय महाकाव्यना** प्रथम श्लोकनी टीकामां **श्रीअभयतिलकगणिनु अर्हं** उपरनु विवेचन छे।

ते पछीना संदर्भमा **कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्य** कृत **श्रीवीतरागस्तोत्रना** प्रथम छ श्लोको **उपर श्रीप्रभानंदसूरिए** करेल सुंदर विवरण छे। तेमा प्रत्येक पद उपर सुंदर प्रकाश नाखवामा आव्यो छे।

ते पछी **तत्त्वार्थसारदीपक** ग्रंथनो संदर्भ आवे छे। तेमा पदस्थ ध्याननी सुंदर भावना छे। तेमा नवकारमांथी **उत्पन्न थयेला** अनेक मंत्रो, ते मंत्रोनी आराधनाना प्रकारो तथा फलश्रुति छे।

ते पछी **श्रीसिंहतिलकसूरिए** रचेल **मन्त्रराजरहस्य** नामना हस्तलिखित ग्रंथमांथी **पंचपरमेष्ठिस्वरूप संदर्भ** लेवामा आव्यो छे। **मन्त्रराजरहस्यना** विषयमा भविष्यमा वधु साहित्य प्रकाशित करवानी अमारी उत्कट **भावना छे**। मंत्रजगतमां आ ग्रंथनु स्थान अनेरु छे। ए ग्रंथने वाचता **श्रीसिंहतिलकसूरिनी** अगाध विद्वत्ता स्पष्ट **देखाई** आवे छे। प्रस्तुत संदर्भमा ॐ, ह्रीं, अर्हं वगेरे मंत्रबीजोना अ अ आ उ मृ वगेरे अंगोना रहस्यनु सुंदर वर्णन छे।

ते पछी **मन्त्रराजरहस्यमांथी 'परमेष्ठिविद्यायन्त्रकल्प'** लेवामा आव्यो छे। एमां पण परमेष्ठिओना ध्यानादिना जुदा जुदा प्रकारो वर्णववामा आव्या छे। एमा सरस्वतीना मन्त्रध्याननु वर्णन सौथी वधु महत्त्वनु छे। **सरस्वतीना** मन्त्रनु ध्यान मूलाधारादि चक्रोमा केवी रीते करवु, तेनी विशिष्ट प्रक्रिया, कुण्डलिनी शक्ति, वगेरेनु अहीं **रहस्यमय** वर्णन छे। ए वर्णन परथी ए स्पष्ट देखाय छे के **श्रीसिंहतिलकसूरिनो** ध्यानविषयक अनुभव बहु ज **उच्च** भूमिकानो हतो। प्रस्तुत संदर्भ पछीना **लघुनमस्कारचक्रस्तोत्रसंदर्भमां** शान्त्यादिकर्मोनी साधवानी प्रक्रिया छे।

त्यारपछी **श्रीसिद्धसेनसूरिप्रणीत श्रीनमस्कार माहात्म्य** अनुवाद सहित आपवामा आव्युं छे, एमां **नवकार** अने तेना प्रत्येक वर्णनु सुंदर विवेचन छे तथा नवकारना स्मरणथी थता लाभो, नवकारनो प्रभाव वगेरे दर्शाववामा आव्या छे। एमा सप्तम प्रकाशथी जे चतुःशरणनुं वर्णन शरु थाय छे, ते तो अजोड छे।

ते पछीना संदर्भोमा पण नवकारविषयक विविध सामग्री छे।

ते पछी **परमात्मपंचविंशति** संदर्भ छे। एमा **उपा० श्रीयशोविजयजीए** परमात्माना शुद्ध स्वरूपनु **संक्षेपमां सुंदर** वर्णन करेल छे।

ते पछी **पञ्चनमस्कृतिदीपक**माथी बे संदर्भो तारववामा आव्या छे। एमाथी प्रथम सदर्भमा साधनामा उपयोगी एवा दिग्, आसन, मुद्रा, काल, क्षेत्र, द्रव्य, भाव, पल्लव, कर्म, गुण, सामान्य, विशेष वगेरेनु वर्णन छे। **पंचनमस्कृतिदीपक**ना बीजा संदर्भमा नवकारना पदोमाथी नीकळेला अनेक मत्रो आपवामा आव्या छे। एमा केटलाक मत्रोना ध्याननी विशिष्ट प्रक्रियाओ पण बतावामा आवी छे।

ते पछी **लक्ष नमस्कार गुणनविधि** नामक सदर्भमा लाख नवकारना जपनो सुदर विधि छे। एमा बतावावामा आव्यु छे के जे विधिपूर्वक भावथी लाख नवकार गणे छे तेनी जो एकाग्रता वधी जाय तो ते **श्रीतीर्थंकर नामकर्म** उपार्जे छे।

ते पछी **तत्त्वानुशासन** संदर्भ छे। ए ग्रथ अमारी सस्था तरफथी पूर्वे प्रकाशित थयेल छे। ए संपूर्ण ग्रथना अनुवादक पू. मु. श्री **तत्त्वानंदविजयजी** म. छे। ए अनुवादमाथी प्रस्तुत सदर्भ अहीं लेवामा आव्यो छे। आ सदर्भमा नाम-स्थापना-द्रव्य-भाव ध्येयनु सुदर वर्णन छे। एमा व्यवहारध्यान तथा निश्चयध्यान पण दर्शावेल छे। ए ज सदर्भमा अर्हना ध्याननी विशिष्ट प्रक्रिया तथा अर्हत्‌ना अभेद ध्यानादिनु सुदर वर्णन छे। आत्मसवेदननुं वर्णन पण ए ग्रन्थमा अद्‌भुत छे। ग्रथने रचनार **दिगम्बर सम्प्रदायना ख्यातनाम आचार्य श्रीमान् नागसेन** छे। एमनी अद्‌भुत प्रतिभा आ ग्रथमा तरी आवे छे। ध्यानना प्रत्येक अभ्यासी माटे ए सपूर्ण ग्रथ मननीय छे कारण के ए स्वानुभवनी उच्च भूमिका उपरथी लखाएल छे।

ते पछी **मातृका प्रकरण** सदर्भमा प्रणवादि मत्रबीजोना प्रत्येक अक्षरनु वाच्य (अभिधेय) दर्शाववामा आव्यु छे।

ते पछीना **अर्हन्नामसहस्रसमुच्चय** सदर्भ अने **जिनसहस्रनामस्तवन** सदर्भमा श्रीअरिहत परमात्माना एक हजार आठ नामोनी अनुष्टुप् छदमा गुथणी छे।

ते पछी **श्रीजिनसहस्रनामस्तोत्र** सदर्भ आवे छे, जे गावामा आह्लाद दायक छे। एमा अरिहत परमात्माना व्यापक स्वरूपनु वर्णन छे तथा तेमनी जन्मथी माडीने निर्वाण सुधीनी अनेक अवस्थाओने नमस्कार करवामा आवेल छे। एमा अतीत-अनागत-वर्त्तमान चोवीशीना तीर्थकरो, आ भूमिना वर्त्तमान तीर्थो, शासन, सघ, नवकारमन्त्र, सिद्धान्त, दर्शनादिशुद्धि, क्रिया, साधुधर्म, श्रावकधर्म, श्रुतदेवता वगेरेने पण नमस्कार करवामा आव्यो छे। ए सदर्भमाना **जगज्जन्तुजीवातुजन्म** (श्लो. ४), **अवतीर्णाय विश्वोपकृत्ये** (श्लो १५), **प्रकृत्या जगद्वत्सलाय** (श्लो. १५), **विश्वदारिद्र्यनिस्तर्जनाय** (श्लो. ५०), **पुनानाय कालत्रयेऽस्मान्** (श्लो ११७) वगेरे विशेषणो वाचनारनु खास ध्यान खेंचे छे।

ते पछीना **षोडशक प्रकरण** सदर्भमा सालंबन तथा निरालबन योगनु सुदर वर्णन छे।

ते पछीना **शक्रस्तव** सदर्भमा पण परमात्माना स्वरूपनी भाववाही स्तुति छे। ए मत्रपदोथी गर्भित छे। एना पठनादिना फळोनु वर्णन पण ए सदर्भना प्रात भागमा छे, जे खास ध्यान आपवा लायक छे। आचार्यशिरोमणि श्री **सिद्धसेन दिवाकर** एना रचयिता छे।

ते पछी **सिद्धभक्त्यादि संग्रहमां** आत्मा अने मुक्ति विषयक अन्यदर्शनीओनी मान्यतानुं खण्डन करी जैन दर्शनसम्मत आत्मा अने मुक्तिनी सिद्धिनु प्रतिपादन कर्यु छे तथा पचपरमेष्ठिना गुणोनु सुदर वर्णन छे।

ते पछी **श्राद्धविधिसंदर्भमां** श्रावकनु प्राभातिककृत्य, स्वरोदयसबधी सुदर वर्णन तथा नवकारना जपना प्रकारोनुं वर्णन छे।

उपर कहेल बधा सदर्भोनो परिचय अहीं बहु ज सक्षेपमा करावेल छे। विशेष परिचय ते ते संदर्भना अंतमा आपवामा आवेल छे।

आम संपूर्ण ग्रन्थ नवकारनी विविध विशेषताओने बतावनारो अने नवकारसंबंधी विपुल साहित्य एक ज स्थळे प्राप्त थई शके तेवो बन्यो छे। तेथी नवकारना अभ्यासीओने ते बहुज उपयोगी नीवडशे।

जैन साहित्य विकास मंडळे छेल्ला दस वर्षमा प्रतिक्रमण, योग, ध्यान वगेरे विषयोनु महत्त्वपूर्ण साहित्य प्रकट कर्यु छे।

कलिकालसर्वज्ञ श्री **हेमचंद्राचार्य**विरचित 'योगशास्त्र'ना आठमा प्रकाश उपर श्री **जैन साहित्य विकास मंडळना** संचालक **शेठ श्री अमृतलाल कालिदास दोशी** विस्तारथी विवेचन लखी रह्या छे। तेमा श्री शास्त्रकार भगवते ध्याननी विविध प्रणालिकाओ अने ध्याननी एक आखी सम्पूर्ण पद्धति केवी निगूढ करेली छे, तेनु समन्वयपूर्वक निदर्शन छे। ए कृति अमे आ ग्रथमा लेवाना हता, परन्तु तेनु विवेचन हजु संपूर्ण थयु न होवाथी अमे अहीं प्रकाशित करी शक्या नथी।

प्रथम भागनी माफक ज आ ग्रथने सर्वांग सुन्दर बनाववानु भगीरथ कार्य तो **प. पू. मुनिराज श्रीतत्त्वानंदविजयजी महाराजे** करेल छे। अमारी विनंतिने मान आपीने जेओए आ ग्रथनु कार्य **प. पू. मुनिवर्य श्रीतत्त्वानंदविजयजी महाराजने** सोप्यु ते **सिद्धान्तमहोदधि पूज्यपाद आचार्य भगवंत श्रीविजयप्रेमसूरीश्वरजी म. सा., प. पू. पं. श्रीभद्रंकरविजयजी गणिवर्य** अने **प. पू. पं. श्रीभानुविजयजी गणिवर्यना** अमे अत्यन्त ऋणी छीए।

प्रस्तुत ग्रथना अनुवादनादिमा विद्वद्वर्य **प. पू. पं. श्री धुरंधरविजयजी गणिवर्य**, न्यायादि शास्त्रोमा निष्णात **प. पू. मु. श्री जंबूविजयजी** म. अने **प. पू. श्री तत्त्वानंदविजयजी** ए अमने घणी ज सारी सहाय करेल छे।

आ उपरात आगमप्रभाकर **प. पू. मुनिराज श्रीपुण्यविजयजी महाराज** तथा **पू. मुनिश्री यशोविजयजी महाराज** वगेरेनो हस्तप्रतो तथा यत्रसामग्री वगेरे आपवा बदल खास आभार मानीए छीए।

प्रथम भागनी माफक आ बीजा भागमा पण अनेक चित्रो तथा यन्त्रो आपवामा आव्या छे। अने ए बधु कार्य **डभोईना सुप्रसिद्ध चित्रकार श्रीरमणलाले** खूब परिश्रमपूर्वक कर्यु छे। ते बदल संस्था तरफथी तेमने धन्यवाद आपीए छीए।

सशोधन अने संग्रहना आ कार्यमा खास करीने हस्तप्रतो पूरी पाडवामा अनेक सस्थाओ, ज्ञानभण्डारो, अनेक प्रतिष्ठित व्यक्तिओ तेम ज विद्वानो तरफथी अमने सारो सहकार मळ्यो छे। तेमा नीचे जणावेल ज्ञानभंडारो तथा संस्थाओना अमे अत्यन्त ऋणी छीए।

(१) जैन सिद्धान्त भवन हस्तलिखित ग्रन्थसंग्रह	आरा
(२) रॉयल एशियाटिक सोसायटी	कलकत्ता
(३) श्रीविजयमोहनसूरीश्वरजी हस्तलिखित शास्त्रसग्रह	पालीताणा
(४) भाण्डारकर रिसर्च इन्स्टिटयूट	पूना
(५) श्री केसरबाई ज्ञान मदिर	पाटण
(६) श्री जीवराज जैन ग्रन्थालय	सोलापुर
(७) श्री मुक्तिकमल ज्ञानमदिर	वडोदरा
(८) प. अमृतलाल मोहनलाल भोजकनो सग्रह	पाटण
(९) श्री अमरविजयजी ज्ञानभण्डार	डभोई
(१०) श्री तपगच्छ जैन भण्डार	जयपुर
(११) श्री मोहनलाल भगवानदास झवेरीनो सग्रह	मुबई
(१२) श्री हसविजयजी शास्त्रसंग्रह जैन ज्ञानमदिर	वडोदरा
(१३) श्री शान्तिनाथजी जैन मंदिर हस्तलिखित सग्रह	मुबई
(१४) शेठ श्रीआणंदजी कल्याणजीनी पेढी हस्तक श्री जैन श्वे. ज्ञानभण्डार	लींबडी

(१५) श्री वर्धमान जैन आगममंदिर	..	पालीताणा
(१६) श्री मुक्ताबाई जैन ज्ञानमंदिर	. . . . .	डभोई
(१७) श्री पन्नालाल दिगम्बर जैन सरस्वती भवन, भुलेश्वर	.	मुंबई
(१८) श्री जैनधर्मप्रसारक सभा	.. .	भावनगर
(१९) श्री आत्मानंद जैन सभा	.. . .	,,
(२०) श्री भारतीय ज्ञानपीठ	.. ..	काशी
(२१) श्री लालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर	.	अमदावाद

आना पछी अमे नमस्कार-स्वाध्यायनो त्रीजो विभाग पण प्रकट करवाना छीए। जेमा संस्कृत अने प्राकृत सिवायनी भाषाओमा रचायेला प्रकाशित तथा अप्रकाशित महत्त्वपूर्ण संदर्भोनो, समावेश थशे।

आ प्रकारे आ त्रणेय भागो पंचमंगलमहाश्रुतस्कन्धसूत्रना स्वाध्यायमा महार्थ, अपूर्वार्थ, परमार्थ गर्भार्थसद्भाव, समासार्थ, विस्तरार्थ, सारार्थ वगेरेना अवधारण माटे, एक विज्ञानचक्रनी (एनसाईक्लोपीडियानी) गरज सारशे एवी अमे आशा सेवीए छीए अने प्रस्तुत ग्रंथमा छद्मस्थता, अनुपयोग, प्रेसदोष आदि कारणोथी जे काई शास्त्रविरुद्ध लखायु होय, तेनो अमे 'मिच्छामि दुक्कडं' दईए छीए।

आ ग्रथनुं निमित्त पामीने भव्य आत्माओमां सम्यग्दर्शन-ज्ञान-चारित्र्यनी निर्मलता सदा वृद्धिने पामती रहे, ए ज मंगल कामना।

भाद्रपद वद, १३ वि. सं. २०१८
विलेपारले, मुंबई, ५६ (A S)
ता. २६-९-६२

निवेदक
पं. अमृतलाल ताराचंद दोशी
मंत्री, श्री जैन साहित्य विकास मंडळ

यन्त्र-चित्र-सूचि

ग्रंथनी शरुआतमां आपेल प्रथम छ चित्रोनो अनुक्रम :—

ग्रंथमांथी सूचित थता तथा अन्य यंत्र-चित्रोनो अनुक्रम :—

मथुरास्तूपद्वारसुशोभनविभूषितपञ्चमङ्गलमहाश्रुतस्कन्धसूत्रम्

यन्त्र-चित्र परिचय

ग्रंथनी शरूआतमा आपेल प्रथम छ चित्रोनो क्रमानुसार परिचयः—

(१) पुरुषादानीय प्रभु श्रीपार्श्वनाथ [नीलवर्णीय]

आ कलामय अने मनोहर चित्र चित्रकार श्रीरमणलाले अहीं संस्था (जैन साहित्य विकास मंडळ मुंबई) मा पोतानी कल्पनाथी दोरेल छे। चित्रनी मुखाकृति अत्यन्त भाववाही अने आकर्षक होवाथी अत्र रजू करवामा आवल छे।

(२) श्री पद्मावती देवी

नालन्दा (बिहार) ना एक देवीना चित्र उपरथी चित्रकार पासे योग्य फेरफार करावी अहीं पद्मावती देवीरूपे रजू करवामा आवल छे।

(३) परितोमथुरास्तूपद्वारसुशोभनविभूषितपञ्चमङ्गलमहाश्रुतस्कन्धसूत्रम्

विन्सेन्ट ए स्मिथ रचित The Jaina Stupa and other Antiquities of Mathura (Archaeological Survey of India New Imperial Series Volume XX published in 1901) नामना परिचयात्मक ग्रंथनी प्लेट न XII परथी आ चित्र तैयार करवामा आव्यु छे। जेनु छ एवु न प्रवेशद्वार दोरवामा आव्यु छे, फक्त नीचे तेनी बे बाजुए बनावेल दरवाजाओ आ प्लेटमा नथी। स्तूपना आ प्रवेशद्वारनी उपर तोरण छे अने तेनी उपर बन्ने बाजु 'तिलकरत्न' छे जे अष्टमंगल पैकी एक मंगल छे। आ 'तिलकरत्न' आ सिवाय बीजी घणी प्लेटोमा (प्लेट न VI VII X XI) जोवा मळे छे। व 'तिलकरत्न'नी वच्चे 'श्रीवत्स' मूकवामा आवेल छे। प्रवेशद्वारनी वच्चे नमस्कारना मूल पाठ सुशोभित रीते स्थापित कर्यो छे। आ चित्रनी प्लेटना मथाळे नीचे प्रमाणे लखेल छे

Ayagapata or Tablet of Homage The gift of Sivayasa the wife of the Dancer Phaguyasa

(४) श्री श्रेयांसनाथ भगवान्

संस्थान माननीय प्रमुख शेठ श्रीअमृतलाल कालिदास दोशीना चित्तपालना गृहमंदिरमा श्री श्रेयांसनाथ भगवाननी १३ इंच प्रमाण पंचधातुनी सुशोभित अने भव्य प्रतिमा मूलनायक तरीके बिराजमान छे। तेनो परिकर अत्यन्त मनोहर अने कलापूर्ण छे। तेनु समग्र चित्र अत्रे रजू करवामा आवल छे। ते प्रतिमानी पाछळनो लेख नीचे प्रमाणे मळे छे —

संवत् १ ७० वर्षे वैशाख सुदि ६ सोमे श्रीपत्तनवास्तव्य श्रीश्रीमालीज्ञातीय श्रे ठाकरसी भार्या रमाई सुत वाघाकेन श्रीश्रेयांसनाथ बिम्ब कारापित। प्रतिष्ठित श्रीसूरिभि ॥ श्री ॥

* नोट—परिकरना उपरना भाग ( ) उपर अने नीचेना भागनो पाछळ (२) लेख नीचे प्रमाणे छे —

(१) संवत १५ १ वर्षे वैशा ख सु दि सोमे श्रीपत्तनवास्तव्य श्रीश्रीमालीज्ञातीयवृद्धशाखीय श्रे सुरा भार्या माग। रे मुलसी। श्रे ...पाला वचनात् ... नभामगि पुण्यपुण्यकार्यकारण दक्ष श्रे ठाकरसी भार्या रमाई सुतश्रे वाघाकेनात्मजभ्रातृ श्रे सिंहा श्रे मेघा भ्रातृ य श्रे ...जरू श्रे नाकरघुमा सुत ... वीरा प्रमुख कुटुम्बयुतेन श्रीश्रेयांसनाथबिम्ब कारापित स्वश्रेयसे। प्रतिष्ठित श्रीसूरिभि श्री

(२) संवत् १५७९ वर्षे वैशाख सुदि ६ सोमे श्रीपत्तनवास्तव्य श्रीश्रीमालीज्ञातीय श्रे ठाकरसी भार्या रमाई सुत वाघाकेन भार्या मनाई सुत हीरजी वीरजी प्रमुख कुटुम्बयुतेन श्री श्रेयांसनाथस्य सिंहासन कारापित निभरभक्तिभरेण प्रतिष्ठित श्रीसूरिभि । शुभं भवतु । श्री

(५) मथुरायागपटमध्यस्थापितमङ्गलमुखपाठः

आ चित्र पण उपर्युक्त विन्सेन्ट ए. स्मिथना ग्रंथमांनी प्लेट VII परथी तैयार करवामां आव्यु छे। आ आयागपट छे, जेमां वच्चेनी जग्याए श्री अरिहंत भगवन्त पद्मासने स्थित छे। तेओ ध्यानमुद्रामा लीन छे अने शिरपर छत्र शोभी रह्यु छे। तेमनी आजुबाजु चार तिलकरत्न हता ते न लेतां तेनी जगाए अहीं 'चत्तारि मंगलं' आदिनो मूळ पाठ मूकेल छे।

आ आयागपटनी उपरनी बाजुए चार अने नीचेनी बाजुए चार—एम मळी कुल आठ मंगल आपेलां छे। खूब ज प्रचलित एवां आ 'अष्टमंगल' जैन रीतिनां अति प्राचीन प्रतीको छे। आनाथी प्राचीन अने आवी सारी रीते एक साथे जळवायेल 'अष्टमगल' हजु सुधी बीजे क्याय मळ्या नथी। डॉ. उमाकान्त पी. शाहे पोताना 'Studies in Jaina Art' नामक कलाग्रन्थमां आ मगलोनु नीचे प्रमाणे नामकरण कर्यु छे :—

उपरनी हरोळ (जमणी बाजुएथी)—

(१) A pair of Fish (मत्स्ययुगल-मत्स्ययुग्म)
(२) A heavenly Car (पवनपावडी)
(३) A Srivatsa Mark (श्रीवत्स)
(४) A Powder Box (शरावसंपुट)

नीचेनी हरोळ (जमणी बाजुएथी)—

(५) A Tilakaratna (तिलकरत्न)
(६) A Full Blown Lotus (पुष्पचगेरिका-पुष्पगुच्छ)
(७) An Indrayasti or Vaijayanti (इद्रयष्टि व वैजयती)
(८) A Mangal-Kalaśa (Auspicious Vase) (मंगल-कलश)

मूलपाठनी बे बाजु आपेल स्तभो "Persian Achaemenian" रीतिना छे अने प्रत्येक स्तंभनी उपर तथा नीचे भिन्न भिन्न प्रतीको आपेल छे। जमणी बाजुना स्तंभनी सौथी उपर 'धर्मचक्र' छे अने डाबी बाजुना स्तंभनी उपर 'कुंजर' (हाथी) कडारेल छे। बन्ने स्तंभोनी नीचे पण जुदा जुदा बे प्रतीको छे। आ चारे प्रतीकोनी भिन्नता शिल्पनी दृष्टिए विचारणीय लागे छे।

जे परथी आ चित्र तैयार कर्यु छे ते प्लेट न. VII ने मथाळे नीचे प्रमाणे लखेलु छे:—

"Ayagapata or 'Tablet of Homage or of Worship', Set up by Sihanāndika for the Worship of the Arhats."

(६) पञ्चपरमेष्ठिनमस्कारग्रथितरम्यसूत्रपटी

श्रीनमस्कारमत्रना पाच पदोना पडिमात्रानो पाठ गूंथणीमा आवे तेवी रीते अति मनोहर रगीन पाटी गूथी छे, एनु आ चित्र छे। ते संवत १७३९ ना भादरवा वदि पांचमना दिवसे गूथी छे एवु तेमा दर्शाव्यु छे। आ पाटी बार फूट लाबी अने पोणो इच पहोळी छे अने तेमां अक्षरो सिवाय आगळ पाछळ सुशोभनो छे। ते सुशोभनो शाना संकेत छे ए समजातुं नथी।

ग्रंथमांथी सूचित थता तथा अन्य ओगणीस यंत्र-चित्रोनो परिचयः—

(७) ॐकारःवाचककलापरमेष्ठिपञ्चकस्वरूपः (पृ. ४ A)

सेठ श्री अमृतलाल कालिदास दोशीना जामनगरना संग्रहमांनी एक पाटलीना चित्र उपरथी योग्य फेरफार साथे आ चित्र चितरावी अहीं रजू करवामां आवेल छे।

(८) सरस्वतीदेवी (पृ. १२ A)

'Epics Mythes and Legends of India' by P. Thomas नामक पुस्तकना पृ. १०२ पर आवेल सरस्वती देवी (Plate No. LXII) ना आधारे संस्थामां योग्य फेरफार साथे चितरावी अहीं रजू करवामां आवेल छे।

चित्रनी नीचे British Museum एम लखेल छे।

(९) ॐ ह्रीँ वाच्यार्थस्वरूपदर्शकचित्रम् [ॐ ह्रीँ अर्हँनी पाटली] (पृ. १६ A)

आ पण उपर्युक्त जामनगरनी पाटलीना चित्र उपरथी योग्य फेरफार साथे चितरावी अहीं रजू करवामां आवेल छे।

(१०) कलामय 'अर्हँ' मङ्गलपाठः (पृ. २४ A)

आ चित्रकारनी पोतानी कल्पनानुसार चितरावी ने अहीं रजू करेल छे।

(११) संभेदप्रणिधानदर्शको अर्हँकारः (पृ. ३४ A)

कलिकालसर्वज्ञ श्रीहेमचन्द्राचार्यकृत सिद्धहेमशब्दानुशासनना मंगलाचरणमां अर्हँ उपरना **स्वोपज्ञशब्दार्णवन्यास**मां निर्दिष्ट संभेद प्रणिधाननी व्याख्यानुसार आ चित्र संस्थामां चितरावी अहीं रजू करवामां आवेल छे। जुओ-प्रस्तुत ग्रंथ पृ. ३५ नो छेल्लो पॅरेग्राफ।

(१२) ऋषिमण्डलयन्त्रम् (पृ. ४० A)

श्रीसिंहतिलकसूरिए निर्दिष्ट करेल आम्नायानुसार तेमज बीजा अनेक यन्त्रो सामे राखी जे फेरफार **पू. पं. श्री धुरंधरविजयजी गणिवरने** आवश्यक जणायो ते अनुसार संस्थामा चितरावी आ चार रंगवाळु चित्र **प्रेस प्रोसेस स्टुडी**ओमा तैयार करावी अहीं रजू करवामां आवेल छे। आ भव्य चित्र अतीव मनोहर बनी शक्युं छे।

(१३) समवसरणरचनास्थित ॐ ह्रीँ अर्हँ स्वरूपम् (पृ. ७४ A)

शेठ श्री **अमृतलाल कालिदास दोशी**ना अंगत संग्रहमाना एक यन्त्र-चित्र उपरथी योग्य फेरफार साथे चितरावी अहीं रजू करवामा आवेल छे।

(१४) उपासनादर्शकपञ्चपरमेष्ठिचित्रम् (पृ. ९४A)

श्री पञ्चपरमेष्ठि भगवतोनी विविध उपासना तथा आराधनाना चित्रो तथा अष्टमंगलना चित्रो सहित श्री नमस्कारनो मूलपाठ संस्थामा चित्रकार पासे बे रंगमां चितरावी अहीं रजू करवामा आवेल छे।

(१५) परमेष्ठि विद्यायन्त्रम् (पृ. ११० A)

श्रीसिंहतिलकसूरिविरचित **'परमेष्ठिविद्यायन्त्रकल्प'** मां निर्दिष्ट आम्नायानुसार संस्थामां चितरावीने अहीं रजू करवामा आवेल छे। जुओ प्रस्तुत ग्रन्थ पृ. १११ थी १२६ सुधी।

आलेखन पंचक

समयज्ञ, दृढचारित्र्य वगेरे गुणसंपदावाळा गुरुओना स्वहस्ताक्षररूपे पंचमंगल महाश्रुतस्कन्ध सूत्र अने तेनी साथे तेओश्रीनी प्रतिकृति—आ बन्ने एक सुंदर कलामय पट्टिका के जेमां अरिहंतदेवनी प्रतिकृति चित्रित होय तेमां जो रजू करवामां आवे तो ग्रंथनी शोभामां घणी ज अभिवृद्धि थाय अने ग्रन्थ विशेष आदरणीय बने तथा ए प्रकारे चित्रमां देव, गुरु अने धर्मनो सुमेळ सधाय – एवो विचार आ ग्रंथना **प्रयोजक शेठ श्री अमृतलालभाईना** मनमां स्फुर्यो अने ते विचारने अमलमां मूकवाने **शेठ श्री** स्वयं पूज्य गुरुवर्योने मल्या अने विनंति करी। जे उपरथी आलेखन पंचक रजू करवामां आवल छे। तेनो सामान्य परिचय नीचे मुजब छे :

(१६) सिद्धान्तमहोदधि पूज्यपाद आचार्य भगवंत श्री विजयप्रेमसूरीश्वरजी महाराज अने तेओश्रीना हस्ताक्षरमां '**पंचमंगल महासुयक्खंध सुत्तं**' (पृ. १२६ A)

सकलागमरहस्यवेदी, कर्मसाहित्यना परम अभ्यासी, परमशान्तविभूति वात्सल्यमूर्ति, करुणासिंधु, स्वयं पंचाचारनुं सर्वांगसुंदर परिपालन करनारा अने अनेक भव्य आत्माओने तेमां जोडवानी अद्भुत सिद्धिने वरेला, श्रीजिनशासनगगनदिवाकर, सुगृहीतनामधेय, प्रातःस्मरणीय परमाराध्यपाद आचार्य शिरोमणि श्रीविजयप्रेमसूरीश्वरजी महाराजनी प्रतिकृति तथा तेओश्रीए कृपा करीने लखी आपेलो 'पंचमंगलमहाश्रुतस्कन्ध'सूत्रनो ते ज स्वरूपे पाठ। ए आचार्य भगवंतनी सतत उपरनी महान् कृपाना कारणे प्रस्तुत ग्रंथने वर्तमानरूपमां लाववामां पू. मुनिवर्य श्री तत्त्वानंदविजयजीनी अमने घणी ज सारी सहाय मळी छे।

(१६) आगमप्रभाकर पू. मुनिराज श्रीपुण्यविजयजी महाराज अने तेओश्रीना हस्ताक्षरमां '**पंचमंगलमहासुयक्खंध सुत्तं**' (पृ. १८२ A)

प्राचीन ज्ञानभण्डारोना महान् उद्धारक, संरक्षक अने संशोधक, जैनागमनिष्णात, समयज्ञ महापुरुष मुनिराज श्री पुण्यविजयजी महाराजनी प्रतिकृति तथा तेओश्रीए कृपा करीने लखी आपेलो 'पंचमंगलमहासुयक्खंधसुत्तं'नो ते ज स्वरूपे पाठ।

(१८) विद्वद्वर्य पू. पन्न्यासप्रवर श्रीधुरंधरविजयजी गणिवर अने तेओश्रीना हस्ताक्षरमां '**श्रीनवकार महामंत्रः**' नो पाठ (पृ. १८८ A)

परम पूज्य आचार्य श्रीविजयामृतसूरीश्वरजी महाराजना प्रशिष्य संस्कृत प्राकृतना प्रौढ विद्वान तथा अनुष्ठानकुशल पू. पन्न्यासप्रवर श्रीधुरंधरविजयजी गणिवरनी प्रतिकृति तथा तेओश्रीए कृपा करीने लखी आपेलो 'श्रीनवकार महामंत्र'नो ते ज स्वरूपे पाठ।

(१९) षट्दर्शननिष्णात पू. मुनिराज श्रीजंबूविजयजी महाराज अने तेओश्रीना हस्ताक्षरमां **श्रीपञ्चपरमेष्ठिनमस्कारमहामन्त्रः**' (पृ. १९२ A)

प. पू. मुनिराज श्रीभुवनविजयान्तेवासी, भारतीय दर्शनोना प्रखर अभ्यासी, भोट भाषाना मर्मज्ञ, प्रखर मेधावी मुनिराज श्रीजंबूविजयजी महाराजनी प्रतिकृति तथा तेओश्रीए कृपा करीने लखी आपेलो 'श्रीपञ्चपरमेष्ठिनमस्कार-महामंत्र'नो ते ज स्वरूपे पाठ।

(२०) प. पू. पंन्यासप्रवर श्रीभानुविजयजी गणिवर्यना हस्ताक्षरमां '**सिरिपंचमंगलमहासुय-क्खंधसुत्त**' तथा **पू. मुनिराज श्रीतत्त्वानंदविजयजी महाराजना** हस्ताक्षरमां '**अरिहंत**' मंत्रनो लेखित जाप (पृ. १९८ A)

प. पू. पन्न्यासजी महाराज श्री भानुविजयजी गणिवर्ये कृपा करीने लखी आपेलो 'सिरिपंचमंगलमहासुय-क्खंध सुत्त' नो ते ज स्वरूपे पाठ अने तेओश्रीना अन्तेवासी संस्कृत अने प्राकृतना परम उपासक, ध्यान विषयना अभ्यासी मुनिराज श्री तत्त्वानंदविजयजी महाराजे कृपा करीने लखी आपेलो '**अरिहंत**' मन्त्रनो लेखित जाप।

(२१) सिद्धचक्रम् (दिगम्बरीय नवदेवतानी धातु प्रतिमा) (पृ. २२० A)

आ एक प्राचीन दिगम्बरीय चित्र उपरथी योग्य फेरफार साथे चितरावी अहीं रजू करवामा आवेल छे।

(२२) नंदीश्वरद्वीपपटः (पृ. २४० A)

राणकपुरना धरणविहार प्रासादमा रहेला नदीश्वरपटना एकचित्र उपरथी सस्थामा चित्रकार पासे योग्य फेरफार करावी चितरावीने अहीं रजू करवामा आवेल छे।

(२३) श्रीमहावीर स्वामी (काउस्सग्गध्यानमां) (पृ. २५० A)

तालध्वज (तळाजा-सौराष्ट्र) गिरि उपर मुख्य देरासरनी बाजुए एक उभी काउस्सग्गीया भगवाननी मूर्ति छे। पगनी नीचे जमणी बाजु एक यक्ष तथा डाबी बाजु अंबिका देवी छे। प्रभुनी मूर्ति नीचे लाछन नथी परन्तु बन्ने बाजु सिंहनी आकृति होवाथी चित्रकारे वच्चमा सिंहनी आकृति लाछन तरीके मकी महावीर स्वामीनी मूर्ति कल्पीने ते प्रमाणे चितरी छे। जे अहीं रजू करवामा आवेल छे।

(२४) श्रीबाहुबलिजी (काउस्सग्गध्यानमां) (पृ. २९२ A)

श्रीगोमटेश्वर बाहुबलिना चित्र उपरथी योग्य फेरफार साथे चित्रकार पासे चितरावीने अहीं रजू करेल छे।

(२५) श्रीचतुर्विंशतिजिनरम्यपटः (पृ. २९८ A)

प्रभासपाटणना चिन्तामणि पार्श्वनाथना देरासरमा डाबी बाजुना एक चोवीसीना चित्र उपरथी चित्रकारनी कल्पनानुसार चितरावीने अहीं रजू करेल छे।

अमारां प्रकाशनो

(प्रयोजक : अमृतलाल कालिदास दोशी, बी. ए.)

१ श्रीप्रतिक्रमण-सूत्र प्रबोधटीका, भाग पहेलो (बीजी आवृत्ति)	रु.	५=००
२ श्रीप्रतिक्रमण-सूत्र प्रबोधटीका भाग बीजो	रु.	५=००
३ श्रीप्रतिक्रमण-सूत्र प्रबोधटीका भाग त्रीजो	रु.	५=००
४ श्रीप्रतिक्रमणनी पवित्रता (बीजी आवृत्ति-अप्राप्य)	रु.	०=३७
५ श्रीपंचप्रतिक्रमण-सूत्र (प्रबोधटीकानुसारी) शब्दार्थ, अर्थसंकलना, तथा सूत्र-परिचय साथे (अप्राप्य)	रु.	२=००
६ सचित्र सार्थ सामायिक-चैत्यवन्दन (प्रबोधटीकानुसारी—अप्राप्य)	रु.	०=५०
७ योगप्रदीप (प्राचीन गुजराती बालावबोध अने अर्वाचीन गुजराती अनुवादसहित)	रु.	१=५०
८ तत्त्वानुशासन (गुजराती अनुवादसहित)	रु.	१=००
९ ध्यानविचार (गुजराती अनुवादसहित)	रु.	. . .
१० नमस्कार स्वाध्याय (प्राकृत विभाग) (अप्राप्य)	रु.	२०=०
११ नमस्कार स्वाध्याय (संस्कृत विभाग)	रु.	१५=०
१२ A Comparative Study of the Jaina Theories of Reality and Knowledge	रु.	१०=०

—: छपाय छे :—

१३ मातृका प्रकरण

१४ नमस्कार-स्वाध्याय (अपभ्रंश-हिंदी-गूजराती विभाग)

१५ योगसार

१६ मन्त्रराज रहस्य

जैन साहित्य विकास मंडळ

इरला ब्रीज, ११२ घोडबंदर रोड

विलेपारले, मुंबई-५६ (A.S.)

श्री श्रेयांसनाथ भगवान (गृहमंदिर ज्यान विलेपार्ले)

मथुरायागपटमध्यस्थापितमङ्गलपाट.

नमो अरिहंताणं

नमो आयरियाणं

नमो उवज्झायाणं

पञ्चपस्कनमारग्रथितरम्यसूत्रपटी
(शेठ कान्तिलाल ईश्वरलालना सौजन्यथी)

॥ श्री शंखेश्वरपार्श्वनाथाय नमः ॥

नमस्कार स्वाध्याय

(संस्कृत विभाग)

[४६–१]*

नमस्कारमन्त्रस्तोत्रम् 5

(शार्दूलविक्रीडितवृत्तम्)

विश्लिष्यन् घनकर्मराशिमशनिः संसारभूमिभृतः
स्वर्निर्वाणपुरप्रवेशगमने निष्प्रत्यवायः सताम् ।
मोहान्धावटसङ्कटे निपततां हस्तावलम्बोऽर्हतां,
पायाद्[1] वः सचराचरस्य जगतः सञ्जीवनं मन्त्रराट् ॥ १ ॥ 10

(वसन्ततिलकावृत्तम्)

एकत्र पञ्चगुरुमन्त्रपदाक्षराणि, विश्वत्रयं पुनरनन्तगुणं परत्र ।
यो धारयेत्[2] किल तुलानुगतं तथापि, वन्दे महागुरुत्[3]वरं परमेष्ठिमन्त्रम् ॥ २ ॥
ये केचनापि सुषमाद्यरका अनन्ता, उत्सर्पिणीप्रभृतयः प्रययुर्विवर्त्ताः ।
तेष्वप्ययं परतरः प्रथितप्रभावो, लब्ध्वाऽमुमेव हि गता शिवमत्र लोकाः ॥ ३॥ 15

अनुवाद

घनघाति कर्मना समूहने विखेरी नाखनार, भवरूपी पर्वतने (भेदवा) माटे वज्र समान, सत्पुरुषोने स्वर्ग अने मोक्षपुरीमां प्रवेश करवाना मार्गमा रहेला विघ्नोने दूर करनार, मोहरूप अंधकारमय कूवाना संकटमा पडेलाओने माटे हाथना टेकारूप अने सचराचर जगतने माटे संजीवनरूप अर्हतोनो मंत्रराज (नमस्कार महामत्र) तमारु कल्याण करो ॥ १ ॥ 20

एक पल्लामा 'पचगुरुमत्र' (नमस्कार मंत्र)ना पदना अक्षरो अने बीजा पल्लामां अनंतगुण करेला एवा त्रणे लोक, एम बंनेने जो त्राजवामा धारण करवामां आवे, तो पण जेनो भार घणो वधारे थाय एवा परमेष्ठिमत्रने हुं नमस्कार करुं छुं ॥ २ ॥

जे कोई पण सुपमादि अनन्त आराओ अने उत्सर्पिणी (अवसर्पिणी) वगेरे कालचक्रो व्यतीत थया, ते बधामा पण आ मंत्रराज सर्वोत्तम अने विस्तृत—प्रख्यात प्रभाववाळो हतो। आ मंत्रने प्राप्त करीने 25 ज भव्य लोको मोक्षमां गया छे ॥ ३ ॥

१. पायान्नः । २. धारयेदिव । ३. महागुरुतर ।

* आ पहेला प्रकट थयेल "नमस्कार स्वाध्याय—प्राकृत विभाग"मा कुल ४५ स्तोत्रो आपवामा आव्या हता अने सळग क्रम जाळवी राखवानी दृष्टिए तेना अनुसंधानमा आ "नमस्कार स्वाध्याय—सस्कृत विभाग"मा न. ४६ थी शरुआत करवामां आवी छे । 30

(शार्दूलविक्रीडितवृत्तम्)

उत्तिष्ठन् निपतन् चलन्नपि धरापीठे लुठन् वा स्मरे-
जाग्रद् वा प्रहसन् स्वपन्नपि वने बिभ्यन्निषीदन्नपि ।
गच्छन् वर्त्मनि वेश्मनि प्रतिपदं कर्म प्रकुर्वन्नमुं[1]
5 यः पञ्चप्रभुमन्त्रमेकमनिशं किं तस्य नो वाञ्छितम् ॥ ४ ॥

(वसन्ततिलकावृत्तम्)

सङ्ग्राम-सागर-करीन्द्र-भुजङ्ग-सिंह-
दुर्व्याधि-वह्नि-रिपु-बन्धनसम्भवानि ।
चौर-ग्रह-भ्रम-निशाचर-शाकिनीनां
10 नश्यन्ति पञ्चपरमेष्ठिपदैर्भयानि ॥ ५ ॥

(शार्दूलविक्रीडितवृत्तम्)

यो लक्षं जिनबद्धलक्ष्यहृदयः[2] सुव्यक्तवर्णक्रमः[3]
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मन्त्रं जपेच्छ्रावकः ।
पुष्पैः[4] श्वेतसुगन्धिभिः सुविधिना लक्षप्रमाणैरमुं
15 यः सम्पूजयते स विश्वमहितस्तीर्थाधिनाथो भवेत् ॥ ६ ॥

ऊठतां, पडता, चालता, भूमि पर आळोटता, जागतां, हसता, सूतां, वनमां भय पामतां, बेसतां, मार्गमां के घरमा जता प्रत्येक डगले अने प्रत्येक काम करता जे आ पचपरमेष्ठिमत्रनु निरतर स्मरण करे, तेना कया मनोरथनी सिद्धि न थाय ? ॥ ४ ॥

पंचपरमेष्ठिना पदो वडे रण-संग्राम, सागर, गजेन्द्र, सर्प, सिंह, दुष्टव्याधि, अग्नि, शत्रु अने 20 बंधनथी उत्पन्न थता भयो तथा चोर, ग्रह, भ्रम, राक्षस अने शाकिनीना भयो दूर भागी जाय छे ॥ ५ ॥

श्री जिनेश्वर भगवतने विषे बद्धलक्ष्य छे हृदय जेनु (अर्थात् श्री जिनेश्वर भगवतरूप ध्येयमां एकाग्र मनवाळो), सुस्पष्ट वर्णक्रमवाळो (अर्थात् जेनो नमस्कार महामंत्रना वर्णोना उच्चारादिनो क्रम सूत्रोच्चारणना गुणोथी युक्त छे एवो), श्रद्धावान अने जितेंद्रिय एवो जे श्रावक भवनाशक एवा आ मंत्रनो एक लाख श्वेत सुगंधी पुष्पोवडे सुदर विधिपूर्वक जाप करे अने पूजा करे, ते विश्वपूज्य तीर्थंकर थाय। 25 (श्रीपार्श्वनाथ अथवा श्री शातिनाथ भगवंतनी प्रतिमानी एक लाख श्वेत सुगधी पुष्पोवडे पूजा करे; एक एक पुष्प प्रभु पर चढावती वखते एक एक नवकारनो जाप करे, एवु विधान छे। आ विधाननुं वर्णन प्रस्तुत ग्रंथना त्रीजा भागमा आवशे) ॥ ६ ॥

१. प्रकुर्वन्निमान् । २. लक्षहृदय । ३. स्वव्यक्तवर्णक्रमम् । ४. श्वेतैः पुष्प-सुगन्धिभिः ।

(वसन्ततिलकावृत्तम्)

इन्दुर्दिवाकरतया रविरिन्दुरूपः
पातालमम्बरमिला सुरलोक एव ।
किं जल्पितेन बहुना भुवनत्रयेऽपि
यन्नाम तत्र विषमं च समं च न स्यात् ॥ ७ ॥ 5

जग्मुर्जिनास्तदपवर्गपदं तदैवं
विश्वं वराकमिदमत्र कथं विनाऽस्मात् ।
तत् सर्वलोकभुवनोद्धरणाय धीरै-
र्मन्त्रात्मकं निजवपुर्निहितं तदत्र ॥ ८ ॥

(शार्दूलविक्रीडितवृत्तम्) 10

हिंसावाननृतप्रियः परधनाऽऽहर्ता परस्त्रीरतः
किञ्चान्येष्वपि लोकगर्हितमतिः पापेषु गाढोद्यतः ।
मन्त्रेशं यदि संस्मरेच्च सततं प्राणात्यये सर्वदा
दुष्कर्मार्जितदुर्गतिक्षतचयः स्वर्गीभवेन्मानवः ॥ ९ ॥

आ महामत्रना प्रभावथी चद्र सूर्यरूपे अने सूर्य चद्ररूपे, पाताल आकाशरूपे (अने आकाश 15
पातालरूपे) अने पृथ्वी देवलोकरूपे (अने देवलोक पृथ्वीरूपे) थई शके। वधारे कहेवाथी शु ? त्रण जगतमां
एवी कई वस्तु छे के जे ए मंत्रथी विषमनी सम के समनी विषम न थई शके ? (अर्थात् आ पचपरमेष्ठि-
मत्रना प्रभावथी वस्तुने जे रूपे बदलाववी होय ते रूपे बदलावी शकाय) ॥ ७ ॥

ज्यारे श्री जिनेश्वर भगवतो मोक्षमां गया त्यारे, "अमारा विना अहीं बिचारा आ जगतनु शु
थशे ?", (एवी करुणाथी) धीर एवा तेओ सर्व जगतना जीवोना उद्धार माटे पोताना मत्रात्मक शरीरने अहीं 20
मूकता गया छे ॥ ८ ॥

हिसा करनार, असत्यप्रिय, पारकु धन हरण करनार, परस्त्रीमा आसक्त तथा बीजा पण
पापोमा अत्यन्त तत्पर अने लोकोए जेनी बुद्धिनी निंदा करी छे एवो पुरुष पण जो मरण वखते आ मंत्रनु
सर्वदा सतत स्मरण करे तो ते दुष्कर्मथी प्राप्त करेल दुर्गतिना संचयनो (दुर्गति प्रायोग्य कर्म समूहनो) क्षय
करीने देव थाय छे ॥ ९ ॥ 25

१. सदैव । २. अन्येष्वपि ।

(शिखरिणीवृत्तम्)

अयं धर्मः श्रेयानयमपि च देवो जिनपति-
र्व्रतं चैतत् श्रीमानयमपि च यः सर्वफलदः।
किमन्यैर्वाग्जालैर्बहुभिरपि संसारजलधौ
5 नमस्काराचत् किं यदिह शुभरूपं न भवति ॥ १० ॥[1]
स्वपन्[2] जाग्रन् तिष्ठन्नपि पथि चलन् वेश्मनि सरन्[3],
भ्रमन् क्लिश्यन् माद्यन् वन-गिरि-समुद्रेष्ववतरन्।
नमस्कारान् पञ्च स्मृतिखनिखातानिव सदा
प्रशस्तैर्विज्ञप्तानिव वहति यः सोऽत्र सुकृती ॥ ११ ॥

10 आ नवकार कल्याणकारी धर्म छे, जिनेश्वरदेव पण ए छे, व्रत पण ए छे अने जे सर्व फळोने आपे छे ते श्रीमान पण ए छे। बीजा घणा वाक्प्रपंचोथी शुं? आ संसारसमुद्रमां एवुं शुं छे के जे आ नमस्कारमंत्रथी* शुभरूप न थतुं होय? ॥ १० ॥

जे सूतां, जागतां, ऊभा रहेतां, रस्तामां चालतां, घरमां पेसतां, (स्खलना पामतां) फरतां, दुःखी थतां, प्रमाद आवी जतां, अथवा जंगल, पर्वत के समुद्रोने पार करतां, पूज्य पुरुषोए उपदेशेला पांच 15 नमस्कारोने जाणे स्मृतिनां आंतरिक नादवडे मनमां कोराई गया होय(?) तेम धारण करे छे ते अहीं भाग्यशाळी छे ॥ ११ ॥

परिचय

आ स्तोत्रनी बे प्रतिओ अमने मळी छे। एक आरा जैन सिद्धांत भवनना हस्तलिखित ग्रंथसंग्रहना नं० २५/१ मांथी मळी हती; ज्यारे बीजी रॉयल एशियाटिक सोसायटी कलकत्ताना संग्रहमांथी 'पंचनम-20 स्कृतिदीपक' नामना ग्रंथमांथी संग्रहरूपे मळेली हती; ते बे प्रतिओ उपरथी मूळपाठ अने पाठभेदो लईने अनुवाद साथे आ कृतिने अहीं प्रगट करी छे।

'पंचनमस्कृतिदीपक'मां आ स्तोत्रना कर्ता तरीके वाचकवर्य श्री उमास्वातिनो उल्लेख कर्यो छे। संभव छे के आ कृति तेमनी होय, छतां बीजो पुरावो न मळे त्यां सुधी आ स्तोत्रना कर्ता विशे निश्चितपणे कही न शकाय।

25 आ स्तोत्र प्रस्तुत ग्रंथना केटलाक स्तोत्रना सारसमुच्चयरूप जणाय छे। खास करीने आ स्तोत्रनुं आठमुं पद्य आपणुं ध्यान खेंचे छे के, "आ नमस्कार मंत्र, ते जगतना उद्धार माटे श्री अरिहंत भगवंतनो मंत्रात्मक शाश्वत देह छे।" श्री नमस्कार महामंत्रनी महान शक्तिनुं वर्णन करतां आ स्तोत्रमां कहेवामां आव्युं छे के, "ए मंत्रनी सहायथी चंद्रने सूर्य, सूर्यने चंद्र के पृथ्वीने देवलोक वगेरे बनावी शकाय।" सारांश के नमस्कारमंत्रना प्रभावादिने आ स्तोत्रमां सुंदर रीते रजू करवामां आवेल छे।

30 १. नमस्कारस्तत्तत् यदिह शुभरूपञ्च भवति। २. सुपन्। ३. स्खलन्।
* आ संसारमां जे जे शुभरूप छे, ते ते बधुं नवकार(ना प्रभावे) ज छे।

ॐकार परमेष्ठिपञ्चकवाचककलापञ्चकस्वरूप

[४७-२]

'ॐ'कारविद्यास्तवनम्

प्रणवस्त्वं ! परब्रह्मन् ! लोकनाथ ! जिनेश्वर !
कामदस्त्वं मोक्षदस्त्वं 'ॐ'काराय नमो नमः ॥ १ ॥
पीतवर्णः श्वेतवर्णो रक्तवर्णो हरिद्वरः । 5
कृष्णवर्णो मतो देवः 'ॐ'काराय नमो नमः ॥ २ ॥
नमस्त्रिभुवनेशाय रजोऽपोहाय भावतः ।
पञ्चदेवाय शुद्धाय 'ॐ'काराय नमो नमः ॥ ३ ॥
मायादये नमोऽन्ताय प्रणवान्तर्मयाय च ।
बीजराजाय हे देव ! 'ॐ'काराय नमो नमः ॥ ४ ॥ 10
घनान्धकारनाशाय चरते गगनेऽपि च ।
तालुरन्ध्रसमायाते सप्रान्ताय नमो नमः ॥ ५ ॥
गर्जन्तं मुखरन्ध्रेण ललाटान्तरसंस्थितम् ।
पिधानं कर्णरन्ध्रेण प्रणवं तं वयं नुमः ॥ ६ ॥

अनुवाद 15

हे परमब्रह्म, लोकनाथ, जिनेश्वर ! तमे प्रणव ('ॐ'कार) स्वरूप छो। हे 'ॐ' कार ! तुं सर्व शुभ इच्छाओने पूर्ण करनार छे अने मोक्ष आपनार पण तु ज छे; तेथी हु तने पुनः पुनः नमस्कार करुं छु ॥ १ ॥

जे (इष्ट) देव ('ॐ'कार)नु ध्यान पीतवर्णमां, श्वेतवर्णमां, रक्तवर्णमा, हरितवर्णमां अथवा कृष्णवर्णमां कराय छे, ते 'ॐ'कारने वारंवार नमस्कार थाओ ॥ २ ॥ 20

जे त्रणे भुवननो स्वामी छे, जेनु भावपूर्वक ध्यान करता रज-कर्मनो नाश थाय छे, जे पंचदेव (पंचपरमेष्ठि) मय छे अने जे शुद्ध छे एवा 'ॐ'कारने वारंवार नमस्कार थाओ ॥ ३ ॥

हे देव ! जे माया एटले 'ह्रीँ'कारनी आदिमा छे, जेना अतमा नमः छे, जे सर्व बीजोमां अंतर्गत छे—व्याप्त छे अने जे बीजराज छे एवा प्रणवस्वरूप 'ॐ'कारने नमस्कार थाओ ॥ ४ ॥

मंत्र—'ॐ ह्रीँ नमः' 25

(अज्ञानरूप) गाढ अंधकारनो नाश करवा माटे गगनमा संचरता अने त्यांथी तालुरध्रमां आवता 'स्'नी नजीकमां रहेला 'ह'कारने (?) ('ॐ'कारने) वारंवार नमस्कार थाओ ॥ ५ ॥

वळी मुखरध्रमा गर्जता, ललाटना मध्यमां स्थिर थता अने कर्णरध्रथी ढंकाता (?) एवा ते प्रणव-'ॐ'कारने अमे वारंवार नमस्कार करीए छीए ॥ ६ ॥

श्वेते शान्तिक-पुष्ट्याख्याऽनवद्यादिकराय च ।
पीते लक्ष्मीकरायापि 'ॐ'काराय नमो नमः ॥ ७ ॥
रक्ते वश्यकरायापि कृष्णे शत्रुक्षयकृते ।
धूम्रवर्णे स्तम्भनाय 'ॐ'काराय नमो नमः ॥ ८ ॥
5 ब्रह्मा विष्णुः शिवो देवो गणेशो वासवस्तथा ।
सूर्यश्चन्द्रस्त्वमेवातः 'ॐ'काराय नमो नमः ॥ ९ ॥
न जपो न तपो दानं न व्रतं संयमो न च ।
सर्वेषां मूलहेतुस्त्वं 'ॐ'काराय नमो नमः ॥ १० ॥
इति स्तोत्रं जपन् वाऽपि पठन् विद्यामिमां पराम् ।
10 स्वर्गं मोक्षं पदं धत्ते विद्येयं फलदायिनी ॥ ११ ॥
करोति मानवं विज्ञमज्ञं मानविवर्जितम् ।
समानं स्यात् पंचसुगुरोर्विद्यैका[२] सुखदा पग ॥ १२ ॥

॥ इति ॐकारविद्यास्तवनम् ॥

जे श्वेतवर्णथी ध्यान करता निर्दोष एवां शाति, तुष्टि, पुष्टि वगेरे कार्यो करे छे अने पीतवर्णथी 15 ध्यान करता लक्ष्मी आपे छे ते 'ॐ'कारने वारवार नमस्कार थाओ । जे लालवर्णथी ध्यान करता वशीकरण करे छे, कृष्णवर्णथी ध्यान करता शत्रुनो क्षय करे छे अने धूम्रवर्णथी ध्यान करतां स्तम्भन करे छे ते 'ॐ'कारने वारवार नमस्कार थाओ ॥ ७-८ ॥

हे प्रणव! तु ज ब्रह्मा छे, तु ज विष्णु छे, तु ज शिव देव छे, तु ज गणेश छे, तु ज इंद्र छे, तु ज सूर्य छे अने चद्र पण तु ज छे; तेथी तने वारवार नमस्कार थाओ ॥ ९ ॥

20 सर्व सिद्धिओ (सुखो) नुं मूळ कारण जप नथी, तप नथी, दान नथी, व्रत नथी अने संयम पण नथी[१]; किन्तु हे प्रणव! तुं छे। तने वारवार नमस्कार थाओ ॥ १० ॥

आ स्तोत्रने जपतो अथवा आ परम विद्यानो पाठ करतो मनुष्य स्वर्ग अथवा मोक्षनी पदवी पामे छे। आ 'ॐ'कार विद्या (श्रेष्ठ) फळने आपनारी छे ॥ ११ ॥

ए अज्ञान मनुष्यने विद्वान करे छे। एनाथी मानविनानो पुरुष मानवाळो (लोकप्रिय) थाय छे। 25 पंचसुगुरुओना प्रथमाक्षरोमाथी निष्पन्न थएली आ विद्या अद्वितीय अने परम सुखदायक छे ॥ १२ ॥

१. अहीं जपादिनी हीनता बतावाई नथी किन्तु 'ॐ'कारनी श्रेष्ठता बताववा माटे जपादिने गौणता आपवामा आवी छे।

२. अहीं छंदोभग दोप लागे छे.

परिचय

आ स्तोत्र ‘पंचनमस्कृतिदीपक’ नामक ग्रथमा संग्रहीत छे अने तेमां तेनो दिगंबर जैनाचार्य ‘पूज्यपाद’ (अपरनाम श्री समन्तभद्रसूरि) नी कृतिरूपे उल्लेख थयो छे। ए स्तोत्रने अहीं अनुवाद साथे प्रगट कर्युं छे।

श्रीपंचपरमेष्ठिओनो वाचक आ ‘ॐ’कार ‘अ+अ+आ+उ+म्’ ए वर्णोना योगथी बनेलो 5 छे। तेनु वर्णन आ स्तोत्रमां करेलुं छे।

‘ॐ’कारना ध्यान विशे अने तेना फळ विशेनी माहिती आ स्तोत्रमां आपेल छे। आ स्तोत्र ‘ॐ’कारनी व्यापकतानो सुंदर रीते ख्याल करावे छे। ॐकार परमेष्ठिभगवंतोनो एकाक्षरी मंत्र होवाथी आ ‘ॐ’कार-स्तवनने अहीं प्रकट कर्युं छे।

एक जैन ‘बीजकोश’कारे ‘ॐ’कारने आत्मवाचक मूलभूत बीज बताव्यु छे। एने 10 तेजोबीज, कामबीज पण मानवामां आव्यु छे। पंचपरमेष्ठिनो वाचक होवाथी ‘ॐ’कारने समस्त मंत्रोनुं सारतत्त्व कहेवामां आवे छे। मात्र ‘ॐ’नो जप अथवा चिंतन करवाथी आत्मा निर्मल बने छे अने स्वानुभव थवा लागे छे। आ स्तोत्रनो पाठ अनेक रीते फलदायक छे।

श्रीजिनप्रभसूरिविरचितः

मायाबीज('ह्रीँ'कार)कल्पः

मायाबीजबृहत्कल्पात्, श्रीजिनप्रभसूरिभिः ।
5 लोकानामुपकाराय, पूर्वविद्या प्रचक्ष्यते ॥ १ ॥
सुप्रकाशे ताम्रमये, पट्टे मायाक्षरं गुरु ।
कारितं परमात्मत्वममलं लभते स्फुटम् ॥ २ ॥
ध्यानाश्रयो यथाम्नायं, शुभाशुभफलोदयः ।
तथाऽयं वर्णभेदेन, कार्यकाले प्रजायते ॥ ३ ॥
10 पूर्णायां सत्तिथौ शुक्लपक्षे चन्द्रबले तथा ।
कारयेत् सर्वनैवेद्यं, पञ्चामृतसमन्वितम् ॥ ४ ॥
पक्वान्नान् विविधान् चान्यानानयेत् सुमनांसि च ।
सर्वैः कणैः फलैः सर्वैः, सर्ववस्त्रैः क्रयाणकैः ॥ ५ ॥
सुवर्ण-रत्न-रूप्यैश्च, कर्पूरादिसुगन्धिभिः ।
15 प्रतिष्ठादिवसे पूज्यो, मन्त्रराजः शुभाशयैः ॥ ६ ॥

अनुवाद

आचार्य भगवान श्रीजिनप्रभसूरिवडे '**मायाबीजबृहत्कल्प**'मांथी लोकोना उपकार माटे पूर्वविद्या कहेवाय छे ॥ १ ॥

जे सुप्रकाशित तांबाना पट उपर मोटो 'ह्रीँ'कार करावे ते निर्मल एवा परमात्मपणाने 20 निश्चयथी पामे छे (?) ॥ २ ॥

कार्यकाले आम्नायने अनुसारे (विधिपूर्वक) जुदा जुदा वर्णोथी ध्यान करातो आ (मन्त्रराज) शुभाशुभ फलना (?) उदयने करनारो थाय छे ॥ ३ ॥

शुक्लपक्षनी शुभ एवी पूर्णा (५, १०, १५) तिथिओमां तेमज उत्तम प्रकारना चंद्रबलमां पंचामृतथी[1] सहित सर्व प्रकारनुं नैवेद्य, विविध प्रकारना पक्वान्नो कराववां तथा सुंदर पुष्पो मगाववां ते सर्व 25 वडे, अने सर्व धान्यो वडे, सर्वफळो वडे, सर्ववस्त्रो वडे, सर्वक्रयाणको वडे (?), सोनुं, रत्न अने चांदी वडे, कपूर वगेरे सुगंधी द्रव्यो वडे प्रतिष्ठाना दिवसे शुभ आशयोसहित मन्त्रराज 'ह्रीँ'कारनी पूजा करवी ॥ ४–६ ॥

१ दूध[1], दहीं[2], घी,[3] साकर[4] (इक्षुरस) अने गंधोदक[5] (केसर, कपूर वगेरे सुगंधी द्रव्योथी मिश्रित जल) ने पञ्चामृत कहेवाय छे.

आम्नायदायकं नत्वा, दानैः सत्कृत्य तं गुरुम् ।
प्रतिष्ठाप्यः परो मन्त्रेणानेनैव विपश्चिता ॥ ७ ॥
सर्वमन्त्रमयत्वाच्च, सर्वदेवमयत्वतः ।
नान्यमन्त्रस्य संन्याससमयमर्हति तीर्थराट् ॥ ८ ॥
कृतस्नानेन सद्धर्म(ब्रह्म)चारिणा चैकभोजिना ।
साधकेन सदा भाव्यं, विजने भूमिशायिना ॥ ९ ॥
षट्कर्मणां विधानार्थं, जागर्ति यस्य मानसम् ।
प्रत्येकं पूर्वसेवायां, लक्षस्तेन विधीयते ॥ १० ॥
सितश्रीखण्डलुलितः, सितवस्त्रः सिताशनः ।
सितसद्ध्यानजापस्रक्, सितजापाङ्गसंयुतः ॥ ११ ॥
सितपक्षे सुधाश्वेते, गृहे फलमयं(मिदं) भवेत् ।
विपद्-रोगहतिं शान्तिं, लक्ष्मीं सौभाग्यमेव च ॥ १२ ॥
बन्धमोक्षं च कान्तिं च, क्रमात् काव्यं नवं तथा ।
पुरक्षोभं सभाक्षोभमाज्ञैश्वर्यमभङ्गुरम् ॥ १३ ॥

आम्नाय आपनार गुरुने नमस्कार करीने अने उचित दानथी तेमनो सत्कार करीने विद्वान पुरुषे आ ज ('ह्रीँ'कार) मंत्रथी श्रेष्ठ एवा 'ह्रीँ'कारनी प्रतिष्ठा कराववी ॥ ७ ॥

आ 'ह्रीँ'कार स्वय तीर्थराज, सर्वमंत्रमय अने सर्वदेवमय होवाथी प्रतिष्ठा माटे कोई पण बीजा मंत्रोना न्यासनी एने अपेक्षा नथी ॥ ८ ॥

साधक सदा (उचित रीते) स्नान करनार, सद्धर्मने आचरनार, एक वखत भोजन करनार अने भूमिपर शयन करनार होवो जोईए। तेणे विजन (एकान्त) प्रदेशमां साधना करवी जोईए ॥ ९ ॥

षट्कर्मना विधान माटे जेनु मन उत्साहित छे तेणे पूर्वसेवामा प्रत्येक कर्म माटे ('ॐ ह्रीँ नमः' ए मंत्रनो) एक लाख वार जाप करवो जोईए ॥ १० ॥

साधके श्वेत चन्दनथी देहनुं विलेपन करवुं। श्वेत वस्त्र, श्वेत (धान्यनु) भोजन, श्वेत (वर्णमां) ध्यान अने जाप माटे श्वेत माला एम जापनु प्रत्येक अंग पण श्वेत होवु जोईए ॥ ११ ॥

शुक्लपक्षमां कळीचूनाथी रंगेल श्वेत घरमां जाप करवाथी विपत्ति अने रोगोनो नाश, लक्ष्मी अने सौभाग्यनी प्राप्ति, बंधनथी मुक्ति, नवीन काव्य, पुरक्षोभ अने सभाक्षोभ करवानी शक्ति अने आज्ञानुं चिरकालीन ऐश्वर्य वगेरे फळोनी प्राप्ति थाय छे ॥ १२-१३ ॥

किं बहूक्तैर्निरालम्बं सितध्यानं करोत्यदः ।
सर्वपापक्षयं पुंसां नात्र कार्या विचारणा ॥ १४ ॥

मोहाकृष्टिवशाक्षोभमित्थं रक्तः करोत्ययम् ।
पीतः स्तम्भं रिपोर्वक्त्रबन्धं सम्यक् करोत्ययम् ॥ १५ ॥

5 नीलो विद्वेषणं चैवोच्चाट्टनं तु प्रयोगतः ।
कृष्णवर्णो गुरोर्वाक्यादरेर्मृत्युविधायकः ॥ १६ ॥

भ्रुवोर्मध्ये तु साध्यस्य चिन्तनीयो गुरुः क्रमात् ।
गृहीतस्य च चन्द्रस्याकृष्टया प्राणप्रयोगतः ॥ १७ ॥

सालम्बाच्च निरालम्बं निरालम्बात् पराश्रयम् ।
10 ध्यानं ध्यायन् विलोमाच्च साधकः सिद्धिमान् भवेत ॥ १८ ॥

क्षीरपूर्णां महीं पश्येत् सितकल्लोलमालिनीम् ।
अवृक्षपर्वतामेकामर्णवात्माद्वितीयकाम् ॥ १९ ॥

बाध-संबाधरहितां, शान्तामानन्ददायिनीम्
चिन्तयेदेकमेवात्रामलं कुसुमयुत्तमम् ॥ २० ॥

---

15 बहु कहेवाथी शुं ? आ 'ह्रीँ'कारनुं बाह्य आलबन रहित एवु निरालबन श्वेत (शुक्ल [१]) ध्यान मनुष्यना सर्व पापनो क्षय करे छे, वळी विशिष्ट ध्यानना प्रयोगथी रक्तवर्णवाळो (आ मंत्रराज) सम्मोहन, आकर्षण, वशीकरण अने आक्षोभ करे छे, पीतवर्णवाळो स्तभन अने शत्रुनु मुख (वचन) बंध करे छे, नीलवर्णवाळो विद्वेषण अने उच्चाटन करे छे अने कृष्णवर्णवाळो शत्रुनु मारण करे छे। ए नि.सदेह छे, एमां विचार (विकल्प) करवो नहीं. ॥ १४-१६ ॥

20 चद्रनाडीद्वारा प्राणायमना प्रयोगपूर्वक ग्रहण करायेल श्वासनो कुभक करीने (साधके) साध्यना भ्रूमध्यमां 'ह्रीँ'कार क्रमे क्रमे मोटो चिंतववो (?) ॥ १७ ॥

सालबनं ध्यानमाथी निरालंबन ध्यान करवु, निरालबन ध्यानमांथी पराश्रित ध्यान करवु। ते पछी विलोमथी—उलटा क्रमथी (पराश्रितमांथी निरालबन अने निरालबनमाथी सालबन) ध्यान करवु। ए रीते ध्यान करनार साधक सिद्धिने प्राप्त करे छे. ॥ १८ ॥

25 (साधक) वृक्षो अने पर्वतो विनानी, बाधा अने संबाधाथी रहित (निरुपद्रव), शात, आनद आपनार, अद्वितीय, क्षीरथी परिपूर्ण, क्षीरना श्वेतकल्लोलना समूहथी शोभती अने जाणे केवळ एक क्षीरनो

---

१. सालंबन—बाह्यपट आदि आलबनसहित ध्यान. निरालबन—बाह्य आलबन विना केवळ मनद्वारा 'ह्रीँ'कारनी आकृतिनुं ध्यान. पराश्रित—'ह्रीँ'कारथी वाच्य एवा परमात्माना गुणादिनुं ध्यान.

पत्राष्टकैस्तु ह्रीँकारं स्फाटिकं वर्णकोपरि (कर्णिकोपरि)।
स्मरेदात्मानमत्रैवोपविष्टं धवलत्विषम् ॥ २१ ॥
चतुर्मुखं चतुर्भेदगतिविच्छेदकारकम् ।
सर्वकर्मविनिर्मुक्तं सर्वसत्त्वाभयावहम् ॥ २२ ॥
निरञ्जनं निराबाधं सर्वव्यापारवर्जितम् । 5
पद्मासनसमासीनं श्वेतवस्त्रविराजितम् ॥ २३ ॥
'ह्रीँ'कारेण शिरःस्थेन स्फाटिकेनोपशोभितम् ।
क्षरद्भिरमृतैर्माया(?) मायाबीजाक्षराङ्ककैः(जैः) ॥ २४ ॥
इति ध्यानमयो ध्याता सम्यक्संसारभेदकः ।
भवैस्त्रिभिश्चतुर्भिर्वा मोक्षमार्गं(?) च गच्छति ॥ २५ ॥ 10
चतुर्विंशतितीर्थेशैर्जैनशक्त्या विभूषितः ।
परमेष्ठिमयश्चैष सिद्धचक्रमयो ह्ययम् ॥ २६ ॥
त्रयीमयो गुणमयः सर्वतीर्थमयो ह्ययम् ।
पञ्चभूतात्मको ह्येष लोकपालैरधिष्ठितः ॥ २७ ॥

महासागर होय तेवी पृथ्वीने जुए। तेमां वच्चे अष्टदल कमल छे, दरेक दल उपर 'ह्रीँ' कार छे अने 15 वच्चे कर्णिकामां उज्ज्वल कांतिवाळो पोते पद्मासने बेठेल छे, एम चिंतवे। त्यां ते पोताने (समवसरणमां बेठेला श्री तीर्थंकरनी जेम) चतुर्मुख, चारे गतिनो विच्छेद करनार, सर्व कर्मोथी रहित, पद्मासने बेठेल अने श्वेतवस्त्रोथी शोभतो जुए। ते पछी ब्रह्मरंध्रमां स्थापन करेला स्फटिक वर्णना 'ह्रीँ' कारनी वच्चे विराजमान पोताना आत्माने जुए। ते पछी 'ह्रीँ' कारना दरेक अंगमांथी झरता अमृतथी सिंचातो पोताना आत्माने चिंतवे ॥ १९-२४ ॥ 20

आ प्रकारे 'ह्रीँ'कारना ध्यानमां परिणमेलो ध्याता संसारनो सारी रीते विच्छेद करनार थाय छे। ते त्रीजा अगर चोथा भवे मोक्षने अवश्य पामे छे ॥ २५ ॥

'ह्रीँ'कारने चोवीश तीर्थंकरोए जैनशक्तिथी (?) विभूषित करेल छे। ए परमेष्ठिमय, श्रीसिद्धचक्रस्वरूप, त्रयी (देव-गुरु-धर्म)मय, ज्ञानदर्शनचारित्रगुणात्मक, सर्वतीर्थमय, पंचभूतात्मक अने लोकपालोथी

चन्द्रसूर्यादिग्रहयुग् दशदिक्पालपालितः ।
गृहे तु पूज्यते यस्य तस्य स्युः सर्वसिद्धयः ॥ २८ ॥
इयं कला सिद्धिकला बिन्दुरूपमिदं मतम् ।
स्वरूपं सर्वसिद्धानां निराबाधपदात्मकम् ॥ २९ ॥
5 करजापं लक्षमितं होमं च तद्दशांशतः ।
कुर्याद् यः साधको मुख्यः स सर्वं वाञ्छितं लभेत् ॥ ३० ॥

अधिष्ठित छे। ए चंद्र, सूर्य वगेरे नवे ग्रहोथी युक्त अने दश दिक्पालोथी सुरक्षित छे। एवा आ 'ह्रीँ'कार-बीजनुं जेना घरमां पूजन थाय छे तेने बधी सिद्धिओ मळे छे ॥ २६–२८ ॥

'ह्रीँ'कार उपर आ कला छे ते सिद्धिनी कला (सिद्धशीला) छे अने आ बिंदु ते सर्व सिद्धोनु
10 निराबाधपदात्मक स्वरूप छे, एम कहेवाय छे ॥ २९ ॥

जे साधक विधिपूर्वक एक लाख प्रमाण करजाप अने दशमा भागनो (दश हजारनो) होम करे छे ते सर्वदा सर्व वाछितोने प्राप्त करे छे ॥ ३० ॥

परिचय

श्री जिनप्रभसूरिनी आ कृतिनी नकल आ० श्रीविजयप्रतापसूरिजी पासेथी मळी हती।
15 तेने भाषानी दृष्टिए सुधारी अनुवाद साथे अहीं प्रगट करी छे।

श्री जिनप्रभसूरिए आ 'ह्रीँकारकल्प'नो 'मायाबीज-बृहत्कल्प'मांथी उद्धार कर्यो होवानुं प्रथम पद्यमां जणाव्यु छे, एटले ए 'बृहत्कल्प'नी कृति प्राप्त थाय तो ह्रीँकार विशेनी केटलीये अद्‌भुत हकीकतो प्रकाशमां आवे। श्री जिनप्रभसूरि चौदमा सैकाना समर्थ विद्वान हता।

त्रीश अनुष्टुप् श्लोकोमां आ कल्पनी रचना छे, तेमां ह्रीँकारयंत्र, तेनी साधनानी बाह्य सामग्री,
20 साधकनुं लक्षण, जापना प्रकारो अने तेनी साधनानु फळ जणावीने ध्यानविधिनी समजण आपी छे।

आ स्तोत्रमां कहेवामां आव्यु छे के 'ह्रीँ'कार सर्वमंत्रमय, सर्वदेवमय, जिनचतुर्विंशतिमय, परमेष्ठिमय, सिद्धचक्रमय, रत्नत्रयमय अने सर्वतीर्थमय छे; ए रीते एनुं माहात्म्य सारु गवायुं छे। आ स्तोत्रमां ह्रीँकारना श्वेतध्याननुं वर्णन सुंदर रीते करवामां आव्यु छे। श्रीजिनप्रभसूरिनी आ रचना स्वानुभवपूर्वकनी होवाथी ह्रीँकारना विषयमां सुदर प्रकाश पाडे छे।

25 'ह्रीँ'कारने समजवामां विशेष उपयोगी थाय एवी बीजी बे कृतिओ अमने प्राप्त थई छे। आ कृतिओना कर्ता विशे कंई माहिती मळी नथी; परंतु तेनी भाषाशैली अने आम्नायनी रीतिने लक्षमां लेतां ते "जैनेतर" कृतिओ होय एम लागे छे। तेथी ए बन्ने कृतिओ हवे पछी परिशिष्टरूपे आपी छे।

परिशिष्ट १

'ह्रीँ' कारविद्यास्तवनम्

सवर्णपार्श्वं ल-यमध्यसिद्धमधीश्व(स्व)रं भास्वररूप[1]भासम् ।
खण्डेन्दुबिन्दुस्फुटनादशोभं, त्वां शक्तिबीजं(ज !) प्रमनाः प्रणौमि ॥ १ ॥

[2]'ह्रीँ'कारमेकाक्षरमादिरूपं, मायाक्षरं कामदमादिमन्त्रम् ।
त्रैलोक्यवर्णं परमेष्ठिबीजं, विज्ञाः स्तुवन्तीश ! भवन्तमित्थम् ॥ २ ॥ 5

शिष्यैः सुशिक्षां सुगुरोरवाप्य, शुचिर्वशी धीरमनाश्च मौनी ।
तदात्मबीजस्य तनोतु जापम(मु)पांशु नित्यं विधिना विधिज्ञः ॥ ३ ॥

अनुवाद

'ह्रीँ'कारनुं स्वरूप— 10

जेनी पार्श्वमा 'स'वर्ण छे (एवो 'ह'), जे 'ल' अने 'य' ना मध्यमां सिद्ध (निश्चित) छे (एवो र्), जेनी वच्चे 'ई' स्वर छे, जेनी कान्ति देदीप्यमान सूर्यना जेवी छे अने जे अर्धचन्द्र (कला), बिन्दु अने स्पष्ट नादथी शोभी रहेल छे, एवा हे शक्तिबीज ! हु तने प्रोल्लसित मनथी (भावपूर्वक) स्तवु छु. ॥ १ ॥

हे ईश ! आपने विद्वान पुरुषो 'ह्रीँ'कार, एकाक्षर, आदिरूप, मायाक्षर, कामद, आदिमंत्र, 15 त्रैलोक्यवर्ण अने परमेष्ठिबीज–एवा विशेषणोथी[4] स्तवे छे. ॥ २ ॥

'ह्रीँ'कारना साधकनुं कर्तव्य—

सद्गुरु पासेथी समुचित शिक्षा प्राप्त करीने विधिना जाणकार शिष्ये पवित्र थईने, इन्द्रियोने वशमा राखीने, मनमा अडग धैर्य धारण करीने अने मौन राखीने ते 'आत्मबीज–ह्रीँ'कारनो विधियुक्त उपांशु जाप हमेशा करवो जोईए ॥ ३ ॥ 20

१. भास्वरभानुरूपम् N. ।
२. त्रैलोक्यवर्णं परमेष्ठिबीज, मायाक्षर कामदमादिमन्त्रम् ।
   ह्रीँकारमेकाक्षरमादिरूप, तज्ज्ञा स्तुवन्तीश भवन्तमित्थम् ॥ २ ॥ N. ।
३. शैक्षः N. ।
४. हस्तलिखित 'ब्रह्मविद्याविधि' नामक ग्रथमा ह्रीँकारना प्रकरणमा आ रीते वर्णन छे— 25
   "सान्तान्त रेफमारूढं, चतुर्थस्वरयोजितम् ।
   नाद-बिन्दु-कलोपेत, धर्मकामार्थसाधनम् ॥
   नादो विश्वात्मकः प्रोक्तो, बिन्दुः स्यादुत्तमं पदम् ।
   कलापीयूषनिःष्यन्दीत्याहुरेव जिनोत्तमाः ॥
   नाद-बिन्दु-कलायुक्तं, पूर्णचन्द्रकलाधरम् । 30
   त्वनुस्वार भवेद् बिन्दुस्त्वर्धमात्र विशेषतः ॥
   हृल्लेखा, लोकराज, जगदधिपः; लोकपतिः, भुवनेश्वरी, माया, त्रिदेहं, तत्त्वं, शक्तिः, शक्तिप्रणव-मित्यादि ॥ 'ह्रीँ' ॥ "
५. "ईषत्कर्णोपसेव्यः स्यादुपांशुः स जपः स्मृतः ॥"—ह० लि० 'ब्रह्मविद्याविधि'

त्वां चिन्तयन् श्वेतकरानुकारं, ज्योत्स्नामयीं पश्यति यस्त्रिलोकी(म्)।
श्रयन्ति तं तत्क्षणतोऽनवद्यविद्याकलाशान्तिकपौष्टिकानि ॥ ४ ॥
त्वामेव बालारुणमण्डलाभं, स्मृत्वा जगत् त्वत्करजालदीप्रम्।
विलोकते यः किल तस्य विश्वं, विश्वं भवेद् वश्यमवश्यमेव ॥ ५ ॥
5 यस्तप्तचामीकरचारुदीप्रं, पिङ्गप्रभं त्वां कलयेत् समन्तात्।
सदा मुदा तस्य गृहे सहेलिं, करोति केलिं कमला चलाऽपि ॥ ६ ॥
यः श्यामलं कज्जलमेचकाभं त्वां वीक्षते वा तृणधूमधूम्रम्।
विपक्षपक्षः खलु तस्य वाताहताऽभ्रवद् यात्यचिरेण नाशम् ॥ ७ ॥
आधारकन्दोद्गततन्तुसूक्ष्मलक्ष्योद्भवं ब्रह्मसरोजवासम्।
10 यो ध्यायति त्वां स्रवदिन्दुबिम्बामृतं स च स्यात् कविसार्वभौमः ॥ ८ ॥
षड्दर्शनी स्वस्वमतावलेपैः स्वे दैवते त(त्व)न्मयबीजमेव।
ध्यात्वा तदाराधनवैभवेन भवेदजेयः परवादिवृन्दैः ॥ ९ ॥

श्वेतवर्णी 'ह्रीँ'कारना ध्याननुं फळ—

चंद्रसमान उज्ज्वळ वर्णथी तारुं ध्यान करतो जे त्रणे लोकने प्रकाशमय जुए छे तेने निर्दोष 15 एवी विद्याओ, कलाओ तथा शांतिक अने पौष्टिक कर्मो तत्क्षण सिद्ध थाय छे. ॥ ४ ॥

रक्तवर्णी 'ह्रीँ'कारना ध्याननुं फळ—

ऊगता सूर्यना मंडल जेवी कांतिवाळा तने स्मरीने जे तारा किरणोना समूहथी देदीप्यमान जगतने जुए छे तेने खरेखर समग्र विश्व अवश्यमेव वश थाय छे. ॥ ५ ॥

पीतवर्णी 'ह्रीँ'कारना ध्याननुं फळ—

20 जे पीळी कांतिवाळा तने तप्तसुवर्णनी जेम सुंदर रीते सर्वत्र प्रकाशमान जुए तेना घरमां चल एवी लक्ष्मी पण आनंद अने लीलासहित क्रीडा करे छे ॥ ६ ॥

श्यामवर्णी 'ह्रीँ'कारना ध्याननुं फळ—

जे (साधक) काजळ के मेचकमणिसदृश श्यामवर्णरूपे अथवा फोतरांना धूमाडा जेवा धूम्रवर्ण रूपे तने जुए छे (तारु ध्यान धरे छे), तेनो शत्रुसमूह पवनथी विखेरायेलां वादळांनी जेम खरेखर क्षणवारमां 25 नाश पामे छे. ॥ ७ ॥

कुंडलिनीस्वरूपे ध्याननुं फळ—

जे मूलाधार कंद (चक्र)माथी नीकळती तन्तुसमान सूक्ष्म सुषुम्णा-नाडीमां रहेला लक्ष्यो (चक्रो)ने भेदीने उपर जता अने अंते सहस्रारकमलमां रहीने (स्थिर थईने) त्यां चंद्रना बिंबसमान अमृत झरावता तारु ध्यान करे छे ते कविओमां चक्रवर्ती (श्रेष्ठ) थाय छे ॥ ८ ॥

30 **फलश्रुति—**

षड्दर्शननो जाणकार पोताना इष्टदेवतामां 'ह्रीँ'कार बीजनुं ध्यान करीने ते आराधनाना वैभवथी, पोतपोताना मतमां गर्विष्ठ एवा वादीओना समूहोथी अजेय बने छे ॥ ९ ॥

१. हेल N.।

किं मन्त्रयन्त्रैर्विविधागमोक्तैः दुःसाध्यसंशीतिफलाल्पलाभैः ।
सुसेव्यः सद्यः (सद्यः सुसेव्यः) फलचिन्तितार्थाधिकप्रदश्चेद्(त)सि चेत्त्वमेकः ॥ १० ॥

चौरारि-मारि-ग्रह-रोग-लूता-भूतादिदोषानल-बन्धनोत्थाः ।
भियः प्रभावात् तेव दूरमेव नश्यन्ति पारीन्द्ररवादिवेभाः ॥ ११ ॥

प्राप्नोत्यपुत्रः सुतमर्थहीनः, श्रीदायते पत्तिरपीशतीह । 5
दुःखी सुखी चाऽथ भवेन्न किं किं त(त्व)द्रूपचिन्तामणिचिन्तनेन ॥ १२ ॥

पुष्पादिजापामृतहोमपूजाक्रियाधिकारः सकलोऽस्तु दूरे ।
यः केवलं ध्यायति बीजमेव, सौभाग्यलक्ष्मीर्वृणुते स्वयं तम् ॥ १३ ॥

त्वत्तोऽपि लोकाः सुकृतार्थकाम-, मोक्षान् पुमर्थांश्चतुरो[2] लभन्ते ।
यास्यन्ति याता अथ यान्ति ये ते[3] श्रेयःपदं त्वन्महिमालवः सः ॥ १४ ॥ 10

विधाय यः प्राक् प्रणवं नमोऽन्ते, मध्यैकबीजं ननु जञ्जपीति ।
तस्यैकवर्णा वितनोत्यवन्ध्या, कामार्जुनी कामितमेव विद्या ॥ १५ ॥

सुखे सेवी शकाय एवो अने चिंतव्या करता पण विशेष तेमज शीघ्र फळ देनारो तुं एक जो चित्तमा विद्यमान छे तो पछी भिन्न भिन्न आगमोए निर्देशेला दु.साध्य तेमज संदिग्धफलवाळा अने अल्प लाभवाळा अन्य मंत्रो अने यंत्रोथी शुं ? ॥ १० ॥ 15

सिंहनी गर्जनाथी हाथीओ जेम दूरथी ज नासी जाय छे तेम तारा प्रभावथी चोर, शत्रु, मरकी, ग्रहो, रोग, लूता रोग, तथा भूत वगेरेना दोष, तथा अग्नि अने बंधनथी उत्पन्न थता भयो दूर चाल्या जाय छे ॥ ११ ॥

चिंतामणि समान तारा रूपनु चिंतन करवाथी शुं शु प्राप्त थतु नथी ? जेने पुत्र नथी तेने पुत्रनी प्राप्ति थाय छे, जेनी पासे पैसो नथी ते कुबेर समान बने छे, सेवक पण स्वामी बने छे अने दुःखी 20 सुखी थई जाय छे ॥ १२ ॥

पुष्पो वगेरेथी जाप, घीनो होम, पूजा वगेरे क्रियानो समग्र अधिकार दूर रहो, पण केवळ तारा बीजनु ध्यान करनारने सौभाग्यलक्ष्मी स्वय वरे छे ॥ १३ ॥

महिमा—

तारा प्रभावथी लोको धर्म, अर्थ, काम अने मोक्षरूप चार पुरुषार्थोने प्राप्त करे छे। जेओ श्रेयनुं 25 स्थान (मोक्ष) प्राप्त करशे, प्राप्त करी गया अने प्राप्त करी रह्या छे ते तारा महिमानो अंश मात्र छे ॥ १४ ॥

जे मनुष्य पहेलां प्रणव 'ॐ' अने अंते 'नमः' तेमज मध्यमा अनुपमबीज 'ह्रीँ'कार (वडे बनेल मंत्र) नो पुन. पुनः जाप करे छे, तेना वाछितोने एकवर्णवाळी, अवध्य अने कामधेनु समान 'ह्रीँ'कारविद्या विस्तारे छे ॥ १५ ॥

मंत्र :—'ॐ ह्रीँ नमः' 30

---

१. सुसाध्यः सद्यःफलचिन्तितार्थाऽधिकप्रदश्चेतसि चेत् त्वमेकः N. ।
२. °श्च नरा ल° N. । ३. वा N । ४. मध्ये च N. ।

मालामिमां स्तुतिमयीं सुगुणां त्रिलोकी-
बीजस्य यः स्वहृदये निचयेत् क्रमात् सः ।
अङ्केऽष्टसिद्धिरवशा लुठतीह तस्य,
नित्यं महोत्सवंपदं लभते क्रमात् सः ॥ १६ ॥

5 ॥ इति 'ह्रीँ'कारविद्यास्तवनम् ॥

जे मनुष्य त्रैलोक्यबीजनी सारा गुणवाळी स्तुतिरूपी आ मालाने त्रणे संध्याए पोताना हृदयमां धारण करे छे तेना खोळामा आठे सिद्धिओ अवश बनीने नित्य आळोटे छे अने ते क्रमे करीने मोक्षपदने पामे छे ॥ १६ ॥

परिचय

10 आ स्तोत्र 'पञ्चनमस्कृतिदीपक' नामक ग्रथमा संग्रहीत छे। 'ॐकारविद्यास्तव'नी जेम 'पूज्य-पाद'नी कृति तरीके तेनो कर्ताए संग्रह कर्यो छे, छतां स्तोत्रना कर्ता विशे बीजा पुरावानी अपेक्षा रहे ज छे।

आ स्तोत्रमां १६ पद्यो छे, ते पैकी १५ पद्यो उपजातिवृत्तमा छे अने छेल्लु १६ मु पद्य वसंततिलकावृत्तमां छे।

ह्रीँकारविद्याने अन्य तंत्रोए पण खूब महत्त्व आप्युं छे। तंत्रनो कोई पण ग्रंथ प्रायः एना उल्लेख 15 विनानो नहीं होय। आ स्तोत्रनी रचना उपरथी एम लागे छे के आ स्तोत्र कोई जैनेतर संप्रदायनुं होवु जोईए। तेथी अमे एने परिशिष्ट तरीके प्रगट कर्युं छे। अभ्यासीओने ए उपयोगी थशे।

जुदा जुदा वर्णोमां तेम ज आधारादि चक्रोमा ह्रीँकारना ध्याननो निर्देश पण आ स्तोत्रमां छे।

१. सगुणां N.। २. कुरुते त्रिसंध्यं N.। ३. महोदयपद N.।

ॐ ह्रीँ वाच्यार्थस्वरूपदर्शक चित्रम् (ॐ ह्रीँ अर्हंतो पाटली)

परिशिष्ट २

मायाबीजस्तुतिः

'स'वर्णपार्श्वे ल-यमध्यसिद्धमधीश्व(स्व)रं भास्वरवर्णभासम् ।
खण्डेन्दुनादस्फुटबिन्दुयुक्तं, त्वां शक्तिबीजं (जं!) प्रमनाः प्रणौमि ॥ १ ॥
श्वेतं रक्तं तथा पीतं, नीलं ध्यानं चतुर्विधम् । 5
विधिना ध्यायमानं च, फलं भवति नान्यथा ॥ २ ॥
श्वेते मुक्तिर्भवेत् पुंसो, रक्ते वश्यं परं स्मृतम् ।
पीते लक्ष्मीर्भवत्येव, नीले च शत्रुमारणम् ॥ ३ ॥
मन्त्राः सहस्रशः सन्ति, शिवशक्तिनिवेदिताः ।
अन्यथा ते च विज्ञेया, मायाबीजाग्रतो यथा ॥ ४ ॥ 10
लक्षसंख्ये कृते जापे, दशांशेन तु होमयेत् ।
पृथ्वीपतित्वं जायेत, सत्यं सत्यं च नान्यथा ॥ ५ ॥
रणे राजकुले वह्नौ, दुर्ग-शस्त्रविसङ्कटे ।
शतमष्टोत्तरं जापं, कणवीर-सगुग्गुलम् ॥ ६ ॥
जयमाप्नोति शत्रुभ्यः, पृथिवीपतिवल्लभः । 15
अपुत्रो लभते पुत्रान्, सौभाग्यं दुर्भगो लभेत् ॥ ७ ॥
अष्टम्यां चतुर्दश्यां वा, पर्वणि ग्रहणेषु च ।
हूयते वाऽनले सम्यग्, नात्र कार्या विचारणा ॥ ८ ॥

अनुवाद

प्रारंभिक मंगल— 20

जेनी पार्श्वमां 'स' वर्ण छे (एवो 'ह'), जे 'ल' अने 'य'ना मध्यमां सिद्ध (निश्चित) छे (एवो 'र्'), अतमा 'ई' स्वरवाळा, देदीप्यमान वर्णनी कांतिवाळा, अर्धचंद्र(कला), नाद अने स्पष्ट एवा बिन्दुथी युक्त एवा हे शक्तिबीज! ('ह्रीं' कार!) हु तने उल्लासभेर (भावपूर्वक) स्तवुं छुं ॥ १ ॥

वर्णोमां ध्यान अने तेनुं फळ—

श्वेत, रक्त, पीत अने नील ए चार प्रकारनु ध्यान छे अने ते विधिपूर्वक कराय तो इष्टफळ आपे 25 छे, अन्यथा (विधि विना) ते फळ आपतु नथी ॥ २ ॥

श्वेतध्यानथी मुक्ति थाय छे, रक्तध्यानथी वशीकरण थाय छे, पीतध्यानथी लक्ष्मीनी प्राप्ति थाय छे अने नील ध्यानथी शत्रुनु मारण थाय छे—एम (मन्त्रशास्त्रमां) कह्युं छे ॥ ३ ॥

माहात्म्य—

शिवे पार्वतीने कहेला तो हजारो मंत्रो छे; परंतु मायाबीजनी आगळ ते बधा कंई ज नथी, 30 एम जाणवु ॥ ४ ॥

एक लाख जाप कर्या पछी (लाखना) दशमा भागे होम करवो। एम करवाथी राजवीपणु मळे छे, ए खरेखर सत्य छे, खोटुं नथी। युद्ध, राजकुल अने अग्नि तेमज दुर्ग, शस्त्र वगेरेथी उत्पन्न थता संकटमां कणेरना फूलो अने गूगळ (ना धूप) वडे विधिपूर्वक एकसो ने आठ वार जाप करवो। एना प्रभावथी साधक शत्रुओ उपर जय मेळवे छे, राजाने प्रिय बने छे, पुत्र विनानो पुत्रोने मेळवे छे अने दुर्भागी 35 सौभाग्यने पामे छे। (ए माटे) आठम, चौदश, अन्य पर्वदिवसोमां अने ग्रहणना दिवसोमां विधिपूर्वक अग्निमां होम करवो जोईए। एमां बीजो विचार न करवो ॥ ५–८ ॥

निर्मलं सलिलं स्वच्छं, गालितं जन्तुवर्जितम् ।
पूर्वस्यां दिग्विभागे तु, मन्त्रयुक् स्नपनं स्मृतम् ॥ ९ ॥

स्नानमन्त्रः—"ॐ प्राँ प्रीँ प्रूँ प्रः अमले विमले अशुचिः शुचिर्भवामि स्वाहा" ॥
पश्चाद् भूमिं शुचिं कृत्वा, पृथ्वीबीजेन सर्वदा ।
5 ॐ भूरसि भूतधात्रीयं (भूतधात्रि), विश्वाधारे नमस्तथा ॥ १० ॥
कौसुम्भं रक्तवस्त्रं वा, पट्टकूलं सहाञ्चलम् ।
परिधाय श्वेतवस्त्रं, ततः पूजनमारभेत् ॥ ११ ॥
विशालचतुरस्रे च, पट्टे शैवनि(लि)के शुचौ ।
ऊर्णामये पवित्रे वा, आसनं क्रियते बुधैः ॥ १२ ॥
10 कर्पूरागरुकस्तूरीचन्दनैर्यक्षकर्दमैः ।
केसरैर्मिश्रितैः सम्यग् लेपनं युज्यतेऽन्वहम् ॥ १३ ॥
शतपत्रैश्चम्पकैः पुष्पैर्जातिपुष्पैः श्रीखण्डकैः ।
अष्टोत्तरशतं संख्यं, पूजनं तत्र कारयेत् ॥ १४ ॥
देवपूजा प्रकर्तव्या, चैकचित्तेन सर्वदा ।
15 नैवेद्यं धूपनं पूगसुपत्राणि च ढौकयेत् ॥ १५ ॥
एवं कृतविधानेन, पश्चाद् होमं च कारयेत् ।
गोमयेन भुवं लिप्त्वा, स्थण्डिलं तत्र कारयेत् ॥ १६ ॥

हवनविधान अने तेनुं फळ—

(साधके) गाळेला, जन्तुओथी रहित, निर्मळ अने स्वच्छ एवा जलथी पूर्वदिशामां (मुख करीने)
20 मन्त्रपूर्वक स्नान करवुं, एम कहेलु छे ॥ ९ ॥

स्नानमंत्रः—"ॐ प्रॉ प्री प्रूँ प्रः अमले विमले अशुचि. शुचिर्भवामि स्वाहा" ॥

ए पछी हंमेशां पृथ्वीबीजथी भूमिने पवित्र बनाववी ।

भूमिशुद्धिमंत्रः—"ॐ भूरसि भूतधात्रीय (धात्रि) विश्वाधारे नम. ॥" ॥ १० ॥

ए पछी कसुबाथी रंगेल के लाल वस्त्र, पटोळ के रेशमी पीतांबरादि वस्त्र अथवा श्वेत वस्त्र
25 पहेरीने पूजननो आरंभ करवो ॥ ११ ॥

विशाळ अने चोरस एवा शैवल (पद्म) काष्ठना बनावेला पवित्र पाटला उपर अगर पवित्र ऊनना आसन उपर बेसवुं ॥ १२ ॥

कपूर, अगरु, कस्तूरी, चदन, यक्षकर्दम (गोरोचन) अने केसरना मिश्रणवडे प्रतिदिन सारी रीते (पूर्वोक्त पटनुं ?) विलेपन करवु ॥ १३ ॥

30 शतपत्र-कमळो, चंपाना फूलो, जाईना फूलो अथवा चदननां पुष्पोथी त्या एकसो ने आठ वार पूजा कराववी ॥ १४ ॥

देवनी पूजा हंमेशां एकचित्तथी करवी अने नैवेद्य, धूप, सोपारी, सुदर पत्रो वगेरे सामे मूकवा ॥१५॥

आ प्रकारनी विधि करीने पछी होम करवो। (ते माटे) गोमय(छाण)थी भूमिने लींपीने त्यां स्थंडिल (होम माटे मांडलुं) बनाववुं ॥ १६ ॥

चतुरस्रं त्रिकोणं वा, शान्तिकर्मणि युज्यते ।
अष्टाम्बुजं वर्तुलं च, काम्यकार्ये प्रशस्यते ॥ १७ ॥
अग्निं संवेश्य तत्रादौ, वरद नाम एव च ।
समिधः शोधयित्वा तु, आह्वयेद् मन्त्रविश्रुतः ॥ १८ ॥

अग्निस्थापनमंत्रः—"ॐ छागस्थ-तनुपाद् वरद एहि एहि आगच्छ आगच्छ हूं फट् स्वाहा" ॥ इति ॥ 5

क्षीरान्न-नालिकेरैश्च, द्राक्षयाऽगरुचन्दनैः ।
शर्करा चोत्तती चैव, लवङ्गैर्घृतमिश्रितैः ॥ १९ ॥
प्रथमं गुग्गुलैः सार्धं, कलिं कणवीरस्य च ।
सम्मील्य घृतयुक्तेन, हवनं तत्र कारयेत् ॥ २० ॥
शान्तिकं पौष्टिकं चैव, वश्यमाकर्षणं तथा । 10
उच्चाटनं च स्तम्भं च, सर्वकर्माणि साधयेत् ॥ २१ ॥
चतुष्षष्टिर्महादेव्यो, विख्याता भूतले सदा ।
ताः सर्वाः संस्थिता नित्यं, मायाबीजे वरे परे ॥ २२ ॥
एवं विधानमात्रेण, सर्वास्तुष्यन्ति देवताः ।
सुख्येयो योगिनां मुख्यो, नृपतुल्यो नरो भवेत् ॥ २३ ॥ 15
विसर्जनं तु कर्तव्यं, मायाबीजेन सर्वदा ।
ॐमिति ह्रीँ फट् स्वस्थानं, गम्यतां च स्वकं तथा ॥ २४ ॥

शांतिकर्म माटे चोरस अथवा त्रिकोण अने काम्यकर्म माटे आठ कमळवाळो (अष्टदलकमलाकार ?) अने वर्तुळाकार स्थंडिल प्रशस्त कहेल छे ॥ १७ ॥

मांत्रिके सौथी प्रथम ते माडलामा अग्नि पधरावचो, ए पछी समिधोनु शोधन करीने 'वरद 'नाम 20 मंत्रथी (?) आहूति आपवी ॥ १८ ॥

अग्निस्थापनमंत्रः—" ॐ छागस्थ-तनुपाद् वरद एहि एहि आगच्छ आगच्छ हूं फट् स्वाहा ॥"

खीर, नाळियेर, द्राक्ष, अगरु, चदन, साकर, तज अने घीथी मिश्रित एवा लविंग ए बधाने प्रथम गूगळ साथे मेळववु, पछी तेमा कणेरनी कळीओ मेळववी अने ए बधानो घीसहित होम करावचो ॥ १९-२० ॥ 25

ए पछी मांत्रिके शांतिक, पौष्टिक, वश्य, आकर्षण, उच्चाटन, स्तंभन वगेरे सर्व कार्यो साधवा ॥ २१ ॥

समग्र विश्वमां सदा प्रसिद्ध एवी चोसठ योगिनी महादेवीओ छे, ते सर्वे आ उत्कृष्ट एवा मायाबीज 'ह्रीँ 'कारमां सदा विराजमान छे ॥ २२ ॥

आ प्रकारना विधानमात्रथी बधा देवता संतुष्ट थाय छे। तेथी साधक ख्यातिमान थाय छे, 30 योगीओमां प्रधान योगी बने छे अने राजा समान ऐश्वर्यवाळो थाय छे ॥ २३ ॥

विसर्जन पण सर्वदा मायाबीज 'ह्रीँ 'कारथी (विसर्जनमुद्रापूर्वक) करवुं ।

विसर्जनमंत्रः—"ॐ ह्रीँ फट् स्वस्थानं गच्छ गच्छ (स्वाहा) ॥ " ॥ २४ ॥

आज्ञाहीनं क्रियाहीनं, मन्त्रहीनं च यत्कृतम् ।
तत् सर्वं क्षम्यतां देवि ! प्रसीद परमेश्वरि ॥ २५ ॥

एतद् गुह्यं समाख्यातं, मायाबीजस्य जीवनम् ।
न देयं यस्य कस्यापि, मन्त्रविद्भिः कदाचन ॥ २६ ॥

5 **॥ इति मायाबीजस्तुति-पूजास्तवनम् ॥**

(उपसंहारमा क्षमापनादि माटे ' आज्ञाहीनं.. .' इत्यादि श्लोक बोलवो ।)

मत्रनी आराधना करता कंई पण आज्ञाविरुद्ध थयुं होय, क्रियाहीन—क्रियामा कंई पण खामी आवी होय, मत्रहीन—मत्र बोलवामां कंई पण हीन अथवा विपरीत बोलायु होय, अथवा एवी बीजी कोई पण खामी आवी होय तो हे देवि ! तेनी क्षमा करो । हे परमेश्वरि ! मारा उपर प्रसन्न थाओ ।। २५ ।।

10 आगमोमां आ विधानने मायाबीजनु रहस्य अथवा जीवन कहेवामां आव्यु छे । मत्रविद् पुरुषोए जेने तेने (अयोग्यने) ते कदी पण न आपवु ।। २६ ।।

परिचय

आ स्तुतिनी एक नकल आ० श्रीविजयप्रतापसूरिजी पासेथी अमने प्राप्त थई हती । तेने भाषानी दृष्टिए सुधारी अनुवाद साथे प्रगट करी छे ।

15 मायाबीज ए ह्रींकारनुं ज बीजु नाम छे एटले आ स्तुति 'ह्रींकारविद्या' उपर प्रकाश नाखे छे । एनी बीजा प्रकारनी साधना—खास करीने होमविषयक साधना अने महत्ता बतावनारी आ कृति छे । तेथी एम लागे छे के आ स्तोत्र कोई जैनेतर संप्रदायनु हशे । आना कर्त्ता विशे कोई माहिती मळी नथी ।

आ स्तोत्रमा प्रथम पद्य उपजाति वृत्तमां अने पछीना २५ पद्यो अनुष्टुप् वृत्तमा छे । ह्रींकारनु स्वरूप, ध्यान, आराधना अने फळ विशे आ कृतिमा वर्णन छे ।

[४९-४]

श्रीजयसिंहसूरिविरचितः 'धर्मोपदेशमाला'न्तर्गतः 'अर्हँ' अक्षरतत्त्वस्तवः

प्रणम्य तत्त्वकर्त्तारं महावीरं सनातनम् ।
श्रुतदेवीं गुरुं चैव परं तत्त्वं ब्रवीम्यहम् ।। १ ।। 5

शान्ताय गुरुभक्ताय विनीताय मनस्विने ।
श्रद्धावते प्रदातव्यं जिनभक्ताय दिने दिने ।। २ ।।

अकारादि-हकारान्ता प्रसिद्धा सिद्धमातृका ।
युगादौ या स्वयं प्रोक्ता ऋषभेण महात्मना ।। ३ ।।

एकैकमक्षरं तस्यां तत्त्वरूपं समाश्रितम् । 10
तत्रापि त्रीणि तत्त्वानि येषु तिष्ठति सर्ववित् ।। ४ ।।

'अ' तत्त्वम् —

अकारः प्रथमं तत्त्वं सर्वभूताभयप्रदम् ।
कण्ठदेशं समाश्रित्य वर्तते सर्वदेहिनाम् ।। ५ ।।

अनुवाद 15

तत्त्व (मोक्षमार्ग) ना कर्ता (आद्य उपदेशक) अने सनातन एवा श्री महावीर प्रभु, श्रुतदेवी अने श्री सद्गुरुने नमस्कार करीने हु परतत्त्व 'अर्हँ'कारने कहु छुं ।। १ ।।

आ तत्त्व–'अर्हँ'कार शान्त, गुरुभक्त, विनीत, स्वाधीनचित्तवाळा, श्रद्धावान् अने प्रतिदिन जिनभक्तिमा वधता एवा योग्य पुरुषने ज आपवुं ।। २ ।।

'अ'थी शरु थती अने 'ह'मां अंत पामती एवी (ते) सिद्ध-मातृका (अनादिसिद्ध बाराक्षरी- 20 बाराखडी) प्रसिद्ध छे के जेने युगना प्रारभमां परमात्मा श्री ऋषभदेव भगवते स्वय कही हती ।। ३ ।।

ते(सिद्धमातृका)मानो एक एक अक्षर तत्त्वरूपने समाश्रित (प्राप्त) छे (अर्थात् प्रत्येक अक्षर तत्त्वरूप छे) । तेमा पण 'अ', 'र्' अने 'ह्' ए त्रण तत्त्वो एवा (विशिष्ट) छे के जेमां सर्वज्ञ परमात्मा रहेला छे ।। ४ ।।

'अ' तत्त्वनुं वर्णन :— 25

तेमां अकार प्रथम तत्त्व छे, सर्व प्राणीओने अभय आपनारुं छे अने सर्व देहधारीओना कठस्थानने आश्रीने रहेलुं छे ।। ५ ।।

सर्वात्मानं (सर्वात्मकं) सर्वगतं सर्वव्यापि सनातनम् ।
सर्वसत्त्वाश्रितं दिव्यं चिन्तितं पापनाशनम् ॥ ६ ॥
सर्वेषामपि वर्णानां स्वराणां च धुरि स्थितम् ।
व्यञ्जनेषु च सर्वेषु ककारादिषु संस्थितम् ॥ ७ ॥
5 पृथिव्यादिषु भूतेषु देवेषु समयेषु च ।
लोकेषु च (चैव) सर्वेषु सागरेषु सु (स्व) रेषु (सरित्सु) च ॥ ८ ॥
मन्त्र-तन्त्रादियोगेषु सर्वविद्याधरेषु च ।
विद्यासु च (चैव) सर्वासु पर्वतेषु वनेषु च ॥ ९ ॥
शब्दादिसर्वशास्त्रेषु व्यन्तरेषु नरेषु च ।
10 पन्नगेषु च सर्वेषु देवदेवेषु नित्यशः ॥ १० ॥
व्योमवद् व्यापिरूपेण सर्वेष्वेतेषु संस्थितम् ।
नातः परतरं ब्रह्म विद्यते भुवि किञ्चन ॥ ११ ॥
इदमाद्यं भवेद् यस्य कलाऽतीतं कलाश्रितम् ।
नाम्ना परमदेवस्य ध्येयोऽसौ मोक्षकाङ्क्षिभिः ॥ १२ ॥

15 'र्' तत्त्वम्—

दीप्तपावकसङ्काशं सर्वेषां शिरसि स्थितम् ।
विधिना मन्त्रिणा ध्यातं त्रिवर्गफलदं स्मृतम् ॥ १३ ॥

ते तत्त्व सर्वस्वरूप, सर्वगत, सर्वव्यापी, सनातन अने सर्व प्राणीओने आश्रीने रहेलुं छे। तेनु 'दिव्य चिंतन' (सर्व) पापनो नाश करे छे ॥ ६ ॥

20 ते तत्त्व (अकार) बधाय वर्णो अने स्वरोमां अग्रस्थाने रहेलुं छे अने ककारादि सर्व व्यञ्जनो(ना उच्चारण) मां रहेलुं छे। ते तत्त्व पृथिवी आदि पांच महाभूतो (पृथिवी, जल, तेजस्, वायु अने आकाश), देवो, समयो, सर्वलोको, समुद्रो, नदीओ, मंत्रो अने तन्त्रादि योगो, सर्व विद्याधरो, सर्व विद्याओ, पर्वतो, वनो, व्याकरण आदि सर्व शास्त्रो, व्यन्तरो, मनुष्यो, सर्पो अने सर्व देवाधिदेवो—ए बधामां आकाशनी जेम सर्वव्यापीरूपे रहेलु छे। विश्वमां एनाथी श्रेष्ठ बीजु कोई ब्रह्म विद्यमान नथी ॥ ७–११ ॥

25 कलारहित अथवा कलासहित एवुं आ (परम) तत्त्व नामवडे जे परमदेवनी आदिमां छे, ते-(परमदेव) नुं मोक्षनी आकाक्षावाळा पुरुषोए ध्यान करवु जोईए ॥ १२ ॥

'र्' तत्त्वनुं वर्णन :—

सर्व प्राणीओना मस्तकमां रहेल प्रदीप्त अग्निसमान आ तत्त्वनुं मंत्रधारकवडे जो विधिपूर्वक ध्यान कराय तो ते धर्म, अर्थ अने काम ए त्रिवर्गनी प्राप्ति रूप फळने आपनारुं छे, एम कह्युं छे ॥ १३ ॥

यस्य देवाभिधानस्य मध्ये ह्येतद् व्यवस्थितम् ।
पुण्यं पवित्रं म(मा)ङ्गल्यं पूज्योऽसौ तत्त्वदर्शिभिः ॥ १४ ॥

'ह्' तत्त्वम् —

सर्वेषामपि भूतानां नित्यं यो हृदि संस्थितः ।
पर्यन्ते सर्ववर्णानां सकलो निष्कलस्तथा ॥ १५ ॥ 5
हकारो हि महाप्राणः लोकशास्त्रेषु पूजितः ।
विधिना मन्त्रिणा ध्यातः सर्वकार्यप्रसाधकः ॥ १६ ॥
यस्य देवाभिधानस्य पर्यन्त एष वर्तते ।
मुमुक्षुभिः सदा ध्येयः स देवो मुनिपुङ्गवैः ॥ १७ ॥

बिन्दु :— 10

सर्वेषामपि सत्त्वानां नासाग्रे परिसंस्थितम् ।
बिन्दुकं सर्ववर्णानां शिरसि सुव्यवस्थितम् ॥ १८ ॥
हकारोपरि यो बिन्दुर्वर्तुलो जलबिन्दुवत् ।
योगिभिश्चिन्तितस्तस्थौ मोक्षदः सर्वदेहिनाम् ॥ १९ ॥
त्रीण्यक्षराणि बिन्दुश्च यस्य देवस्य नाम वै । 15
स सर्वज्ञः समाख्यातः 'अर्हँ' त इ(दि)ति पण्डितैः ॥ २० ॥

पुण्य, पवित्र अने मगल एवु आ तत्त्व जे परमात्मा (अर्हँ) ना नामनी मध्यमा रहेलु छे, ते परमात्मा तत्त्वदर्शिओने पूज्य छे ॥ १४ ॥

'ह्' तत्त्वनुं वर्णन :—

सर्व प्राणीओना हृदयमा सदा रहेल, सर्व वर्णोनी अते रहेल, कलासहित, कलारहित अने 20 लौकिक शास्त्रोमा 'महाप्राण' तरीके पूजित (बहुमत) एवा 'ह'कारनुं मंत्रधारकवडे जो विधिपूर्वक ध्यान कराय तो ते सर्व कार्योनो साधक छे ॥ १५–१६ ॥

जे देवना नामनी अंतमां आ ('ह'कार) रहे छे ते (अर्हँ) देवनु मुमुक्षु मुनिवरोए सदा ध्यान करवु जोईए ॥ १७ ॥

बिंदुनुं वर्णन :— 25

जे सर्व प्राणीओनी नासिकाना अग्रभागने विषे रहेल छे, जे सर्व वर्णोना मस्तके सुव्यवस्थित छे, जे 'ह'कार उपर जलबिंदुनी जेम वर्तुलाकारे रहेल छे अने जे योगीओवडे सदा चिन्तित छे, ते बिंदु सर्व जीवोने मोक्ष आपनार छे ॥ १८–१९ ॥

त्रण अक्षरो अने बिंदु मळीने जे देवनुं नाम थाय छे ते देव पण्डितो वडे सर्वज्ञ परमात्मा 'अर्हँ' (अरिहंत) कहेवाया छे ॥ २० ॥ 30

उपसंहार :—

एतदेव समाश्रित्य कला ह्यर्धचतुर्थिका ।
नाद-बिन्दु-लयाश्चेति कीर्तिताः परवादिभिः ।। २१ ।।
मूर्तो ह्येष अमूर्तश्च कलातीतः कलान्वितः ।
5 सूक्ष्मश्च बादरश्चेति व्यक्तोऽव्यक्तश्च पठ्यते ।। २२ ।।
निर्गुणः सगुणश्चैव सर्वगो देशसंस्थितः ।
अक्षयः क्षययुक्तश्च अनित्यः शाश्वतस्तथा ।। २३ ।।

।। इति 'अर्हँ' अक्षरतत्त्वस्तवः ।।

उपसंहार :—

10 आ 'अर्हँ' नो आश्रय लईने परवादीओए साडी त्रण मात्रावाळी कला (कुंडलिनी ?), नाद, बिंदु अने लय कह्या छे। (तात्पर्य के परोक्त कुंडलिनी योग, नादानुसंधान योग, लययोग वगेरे 'अर्हँ' ना ध्याननी प्रक्रियामांथी नीकळ्या छे) ।। २१ ।।

आ 'अर्हँ'रूप सर्वज्ञ परमात्मा (स्याद्वादशैलीए) मूर्त–अमूर्त, कलारहित–कलासहित, सूक्ष्म–स्थूल, व्यक्त–अव्यक्त, निर्गुण–सगुण, सर्वव्यापी–देशव्यापी, अक्षय–क्षयवान् अने अनित्य–नित्य 15 छे ।। २२–२३ ।।

परिचय

श्रीधर्मदास गणिए रचेला 'धर्मोपदेशमाला' नामना ५४१ प्राकृतगाथाओना प्राचीन प्रकरण-ग्रंथ ऊपर अनेक जैनाचार्योए व्याख्याओ अने विवरणो रच्या छे, ते पैकी श्री जयसिंहसूरिनुं 'धर्मोपदेश-माला-विवरण' सिंघी जैन ग्रंथमाला, मुंबईथी वि. सं. २००५ मां प्रगट थयेल छे। आ ग्रंथना 20 पृष्ठ १७८-१७९ मांथी 'अर्हँ अक्षरतत्त्वस्तव' नी संस्कृत भाषाना २३ अनुष्टुप् पद्योवाळी रचना अनुवाद साथे अहीं प्रगट करी छे।

श्री जयसिंहसूरिए पोतानी कृतिना अंते ३१ प्राकृत गाथाओमां प्रशस्ति आपेली छे, तेमां २८–२९ मी गाथामां आ ग्रंथनी रचना वि० सं० ९१५ मां थयानुं जणाव्युं छे। एटले आ स्तव पण ए समयनुं छे ए निर्विवाद छे।

25 आ स्तोत्रमां 'अर्हँ' नुं सुंदर वर्णन छे। एमां अ, र, ह अने बिंदुनी विशेषताओ सुंदर रीते दर्शाववामां आवी छे अने ए अक्षरोनी व्यापकतानुं पण सुंदर निरूपण छे। इतर दर्शनोमां रहेली नाद बिंदु, कला, लय वगेरेनी साधना आ 'अर्हँ' मांथी नीकळी छे, एम आ स्तोत्र कहे छे। अंतमां 'अर्हँ'-ने मूर्तामूर्तादि विशेषणोथी वर्णववामां आवेल छे। स्तोत्रनी रचना काव्यनी दृष्टिए पण मनोहर छे।

कलामय 'अर्हं' मङ्गलपाठ

[५०-५]

अर्हँ

श्रीहेमचन्द्रसूरिरचितश्रीसिद्धहेमचन्द्रशब्दानुशासनस्य मङ्गलाचरणसूत्रम्
स्वोपज्ञ तत्त्वप्रकाशिकाटीका-शब्दमहार्णवन्याससंवलितम् ॥

अर्हँ । १ । १ । १ ॥ 5

तत्त्वप्रकाशिका टीका—

(स्वरूपम्) .. . . 'अर्हँ' इत्येतदक्षरम् ।
(अभिधेयम्) ....परमेश्वरस्य परमेष्ठिनो वाचकम् ।
(तात्पर्यम्) .. ..सिद्धचक्रस्यादिबीजम् ।
सकलागमोपनिषद्भूतम् । 10
(क्षेमम्) ... .अशेषविघ्नविघातनिघ्नम् ।
(योगः) .. ..अखिलदृष्टाऽदृष्टफलसंकल्पकल्पद्रुमोपमम् ।
(प्रणिधानम्) ... .आशास्त्राध्ययनाऽध्यापनावधि प्रणिधेयम् ।
(प्रणिधानस्य द्वैविध्यम्) ..प्रणिधानं चानेनात्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः ।
(विशिष्टप्रणिधानम्) .. .. वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे । 15
(तत्त्वम्) ... .अयमेव हि तात्त्विको नमस्कार इति ॥ १ ॥

अनुवाद

'अर्हँ' ए अक्षर, परमेश्वर परमेष्ठिनो वाचक, सिद्धचक्रनुं आदि बीज, सकल आगमोनु रहस्य, सर्व विघ्नोनो नाश करवामां समर्थ अने सकल दृष्ट के अदृष्ट फळोना संकल्पने पूरवा माटे कल्पवृक्षसमान छे। एनुं शास्त्रना अध्ययन अने अध्यापन वखते प्रणिधान करवुं जोईए। एनी साथे आत्मानो 20 सर्वतः **संभेद** अने एना अभिधेय (प्रथम परमेष्ठी) साथे आत्मानो **अभेद**, एम बे प्रकारनुं प्रणिधान छे। अमे (शब्दानुशासनकार) पण एनुं शास्त्रना आरभमां प्रणिधान करीए छीए। 'अर्हँ' ए ज तात्त्विक नमस्कार छे॥ १ ॥[1]

---

१. विशेषार्थ माटे जुओ 'शब्दमहार्णवन्यास'।

शब्दमहार्णवन्यासः—

अर्हँ' इत्यादि-वाक्यैकदेशत्वात् साध्याहारत्वादध्याह्रियमाणप्रणिधानलक्षणक्रियाकर्मण उक्तत्वात् "नाम्नः प्रथमैक-द्वि-बहौ" [२-२-३१] इत्युत्पन्नाया प्रथमाया 'अर्हँ' इत्येतस्मात् सूत्रत्वाल्लुक्।

तदर्थं व्याचष्टे—व्याख्या च स्वरूपा-ऽभिधेय-तात्पर्यभेदात् त्रेधा। तां च 'अर्हँ' इत्यादिना दर्शयति 5 —तत्र 'अक्षरम्' इति स्वरूपम्। 'परमेष्ठिनो वाचकम्' इत्यभिधेयम्। 'सिद्धचक्रस्य' इत्यादिना तात्पर्यम्।

(स्वरूपम् - 'अर्हँ' इत्येतदक्षरम्।)

अक्षरमिति—अक्षर बीजम्। तदेवाह—**आदिबीजमिति।**

कस्य तदादिबीजम्?

सिद्धचक्ररूपस्य तत्त्वस्य; सबीज-निर्बीजभेदेन तत्त्वस्य द्वैविध्यात्।

10

अनुवाद

'अर्हँ' एटलु—एकलु ज एमने एम होय तो तेनो कोई अर्थ संगत थतो नथी। ए एकलु पूर्ण वाक्य बनतु नथी, एटले कोई पण क्रियानो अध्याहार करवो आवश्यक छे; तेथी 'अर्हँ' ए वाक्यनो एक भाग थयो। जे क्रियानो अध्याहार करवानो छे ते बीजो भाग थयो। अहीं प्रकृतमा प्रणिधानक्रियानो अध्याहार करवानो छे, तेथी 'अर्हँ' ए प्रणिधानक्रियानुं कर्म छे। क्रियापदनो प्रयोग कर्मणि-प्रत्यय 15 लावीने कर्यो छे, एटले कर्म उक्त थाय छे ने तेथी तेने "नाम्नः प्रथमैक-द्वि-बहौ" [२-२-३१] ए सूत्रथी प्रथमा विभक्ति प्राप्त थाय छे; ए प्रथमा विभक्तिनो अहीं सूत्रपणाने कारणे 'लुक्'-लोप करवामा आव्यो छे।

व्याख्याना त्रण प्रकारो छे :—(१) स्वरूप (२) अभिधेय अने (३) तात्पर्य। तेमां 'अक्षर' थी स्वरूप, 'परमेष्ठिनो वाचक' थी अभिधेय अने 'सिद्धचक्रनु आदिबीज' वगेरेथी तात्पर्य कहे छे। (आ प्रकारो विस्तारथी समजावे छे।)

20

(१. स्वरूप)

अक्षर एटले बीज। अक्षरनो अर्थ बीज थाय छे, ए ज वात 'आदिबीजम्' ए पदथी जणावी छे।

प्रश्न—ए कोनु आदिबीज छे?

उत्तर—सिद्धचक्ररूपी तत्त्वनु ए आदिबीज छे; तत्त्वना सबीज अने निर्बीज एवा बे प्रकारो छे। (तेमा सिद्धचक्ररूपी जे सबीज तत्त्व छे तेनु आ आदिबीज छे।)

---

25 १. **'न्याससारसमुद्धारः'** इत्याख्यन्यासानुसारी तत्तच्छब्दोपरि विशिष्टोऽर्थनिर्देश स एवोट्टङ्क्यते।

अर्हति पूजामित्यर्हँ—'अः' [उणा० २.] इत्यः। पृषोदरादित्वात् सानुनासिकत्वम्। 'अर्हम्' इति मान्तोऽप्यस्ति निपातः। ननु 'अर्हम्' इत्यव्ययं स्वरादौ चादौ च न दृष्टम्, तत् कथमव्ययम्? सत्यम्—

'इयन्त इति संख्यानं, निपातानां न विद्यते।
प्रयोजनवशादेते, निपात्यन्ते पदे पदे॥'

30 **अनुवाद**:—'न्याससारसमुद्धार'मा 'शब्दमहार्णवन्यास'ना ते ते शब्दना विशिष्ट अर्थनो निर्देश छे (आ अने पछीनी टिप्पणीओमा आपेल संस्कृतपाठ 'न्याससारसमुद्धार'नो छे)।

पूजाने योग्य ते 'अर्हँ' कहेवाय। पृषोदरादि सूत्रथी 'अर्ह' शब्दने अनुनासिक लगाडता 'अर्हँ' बने छे। वळी 'अर्हम्' एवो 'म'कारान्त निपात पण छे। अहीं ए प्रश्न थाय छे के, स्वरादिगण के चादिगणमा 'अर्हम्' अव्यय आवतु नथी तो पछी ते कई रीते अव्यय छे? तेनो खुलासो ए छे के—

35 "निपातो (अव्ययो) आटला ज छे एवी संख्या नियत नथी। प्रयोजन प्राप्त थता स्थळे स्थळे निपातित कराय छे।"

यद् धर्मसारोत्तरम्—

"अक्षरमनक्षर वै द्विविध तत्त्वमिष्यते।
अक्षरं बीजमित्याहुर्निर्बीज चाप्यनक्षरम्॥"

यद्वा न क्षरति--न चलति स्वस्मात् स्वरूपादक्षरं तत्त्व ध्येयं ब्रह्मेति यावत्, वर्णं वा।

द्विविधो हि मन्त्रः, कूटरूपोऽकूटरूपश्च। सयुक्तः कूट इति व्यवह्रियते, इतरोऽकूट इति। 5

अत एव चास्माद् 'वर्णाव्ययात् कारः' [७-२-१५६] इति कार कुर्वते वृद्धाः, 'क्षकारः' इति, 'ॐकारः' इति, 'ह्म्ल्र्व्यूँकारः' इति, 'अकारः' इतिवत्। कूटेष्वेकस्यैवाक्षरस्य मन्त्रत्वात्, शेषस्य तु परिकरत्वात।

'धर्मसारोत्तर' मा कह्यु छे के—

"अक्षर अने अनक्षर एम बे प्रकारनु तत्त्व छे, तेमा जे बीज छे ते अक्षरतत्त्व कहेवाय छे अने जे 10 बीजरहित छे ते अनक्षरतत्त्व कहेवाय छे।" (आ अक्षरतत्त्वनो एक अर्थ थयो। हवे बीजो अर्थ—)

पोताना स्वरूपथी जे चलित न थाय ते अक्षर। एटले अक्षर शब्दथी तत्त्वध्येय रूप ब्रह्म लेवु, अथवा वर्णात्मक अक्षर लेवो।

प्रश्न—('अ आ' वगेरे जे एक ज वर्ण होय तेने तो वर्ण के अक्षर कही शकाय, पण अहीं तो 'अर्हँ' मां घणा अक्षरो भेगा थयेला छे एटले एने वर्ण के अक्षर शी रीते कही शकाय? 'अक्षराणि' 15 एम कहेवु जोईए, पण अहीं तो 'अक्षरं' कहेलु छे।)

उत्तर—मत्रो बे प्रकारना छे: (१) कूट अने (२) अकूट। सयुक्त होय तेने 'कूट' कहे छे अने संयुक्त न होय तेने 'अकूट' कहेवामा आवे छे। (कूट मंत्रमा अक्षरो जो के घणा होय छे तो पण तेमां मंत्र तो एक ज अक्षर होय छे, बाकीना अक्षरो ते मंत्रना परिकर–परिवाररूप होय छे।)

कूट मत्रमां घणा अक्षरो होवा छता एक ज अक्षर मंत्रस्वरूप होवाथी 'वर्णाव्ययात् कारः' 20 [७-२-१५६] ए सूत्रथी क्षकार, ॐकार, ह्म्ल्र्व्यूँकार वगेरे शब्दोने वृद्धो सिद्ध करे छे; कारण के आ सूत्रनो अर्थ एवो छे के जे एकेक वर्ण होय तेना पछी (तथा अव्यय पछी) 'कार' प्रत्यय लगाडवो; जेम के—अकार, इकार, उकार। परतु अहीं तो कूट मंत्रमा घणा अक्षरो छे एटले शी रीते 'कार' प्रत्यय लगाडाय? छतां वृद्ध पुरुषो क्षकार(क्+ष्+अ), ह्म्ल्र्व्यूँकार वगेरे शब्दोमां 'कार' प्रत्यय लगाडे छे, तेनु कारण ए छे के, आ कूट मंत्रोमां घणा अक्षरो देखाता होवा छता पण वस्तुतः एमा एक ज अक्षर मत्रस्वरूप 25 होय छे बाकीना अक्षरो तो तेना परिवारभूत छे, माटे आवा कूट मंत्रोने पण एकाक्षरी मत्र ज मानीने वृद्ध पुरुषो 'कार' प्रत्यय लगाडे छे। ते ज न्याये अहीं 'अर्हँ' शब्द अनेकाक्षरी देखातो होवा छतां एमां मत्राक्षर तो एक ज ('ह्') होवाने लीधे अमे 'अक्षराणि' एवो बहुवचननो प्रयोग न करतां 'अक्षर' एवो एकवचननो प्रयोग कर्यो छे।

प्रश्न—(कूट मत्रोमां अनेक अक्षरो होवा छतां मत्र तो एक अक्षर जेटलो ज जो होय छे तो 30 बाकीना अक्षरोनी शी जरूर छे?)

सपरिकरो हि वर्णो मन्त्रो भवति, केवलस्यार्थक्रियाविरहात्। तस्य च बाह्याभ्यन्तरभेदेन द्वैविध्यात्। मण्डल-मुद्रादेर्बाह्यत्वात्, नाद-बिन्दु-कलादेरान्तरत्वात्, तेषामेवोद्दीपकत्वात्, तथाभूतानामेव क्रियाजनकत्वात्। मण्डल-मुद्रादीनां केवलानामपि फलजनकत्वात्। विशेषतः समुदितानां ग........वाचकम्।[1]

(अभिधेयम्—परमेश्वरस्य परमेष्ठिनो वाचकम।)

5 "देवताना गुरूणां च नाम नोपपदं विना।
उच्चरेन्नैव जायायाः कथञ्चिन्नात्मनस्तथा॥"

इति वचनाद् निरूपपददेवतानामोच्चारणस्य प्रतिषेधात्, प्रतिषिद्धाचरणे च प्रायश्चित्तोपदेशात्, सोपपददेवतानामोच्चारणस्यैव प्राप्तत्वात्। अन्यस्य च श्रीप्रभृतेरुपपदस्य तुच्छत्वेन तथाविधवैशिष्ट्याप्रतिपादकत्वाद् वैशिष्ट्यप्रतिपादनार्थं तस्य परमेश्वरस्यै इत्युपपदमुपन्यस्यति। परम यदैश्वर्यमणिमादि यच्च

10 उत्तर—परिकर सहित वर्ण ज मंत्रनु कार्य करी शके छे। एकलो वर्ण ते कार्य करी शकतो नथी। ते परिकर बे प्रकारे छे: (१) बाह्य अने (२) आभ्यन्तर। आ बन्ने प्रकारना परिकर सहित जो मत्र होय तो ज ते परिपूर्ण फळने आपे छे।

मण्डल-मुद्रा वगेरे बाह्य परिकर छे, नाद-बिन्दु-कला वगेरे आभ्यन्तर परिकर छे। मडलमुद्रादि अने नादबिन्दुकलादि ज उद्दीपक छे। उद्दीपक एवा तेओ ज अर्थक्रियाना जनक छे। मडल—मुद्रा 15 वगेरे एकला पण फळ तो आपे छे परतु ते सामान्य प्रकारनु फळ होय छे; पण ज्यारे बधा भेगा थाय त्यारे विशेष फळ आपे छे।

(२. अभिधेय)

अर्हं ते परमेश्वररूप परमेष्ठीनो वाचक छे। परमेष्ठी देवता छे। (शास्त्रमा कह्यु छे के—)
"देवताओ अने गुरुओनु नाम उपपद विना कदापि बोलवु न जोईए; अने बने त्या सुधी पत्नीनु 20 तेम ज पोतानुं नाम पण उच्चारवु न जोईए।"

शास्त्रना ए वचनने अनुसारे देवतानुं नाम उपपद विना उच्चारण करवुं शास्त्रथी निषिद्ध छे। निषिद्ध कार्य करवाथी प्रायश्चित लागे एवो उपदेश छे, तेथी देवतानुं नाम उपपदपूर्वक ज बोलवुं योग्य छे। बीजा जे 'श्री' वगेरे साधारण शब्दो उपपद तरीके अगर तो विशेषण तरीके वापरवा ए तुच्छपणु दाखवे छे, माटे विशिष्ट गुणो प्रतिपादन करे तेवु विशेषण 'परमेश्वर' पद छे अने ते पदनो अहीं विशेषण तरीके 25 उपयोग सुयोग्य रीते थयो छे। सर्वोत्तम ऐश्वर्य जे अणिमा आदि सिद्धिरूप छे अने जे परम योग अने

१. अहीं मूळ ग्रंथमा सात पक्ति जेटलो महत्त्वनो पाठ अनुपलब्ध छे।

२. परमेष्ठिनः पञ्च, ततः शेषचतुष्टयव्यवच्छेदायाऽऽह—परमेश्वरस्येति। चतुस्त्रिंशदतिशयरूपपरमैश्वर्यभाजो जिनस्येत्यर्थः। ननु 'परमेष्ठी'ति सामान्य पद तथापि 'अर्हं' इति भणनाद् 'अर्हन्' एव लभ्यते, कि परमेश्वरस्येति? सत्यम्—"देवताना गुरूणा च" इति (इत्यादि)।

30 **अनुवादः**—परमेष्ठिओ पांच छे, तेथी बाकीना चारने अलग करवा 'परमेश्वर' एवुं परमेष्ठीनु विशेषण जणाववामा आव्युं छे।—अर्थात् चोत्रीश अतिशयरूप परम ऐश्वर्यथी शोभता एवा श्रीजिनेश्वर (अरिहत) एवो अर्थ उद्दिष्ट छे; त्यारे ए प्रश्न थाय छे के, परमेष्ठी ए सामान्य पद छे छता 'अर्हं' कहेवाथी 'अर्हन्' ज समजाय छे त्यारे 'परमेश्वर' एवुं विशेषण मूकवानु प्रयोजन शु? एना उत्तरमा कहे छे के—'देवता अने गुरुनुं नाम उपपद विना कदापि बोलवुं न जोईए, तेम ज पत्नीनुं अने पोतानु नाम पण बने त्यांसुधी उच्चारवुं न जोईए।'

परमयोगर्द्धिरूप तद्वान् परमेश्वरः, यथा महाराज इति, अत्र हि महत्त्वं गुणं विशिंषद् द्रव्यं विशिनष्टीति **परमेष्ठिन** इति। परमे पदे तिष्ठति यः सः परमेष्ठी, अनेन च सविशेषणेन सकलरागादिमलकलङ्कविकलो योग-क्षेमविधायी शस्त्राद्युपाधिविरहितत्वात् प्रसत्तिपात्रं ज्योति(ती)रूपं देवाधिदेवः सर्वज्ञः पुरुषविशेषः। यदाह—

"रागादिभिरनाक्रान्तो, योग-क्षेमविधायकः।
नित्य प्रसत्तिपात्रं यस्तं देवं मुनयो विदुः॥" 5

मन्त्रकल्पे हि मन्त्रवर्णाना वाचकत्वेन कीर्त्तनाद् वाचकमित्युक्तम्। यथा 'अ-सि-आ-उ-सा' इति बीजपञ्चक पञ्चानामर्हदादीनाम्, 'ड-र-ल-क-श-ह-य'मिति आधारादिसप्तदेवीनाम् तथा अकारादिभिः षोडशस्वरैर्मण्डलेषु षोडश रोहिण्याद्या देवता अभिधीयन्ते, ततस्तासा प्रतीतेरिति।

(तात्पर्यम्—सिद्धचक्रस्यादिबीजम्।)

तात्पर्यस्य चाभिधानपृष्ठभावित्वात् **सिद्धचक्रस्यादिबीजमि**त्यादिना पश्चादुच्यते। 10

ऋद्धिरूप छे ते ऐश्वर्यवाळा परमेश्वर समजवा; जेम के 'महाराज' शब्दमा महत्त्व राजाना (राजापणारूपी) गुणमा विशेषता दर्शावे छे, छता वस्तुतः ए राजारूपी पुरुषनी विशेषता छे; ते प्रमाणे 'परमेश्वर' शब्द पण गुणनी (सामर्थ्यनी–ऐश्वर्यनी) विशेपता दर्शाववापूर्वक कोई द्रव्यनी ज (व्यक्तिनी ज) विशेषता दर्शावे छे। ए व्यक्ति कई ते स्पष्ट करवा माटे 'परमेष्ठिन' पद छे। परमेश्वर एवा विशेषण सहित 'परमेष्ठी' शब्दथी देवाधिदेव अरिहन परमात्मा लेवाना छे। परम पद पर स्थित होय ते 'परमेष्ठी' 15 कहेवाय। आ पद साथे 'परमेश्वर' विशेषण तरीके मूकीए तो ज सकल रागादि मलरूप कलङ्कथी रहित, सर्व जीवोना योग अने क्षेमने वहन करनारा, शस्त्रादि उपाधिथी रहित होवाथी प्रसन्नताना पात्र, ज्योतिरूप, देवाधिदेव अने सर्वज्ञ एवा ते पुरुषविशेष (परमात्मा-अरिहत) समजाय। कह्युं छे के—

"जेओ राग वगेरेथी आक्रान्त नथी, योग अने क्षेमना करनारा छे अने सदा प्रसन्नताना पात्र छे तेमने मुनिओ 'देव' कहे छे।" 20

'**मंत्रकल्प**' मा मत्रना वर्णो 'वाचक' तरीके ओळखाववामा आव्या छे (माटे ज 'अर्हं' ते परमेश्वर एवा परमेष्ठीनो वाचक छे अम कह्यु छे।) ते प्रमाणे 'असि आ उ सा' रूप बीजपंचक अर्हत् वगेरे पांच परमेष्ठीना वाचक छे। तथा 'ड र ल क श ह य' ते देहगत मूलाधार वगेरे चक्रोनी देवीओनां नामना प्रथमाक्षरो अनुक्रमे ते देवीओना वाचक छे, तथा 'अकार' वगेरे सोळ स्वरो यंत्रोमा रोहिणी वगेरे सोळ विद्यादेवीओना वाचक छे, कारण के तेमनी तेथी (ते ते स्वरोथी) प्रतीति थाय छे। 25

(३. अ. तात्पर्य)

व्याख्यामा अभिधान पछी तात्पर्यने रजू करवानी पद्धति होवाथी 'सिद्धचक्रना आदिबीज' वगेरे तात्पर्यनो हवे पछी निर्देश करे छे।

---

१. आधारादिसप्तदेव्यो डाकिनी–राकिनी–लाकिनी–काकिनी–शाकिनी–हाकिनी–याकिनीरूपाः॥
अनुवादः— आधार वगेरे चक्रोनी सात देवीओना नाम आ प्रकारे छे— 30
(१) डाकिनी (२) राकिनी (३) लाकिनी (४) काकिनी (५) शाकिनी (६) हाकिनी अने (७) याकिनी.

२. सिद्धेति–सिद्धाः विद्यासिद्धादयस्तेषां चक्रमिव चक्रं, तस्य पञ्चबीजानि तेषु चेदमादिबीजम्।
अनुवादः—सिद्धो एटले विद्यासिद्धो तेमनो समूह जेमा होय ते। तेना पांच बीजो छे। तेमां आ बीज प्रथम छे।

समयप्रसिद्धस्य चक्रविशेषस्य निरूढमभिधानम् ।

यद्वा सिद्ध्यन्ति निष्ठितार्था भवन्ति, लोकव्यापिसमये (२) कलारहितमिदमेव तत्त्वं ध्यायन्तोऽस्मादिति "बहुलम्" [५-१-२] इति क्ते, ततो विशेषणसमासे **सिद्धचक्रम्**।

एतच्च तत्र तत्र व्यवस्थितपरमाक्षर ध्यानाद् योगर्द्धिप्राप्ता यस्मात् (योगर्द्धिप्राप्तावस्मात्) सिद्धि-
5 रित्युच्यते (३) इति सूपपाद सिद्धत्वमस्य चक्रस्येति।

तस्येदम्, अर्हंकारं प्रथम बीजम्। बीजसाधर्म्याद् बीजम्। यथाहि—बीज प्रसव-प्ररोह-फलानि प्रसूते, तथेदमपि पुण्यादिप्ररोह-भुक्ति-मुक्तिफलजनकत्वाद् बीजमुच्यते।

सन्ति पञ्चान्यन्यान्यपि ह्रौंकारादीनि बीजानि, तदपेक्षयाऽस्य प्राथम्यम्, प्रथम साधूनामितिवत्। प्रथममग्रणीभूतं व्यापकमित्यर्थः। व्यापकत्वं चास्य सर्वबीजमयत्वात्।

10 इदमेव हि बीजम्—'अधोरेफ-आ-ई-ऊ-औ-अं-अः' एतैर्युक्त बीज भवतीति व्यापकत्व अस्य।

यदि वा, परसमयसिद्धाना **त्रैलोक्यविजया-घण्टार्गल-स्वाधिष्ठान-प्रत्यङ्गिरा**दीना चक्राणामिदमेव हकारलक्षणं प्रधानं बीजम्।

अथवा, अकारादि-क्षकारान्तानां पञ्चाशत. सिद्धत्वेन प्रसिद्धाना यच्चक्र समुदायस्तस्य प्रधानमिदमेव बीजम्।

15 (१) सिद्धचक्र ते सिद्धान्तमा प्रसिद्ध एवा चक्रविशेषनु रूढ नाम छे।

(२) अथवा तो ए ज तत्त्व (अर्हं) नुं लोकव्यापिसमयमा (१) कलारहित ध्यान करनारा महात्माओ एथी सिद्ध थाय छे माटे 'सिद्ध' कह्यु, पछी विशेषण समासथी '**सिद्धचक्र**' शब्द बन्यो छे।

(३) अथवा ए चक्रमा रहेला परमाक्षरोना ध्यानथी योगनी ऋद्धिओ प्राप्त थता 'सिद्धि थई' एम कहेवाय छे, तेथी ए चक्रनु सिद्धपणुं स्पष्ट ज छे।

20 ते सिद्धचक्रनु आ अर्हंकार प्रथम बीज छे। बीजनी साथे साधर्म्य होवाथी ए बीज कहेवाय छे। जेम बीजमांथी फणगो, अकुरो अने फळ निपजे छे तेम आ 'अर्हं'कार बीजमांथी पण पुण्यानुबंधि-पुण्य, भुक्ति अने मुक्ति उत्पन्न थाय छे; तेथी ते पण 'बीज' कहेवाय छे।

आदिबीज कहेवानुं तात्पर्य ए छे के, ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः ए प्रमाणे बीजां पण पाच बीजो छे तेनी अपेक्षाए हूँ बीज प्रथम छे माटे तेने आदिबीज कह्यु छे। जेमके अमुक व्यक्ति साधुओमा प्रथम छे,
25 ते रीते आ 'अर्हं' पण बधा बीजोमां प्रथम छे। अहीं प्रथम एटले अग्रणीभूत (अग्रेसर) अथवा व्यापक, एम अर्थ करवो। 'अर्हं' ए बीजने व्यापक एटला माटे कह्युं छे के, ते सर्व बीजमय छे।

तात्पर्य आ प्रमाणे छे—'नीचे रेक तथा आ–ई–ऊ–औ–अं–अः' थी युक्त (वर्ण) होय ते बीज थाय छे; जेमके—ह्+र्+आ+म्=ह्राँ, ह्+र्+ई+म्=ह्रीँ, ह्+र्+ऊ+म्=ह्रूँ, ह्+र्+औ+म्=ह्रौँ, ह्+र्+अ+म्=हँ अने ह्+र्+अः=ह्रः। ए रीते आ बीज (हूँ) व्यापक छे।

30 अथवा तो जैनेतर शास्त्रोमां प्रसिद्ध **त्रैलोक्यविजया, घण्टार्गल, स्वाधिष्ठान, प्रत्यङ्गिरा** वगेरे चक्रोमां पण आ ज '**ह**'कार (सपरिकर) **मुख्य बीज** होय छे।

अथवा तो अकारथी क्षकार सुधीना पचास वर्णो सिद्धाक्षररूपे प्रसिद्ध छे (एटले के सिद्धमातृका कहेवाय छे) तेओनुं जे चक्र (समुदाय, वर्णमाला) ते सिद्धचक्र तेनुं आ 'हकार' ज मुख्य बीज छे।

(तात्पर्यम्—सकलागमोपनिषद्भूतम् ।)

पुनर्विशेषणद्वारेण तस्यैव प्राधान्यमाह – सकलागमोपनिषद्भूतम् – सकलस्य द्वादशाङ्गस्य गणिपिटकरूपस्यैहिकामुष्मिकफलप्रदस्यागमस्योपनिषद्भूत रहस्यभूतं, पञ्चानां परमेष्ठिना यानि 'अ-सि-आ-उ-सा' लक्षणानि पञ्चबीजानि, यानि च अरिहन्तादिषोडशाक्षराणि तान्येव द्वादशाङ्गस्योपनिषदिति। यदाह **पञ्चपरमेष्ठिस्तुतौ—** 5

"सोलसपरमक्खरबीयबिंदुगब्भो जगुत्तमो जोओ ।
सुअबारसंगबाहिरमहत्थ-ऽपुव्वत्थ-परमत्थो ॥"

यदि वा, सकला ये आगमाः पूर्व-पश्चिमाम्नायरूपास्तेष्वपि परमेश्वरपरमेष्ठिवाचक 'अर्हं' इति तत्त्व उपनिषद्रूपेण प्रणिधीयत इति, सकलाना स्वसमय-परसमयरूपाणामागमानामुपनिषद्भूतं भवतीति।

(३. ब. तात्पर्य) 10

वळी बीजा विशेषणद्वारा ते बीजनुं ज मुख्यपणुं बतावे छे। आ 'अर्हँ' सकल आगमोना उपनिषद्भूत छे – एटले के इहलौकिक—पारलौकिक सर्व फळो आपनार गणिपिटकरूप समग्र द्वादशाग आगमनु आ 'अर्हँ' रहस्य छे। पाच परमेष्ठिओना 'अ-सि-आ-उ-सा' रूप पांच बीजो अने जेमा **अरिहंत** आदि सोळ अक्षरो (**'अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहु'**) पण द्वादशाग-आगमनु रहस्य छे। '**परमेष्ठिस्तुति**' मा कह्यु छे के— 15

"सोळ परमाक्षररूप बीजो अने बिंदुओ जेना गर्भमा छे ते (मंत्राक्षरोनो) योग जगतमा उत्तम छे अने द्वादशागरूप (अगप्रविष्ट) श्रुतनो तथा (उत्तराध्ययनादि) अगबाह्यश्रुतनो महार्थ, अपूर्वार्थ अने परमार्थ छे।"

अथवा प्राचीन आम्नाय अने ते पछीना आम्नायरूप सर्व आगमोमा पण परमेश्वरपरमेष्ठिना वाचक 'अर्हं' तत्त्वनु उपनिषद्रूपे प्रणिधान कराय छे, तात्पर्य ए छे के ते (अर्हं) स्वपरसमयरूप सर्व आगमोनु रहस्य छे। 20

१. सर्वपार्षदत्वाच्छब्दानुशासनस्य समग्रदर्शनानुयायी नमस्कारो वाच्यः। अय चाऽर्हं अपि तथा। तथाहि—

"अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थित ।
हकारेण हर· प्रोक्तस्तदन्ते परमं पदम् ॥"

इति श्लोकेन 'अर्हं' शब्दस्य विष्णुप्रभृतिदेवतात्रयाभिधायित्वेन लौकिकागमेष्वपि 'अर्हँ' इति पदमुपनिषद्भूतमित्यावेदित भवति। तदन्त इति तुरीयपादस्यायमर्थः—तस्य 'अर्हँ' शब्दस्यान्त उपरितने भागे परम पद 25 सिद्धिशिलारूप तदाकारत्वादनुनासिकरूपा कलाऽपि परम पदमित्युक्तम्।

अनुवादः—शब्दानुशासन-व्याकरण सर्व सभाजनो माटे होय छे, तेथी सर्व दर्शनोने मान्य एवो नमस्कार कहेवो जोईए। एवो प्रश्न थाय तो तेनो जवाब आपता कहे छे के—आ 'अर्हँ' शब्द पण ए ज प्रकारनो छे। अन्य शास्त्रोमा कह्यु छे के—

"अकारथी विष्णु कहेवाय छे, रेफमा ब्रह्मा रहेला छे, हकारथी शिव जणाव्या छे अने पछी ँ अनुस्वार 30 ए परम पदनो वाचक छे।"

आ श्लोकथी 'अर्हँ' शब्द विष्णु वगेरे त्रणे देवताओनो वाचक होवाथी लौकिक आगमोमा पण आ 'अर्हँ' पद रहस्यरूप छे, एम जणाव्यु छे। आ श्लोकमा 'तदन्ते' एवु जे चोथु पाद छे तेनो अर्थ ए छे के—'अर्हँ' शब्दनी अंते उपरना शिरोभागमा सिद्धशिलारूप परमपद छे, अनुनासिकरूप कला पण सिद्धशिलाना आकारवाळी होवाथी ते परमपद छे, अेम कह्यु छे। 35

फलार्थिनां सेवाप्रवृत्त्यङ्गभूतां योग-क्षेमशालितामस्योपदर्शयन् लब्धपरिपालनमन्तरेण, अलब्ध-लाभस्याकिञ्चित्करत्वात् क्षेमोपदर्शनपूर्वकं योगमुपदर्शयति—

(क्षेमम्—अशेषविघ्नविघातनिघ्नम्।)

[अशेषाः—] कृत्स्ना ये विघ्नाः सत्क्रियाव्याघातहेतवस्तेषां विशेषेण हननं समूलकाषं कषणम्, 5 तथाऽसौ विघ्नान् विहन्ति यथैते न पुनः प्रादुःषन्ति; 'वि'शब्देन घातविशेषणाच्चायमर्थलाभः, 'अशेष'शब्देन तद्विशेषणाद् वेति, तत्र [निघ्नम्-] परवशम्।

यथा मदजलधौतगण्डस्थलो मदपारवश्यादगणितस्वपरविभागो गजः समूलवृक्षाद्युन्मूलने लम्पटो भवति, एवमयमपि परमाक्षरमहामंत्रो ध्यानावेशविवशीकृतो विघ्नोन्मूलने प्रभविष्णुर्भवति।

(योगः—अखिलदृष्टाऽदृष्टफलसंकल्पकल्पद्रुमोपमम्।)

10 अखिलानि संपूर्णानि यानि दृष्टानि च चक्रवर्तित्वादीनि वाऽदृष्टानि स्वर्गापवर्गरूपाणि फलानि, तेषां संकल्पे—संपादने कल्पवृक्षेणोपमीयते यत् तत् तथा। व्यवहारसंदृष्टयाऽयमुपमानोपमेयभाव. लोके तस्य कल्पितफलदातृत्वेन प्रसिद्धत्वात्, अस्य तु संकल्पातीतफलप्रदायित्वात्।

फळना अर्थिओनी सेवा अने प्रवृत्तिमा कारणभूत एवी आ 'अर्हँ' नी योगक्षेमशालिता बतावतां, लब्धना परिपालनरूप क्षेम विना अलब्धना लाभरूप योग निरर्थक होवाथी प्रथम क्षेमने बतावीने 15 पछी योगने बतावे छे.—

(४. क्षेम)

शुभ क्रियामा व्याघात करनारा सर्व विघ्नोनु समूल उच्छेदन करवाने माटे ते (अर्हँबीज) समर्थ छे। आ (अर्हँ बीज) विघ्नोनो एवी रीते नाश करे छे के जेथी ते पुन. उत्पन्न थई शकता नथी। आवा अर्थनी प्राप्ति 'घात' शब्दनी पूर्वे 'वि' उपसर्ग जोडवाथी थाय छे, अथवा 'अशेष' शब्द ते 20 (विघ्न)नुं विशेषण होवाथी पण एवो अर्थ करी शकाय छे।

जेम जेनु मदना जलथी गडस्थल धोवाई रह्यु छे एवो मदोन्मत्त हाथी मदना आवेशथी परवश थतां स्व के परना विभागना भेदने गणकार्या विना वृक्षोने मूलथी उखेडी नाखे छे तेम ध्यानना प्रभावथी विवश करायेल आ—परमाक्षर महामंत्र विघ्नोनुं समूल उच्छेदन करवामा समर्थ बने छे (एटले ते क्षेमंकर छे)।

25

(५. योग)

वळी, जे दृष्ट फळो—चक्रवर्तिपणु वगेरे, अने अदृष्ट फळो—स्वर्ग अने मोक्ष, ते प्राप्त कराववामा आ(अर्हँ) कल्पवृक्ष समान छे (एटले ते योजक छे)। व्यवहारदृष्टिए आ उपमानउपमेय भाव छे कारण के जगतमां कल्पवृक्ष इच्छित (इच्छा करी होय तेटलु ज) फळ आपे छे ए वात प्रसिद्ध छे; ज्यारे आ (अर्हँ महामंत्र) तो संकल्प करतां पण वधारे फळ आपे छे।

यद्वा, दृष्टात् क्रियाविशेषाद् यत् फलम्—"क्रियैव फलदा पुंसाम्।" इत्युक्ते (क्तेः) तथैव दर्शनत्वे- (नाच्च), न हि क्रियाविरहिता एवमेवोदासीना. फलानि समश्नुवते; यच्चादृष्टात् पुण्यविशेषाद्, अखिलं फलं, तस्य संकल्पः, शेषं पूर्ववत्।

त्रिविधं हि फलम्—किञ्चित् क्रियाजं मनुष्यादीनां व्यापारविशेषात् कृषि-पशुपाल्य-राज्यादि, किञ्चिद्धि पुण्यादेव व्यापाराभावशालिना कल्पातीतदेवानाम्, किञ्चिदुभयजं व्यन्तरादीनाम्। 5

यदि वा, दृष्टाना प्रत्यक्षेणोपलब्धाना मनुजादीनाम्, अदृष्टाना चानुमानगम्यानाम्, अखिला ये फले संपूर्णाः कल्पा एकहेलयैव समुदिता ईषदूनास्ते[ते]षा कल्पो वा विधानं स एव प्रसरणशीलत्वेन द्रुमः—पादपः स उप सामीप्येन मीयते परिच्छिद्यतेऽनेनेति। एवं हि तस्य परिच्छेदो भवति—यदेकहेलयैव तत्संकल्पाना संपादनं भवति, तत् समर्थं चेद् बीजमिति, माहात्म्यविशेषश्चान्येभ्यो महामन्त्रेभ्योऽस्य मन्त्रराजस्यानेन विशेषणेन ख्याप्यते। 10

अथवा दृष्ट एटले क्रियाविशेष, तेथी उत्पन्न थतुं फळ। "पुरुषोने क्रिया ज फळदायक बने छे।" —एवा वचनथी अने ते प्रमाणे अनुभव थतो होवाथी क्रियारहित एम ने एम (जेम थवानुं हशे तेम थशे एम माना निष्क्रिय पडी रहेनारा) उदासीन माणसो फळने सारी रीते मेळवी शकता नथी; अने अदृष्ट एटले पुण्यविशेषथी (पुण्यानुबंधिपुण्यनी प्राप्ति करावीने) ए सर्व फळोना संकल्पने पूरवामां कल्पवृक्ष समान छे।

फळ त्रण प्रकारनां छे – (१) केटलांक क्रियाथी उत्पन्न थतां, (२) केटलांक पुण्यथी ज उत्पन्न 15 थता अने (३) केटलाक क्रिया अने पुण्यथी उत्पन्न थता।

(१) क्रियाथी उत्पन्न थता फळ ते मनुष्य वगेरेने होय छे। कृषि, पशुपालन अने राज्य वगेरे व्यापारविशेषोथी ते फळो मळे छे। (२) पुण्यथी उत्पन्न थता फळ ते (पूर्वोक्त) व्यापारविशेष विना मळे छे अने ते कल्पातीत (नव ग्रैवेयक, पांच अनुत्तर विमानना) देवोने होय छे। (३) क्रिया अने पुण्यथी उत्पन्न थता फळ ते व्यंतर वगेरे देवोने मळे छे। 20

अथवा मनुष्य वगेरेने जे प्रत्यक्ष जणाय ते 'दृष्ट' अने जे अनुमानथी जणाय ते 'अदृष्ट'। एवा दृष्ट अने अदृष्ट फळविषयक (अर्हं सिवायना अन्य) सर्व कल्पोने जो एकी साथे एकत्र समुदित करवामा आवे तो पण तेओ जे कल्प (विधान)थी कईक न्यून (फळ आपनारा) बने तेवो कल्प (विधान) 'अर्हं' नो छे। ते 'कल्प' प्रसरणशील (समुदित अन्य कल्पो करतां वधु विस्तृत फळ आपनार) होवाथी अहीं 'वृक्ष' कहेवायो छे। तेथी अर्हं ने 'कल्पवृक्ष'नी उपमा आपवामा आवे छे। ए रीते (उप- 25 माथी) तेनु विशिष्ट ज्ञान थाय छे। तात्पर्य ए छे के जो इतर सर्व कल्पोना समुदित फळनु एकी साथे संपादन थतु होय तो ते करवा माटे आ अर्हं बीज समर्थ छे। ए रीते "अखिल दृष्टा .. " इत्यादि विशेषण वडे अन्य महामन्त्रो करता 'अर्हं'नु माहात्म्य विशेष छे ए बतावाय छे।

१. दृष्ट राज्यादि।
अनुवादः—दृष्ट फळ एटले राज्य वगेरे। 30
२. अदृष्ट स्वर्गादि
अनुवादः—अदृष्ट फळ एटले स्वर्ग वगेरे।

स्वरूपा-ऽर्थ-तात्पर्यैः स्वरूपमुक्त्वा प्रकृते योजयति—

(प्रणिधानम्—आशास्त्राध्ययनाऽध्यापनावधि प्रणिधेयम् ।)

'आङ् अभिव्याप्तौ; स च शास्त्रेण संबध्यते। अध्ययनाऽध्यापनाभ्यां संबद्धोऽवधिर्मर्यादार्थः। तेनायमर्थः—शास्त्रमभिव्याप्य येऽध्ययना-ऽध्यापने ते मर्यादीकृत्य प्रणिधेयमित्यर्थः।

5 प्रणिधानं व्याचष्टे—

(प्रणिधानस्य द्वैविध्यम्—प्रणिधानं चानेनात्मनः सर्वतः संभेदस्तदभिधेयेन चाभेदः।)

प्रणिधानं चेत्यादिना—अनुवादमन्तरेण स्वरूपस्य व्याख्यातुमशक्यत्वात् प्रणिधानं चेति स्वरूपमनूदितम्, 'पुनरर्थे'च शब्दनिर्देशात्। **अनेनेति**[१] 'अर्हं' इति बीजेन। प्रणिधानस्य च संभेदा-ऽभेदरूपेण द्वैविध्यात्।

---

10 स्वरूप, अर्थ (अभिधेय) अने तात्पर्य (एम त्रण प्रकारो) वडे स्वरूप जणावीने चालु विषयमां तेनी योजना करे छे।

(६. प्रणिधान)

शास्त्रनुं अध्ययन के अध्यापन शरू थाय त्यांथी ते पूरुं थाय त्यांसुधी (आ मन्त्रराजनुं) प्रणिधान करवुं जोईए।

15 हवे प्रणिधान विशे जणावे छे—

(प्रणिधानना बे प्रकारो)

प्रणिधान बे प्रकारे छे:— १. आ मन्त्रराज साथे (पोताना) आत्मानो चारे तरफथी संभेद अने २. तेना अभिधेय प्रथम परमेष्ठिनी साथे अभेद।

अनुवाद विना स्वरूप कही शकातुं नथी—तेथी 'प्रणिधानं च' वडे पुनरर्थक 'च' शब्दना 20 निर्देशथी स्वरूपनो अनुवाद कर्यो छे। अनेन=आ 'अर्हं' बीजवडे (प्रणिधान कराय छे)। तेना बे प्रकारो छे (१) संभेद प्रणिधान अने (२) अभेद प्रणिधान।

---

१. प्रणिधानं च चतुर्धा—पदस्थम्, पिण्डस्थम्, रूपस्थं, रूपातीतं चेति। पदस्थं 'अर्हं' शब्दस्थस्य, पिण्डस्थं शरीरस्थस्य, रूपस्थं प्रतिमारूपस्य, रूपातीतं योगिगम्यमर्हतो ध्यानमिति। एष्वाद्ये द्वे शास्त्रारम्भे संभवतः नोत्तरे द्वे।

अनुवादः— प्रणिधान चार प्रकारनुं छे—(१) पदस्थ (२) पिंडस्थ (३) रूपस्थ (४) रूपातीत। 'अर्हं' 25 शब्दमां रहेला श्री अरिहंत परमात्मानुं ध्यान ते 'पदस्थ ध्यान'। शरीरस्थ अरिहंतनुं ध्यान ते 'पिण्डस्थ ध्यान', प्रतिमारूपे रहेला अरिहंतनुं ध्यान ते 'रूपस्थ ध्यान' अने 'रूपातीत ध्यान' योगिगम्य छे। शास्त्रना आरंभमां (वाचनादि प्रवृत्तिमां) आमांथी प्रथमना बे ध्यान संभवे छे, पछीना बे ध्यान संभवतां नथी।

२. अनेनात्मनः सर्वतः संभेद इत्युक्ते पदस्थम्।

अनुवादः— आ (अर्हंकार) नी साथे आत्मानो चारे बाजुएथी संभेद छे एम जे कहेवामां आव्युं छे, 30 ते 'पदस्थ ध्यान' छे।

संभेदप्रणिधानदर्शको अर्हँकारः

आदौ सम्मेदरूपमाह—**सर्वतः संभेदः**—संश्लिष्टः संबद्धो वाऽर्हंकारेण सह ध्यायकस्य भेदः सम्भेदः। आत्मान बीजमध्ये न्यस्त चिन्तयेद्, एवं च ध्येय-ध्यायकयोः संश्लेषरूपः सम्बन्धरूपश्च भेदो भवति।

न च महामन्त्रस्य सकलार्थक्रियाकारित्वेन मन्त्रराजत्वान्मण्डल-वर्णादिभेदेनाऽऽकर्षण-स्तम्भ-मोहाद्यनेकार्थजनकत्वाद् गमनाऽऽगमनादिरूपत्वेन संभेदासंभवादनैकान्तिकत्वाल्लक्षणाभावो वाच्यः, यतस्तत्र 5 साध्यस्यात्मनोऽन्यत्रात्मीयात्मन इति विशेषणादिति।

प्रथम संभेद प्रणिधान जणावे छे—'अर्हंकार'नी साथे ध्यातानो संश्लिष्ट अथवा सबद्ध एवो भेद ते 'संभेद' प्रणिधान छे। अहीं अर्हँ बीजमां स्वात्माना न्यास वडे चिंतन करवाथी ध्येय अने ध्यातानो सश्लेषरूप अने सम्बन्धरूप 'भेद' थाय छे।

महामत्र (अर्हँ) सकलार्थक्रियाकारित्वना कारणे मन्त्रराज होवाथी मण्डल, वर्ण वगेरे प्रकारो वडे 10 आकर्षण, स्तम्भन, मोहन वगेरे अनेक प्रकारना अर्थोनो जनक होवाथी ते जे वखते गमन आगमन करे छे ते वखते संभेद सभवतो नथी, एटले संभेद प्रणिधाननु लक्षण अनैकान्तिक (व्यभिचारि) थवाथी लक्षणनो अभाव छे एम न कहेवु। "कारण के स्तम्भनादि कार्योमां साध्यना आत्मानी साथे संभेद अने अन्यत्र (ते कार्यो न होय त्यारे) पोताना आत्मानी साथे संभेद होय छे," एवा अर्थमा पूर्वोक्त लक्षणमां 'आत्मन.' पदनी पूर्वे 'साध्यस्य' अने 'आत्मीय' ए विशेषणो लेवाना छे।[1] 15

[1] संभेद एटले चारे बाजु 'अर्हँ' शब्दथी आत्माने वींटायेलो जोवो; अर्थात् पोताना आत्मानो 'अर्हँ'नी मध्यमा न्यास करवो। अभेद एटले पोताना आत्मानु अरिहतरूपे ध्यान करवु।

हवे प्रश्न ए छे के, कोईना वशीकरणनो प्रयोग करवो होय तो 'अर्हँ' अक्षरथी पोताना आत्माने नहीं पण पारकाना आत्माने वींटायेलो जोवानो होय छे, अथवा तो 'अर्हँ' अक्षरने बीजा माणस तरफ मोकलवानो होय छे, एटले ते वखते अर्हँ अक्षर पोतानी पासेथी छूटो पडीने ज्या बीजो माणस रहेतो होय त्या पहोंचे छे, तेने वींटी 20 ले छे अने ए रीते तेना उपर वशीकरण–आकर्षण आदिनो प्रयोग कराय छे। आवा प्रसंगे 'अर्हँ' नो पोताना आत्मा साथे संभेद एटले सश्लेष रहेतो नथी, कारणके ए छूटो पडीने जाय छे अने पाछो आवे छे। ए रीते 'अर्हँ' गमनागमनवाळो मत्र होवाथी संभेद एटले पोताना आत्माने वींटाईने रहेवापणानो नियम रहेतो नथी।

ए रीते अनियम थवाथी 'संभेद प्रणिधान'नु लक्षण व्यभिचारि बने छे, तेथी ते लक्षण असंगत छे, एवो शकाकारनो आशय छे। 25

आत्मानो न्यास केवी रीते करवो तेनो निर्देश करतु चित्र सामे आपेल छे। तेमां वच्चेना स्थाने स्वात्माने स्वदेहाकारे स्थापवो। श्री सिद्धचक्र वगेरे यंत्रोमा 'ऽर्हँ' मां श्री जिनेद्र परमात्मानो आवी ज रीते न्यास करेलो जोवामा आवे छे। ए संभेद प्रणिधान छे। योगशास्त्रना आठमा प्रकाशमा 'अर्हँ' ना पदस्थादि ध्याननी प्रक्रिया बतावतां 'अर्हँ' मा आत्मानो स्वदेहाकारे न्यास सूचित कर्यो छे। ए पण संभेद प्रणिधान छे।

तथा [तदभिधेयेनेत्यादि—] तस्य 'अर्हं' इत्यक्षरस्य यदभिधेय परमेष्ठिलक्षण तेनात्मनोऽभेदे एकीभाव. । तथाहि—केवलज्ञानभास्वता प्रकाशितसकलपदार्थसार्थं, चतुस्त्रिंशदतिशयैर्विज्ञातमाहात्म्य-विशेषम्, अष्टप्रातिहार्यैर्विभूषितदिग्वलय, ध्यानाग्निना निर्दग्धकर्ममलकलङ्क, ज्योतीरूप, सर्वोपनिषद्भूतं, प्रथमपरमेष्ठिनमर्हद्भट्टारकम्, आत्मना सहाभेदीकृत 'स्वय देवो भूत्वा देव ध्यायेत्' इति यत् सर्वतो ध्यान 5 तद् 'अभेदप्रणिधानम्' इति ।

(विशिष्टप्रणिधानम्—वयमपि चैतच्छास्त्रारम्भे प्रणिदध्महे ।

तत्त्वम्—अयमेव हि तात्त्विको नमस्कार इति ॥ १ ॥)

अस्यैव विघ्नापोहे दृष्टसामर्थ्यादन्यस्य तथाविधसामर्थ्यस्या(र्थ्या)भिकलस्यासम्भवात तात्त्विक-त्वादात्मनोऽप्येनदेव प्रणिधेय **वयमपी**त्यादिना दर्शयति—

10 विशिष्टप्रणिधेय-प्रणिधानादिगुणप्रकर्षादात्मन्युत्कर्षाधानाद् गुणबहुत्वेनात्मनोऽपि तदभिन्नतया बहुत्वाद् वयमिति बहुवचनेन निर्देश ।

'अर्हं' अक्षरना अभिधेय जे प्रथम परमेष्ठी तेमनी साथे पोताना आत्मानो एकीभाव ते अभेद प्रणिधान छे । जेमके केवलज्ञानरूप सर्यवडे सकल पदार्थोना समूहने प्रकाशित करनार, जेमनु विशिष्ट माहात्म्य चोत्रीश अतिशयो वडे सारी रीते जाणी शकाय छे एवा, आठ महाप्रातिहार्योथी दिशाओना 15 मण्डलने विभूषित करता, ध्यानरूप अग्निवडे कर्ममलरूप कलकने भस्मसात् करनार, ज्योतिस्वरूप अने समग्रश्रुतना रहस्यभूत एवा प्रथम परमेष्ठी श्री अरिहत भगवंतनो स्वकीय आत्मानी साथे अभेद करीने— 'पोते देव बनीने देवनु ध्यान करवु' ए नियम मुजब सर्व रीते ध्यान करवु ते 'अभेदप्रणिधान' कहेवाय छे ।

(७. तत्त्व)

20 ग्रथकार कलिकालसर्वज्ञ श्री हेमचन्द्राचार्य भगवान कहे छे के अमे पण प्रस्तुत शास्त्रना प्रारंभमा 'अर्हं' नु प्रणिधान करीए छीए, कारण के ए ज तात्त्विक नमस्कार छे ।

विघ्नोने दूर करवामा आ 'अर्हं'नु सामर्थ्य स्पष्ट रीते देखातुं होवाथी अने बीजा मत्रोमा तेवा प्रकारना सामर्थ्यनी पूर्णता असंभवित होवाथी 'अर्हं' ए ज तात्त्विक छे । तेथी अमारा माटे पण ए ज प्रणिधेय छे, एम 'वयमपि .'वडे दर्शावे छे ।

25 *विशिष्ट प्रणिधेय-प्रणिधानादिमा गुणोनो प्रकर्ष होवाथी आत्मामा (गुणोना) उत्कर्षनु आधान* थाय छे । तेथी आत्मा बहु गुणवाळो बनवाथी अने आत्माने (बहु) गुणोनी साथे अभेद होवाथी प्रस्तुतमा 'वयं' एम बहुवचन वडे निर्देश कर्यो छे ।

१. तदभिधेयेनेत्यादिना पिण्डस्थम् ।

अनुवाद:—तेना 'अभिधेय वडे' ए द्वारा 'पिंडस्थ ध्यान' बताव्यु छे ।

30 २. हैमप्रकाशव्याकरणेऽभेदप्रणिधानस्य --'अर्हदभिन्नं अर्हंकारेण सर्वतो वेष्टितमात्मान ध्यायेत्' इति भावार्थो निर्दिष्टः ।

अनुवाद:—हैमप्रकाश व्याकरणमा अभेदप्रणिधान विशे—'अरिहंतथी अभिन्न अने अर्हंकारथी आत्माने सर्वतः वेष्टित करीने ध्यान करवु' एवो भावार्थ जणाव्यो छे ।

अवयवव्याख्यामात्रमुक्तम्, विशेषव्याख्यानस्वरूपं समयाद् गुरुमुखाद् वा पुरुषविशेषेण ज्ञेयमिति॥ १. १. १.॥

आ तो व्याख्यानो एक अंशमात्र कह्यो छे। व्याख्यानुं विशेष स्वरूप आगमथी, गुरुमुखथी अथवा तज्ज्ञ पुरुषविशेषथी (विशेषार्थिए) जाणी लेवुं जोईए ॥ १. १. १.॥

परिचय

कलिकालसर्वज्ञ भगवान् श्रीहेमचन्द्राचार्ये रचेला 'श्रीसिद्धहेमचन्द्रशब्दानुशासन' नामक व्याकरण-ग्रंथमां मंगलाचरणरूपे प्रथम 'अर्हँ' ए सूत्र छे ने तेना ऊपर 'तत्त्वप्रकाशिका' टीका अने ते टीका ऊपर 'शब्दमहार्णव' नामे पोते ज रचेलो न्यास छे, ते अमे अहीं अनुवाद–विवेचन साथे आपेल छे। मूळ विवरण गद्यमां छे।

आजे उपलब्ध साहित्यमां 'अर्हँ' तत्त्व के बीजाक्षरनो विशद प्रकाश जो कोईए आप्यो होय तो ते आ सूत्र अने तेनी टीकाओ तेमज 'योगशास्त्र'ना आठमा प्रकाश द्वारा सूरिचक्रचक्रवर्ति श्रीहेमचन्द्राचार्य भगवते आप्यो छे। एमणे अहीं 'अर्हँ' नुं स्वरूप, अभिधेय, तात्पर्य, फळ, प्रणिधानना संभेद अने अभेदरूप बे प्रकारो वगेरे द्वारा वडे स्फुट विवेचन कर्युं छे। जैनेतरनी दृष्टिए मंत्रविषयक तुलनात्मक हकीकतो पण रजू करी छे।

'अर्हँ', 'अर्ह' अने 'ह्रँ' तत्त्वनी उपासना जे पोते रचेला 'योगशास्त्र'ना आठमा प्रकाशमां आपेली छे, तेनुं पण अहीं सूचन कर्युं छे अने 'ह' बीजनी प्रधानता दर्शावी छे। साचे ज, आ टीकाओ द्वारा श्रीहेमचन्द्राचार्ये ध्याननी उत्कृष्ट प्रक्रियानी समज आपी छे एम कही शकाय।

[५१-६]

अर्हँ

श्रीमद् हेमचन्द्राचार्यविरचितसंस्कृतद्व्याश्रयमहाकाव्यस्य प्रथमश्लोकः
श्रीअभयतिलकगणिरचितव्याख्यासमेतः

5 अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः।
सिद्धचक्रस्य सद्बीजं, सर्वतः प्रणिदध्महे॥

व्याख्या—अर्हमिति वर्णसमुदायं, सर्वतः सर्वस्मिन् क्षेत्रे काले च प्रणिदध्महे। आत्मानं ध्यायकं बीजमध्ये न्यस्तं संश्लेषेणार्हँकारैर्ध्येयैः सर्वतो वेष्टितं चिन्तयामः। यद्वा अर्हँशब्दवाच्येन भगवताऽर्हता ध्येयेनाभिन्नमात्मानं ध्यायकं ध्यायाम इत्यर्थः। कीदृशम्? निर्मुक्तात्मकत्वात् परमे 10 पदे सिद्धिलक्षणे तिष्ठति। "परमात् कित्" इत्यौणादिके कितीनि "भीरुष्ठानादयः" [२.३.३३.] इति षत्वे गणपाठसामर्थ्यात् सप्तम्या अलुपि परमेष्ठी, तस्य परमेष्ठिनो भगवतोऽर्हतो वाचकं प्रतिपादकम्। अत एवाक्षरं ब्रह्म, अभिधाना-ऽभिधेययोरभेदोपचारादचलं ज्ञानं परमज्ञानस्वरूप-परमेष्ठिवाचकमित्यर्थः।

यद्वा अक्षरमिति भिन्नं विशेषणं ब्रह्मेति च। ततोऽक्षरं शाश्वतमेतदभिधेयस्य भगवतः परम-15 पदप्राप्तत्वेनाविनश्वरत्वाद्, ब्रह्म च परमज्ञानस्वरूपम्।

अनुवाद

'अर्हँ' ए अक्षर (बीज), ब्रह्म, परमेष्ठिनु वाचक अने श्रीसिद्धचक्रनु श्रेष्ठ बीज छे। तेनु अमे सर्वप्रकारे प्रणिधान करीए छीए।

व्याख्या—अर्हँ ए वर्णसमुदाय (अ+र्+ह+अ+म्) नुं अमे सर्व प्रकारे एटले के सर्व 20 क्षेत्रोमां अने सर्व काळमा प्रणिधान करीए छीए। अमे ध्यातारूप स्वात्माने अर्हँ बीजमा न्यस्त (स्थापित) अने 'अर्हँ' काररूप ध्येयो वडे सश्लेषथी सर्व बाजुए वेष्टित चिन्तवीए छीए। अथवा 'अर्हँ' शब्दथी वाच्य एवा श्री अरिहंत भगवंतरूप ध्येयथी अभिन्न एवा आत्मरूप ध्यातानु अमे ध्यान करीए छीए। (अही आत्मा ते ज अरिहंत छे, अरिहंत ते ज आत्मा छे, एवु अभेद प्रणिधान होय छे; तात्पर्य के 'ध्याता-ध्येय-ध्यान' ए त्रणेनी एकता अहीं सधाय छे।) जे कर्मथी निर्मुक्त होवाथी सिद्धिरूप परमपदे रहे छे ते परमेष्ठी छे। ते 25 परमेष्ठिरूप श्री अरिहंत परमात्मानुं अर्हँ वाचक–प्रतिपादक छे। एथी ज ते (अर्हँ) अक्षर ब्रह्म छे अर्थात् अभिधान-अभिधेयना अभेद उपचारथी शाश्वत परम ज्ञानस्वरूप छे। तात्पर्य ए छे के ते अर्हँ परम ज्ञानस्वरूप अने शाश्वत एवा परमेष्ठिनो वाचक होवाथी पोते ज अभेदोपचारथी शाश्वत (अक्षर) एवु परम ज्ञान (ब्रह्म) छे।

अथवा अक्षर ए जुदुं विशेषण छे अने ब्रह्म ए जुदु विशेषण छे। तेथी 'अर्हँ' ए अक्षर एटले 30 शाश्वत छे, कारण के (अर्हँना) अभिधेय जे अरिहंत भगवान् ते परमपदने प्राप्त थयेला होवाथी अविनश्वर छे। वळी ते ब्रह्म एटले परम ज्ञानस्वरूप छे।

यद्वा, अक्षरस्य मोक्षस्य हेतुत्वादक्षरं ब्रह्मणो ज्ञानस्य हेतुत्वाच्च ब्रह्म। अत एव च सिद्धचक्रस्य सिद्धा विद्यासिद्धादयस्तेषां चक्रमिव चक्रं यन्त्रकविशेषस्तत्र सद् आद्यत्वेन प्रधानं बीजं तत्त्वाक्षरम्। स्वर्णसिद्धयादिमहासिद्धिहेतोः सिद्धचक्रस्य पञ्च बीजानि वर्तन्ते, तेष्विदमाद्यमक्षर-मित्यर्थः। तेन स्वर्णसिद्धयादिमहासिद्धीनामिदं मूलहेतुरित्युक्तम्। अत एव चेदं ध्यानार्हमित्यर्थः।

नन्वर्हमित्यस्य योऽभिधेयः स एव प्रणिधेयत्वेन मुख्यः। अर्हमिति शब्दस्त्वर्हद्वाचकत्वेन 5 प्रणिधानार्हत्वाद् गौणः। गौणं च मुख्यानुयायीति मुख्यस्यैव प्रणिधानं कर्तुमुचितम्। एवं च—

"अर्हमित्यक्षरं ब्रह्म, वाच्यं श्रीपरमेष्ठिनम्।
सिद्धचक्रादिबीजेन, सर्वतः प्रणिदध्महे॥"

इति कार्यं स्यात्।

अत्र चैवमन्वयः, सिद्धचक्रादिबीजेनार्हमित्यनेन वाच्यं परमेष्ठिनं प्रणिदध्मह इति। 10

नैवम्, यथा कश्चित् स्वामिना प्रेषिते लिखिते समायाते स्वामिनीवान्तरङ्गं बहुमानं प्रकटयन् स्वामिनि सातिशयां प्रीतिं प्रकाशयति, एवं परमेष्ठिनो वाचकमर्हमिति प्रणिदधन् श्रीहेमचन्द्रसूरि-

अथवा अक्षर-अविनश्वर एवा मोक्षना हेतुरूप होवाथी 'अर्हँ' अक्षर कहेवाय छे, अने ब्रह्म-ज्ञानना हेतुरूप होवाथी 'ब्रह्म' कहेवाय छे। एथी ज विद्यासिद्धादिरूप सिद्धोनो समूह चक्ररूपे जेमां छे एवा श्री सिद्धचक्ररूप यन्त्रविशेषमा ते (प्रथम होवाथी) प्रधान बीज-तत्त्वाक्षर छे। स्वर्णसिद्धि वगेरे 15 महासिद्धिओना कारणभूत एवा सिद्धचक्रना पाच बीजो छे, तेमा आ अर्हं आदि अक्षर छे। तेथी स्वर्ण-सिद्धि वगेरे महासिद्धिओनो आ (अर्हँ) मूल हेतु छे, एथी ज आ (अर्हँ) शब्द ध्यानने माटे योग्य छे।

प्रश्न—अर्हँ ए शब्दनु जे अभिधेय ते ज प्रणिधेय होवाथी मुख्य छे, 'अर्हँ' शब्द तो अरिहतनो वाचक होईने प्रणिधानने योग्य होवाथी गौण छे अने गौण तो मुख्यनु अनुयायी होय छे। तेथी मुख्यनु ज प्रणिधान करवुं उचित छे। तेथी अन्वय आ प्रमाणे करवो जोईए— 20

"सिद्धचक्रना आदिबीज 'अर्हँ' एवा अक्षरथी वाच्य जे परमेष्ठी छे तेनु अमे ध्यान करीए छीए*।"

उत्तर—एवो अन्वय करवो ठीक नथी। केमके, कोई मनुष्य पोताना स्वामीए लखीने मोकलेलो संदेशो (पत्र) आवतां स्वामीनी जेम ज तेना उपर अतरग बहुमान प्रकट करीने स्वामी प्रत्ये साऽतिशय भक्ति बतावे छे ते ज प्रमाणे परमेष्ठीना वाचक 'अर्हँ' अक्षरनु प्रणिधान करता कलिकाल सर्वज्ञ भगवान् 25 हेमचन्द्रसूरिए पण मुख्य प्रणिधेय श्री अरिहत भगवतमा पोतानु अतिशयवाळु प्रणिधान जणाव्युं छे।

* अहीं शंका ए छे के, मुख्य प्रणिधान अरिहतनु करवानु होय अने 'अर्हँ' शब्द तो अरिहतनो वाचक होवाथी गौण छे तेथी ग्रन्थना प्रारभमा "अर्हँ अक्षरनु ध्यान करीए छीए" एवु जे जणाव्यु छे ते उचित नथी। एना बदले "अर्हँ शब्दथी वाच्य परमेष्ठी अरिहतनु अमे ध्यान करीए छीए" एवु लखवानी जरूर हती अने तेवा अर्थनो श्लोक रचवानी जरूर हती। 30

मुख्ये प्रणिधेयेऽर्हति सातिशयं प्रणिधानं ख्यापितवान्। येन हि यस्य नामाऽपि ध्यातं तेन स नितरां ध्यात इति यथोक्तमेव साधु।

तथा सर्वपार्षदत्वादस्य काव्यस्य सर्वदर्शनानुयायी नमस्कारो वाच्य इत्यर्हँ शब्देन परमेष्ठिशब्देन च हरि-हर-ब्रह्माणोऽपि व्याख्येयाः। यथा परमेष्ठिनो हरेर्हरस्य ब्रह्मणश्च वाचकमर्हमिति
5 प्रणिदध्महे। अर्हँशब्दस्य ह्येते त्रयोऽपि वाच्याः; यदुक्तम्—

'अकारेणोच्यते विष्णू रेफे ब्रह्मा व्यवस्थितः।
हकारेण हरः प्रोक्तस्तदन्ते परमं पदम्॥

शेषं प्राग्वद् व्याख्येयम्।

जेना वडे जेना नामनुं पण ध्यान कराय छे, तेना वडे ते (अभिधेय) ध्यात ज समजवु। तेथी:उपर
10 जे जणाव्युं छे ते ज उचित छे। (जुदी रीते अन्वय करीने जे शका कराई छे, ते ठीक नथी।)*

वळी, आ काव्य सर्व सभाजनो माटे होवाथी सघळा दर्शनोने मान्य नमस्कार अहीं कहेवो जोईए एटले 'अर्हँ' शब्द अने 'परमेष्ठी' शब्दथी हरि, हर अने ब्रह्मा पण व्याख्येय छे जेमके परमेष्ठी, विष्णु, शिव अने ब्रह्माना वाचक 'अर्हँ' शब्दनुं अमे प्रणिधान करीए छीए। 'अर्हँ' शब्दना हरि, हर अने ब्रह्मा ए त्रण वाच्य छे; कह्यु छे के—

15 'अर्हँ' शब्दमां रहेला अकारवडे विष्णु कहेवाय छे, रेफमां ब्रह्मा व्यवस्थित छे अने हकारथी शिव कहेवामा आव्या छे, ते पछीनो 'म्' परमपदनो वाचक छे।

बाकीनो अर्थ पूर्वनी माफक समजवो।

परिचय

श्री हेमचद्राचार्ये जे 'सिद्धहेमचन्द्रशब्दानुशासन' रच्युं, तेना प्रयोगोने सूत्रक्रमे बतावतां अने
20 साथोसाथ गूर्जरनृपति सिद्धराज जयसिंह तेमज कुमारपाल राजाओना चरितनु वर्णन करवा 'द्व्याश्रय' नामने सार्थक करता लाक्षणिक महाकाव्यग्रंथनी रचना करी छे, तेमां व्याकरणग्रथना मंगलाचरणना प्रथम 'अर्हँ' सूत्र माटे 'द्व्याश्रयमहाकाव्य'नुं प्रथम पद्य अने तेना ऊपर सं. १३१२ मा श्रीअभयतिलकगणिए रचेली टीकानो संदर्भ अहीं अनुवाद साथे आप्यो छे। मूळ श्लोक अनुष्टुप्मा अने टीका गद्यमा छे।

टीकामा 'अर्हँ' तत्त्वना गौणत्व अने मुख्यत्व विशे खास चर्चा करीने तेना रहस्यनु उद्घाटन
25 करवामां आव्यु छे। आ टीकामां कहेवामां आव्युं छे के 'अर्हँ' ए सुवर्णसिद्धिओनो मूळ हेतु छे। एकंदरे आ टीका 'अर्हँ' ने जाणवा माटे घणी उपयोगी छे।

* अहीं आपेला उत्तरनो आशय ए छे के, पोताना स्वामीनो पत्र आवे तो जेम कोई माणस ए पत्र उपर खूब भक्ति बतावीने वस्तुतः ए पत्र लखनार उपर ज पोतानी अतिशय भक्ति प्रगट करे छे ते प्रमाणे 'अर्हँ' अक्षरनुं प्रणिधान करता वस्तुतः अरिहंतनुं ज प्रणिधान थाय छे, जेम कोई माणस कोई व्यक्तिना नामनु आखो दिवस रटण
30 करतो होय त्यारे देखीती रीते भले ए नामनुं रटण करतो होय पण वस्तुतः एमा ए व्यक्तिनु ज रटण–चिंतन–स्मरण रहेलुं होय छे तेम अर्हँना प्रणिधानमा वस्तुतः अरिहंतनुं ज प्रणिधान रहेलुं छे।

[५२-७]

श्रीसिंहतिलकसूरिरचितं
ऋषिमण्डलस्तवयन्त्रालेखनम् ॥

श्रीवर्द्धमानमीशं ध्यात्वा श्रीविबुधचन्द्रसूरिनतम् ।
ऋ षि म ण्ड ल स्तवादिह यन्त्रस्यालेखनं वक्ष्ये ॥ १ ॥ 5

10 साधुध्यानाऽमृतरसाञ्जनलिप्तमनोदृशाम् ॥ २ ॥
मोत्कारः सर्वसङ्गानां, मोष्या नान्तर-वैरिणाम् ।
मोदन्ते मुनयः कामं, मोक्ष-लक्ष्मी-कटाक्षिताः ॥ ३ ॥
लोभ-द्रुम-नदीवेगाः, लोकोत्तर-चरित्रिणः ।
लोकोत्तमास्तृतीयास्ते, लोपं तन्वन्तु पाप्मनाम् ॥ ४ ॥

---

15 णं—अक्षर त्रण रेखावाळो अने माथे अनुस्वारवाळो छे, ए एम जणावे छे के विनय, श्रुत अने शीलादि गुणो महानन्द-मोक्ष प्राप्ति माटे जाग्रत छे ॥ ७ ॥

सात रज्जू प्रमाण ऊर्ध्वलोकना मार्गने प्रकाश करवामा दीपकनी जेम अत्यन्त उज्ज्वल आ चोथा 'नमो उवज्झायाण' पदना सात अक्षरो मारा सात व्यसनोनो नाश करो ॥ ८ ॥

पांचमो प्रकाश

20 नथी ते मनुष्योने व्याधि, नथी दरिद्रता, नथी इष्ट वस्तुओनो वियोग, नथी दौर्भाग्य अने नथी भय के त्रास, के जेओ साधुओनी उपासना-सेवा करनारा होय छे ॥ १ ॥

साधुपदना ध्यानरूपी अमृतरसना अजन वडे जेओनां मनरूपी नेत्रो अंजाया छे, ते मनुष्योने (चार गतिमां उत्पन्न थता?) चार प्रकारना दुःखरूपी अंधकार अंधपणानुं कारण थतो नथी ॥ २ ॥

मोत्कारः—सर्वसंगनो त्याग करनारा, राग-द्वेषादि आन्तर शत्रुओथी नहि लुंटानारा अने मोक्ष-
25 लक्ष्मी वडे कटाक्षपूर्वक जोवायेला मुनिओ अत्यन्त आनंद पामे छे ॥ ३ ॥

लोभरूपी वृक्षने उखेडी नांखवा माटे नदीना वेग जेवा, लोकोत्तर चरित्रवाळा अने लोकोत्तम (अरिहंत, सिद्ध, साधु अने धर्म) वस्तुओमां तृतीय एवा मुनि भगवंतो अमारा पापोनो नाश करो ॥ ४ ॥

एकान्ते रमते स्वैरं, मृगेण मनसा समम् ।
मूलोत्तरगुण-ग्रामाऽऽरामेषु भगवान् मुनिः ॥ ५ ॥
एकत्वं यदिदं साधौ, संविग्ने श्रुतपारगे ।
तत्साक्षाद् दक्षिणावर्त्ते, शङ्खे सिद्ध-सरिज्जलम् ॥ ६ ॥
एको न क्रोध-विधुरो, नैको मानं तनोति वा । 5
एको न दम्भ-संरम्भी, तृष्णा मुष्णाति नैककम् ॥ ७ ॥
एकत्व-तत्त्व-निर्व्यूढ-सत्त्वा राजर्षि-कुञ्जराः ।
ययुः प्रत्येकबुद्धाः श्रीनमि-प्रभृतयः शिवम् ॥ ८ ॥
सर्वथा ज्ञात-तत्त्वानां, सदा संविग्न-चेतसाम् ।
सतामेकाकिता सम्यक्, समतामृत-सारणिः ॥ ९ ॥ 10
व्वर्वदैदंयुगीनौ तु, द्वौ द्वौ सङ्घाटक-स्थितौ ।
स्वार्थ-संसाधकौ स्यातां, व्रतिनौ वशिनौ यदि ॥ १० ॥
व्व-संज्ञयेत्यवतर्क्यमैतिह्यं यद् द्वयोर्द्वयोः ।
वचोवक्षोवपुर्वृत्त्या, वशिनोर्व्रतिनोः शिवम् ॥ ११ ॥

एकान्तमा मुनि भगवान् मूलोत्तर गुणना समूहरूप बगीचामा मनरूपी मृगनी साथे स्वेच्छापूर्वक 15 क्रीडा करे छे ॥ ५ ॥

संविग्न अने श्रुतना पारगामी गीतार्थ साधुने विषे जे एकाकीपणु छे, ते साक्षात् दक्षिणावर्त्त शखमा गंगा नदीना पाणी जेवु छे । संविग्न अने गीतार्थ एवो एकाकी साधु क्रोध वडे विह्वळ थतो नथी, मान करतो नथी, माया-कपट करतो नथी अने तृष्णा एने लूटती नथी ॥ ६-७ ॥

राजर्षिओमां श्रेष्ठ नमिराजर्षि वगेरे प्रत्येकबुद्धो एकत्व भावना वडे पोताना पराक्रमने खीलवीने 20 मोक्षने पाम्या ॥ ८ ॥

सर्व प्रकारे जीवादि तत्त्वोने जाणनारा अने सदा वैराग्यवासित चित्तवाळा गीतार्थ साधुओनु एकाकीपणु श्रेष्ठ समतारूपी अमृतनी नीक जेवुं छे ॥ ९ ॥

व्व अक्षरनी जेम सघाटक—बे बे साथे विचरनारा आ युगना साधुओ जो तेओ इन्द्रियो अने मनने वश करनारा होय तो ज स्वार्थने (स्वप्रयोजन मोक्षने) साधनारा थाय छे ॥ १० ॥ 25

'व्व' संज्ञावडे ए गुरुपरंपरागत रहस्य अनुमित थाय छे के जितेंद्रिय एवा बे बे साधुओनु परस्परना मन, वचन अने कायाना शुभ योगो वडे कल्याण थाय छे, परस्परना शुभयोगो परस्परने सहायक बने छे ॥ ११ ॥

१. सारा रा. ग. हि. । २. समम् क. । ३. सर्वदैवयुगीनौ क. । ४. सर्वज्ञावित्यवितर्क्य० क.

निःशङ्कमैक्यं जनयोर्वशित्वादुभयोरपि ।
एकस्यापि सहस्रत्वं, दुरन्तमवशात्मनः ॥ १२ ॥

नेत्रवत्समसङ्कोच-विस्तार-स्वप्न-जागरौ ।
द्वौ दर्शनाय कल्पेते, नैकः सम्पूर्णकृत्यकृत् ॥ १३ ॥

5 एको विडम्बनापात्रं, एकः स्वार्थाय न क्षमः ।
एकस्य नहि विश्वासो, लोके लोकोत्तरेऽपि वा ॥ १४ ॥

भावना-ध्यान-निर्णीत-तत्त्व-लीनान्तरात्मनः ।
ऐक्यं न लक्ष-मध्येऽपि, निर्ममस्य विनश्यति ॥ १५ ॥

साम्यामृतोर्मि-तृप्तानां, सारासार-विवेचिनाम्[1] ।
10 साधूनां भावशुद्धानां[2], स्वार्थेऽपि क्वाऽथवा क्षतिः[3] ॥ १६ ॥

मनःस्थैर्यान्निश्चलानां, वृक्षादिवदकर्मणाम् ।
वृन्दमृपीणामेकत्र, भावना-वल्लि-मण्डपः ॥ १७ ॥

इन्द्रियो अने मनने वश राखनारा होय ते बे साधुओमा पण एकत्व निःशकपणे वधी शके छे, कारण के—बन्ने जितेन्द्रिय होवाथी एक ज विचारना होय छे, परन्तु इन्द्रियो अने मनने परवश बनेलो 15 एकपण होय तो पण ते दुःखदायक हजार जेवो छे ॥ १२ ॥

नेत्रनी जेम सकोच अने विस्तारमा तथा निद्रा अने जाग्रतिमा सरखे सरखी स्थितिवाळा बे साधुओ सम्यग दर्शनने माटे समर्थ बने छे, परतु एकलो साधु संपूर्णपणे कार्य करी शकतो नथी। कारण के—एकलो माणस विडम्बनानु स्थान बने छे, एकलो माणस स्वार्थसिद्धि माटे पण असमर्थ बने छे, अने एकला माणसनो लोकमां तथा लोकोत्तर जैन शासनमा पण कोई विश्वास करतु नथी ॥ १३-१४ ॥

20 भावना* तथा ध्यान+ द्वारा निर्णीत करेला तत्त्वमा लीन छे अन्तरात्मा जेनो एवा अने ममता विनाना साधुनुं एकाकीपणुं लाख माणसोर्ना अदर रहेवा छता पण नाश पामतु नथी ॥ १५ ॥

साम्य (समता) रूप अमृतनी ऊर्मिओथी तृप्त, सार अने असारनो विवेक करनारा अने निर्मल आशयवाळा साधुओ घणा होय तो पण तेमने पोतपोताना कार्यमां कोई पण जातनी हरकत आवती नथी ॥ १६ ॥

25 मननी स्थिरतावडे निश्चल अने वृक्ष आदिनी जेम अकर्म (अक्रिय, अनाश्रव) एवा साधुओना समूहनो एकत्रवास ए भावनारूपी लतानो मंडप छे ॥ १७ ॥

१. विवेकिनाम् हि० । २. सिद्धाना ख. ग. घ. हि. । ३. क्षितिः क. ।

* ज्यारे मन अभ्यासवडे आत्मरमणतामा सविशेष पुष्ट थाय छे त्यारे ते भावना नामनो योग कहेवाय छे ।

\+ ज्यारे चित्त शुभ विषयने ज अवलबीने स्थिर दीपकनी जेम प्रकाशमान थई सूक्ष्म बोधवाळुं बने छे त्यारे 30 ते ध्यान नामनो योग कहेवाय छे ।

मनसा कर्मणा वाचा, चित्रालिखित-सैन्यवत् ।
मुनीनां निर्विकाराणां, बहुत्वेऽप्यरतिः कुतः ? ॥ १८ ॥
निर्जीवेष्विव चैतन्यं, साहसं कातरेष्विव ।
बहुष्वपि मुनीन्द्रेषु, कलहो न मनागपि ॥ १९ ॥
पञ्चषैरपि यो ग्लानिं, मुग्धधीर्गणयिष्यति । 5
एकत्राऽनन्तसिद्धेभ्यः, स कथं स्पृहयिष्यति ? ॥ २० ॥
रागाद्यपाय-विषमे, सन्मार्गे चरतां सताम् ।
रत्नत्रयजुषामैक्यं, कुशलाय न जायते ॥ २१ ॥
नैकस्य सुकृतोल्लासो, नैकस्यार्थोऽपि तादृशः ।
नैकस्य कामसम्प्राप्तिर्नैको मोक्षाय कल्पते ॥ २२ ॥ 10
श्लेष्मणे शर्करादानं, सज्वरे स्निग्ध-भोजनम् ।
एकाकित्वमगीतार्थे, यतावश्नति नौचितीम् ॥ २३ ॥
एकश्चौरायते प्रायः, शङ्क्यते धूर्तवद् द्वयम् ।
त्रयो रक्षन्ति विश्वासं, वृन्दं नरवरायते ॥ २४ ॥

चित्रमा चित्रेला सैन्यनी जेम मन, वचन अने काया वडे विकार विनाना मुनिओ घणा होय तो 15 पण तेमने अरति क्यांथी होय ? ॥ १८ ॥

निर्जीव पदार्थोमां जेम चैतन्य न होय, कायरोमां जेम साहस न होय, तेम मुनिवरो घणा होय तो पण तेओमा अल्प पण कलह होतो नथी ॥ १९ ॥

जे मूढबुद्धि पांच छ साधुओनी साथे रहेवामा पण ग्लानि (खेद) पामे छे, ते एक ज स्थानमा रहेला अनंत सिद्धोनी साथे रहेवानी स्पृहा शी रीते करी शके ? ॥ २० ॥ 20

रत्नत्रय धारण करनार मुनिओने रागादि शत्रुओना अपायोथी विषम एवा सन्मार्गमा एकला चालवु ए कल्याणने माटे थतु नथी (विषम मार्गमां एकाकी जतां रत्नो लुटाई जवानो संभव छे) ॥ २१ ॥

एकलाने **धर्म**मा उल्लास थतो नथी, एकलाने **अर्थ** पण तेवो प्राप्त थतो नथी, एकलाने **काम**नी संप्राप्ति थती नथी अने एकलो **मोक्ष**–मार्गनी आराधना माटे समर्थ बनतो नथी (एकलाथी चार प्रकारना पुरुषार्थोनी साधना दुःशक्य छे) ॥ २२ ॥ 25

जेम कफना रोगमां साकर आपवी अने तावमा स्निग्ध भोजन आपवु उचित नथी, तेम अगीतार्थ साधुमां एकाकिता औचित्यने पामती नथी ॥ २३ ॥

एकलाने विषे प्रायः चोरनी कल्पना थाय छे, बे माणस साथे होय तो तेमना उपर 'ठग'नी शंका कराय छे, त्रण माणस साथे होय तो ते विश्वासनुं पात्र बने छे अने घणानो समुदाय होय तो ते राजानी जेम शोभे छे ॥ २४ ॥ 30

जिन-प्रत्येकबुद्धादि-दृष्टान्तान्नैकतां श्रयेत् ।
न चर्म-चक्षुषां युक्तं, स्पर्द्धितुं ज्ञानदृष्टिभिः ॥ २५ ॥

चातुर्गतिक-संसारे, भ्राम्यतां सर्वजन्मिनाम् ।
पुण्य-पाप-सहायत्वान्नैकत्वं घटतेऽथवा ॥ २६ ॥

5 संज्ञा-कुलेश्या-विकथाश्चर्चिका इव चापलम् ।
यस्यान्तर्धाम कुर्वन्ति, स एकाकी कथं भवेत् ? ॥ २७ ॥

शाकिनीवदविरति-संज्ञा नाट्यप्रिया सदा ।
ग्रासाय यतते यस्य, स एकाकी कथं भवेत् ? ॥ २८ ॥

पञ्चाग्निवदसन्तुष्टं, यस्येन्द्रियकुटुम्बकम् ।
10 देहं दहत्यसन्देहं, स एकाकी कथं भवेत् ? ॥ २९ ॥

दायादा इव दुर्दान्ताः, कषायाः क्षणमप्यहो ।
यद्विग्रहं न मुञ्चन्ति, कथं तस्यैकतासुखम् ? ॥ ३० ॥

स्वमनोवाक्तनूत्थानाः, कुव्यापाराः कुपुत्रवत् ।
भ्रंशाय यस्य यस्यन्ति, कथं तस्यैकतासुखम् ? ॥ ३१ ॥

15 'जिन, प्रत्येकबुद्ध वगेरे एकला विचरे छे,' एवा दृष्टान्तथी बीजा मुनिओए एकाकीपणानो आश्रय न करवो जोईए; कारण के ज्ञानचक्षुवाळाओनी साथे चर्मचक्षुवाळाओए स्पर्धा करवी ए योग्य नथी ॥ २५ ॥

अथवा तो चार गतिरूप संसारमां परिभ्रमण करनारा सर्व प्राणीओने पुण्य अने पाप साथे होवाथी तेओमां एकलापणु घटतुं नथी ॥ २६ ॥

चोवट करनारी स्त्रीओनी जेम आहारादि संज्ञाओ, कृष्णलेश्या वगेरे दुष्ट लेश्याओ अने स्त्रीकथा 20 वगेरे विकथाओ जेमना अंतःकरणरूप गृहमां चपलताने उत्पन्न करे छे ते एकाकी कई रीतिए थई शके ? ॥ २७ ॥

चाकणनी जेम अविरति नामनी नटडी जेने कोळिओ करी जवा सदा मथती होय, ते एकाकी केम थई शके ? ॥ २८ ॥

पचाग्निनी जेम असंतुष्ट एवु पांच इन्द्रियोरूपी कुटुम्ब जेना शरीरने बाळ्या करे छे, ते एकलो 25 संदेहरहितपणे केम रही शके ? ॥ २९ ॥

सर्पान्निमा भाग मागनारा सगांवहालाओ दुर्दान्त (दुःखे करीने दबावी शकाय तेवा) कषायो क्षण वार पण जेना शरीरने छोडता नथी, तेने एकाकीपणानु सुख शी रीते होय ? ॥ ३० ॥

पोताना मन, वचन अने कायाथी उत्पन्न थयेला अशुभ व्यापारो स्वेच्छाचारी पुत्रनी जेम जेना नाश माटे प्रयत्न करी रह्या छे तेने एकाकीपणानु सुख शी रीते होय ? ॥ ३१ ॥

30 १. ०मज्ञानार्या प्रिया ख., ०रयानार्या प्रिया हि. ।

यस्य प्रमाद-मिथ्यात्व-रागाद्याश्छलवीक्षिणः ।
कुप्रातिवेश्मिकायन्ते, कथं तस्यैकतासुखम् ? ॥ ३२ ॥

य एभिरुज्झितः सम्यक्, सजनेऽपि स एककः ।
जनाऽऽपूर्णेऽपि नगरे, यथा वैदेशिकः पुमान् ॥ ३३ ॥

एभिस्तु सहितो योगी, मुधैकाकित्वमश्नुते । 5
वण्ठः शठश्चरश्चौरः, किमु भ्राम्यति नैककः ? ॥ ३४ ॥

क्षीरं क्षीरं नीरं नीरं, दीपो दीपं सुधा सुधाम् ।
यथा सङ्गत्य लभते, तथैकत्वं मुनिर्मुनिम् ॥ ३५ ॥

पुण्य-पाप-क्षयान्मुक्ते, केवले परमात्मनि ।
अनाहारतया नित्यं, सत्यमैक्यं प्रतिष्ठितम् ॥ ३६ ॥ 10

यद्वा श्रुतेऽत्र नाऽनुज्ञा, निषेधो वाऽस्ति सर्वथा ।
सम्यगाय-व्ययौ ज्ञात्वा, यतन्ते यति-सत्तमाः ॥ ३७ ॥

हूयते न दीयते न, न तप्यते न जप्यते ।
निष्क्रियैः साधुभिरहो साध्यते परमं पदम् ॥ ३८ ॥

छळने ज जोनारा प्रमाद, मिथ्यात्व अने रागादिक आन्तर शत्रुओ जेने दुष्ट पाडोशी जेवा 15 थाय छे, तेने एकाकीपणानु सुख शी रीते होय ? ॥ ३२ ॥

जेम मनुष्यथी भरपूर एवा नगरमां पण परदेशी माणस (कोईनी साथे संबंधवाळो नहीं होवाथी) एकलो ज कहेवाय छे, तेम जे पुरुष उपर कहेला दोषोथी रहित होय तो, ते जनसमूहमां रह्यो होय तो पण एकाकी ज छे । परंतु आ सर्व-संज्ञा, दुष्ट लेश्या, विकथा, इन्द्रिय, कषाय, दुष्टयोग, मिथ्यात्व अने रागादिथी सहित एवा योगीनुं एकाकीपणु फोगट छे । वट, धूर्त, गुप्तचर के चोर ए शु एकलो नथी 20 भमतो ? ॥ ३३-३४ ॥

दूध-दूध, पाणी-पाणी, दीप-दीप अने अमृत-अमृतनी जेम मुनि-मुनि पण साथे मळीने एकताने पामे छे ॥ ३५ ॥

पुण्य पापनो क्षय थवाथी मुक्त अने केवल एवा परमात्माने विषे अनाहारपणा वडे सदा साचुं एकाकीपणु प्रतिष्ठित छे ॥ ३६ ॥ 25

अथवा तो अहीं श्री जिनवचनने विषे एकांते विधि के निषेध नथी, तेथी श्रेष्ठ मुनिओ सारी रीते लाभालाभने जाणीने प्रवर्ते छे ॥ ३७ ॥

शैलेशीगत निष्क्रिय साधुओ वडे होम करातो नथी, दान देवातु नथी, तप तपातो नथी अने जप जपातो नथी, छतां पण परमपद सधाय छे ते आश्चर्य छे ॥ ३८ ॥

१. ०रुज्झितः क. । २. ०त्वथनित्यं, ख. ग. घ. हि. ।

हूहू-गीतैरपि सुधा-रसैर्मन्दार-सौरभैः ।
दिव्यतल्प-सुखस्पर्शैः, सुरीरूपैर्न ये हृताः ॥ ३९ ॥

तत् किं ते तरवो यद्वा, शिशवो यदि वा मृगाः ?
न ते न ते न ते किन्तु, मुनयस्ते निरञ्जनाः ॥ ४० ॥

5 'णं'-कारोऽयं भणत्येवं, त्रिरेखो बिन्दु-शेखरः ।
गुप्तित्रये लब्धरेखाः सद्वृत्ताः स्युर्महर्षयः ॥ ४१ ॥

नवभेद-जीवरक्षा-सुधाकुण्ड-समाकृतिः ।
दत्तां नवाक्षरीयं मे, धर्मे भावं नवं नवम् ॥ ४२ ॥

इति पञ्चमः प्रकाशः समाप्तः ।

10 [षष्ठः प्रकाशः]

एष पञ्च-नमस्कारः, सर्व-पाप-प्रणाशनः ।
मङ्गलानां च सर्वेषां, मुख्यं भवति मङ्गलम् ॥ १ ॥

समिति-प्रयतः सम्यग्, गुप्तित्रय-पवित्रितः ।
अमुं पञ्च-नमस्कारं, यः स्मरत्युपवैणवम्* ॥ २ ॥

15 हूहू नामना गन्धर्वोना मनोहर गायनो, अमृतरस, कल्पवृक्षना पुष्पोनी सुगंध, दिव्यशय्यानो सुखकारक स्पर्श अने देवांगनाओना रूपो वडे पण जेओ आकर्षाता नथी, तेओ शु वृक्षो छे? बाळको छे? के शु हरणीया छे? ना! ना! ना! तेओ वृक्ष, बाळक के मृगला नथी; परन्तु तेओ तो निरंजन मुनिओ छे ॥ ३९-४० ॥

णंकार त्रण रेखावाळो अने माथे अनुस्वारवाळो छे, ते अहीं एम जणावे छे के त्रण गुप्तिना 20 पालनमा रेखाने (पराकाष्ठाने) पामेला महामुनिओ संपूर्ण सदाचारी होय छे ॥ ४१ ॥

नव प्रकारनी जीवरक्षारूप सुधाकुंड समान आकृतिवाळी 'नमो लोए सव्वसाहूण।' ए नवाक्षरी मने धर्मने विषे नवो भाव आपो ॥ ४२ ॥

छट्ठो प्रकाश

आ पंचपरमेष्ठी नमस्कार सर्व पापोनो नाश करनार छे अने सर्व मंगलोमां श्रेष्ठ मंगल छे ॥ १ ॥

25 सम्यक् प्रकारे पांच समितिने विषे प्रयत्नवाळो अने त्रण गुप्तिथी पवित्र थयेलो जे आत्मा आ पंच-परमेष्ठि-नमस्कारनु त्रिकाल ध्यान करे छे, तेने शत्रु मित्ररूप थाय छे, विष पण अमृतरूप बने छे,

* उपवैणव—त्रिसन्ध्यमित्यर्थः ।

शत्रुर्मित्रायते चित्रं, विषमप्यमृतायते ।
अशरण्याऽप्यरण्यानी, तस्य वासगृहायते ॥ ३ ॥

ग्रहाः सानुग्रहास्तस्य, तस्कराश्च यशस्कराः ।
समस्तं दुर्निमित्ताद्यमपि स्वस्ति फलेग्रहिः ॥ ४ ॥

न मन्त्र-तन्त्र-यन्त्राद्यास्तं प्रति प्रभविष्णवः । 5
सर्वापि शाकिनी द्रोह-जननी जननी इव ॥ ५ ॥

व्यालास्तस्य मृणालन्ति, गुञ्जापुञ्जन्ति वह्नयः ।
मृगेन्द्रा मृगधूर्तन्ति, मृगन्ति च मतङ्गजाः ॥ ६ ॥

तस्य रक्षोऽपि रक्षायै, भूतवर्गोऽपि भूतये ।
प्रेतोऽपि प्रीतये प्रायश्चेटत्वायैव चेटकः ॥ ७ ॥ 10

धनाय तस्य प्रधनं, रोगो भोगाय जायते ।
विपत्तिरपि सम्पत्त्यै, सर्वं दुःखं सुखायते ॥ ८ ॥

बन्धनैर्मुच्यते सर्वैः सर्पैश्चन्दनवज्जनः ।
श्रुत्वा धीरं ध्वनिं पञ्च-नमस्कार-गरुत्मतः ॥ ९ ॥

जल-स्थल-श्मशानाद्रि-दुर्गेष्वन्येष्वपि ध्रुवम् । 15
नमस्कारैकचित्तानामपायाः प्रोत्सवा इव ॥ १० ॥

शरणरहित मोटुं जगल पण रहेवा लायक घर जेवु बनी जाय छे, सर्वे ग्रहो तेने अनुकूळ थई जाय छे, चोरो यश आपनारा थाय छे, अनिष्टसूचक सर्व अपशकुनादि पण शुभ फळने आपनारा थाय छे, बीजाए प्रयोग करेला मत्र, तत्र अने यंत्रादिक तेनो पराभव करी शकता नथी, सर्व प्रकारनी शाकिनीओ पण मातानी जेम रक्षण करनारी थाय छे, सर्पो तेनी पासे कमळना नाळ जेवा थई जाय छे, अग्नि चणोठीना 20 ढगलारूप थाय छे, सिंहो शियाळ जेवा थाय छे, हाथीओ हरण जेवा थाय छे, राक्षस पण तेनुं रक्षण करे छे, भूतोनो समूह पण तेनी भूति (आबादी) ने माटे थाय छे, प्रेत पण प्रायः करीने तेने प्रीति करनारो थाय छे, चेटक (व्यतर) पण तेनो चेट (दास) बनी जाय छे, युद्ध तेने लाभ आपनारुं थाय छे, रोगो तेने भोग अपनारा थाय छे, विपत्ति पण तेने संपत्तिने माटे थाय छे अने सर्व प्रकारनु दुःख तेने सुख आपनारु थाय छे ॥ २ थी ८ ॥ 25

पंचनमस्काररूप गरुडनो गंभीर ध्वनि सांभळतां ज सर्पोथी चन्दनवृक्षनी जेम पुरुष सर्व बन्धनोथी मुक्त थाय छे ॥ ९ ॥

जेओनुं चित्त नमस्कारमां एकाग्र छे, तेओने जल, स्थल, श्मशान, पर्वत, दुर्ग अने तेवा बीजा पण स्थानोमां प्राप्त थतां कष्टो अवश्यमेव महोत्सवरूप बनी जाय छे ॥ १० ॥

पुण्यानुबन्धिपुण्यो यः, परमेष्ठि-नमस्कृतिम् ।
यथाविधि ध्यायति सः, स्यान्न तिर्यङ् न नारकः ॥ ११ ॥

चक्रि-विष्णु-प्रतिविष्णु-बलाद्यैश्वर्य-सम्पदः ।
नमस्कार-प्रभावाब्धेस्तट-मुक्तादि-सन्निभाः ॥ १२ ॥

5 वश्य-विद्वेषण-क्षोभ-स्तम्भ-मोहादि-कर्मसु ।
यथाविधि प्रयुक्तोऽयं, मन्त्रः सिद्धिं प्रयच्छति ॥ १३ ॥

उच्छेदं परविद्यानां, निमेषार्द्धात् करोत्यसौ ।
क्षुद्रात्मनां परावृत्ति-वेधं च विधिना स्मृतः ॥ १४ ॥

भूर्भुवःस्वस्त्रयीरङ्गे, यः कोप्यतिशयः किल ।
10 द्रव्य-क्षेत्र-काल-भावाऽपेक्षया चित्रकारकः ॥ १५ ॥

क्वचित् कथश्चित् कस्यापि, श्रूयते दृश्यतेऽङ्गिनः ।
स सर्वोऽपि नमस्काराऽऽराध-माहात्म्यसम्भवः ॥ १६ ॥

तिर्यग्लोके चन्द्रमुख्याः, पाताले चमरादयः ।
सौधर्मादिषु शक्राद्यास्तदग्रेऽपि च ये सुराः ॥ १७ ॥

15 तेषां सर्वाः श्रियः पञ्च-परमेष्ठि-मरुत्तराः ।
अङ्कुरा वा पल्लवा वा, कलिका वा सुमानि वा ॥ १८ ॥

पुण्यानुबंधि पुण्यवाळो जे पुरुष विधिपूर्वक पंचपरमेष्ठी-नमस्कारनु ध्यान करे छे, ते तिर्यञ्च के नारक थतो नथी ॥ ११ ॥

चक्रवर्ती, वासुदेव, प्रतिवासुदेव अने बळदेव वगेरेना ऐश्वर्यनी सपदाओ नमस्कारना प्रभावरूपी 20 समुद्रना किनारे रहेला मुक्ताफल (मोती) वगेरे समान छे ॥ १२ ॥

विधिपूर्वक प्रयोग करायेल आ मंत्र वशीकरण, विद्वेषण, क्षोभ, स्तभन अने मोहन वगेरे कार्योमा सिद्धिने आपनारो थाय छे ॥ १३ ॥

विधिपूर्वक स्मरण करेलो आ मंत्र अर्धनिमेषमात्रमा ज परप्रयुक्त मलिन विद्याओनु उच्छेदन करे छे अने क्षुद्र जीवोए करेल रूपादिकना परावर्तनने (?) विंधी–विखेरी नाखे छे ॥ १४ ॥

25 स्वर्ग, मृत्यु अने पाताळ ए त्रण भुवनरूपी रगमण्डपने विषे द्रव्य, क्षेत्र, काल अने भावने आश्रयीने जे कोई पण आश्चर्यकारक अतिशय कोई पण स्थळे, कोई पण प्रकारे, कोई पण प्राणीने थयेलो जोवामा के साभळवामा आवे छे, ते सर्व नमस्कारमंत्रनी आराधनाना प्रभावथी ज उत्पन्न थयो छे, एम जाणवु ॥१५-१६॥

तिर्यग्लोकमा जे चन्द्रप्रमुख ज्योतिष देवताओ छे, पाताळ लोकमा चमर वगेरे इन्द्रो छे, ऊर्ध्वलोकमा सौधर्मादिदेवलोकने विषे जे शक्र वगेरे इन्द्रो छे अने तेनी उपर पण जे अहमिन्द्र वगेरे देवताओ 30 छे, तेओनी सर्वसमृद्धिओ पंचपरमेष्ठिरूप कल्पवृक्षना अंकुरा, पल्लवो, कळीओ के पुष्प समान छे ॥१७-१८॥

ते गतास्ते गमिष्यन्ति, ते गच्छन्ति परम्पदम् ।
आरूढा निरपायं ये, नमस्कार-महारथम् ॥ १९ ॥
यदि तावदसौ मन्त्रः, शिवं दत्ते सुदुर्लभम् ।
ततस्तदनुषङ्गोत्थे, गणना का फलान्तरे ॥ २० ॥
जपन्ति ये नमस्कार-लक्षं पूर्णं त्रिशुद्धितः । 5
जिनसंघ-पूजिभिस्तैस्तीर्थकृत्कर्म बध्यते ॥ २१ ॥
किं तपः-श्रुत-चारित्रैः, चिरमाचरितैरपि ।
सखे ! यदि नमस्कारे, मनो लेलीयते न ते ? ॥ २२ ॥
योऽसंख्य-दुःखक्षय-कारण-स्मृति-[2]
र्य ऐहिकामुष्मिक-सौख्य-कामधुक् । 10
यो दुष्षमायामपि कल्पपादपो,
मन्त्राधिराजः स कथं न जप्यते ? ॥ २३ ॥
न यद्दीपेन सूर्येण, चन्द्रेणाप्यपरेण वा ।
तमस्तदपि निर्नाम, स्यान्नमस्कार-तेजसा ॥ २४ ॥

जेओ अपायरहित एवा नमस्काररूप महारथमां आरूढ थया, तेओ परमपदने पाम्या छे, पामे 15
छे अने पामशे ॥ १९ ॥

जो आ मत्र अत्यन्त दुर्लभ एवा परमपदने पण आपे छे, तो तेनी पूर्वमां प्राप्त थतां आनुषंगिक एवा बीजा फळोनी गणत्री शी ? ॥ २० ॥

श्री जिनेश्वर देव अने श्री संघने पूजनारा जे भव्यात्माओ त्रिकरण शुद्धि वडे एक लाख नवकारनो जाप करे छे तेओ तीर्थंकरनामकर्म उपार्जन करे छे ॥ २१ ॥ 20

हे मित्र ! जो तारुं मन नमस्कारनुं ध्यान करवामां लयलीन नथी थतुं, तो चिरकाल सुधी आचरण करेला तप, श्रुत अने चारित्रनी क्रियाओनुं शु फळ ? ॥ २२ ॥

जेनी स्मृति असंख्य दुःखोना क्षयनु कारण गणाय छे, जे आ लोक अने परलोकनां सुख आपवामां कामधेनु समान छे अने जे दुःषम काळमां पण कल्पवृक्ष समान छे ते मंत्राधिराज केम न जपाय ? ॥ २३ ॥ 25

जे अंधकार दीवाथी, सूर्यथी, चन्द्रथी के बीजा कोई पण तेजथी नाश नथी पामतो, ते (मोहरूप) अंधकार पण नमस्कारना तेज वडे नामशेष थई जाय छे ॥ २४ ॥

१. ०पूजितैस्तै० हि. । २. स्मृतो हि. ।

कृष्ण-शाम्बादिवद् भाव-नमस्कार-परो भव ।
मा वीर-पालक-न्यायात्¹, मुधाऽऽत्मानं विडम्बय ।। २५ ।।

यथा नक्षत्रमालायां, स्वामी पीयूषदीधितिः ।
तथा भाव-नमस्कारः, सर्वस्यां पुण्यसंहतौ ।। २६ ।।

5 जीवेनाकृतकृत्यानि, विना भावनमस्कृतिम् ।
गृहीतानि विमुक्तानि, द्रव्यलिङ्गान्यनन्तशः ।। २७ ।।

अष्टावष्टौ शतान्यष्टसहस्राण्यष्टकोटयः ।
विधिध्याता नमस्काराः, सिद्धयेऽन्तर्भवत्रयम् ।। २८ ।।

धर्मबान्धव ! निश्छद्म पुनरुक्तं त्वमर्थ्यसे ।
10 संसारार्णव-बोहित्थे माऽत्र मन्त्रे श्लथो भव ।। २९ ।।

अवश्यं यदसौ भाव-नमस्कारः परं महः ।
स्वर्गापवर्ग-सन्मार्गो, दुर्गति-प्रलयानिलः² ।। ३० ।।

शिवतातिः सदा सम्यक्, पठितो गुणितः श्रुतः ।
समनुप्रेक्षितो भव्यैर्विशिष्याऽऽराधना-क्षणे ।। ३१ ।।

---

15 हे आत्मन् ! तु कृष्ण अने शाम्ब वगेरेनी जेम भावनमस्कार करवामा तत्पर था, पण कृष्णना सेवक वीरा साळवी अने कृष्णना अभव्य पुत्र पालक वगेरेनी जेम द्रव्यनमस्कार करी फोगट आत्माने विडबना न पमाड ।। २५ ।।

जेम नक्षत्रोना समुदायनो स्वामी चन्द्र छे, तेम सर्व पुण्यसमूहनो स्वामी भावनमस्कार छे ।। २६ ।।

आ जीवे अनन्तीवार द्रव्यलिंगो (साधुवेष) ग्रहण कर्या छे अने छोड्या छे पण भावनमस्कारनी 20 प्राप्ति विना ते सर्व मोक्षरूपी कार्य साधवामा निष्फळ निवड्या छे ।। २७ ।।

शास्त्रोक्त विधिपूर्वक नमस्कारमन्त्रनो आठ करोड, आठ हजार, आठ सो अने आठ वार जाप कर्यो होय तो ते मात्र त्रण ज भवनी अदर मोक्ष आपे छे ।। २८ ।।

हे धर्मबन्धु ! सरळ भावे फरीथी तने प्रार्थना करु छुं के ससार-समुद्रमां जहाज समान आ नमस्कार मत्र गणवामा तु प्रमादी न था ।। २९ ।।

25 नक्की आ भावनमस्कार उत्कृष्ट—सर्वोत्तम तेज छे, स्वर्ग अने मोक्षनो साचो मार्ग छे, तथा दुर्गतिनो नाश करवामां प्रलयकाळना पवन समान छे ।। ३० ।।

मोक्षनी सोपानपक्ति समान आ भावनमस्कार भव्यो वडे सदा पठन करायो छे, गणायो छे, संभळायो अने विचिंतित करायो छे; तेमा पण अतिम मरणकालीन आराधनानी क्षणे ते विशेषे करीने पठन, गुणन, श्रवण अने चिंतन करायो छे ।। ३१ ।।

---

30 १. ०न्यावत् क. हि. । २. ०यानलः ख. ग. हि. ।

प्रदीप्ते भवने यद्वच्छेषं मुक्त्वा गृही सुधीः ।
गृह्णात्येकं महारत्नमापन्निस्तारण-क्षमम् ॥ ३२ ॥
आकालिक-रणोत्पाते, यथा कोऽपि महाभटः ।
अमोघमस्त्रमादत्ते, सारं दम्भोलि-दण्डवत् ॥ ३३ ॥
एवं नाशक्षणे सर्व-श्रुतस्कन्धस्य चिन्तने ।   5
प्रायेण न क्षमो जीवस्तस्मात्तद्गत-मानसः ॥ ३४ ॥
द्वादशाङ्गोपनिषदं, परमेष्ठि-नमस्कृतिम् ।
धीरधीः सल्लसल्लेश्यः, कोऽपि स्मरति सात्त्विकः ॥ ३५ ॥
समुद्रादिव पीयूषं, चन्दनं मलयादिव ।
नवनीतं यथा दध्नो, वज्रं वा रोहणादिव ॥ ३६ ॥   10
आगमादुद्धृतं सर्व-सारं कल्याणसेवधिम् ।
परमेष्ठि-नमस्कारं, धन्याः केचिदुपासते ॥ ३७ ॥
संविग्न-मानसाः स्पष्ट-गम्भीर-मधुर-स्वराः ।
योगमुद्राधर-कराः, शुचयः कमलासनाः ॥ ३८ ॥
उच्चरेयुः स्वयं सम्यक्, पूर्णां पञ्च-नमस्कृतिम् ।   15
उत्सर्गतो विधिरयं, ग्लान्यांऽत्रैते न चेत्क्षमाः ॥ ३९ ॥

जेम घरमा आग लागे त्यारे बुद्धिशाळी घरनो मालीक बीजी बधी वस्तु मूकी दईने आपत्तिसमये रक्षण करवामा समर्थ एवा एक सारभूत महाकिमती रत्नने ज ग्रहण करे छे, अथवा कोई मोटो सुभट अकाळे प्राप्त थयेला रणसंग्राममां वज्रदंड समान सारभूत अमोघ शस्त्रने ज धारण करे छे, ए ज प्रमाणे मरणसमये के ज्यारे प्रायः सर्व श्रुतस्कंधनु (सर्व शास्त्रोनु) चिंतवन करी शकातुं नथी, त्यारे धीर बुद्धिवाळो 20 अने विशुध्यमान शुभ लेश्यावाळो कोईक सात्त्विक जीव द्वादशांगीना सारभूत आ पंचपरमेष्ठि नमस्कारनु ज एकाग्रचित्ते स्मरण करे छे ॥ ३२-३३-३४-३५ ॥

समुद्रमांथी अमृतनी जेम, मलयाचल पर्वतमांथी चंदननी जेम, दहींमांथी माखणनी जेम अने रोहणाचल पर्वतमांथी वज्ररत्ननी जेम, आगममांथी उद्धरेला सर्वश्रुतना सारभूत अने कल्याणना खजाना समान आ पंचपरमेष्ठि नमस्कारनुं कोईक धन्य पुरुषो ज मनन-चिंतवन करे छे ॥ ३६-३७ ॥   25

शरीरथी पवित्र बनीने, पद्मासने बेसीने, हाथ वडे योगमुद्रा धारण करीने अने संवेग (मोक्षनी अभिलाषा) युक्त मनवाळा भव्य प्राणीए स्पष्ट, गंभीर अने मधुर स्वरे संपूर्ण पंचनमस्कारनो उच्चार करवो । आ विधि उत्सर्गथी जाणवो ॥ ३८-३९ ॥

---

१. अका. ख. ग. हि. । २. यद्वा ख. ग. हि. । ३न्या चैते ग. हि. ।

'असिआउसे'ति मन्त्रं, तन्नामाद्यक्षराङ्कितम् ।
स्मरन्तो जन्तवोऽनन्ताः, मुच्यन्तेऽन्तक-बन्धनात् ॥ ४० ॥
अर्हदरूपाचार्योपाध्याय-मुन्यादिमाक्षरैः ।
सन्धि-प्रयोग-संश्लिष्टैरोङ्कारं वा विदुर्जिनाः ॥ ४१ ॥
5 व्यक्ता मुक्तात्मनां मुक्तिर्मोह-स्तम्बेरमाङ्कुशः ।
प्रणीतः प्रणवः प्राज्ञैर्भवार्त्ति-च्छेद-कर्त्तरी ॥ ४२ ॥
ओमिति ध्यायतां तत्त्वं, स्वर्गार्गलक-कुञ्चिकाम् ।
जीविते मरणे वापि, भुक्तिर्मुक्तिर्महात्मनाम् ॥ ४३ ॥
सर्वथाऽप्यक्षमो दैवाद्, यद्वाऽन्ते धर्म-बान्धवात् ।
10 शृण्वन् मन्त्रममुं चित्ते, धर्मात्मा भावयेदिति ॥ ४४ ॥
अमृतैः किमहं सिक्तः, सर्वाङ्गं यदि वा कृतः ।
सर्वानन्दमयोऽकाण्डे, केनाऽप्यनघ-बन्धुना ॥ ४५ ॥
परं पुण्यं परं श्रेयः, परं मङ्गलकारणम् ।
यदिदानीं श्रावितोऽहं, पञ्चनाथ-नमस्कृतिम् ॥ ४६ ॥

15 (हवे अपवाद-विधि कहे छे:—) जो शारीरिक मादगीना कारणे पोते सम्पूर्ण नमस्कारनो उच्चार करवा समर्थ न होय तो ए ज पच परमेष्ठीना पहेला पहेला अक्षरथी उत्पन्न थयेला 'असिआउसा' ए मंत्रनुं स्मरण करे, कारण के आ पाच अक्षरना स्मरणथी पण जीवो अनंत एवा मरणना बधनथी मुक्त थया छे ॥४०॥

जेमने कोई प्राणान्त मादगीमां उपर कहेला पांच अक्षररूप मंत्रनु स्मरण पण शक्य न होय तेमना माटे श्री जिनेश्वरोए अर्हत् (अरिहंत), अरूपी (सिद्ध), आचार्य, उपाध्याय अने मुनि ए पांच परमेष्ठिनां 20 प्रथम अक्षरोने व्याकरणना सधि-नियमो लगाडीने सिद्ध थयेल (अ+अ=आ, आ+आ=आ, आ+उ=ओ, ओ+म्=) 'ॐ'कार कहेल छे, तेनु स्मरण करवु। कारण के तेमां पण पाच परमेष्ठिओ आवी जाय छे॥४१॥

प्राज्ञ पुरुषोए कह्यु छे के आ 'ॐ'कार मुक्तात्माओनी साक्षात् मुक्ति, मोहरूपी हाथीने वश करनार अकुश अने संसारनी पीडाने छेदनारी कातर छे ॥ ४२ ॥

स्वर्गना दरवाजा उघाडवा माटे कुंची समान आ 'ॐ'काररूपी तत्त्वनु ध्यान करनार महात्माओने 25 जीवे त्यांसुधी भोगो मळे छे अने मर्या पछी मुक्ति मळे छे ॥ ४३ ॥

अथवा तो भाग्यवशात् मृत्यु समये सर्व प्रकारे आ ॐकारनुं स्मरण करवामां पण पोते अशक्त होय तो ते साधर्मिक बंधु पासेथी आ मत्रनु श्रवण करे अने ते वखते चित्तमा आ प्रमाणे भावना भावे ॥ ४४ ॥

शु कोईक पुण्यशाळी बधुए अकाळे मारा समग्र शरीरे अमृत छांटयुं ? अथवा तो शुं हुं तेना वडे सम्पूर्ण आनन्द-स्वरूप करायो ? कारण के हमणां मने तेणे श्रेष्ठ पुण्यरूप, श्रेष्ठ कल्याणरूप अने मगळना 30 श्रेष्ठ कारणरूप पचपरमेष्ठि-नमस्कार मंत्र संभळाव्यो ॥ ४५-४६ ॥

१. ०द्याक्ष० ख. ग. घ. हि.। २. ०न्तात् क. घ.। ३. शुक्ति० ख. ग. घ. हि.।

अहो! दुर्लभ लाभो मे, ममाऽहो! प्रियसङ्गमः।
अहो! तत्त्व-प्रकाशो मे, सारमुष्टिरहो! मम ॥ ४७ ॥

अद्य कष्टानि नष्टानि, दुरितं दूरतो ययौ।
प्राप्तं पारं भवाम्भोधेः, श्रुत्वा पञ्च-नमस्कृतिम् ॥ ४८ ॥

प्रशमो देव-गुर्वाज्ञा-पालनं नियमस्तपः। 5
अद्य मे सफलं जज्ञे[१], श्रुत-पञ्च-नमस्कृतेः ॥ ४९ ॥

स्वर्णस्येवाग्नि-सम्पातो[२], दिष्ट्या मे विपदप्यभूत्।
यल्लेभेऽद्य मयाऽनर्घ्यं[३] परमेष्ठिमयं महः ॥ ५० ॥

एवं शम-रसोल्लास-पूर्वं श्रुत्वा नमस्कृतिम्।
निहत्य क्लिष्टकर्माणि, सुधीः श्रयति सद्गतिम् ॥ ५१ ॥ 10

उत्पद्योत्तमदेवेषु, विपुलेषु कुलेष्वपि।
अन्तर्भवाष्टकं सिद्धः, स्यान्नमस्कार-भक्तिभाक् ॥ ५२ ॥

इति षष्ठः प्रकाशः समाप्तः ॥

अहो! आ पचपरमेष्ठि-नमस्कारनुं श्रवण करवाथी मने दुर्लभ वस्तुनो लाभ थयो! अहो! मने प्रिय वस्तुनो समागम थयो! अहो! मने तत्त्वनो प्रकाश थयो अने अहो! मने सारभूत उत्तम वस्तुनुं 15 सम्पूर्ण रहस्य प्राप्त थयुं छे ॥ ४७ ॥

आ पंचपरमेष्ठि-नमस्कारना श्रवणथी आजे मारां कष्टो नाश पाम्यां, मारुं पाप दूरथी चाल्युं गयु अने आजे हुं संसारसागरना पारने पाम्यो ॥ ४८ ॥

पंचपरमेष्ठि-नमस्कार मंत्रनु श्रवण करवाथी आजे मारो प्रशम, देव तथा गुरुनी आज्ञानुं पालन, नियम अने तप ए सघळुं य सफळ थयुं ॥ ४९ ॥ 20

अग्निनो संयोग जेम सुवर्णने निर्मळ करे छे, ते ज रीतिए आ मादगीनी विपत्ति पण मारे कल्याणने माटे थई, कारण के आजे परमेष्ठि-स्वरूप अमूल्य तेज में प्राप्त कर्युं ॥ ५० ॥

आ प्रमाणे प्रशम-रसना उल्लासपूर्वक पंचपरमेष्ठि-नमस्कारनुं श्रवण करी अने क्लिष्ट कर्मने नाश करी बुद्धिमान पुरुष सद्गतिने पामे छे ॥ ५१ ॥

नमस्कार मत्रनी भावपूर्वक भक्ति करनार ते प्राणी त्यां (सद्गतिमां) उत्तम देवलोकोमां उत्पन्न 25 थई त्यांथी च्यवी, श्रेष्ठ मनुष्यकुलोमां जन्म पामीने, आठ भवनी अदर सिद्ध थाय छे ॥ ५२ ॥

---

१. जन्म, ख. ग. घ. हि.। २. सन्तापो, ख. हि.। ३. महानर्घ्यं ख. ग. हि.।

[सप्तमः प्रकाशः]

सदा नामाकृतिद्रव्य-भावैस्त्रैलोक्य-पावनाः ।
क्षेत्रे काले च सर्वत्र, शरणं मे जिनेश्वराः ॥ १ ॥

तेऽतीताः केवलज्ञानि-प्रमुखा ऋषभादयः ।
वर्त्तमाना भविष्यन्तः, पद्मनाभादयो जिनाः ॥ २ ॥

सीमान्धराद्या अर्हन्तो, विहरन्तोऽथ शाश्वताः ।
चन्द्रानन-वारिषेण-वर्द्धमानर्षभाश्च ते ॥ ३ ॥

संख्यातास्ते वर्त्तमानाः, अनन्तातीतभाविनः ।
सर्वेष्वपि विदेहेषु, भरतैरावतेषु च ॥ ४ ॥

ते केवलज्ञान-विकाश-भासुराः, निराकृताष्टादश-दोष-विप्लवाः ।
असंख्य-वास्तोष्पति-वन्दितांह्रयः, सत्प्रातिहार्यातिशयैः समाश्रिताः ॥ ५ ॥

जगत्त्रयी-बोधिद-पञ्च-संयुत-त्रिंशद्गुणालङ्कृत-देशना-गिरः ।
अनुत्तर-स्वर्गिगणैः सदा स्मृताः, अनन्यदेयाक्षर-मार्गदायिनः ॥ ६ ॥

सातमो प्रकाश

सर्व काळ अने सर्व क्षेत्रमां नाम, स्थापना, द्रव्य अने भाव वडे त्रण लोकने सदा पवित्र करनारा श्री जिनेश्वर भगवंतो मने शरण हो ॥ १ ॥

ते जिनेश्वरो अतीतकाळे श्री केवळज्ञानी स्वामी वगेरे थया हता, वर्तमानकाळे श्री ऋषभदेवस्वामी वगेरे थया छे अने आगामिकाळे श्री पद्मनाभ स्वामी वगेरे थवाना छे ॥ २ ॥

श्री सीमंधरस्वामी वगेरे वीस विहरमान तीर्थंकरो छे। श्री चन्द्रानन, श्री वारिषेण, श्री वर्धमान अने श्री ऋषभ ए नामना चार शाश्वत तीर्थंकरो छे ॥ ३ ॥

सर्व विदेह, सर्व भरत अने सर्व ऐरावतने विषे वर्तमानकाळे संख्याता जिनेश्वरो होय छे, अने अतीत तथा अनागत काळने आश्रयीने अनन्ता जिनेश्वरो होय छे ॥ ४ ॥

ते सर्व तीर्थंकर भगवंतो केवळज्ञानना प्रकाशथी देदीप्यमान, अढार दोषोना उपद्रवोथी रहित, असंख्य इन्द्रोथी वंदित चरणकमळवाळा, उत्तम प्रकारना आठ प्रातिहार्य अने चोत्रीश अतिशयो वडे शोभता, त्रण जगतना प्राणीओने समकित आपनार, पात्रीश गुणोथी शोभता देशनाना वचनवाळा, अनुत्तरविमानमां रहेला देवो वडे सदा स्मरण करायेला अने बीजाओ न आपी शके तेवा मोक्षमार्गने आपनारा होय छे ॥ ५-६ ॥

दुरितं दूरतो याति, साधिव्याधिः प्रणश्यति ।
दारिद्र्यमुद्रा विद्राति, सम्यग्दृष्टे जिनेश्वरे ॥ ७ ॥
निन्द्येन मांसखण्डेन, किं तया जिह्वया नृणाम् ।
माहात्म्यं या जिनेन्द्राणां, न स्तवीति क्षणे क्षणे ॥ ८ ॥
अर्हच्चरित्र-माधुर्य-सुधास्वादानभिज्ञयोः । 5
कर्णयोश्छिद्रयोर्वाऽपि, स्वल्पमप्यस्ति नान्तरम् ॥ ९ ॥
सर्वातिशय-सम्पन्नां, ये जिनार्चां न पश्यतः ।
न ते विलोचने किन्तु, वदनालय-जालके ॥ १० ॥
अनार्येऽपि वसन् देशे, श्रीमानार्द्रकुमारकः ।
अर्हतः प्रतिमां दृष्ट्वा, जज्ञे संसार-पारगः ॥ ११ ॥ 10
जिन-बिम्बेक्षणाज्ज्ञात-तत्त्वः शय्यम्भव-द्विजः ।
निषेव्य सुगुरोः पादानुत्तमार्थमसाधयत् ॥ १२ ॥
अहो ! सात्त्विक-मूर्द्धन्यो, वज्रकर्णो महीपतिः ।
सर्वनाशेऽपि योऽन्यस्मै, न ननाम जिनं विना ॥ १३ ॥

श्री जिनेश्वरनुं सम्यक् प्रकारे दर्शन थता ज प्राणीओना पापो अत्यन्त दूर चाल्या जाय छे, 15
आधि (मननी पीडा) अने व्याधि (शरीरनी पीडा) नाश पामे छे; तथा दरिद्रतानी मुद्रा जती रहे
छे ॥ ७ ॥

जे जीभ श्री जिनेश्वरना माहात्म्यनी क्षणे क्षणे स्तुति न करे, ते निंदवा लायक मांसना टुकडा
जेवी जिह्वा शा कामनी ? ॥ ८ ॥

जे कान श्री अरिहंतना चरित्रनी मधुरता रूप अमृतना आस्वादथी अजाण होय, ते कान 20
अथवा छिद्रमां कंई पण तफावत नथी ॥ ९ ॥

सर्व अतिशयोथी संपन्न एवी श्री जिनप्रतिमाने जे नेत्रो जोता नथी ते नेत्र नथी, परन्तु मुखरूपी
घरना जाळीयां छे ॥ १० ॥

अनार्य देशमां वसता छतां पण श्रीमान् आर्द्रकुमार श्रीअरिहंत भगवंतनी प्रतिमाने निहाळीने
संसार-सागरना पारगामी थया हता ॥ ११ ॥ 25

श्री जिनप्रतिमाना दर्शनथी श्रीशय्यंभव नामना ब्राह्मणे तत्त्वने जाण्यु अने ते पछी श्री सुगुरुना
चरण-कमळनी सेवा करीने तेओ उत्तमार्थ-मोक्षने पाम्या ॥ १२ ॥

अहो ! सात्त्विक-शिरोमणि **श्रीवज्रकर्ण** नामना राजाए राज्य वगेरे सर्व वस्तुनो नाश उपस्थित
थवा छतां पण एक जिनेश्वर देव विना बीजाने नमस्कार न कर्यो ते न ज कर्यो ॥ १३ ॥

देवतत्त्वे गुरुतत्त्वे, धर्मतत्त्वे स्थिरात्मनः ।
वालिनो वानरेन्द्रस्य, महनीयमहो! महः ॥ १४ ॥

सुलसाया महासत्या भूयासमवतारणम्[1] ।
सम्भावयति कल्याण-वार्त्तया त्रिजगद्गुरुः[2] ॥ १५ ॥

5 श्रीवीरं वन्दितुं भावाचलितौ दर्दुरावपि ।
मृत्वा सौधर्मकल्पान्तर्जातौ शक्रसमौ सुरौ ॥ १६ ॥

हासा-प्रहासा-पतिराभियोग्य-दुष्कर्म-निर्विण्णमनाः सुरोऽपि ।
देवाधिदेव-प्रतिमां क्षमायां, प्राकाशयत् स्वात्मविमोचनाय ॥ १७ ॥

जिनांह्रिसेवाहृत-पापतापः, त्रैलोक्य-कुक्षिम्भरि-सत्प्रतापः ।
10 श्रीचेटको नाम महाक्षमापः, सुरेन्द्र-चित्तेष्वपि वासमाप ॥ १८ ॥

अष्टाहिका-पर्व सुपर्वनाथाः, कुर्वन्ति सर्वे जिनमन्दिरेषु ।
नित्येषु नन्दीश्वर-मुख्यतीर्था-लङ्कारभूतेषु भवाभिभूत्यै ॥ १९ ॥

देव तत्त्व, गुरु तत्त्व अने धर्म तत्त्वमा स्थिर आशयवाळा वानर द्वीपना स्वामी **वाली** राजानु तेज--पराक्रम खरेखर पूजवा लायक हतु ॥ १४ ॥

15 त्रण जगतना गुरु श्री **महावीर** परमात्माए पण सुख-शाताना समाचार कहेवराववामा जेणीने याद करी हती, ते महासती श्री **सुलसानां** हु ओवारणां लऊ छुं ॥ १५ ॥

श्री वीरप्रभुने भावथी वदन करवा आवता बे देडकाओ पण रस्तामां ज मरीने सौधर्मदेवलोकमा इद्रसमान देवताओ थया [**सेडुक** नामना ब्राह्मणनो जीव अने नंदमणियारनो जीव देडकाना भवमा श्री महावीर परमात्माने भावथी वदन करवा जतां मार्गमां ज (श्रेणिक राजाना घोडाना पग नळे दबाईने) 20 मरण पामी प्रभु वदननु ध्यान होवाथी सौधर्मदेवलोकमा शक्रेन्द्रनो सामानिक देव थयो] ॥ १६ ॥

कुमारनंदी सोनीनो जीव मरीने देवलोकमां **हासा** अने **प्रहासा** नामनी देवीओनो पति थवा छता पण आभियोगिक देवने योग्य हलकां कार्यो करवाथी मनमा अत्यन्त खेद पाम्यो हतो, तेथी तेणे पोताना आत्माने ते दुष्कर्मथी मुक्त करवा माटे देवाधिदेवनी प्रतिमा पृथ्वी ऊपर प्रगट करी हती ॥ १७ ॥

श्री **चेटक** (चेडा) नामना महाराजाए श्रीजिनेश्वरना चरणकमळनी सेवा वडे पोताना सर्व 25 पापना तापनो नाश कर्यो हतो, तेथी तेमनो सुदर प्रताप त्रणे भुवनमां प्रसरी गयो हतो अने तेओ इन्द्रोना हृदयोमा पण स्थान पाम्या हता ॥ १८ ॥

सर्व देवेन्द्रो संसारनो ह्रास करवा माटे नंदीश्वरादिक तीर्थोना अलङ्कारसमा शाश्वता जिनमंदिरोमां अट्ठाई-महोत्सव करे छे ॥ १९ ॥

---

१. भूयाः समवतारणम् **क.**, भूयांसमवधारण **हि.** । २. वार्त्तया या जगद्गुरुम् **क.**, वार्त्तया यां जगद्गुरुः **ख.** ।

श्रूयते चरमाम्भोधौ, जिन-बिम्बाकृतेस्तिमेः ।
नमस्कृति-परो मीनो, जातस्मृतिर्दिवं ययौ ॥ २० ॥
नृ-सुरासुर-साम्राज्यं, भुज्यते यदशङ्कितम् ।
जिन-पाद-प्रसादानां लीलायित-लवो हि सः ॥ २१ ॥
नृलोके चक्रवर्त्याद्याः, शक्राद्याः सुरसद्मनि । 5
पाताले धरणेन्द्राद्या जयन्ति जिन-भक्तितः ॥ २२ ॥
मुकुटीकृत-जैनाज्ञा, रुद्रा एकादशाऽप्यहो ! ।
केचित्तीर्णास्तरिष्यन्ति, परे[1] संसार-सागरम् ॥ २३ ॥
वह्नि-ज्वाला इव जले, विषोर्मय इवाऽमृते ।
जिनसाम्ये विलीयन्ते, हरादीनां कथा-प्रथाः ॥ २४ ॥ 10
तानि जैनेन्द्र-वृत्तानि, सम्यग् विमृशतां सताम् ।
अत्राप्यानन्दमग्नानां, युक्तं मोक्षेऽपि न स्पृहा ॥ २५ ॥
यथा तोयेन शाम्यन्ति, तृषोऽन्नेन क्षुधो यथा ।
जिन-दर्शनमात्रेण, तथैकेन भवार्त्तयः ॥ २६ ॥

वळी शास्त्रोमा संभळाय छे के स्वयम्भूरमण नामना छेल्ला समुद्रमा जिनबिंबना आकारवाळा 15 मत्स्यने जोई बीजा मत्स्यने जाति-स्मरण ज्ञान थयु अने नमस्कार मंत्रनुं ध्यान करी त्यांथी मरीने देवलोकमा गयो ॥ २० ॥

मनुष्य, देव अने असुरोनुं स्वामीपणु जे निःशकपणे भोगवाय छे ते श्री जिनेश्वरभगवंतना चरणोनी कृपानी लीलानो एक लेश मात्र छे ॥ २१ ॥

मनुष्यलोकमां चक्रवर्ती वगेरे राजाओ, स्वर्गलोकमा इन्द्रादिदेवो अने पाताळ लोकमां धरणेन्द्र 20 वगेरे भुवनपतिना इन्द्रो जिनेश्वरनी भक्तिथी ज जयवंता वर्ते छे ॥ २२ ॥

श्री जिनेश्वरनी आज्ञाने मुकुटनी जेम मस्तके धारण करीने अहो ! अगियारे रुद्रोमाथी केटलाक ए ज भवमां मोक्षे गया छे अने बाकीना आगामी भवोमां मोक्षे जवाना छे ॥ २३ ॥

जेम पाणीमां अग्निनी ज्वाला नाश पामी जाय छे अने जेम अमृतने विषे विषनो प्रभाव नष्ट थई जाय छे, तेम श्री जिनेश्वरभगवंतनी समना-चरित्रनी वर्णनामां शकर वगेरे देवोनी कथाओनो 25 विस्तार विलय पामे छे ॥ २४ ॥

श्री जिनेश्वरोना ते चरित्रोनुं सम्यक् प्रकारे चिंतन करनारा सत्पुरुषो आ संसारमां पण आनंदमग्न रहे छे अने तेथी खरेखर ! तेओने मोक्षमां पण स्पृहा रहेती नथी ॥ २५ ॥

जेम जल वडे तृषा शान्त थाय छे, तथा अन्न वडे क्षुधा शान्त थाय छे, तेम श्री जिनेश्वरना एक दर्शनमात्रथी ज संसारनी सर्व पीडाओ शान्त थई जाय छे—नाश पामे छे ॥ २६ ॥ 30

१. पारेस० ख. घ. ।

अतिकोटिः समाः सम्यक्, समाधीन् समुपासताम् ।
नार्हदाज्ञां विना यान्ति, तथापि शमिनः शिवम् ॥ २७ ॥

न दानेनाऽनिदानेन, न शीलैः परिशीलितैः ।
न शस्याभिस्तपस्याभिरजैनानां परं पदम् ॥ २८ ॥

भास्वता वासर इव, पूर्णिमेवाऽमृतांशुना ।
सुभिक्षमिव मेघेन, जिनेनैवाव्ययं महः ॥ २९ ॥

अक्षायत्तं यथा द्यूतं, मेघाधीना यथा कृषिः ।
तथा शिवपुरे वासो, जिन-ध्यान-वशंवदः ॥ ३० ॥

सुलभास्त्रिजगल्लक्ष्म्यः, सुलभाः सिद्धयोऽष्ट ताः ।
जिनांह्रि-नीरज-रजःकणिकास्त्वतिदुर्लभाः ॥ ३१ ॥

अहो ! कष्टमहो ! कष्टं, जिनं प्राप्यापि यज्जनाः ।
केचिन्मिथ्यादृशो बाढं, दिनेशमिव कौशिकाः ॥ ३२ ॥

जिन एव महादेवः, स्वयम्भूः पुरुषोत्तमः ।
परात्मा सुगतोऽलक्ष्यो, भूर्भुवःस्वस्त्रये(यी)श्वरः[1] ॥ ३३ ॥

जितेन्द्रिय एवा अन्यदर्शनीओ भले करोडो वर्षोथी पण अधिक काळ सुधी समाधिओनी उपासना करे, परन्तु श्री जिनाज्ञा विना तेओ कदापि मोक्षे जता नथी ॥ २७ ॥

रागादि शत्रुओना जेता श्री जिनेश्वर परमात्मा जेओना देव नथी, तेओ भले नियाणारहित दान करे, निर्मळ शील पाळे, तथा प्रशंसा करवा योग्य तप करे, तो पण तेमने परमपदनी प्राप्ति नथी ॥ २८ ॥

जेम सूर्य वडे दिवस थाय छे, चन्द्र वडे पूर्णिमा थाय छे अने वृष्टि वडे सुभिक्ष (सुकाळ) थाय छे, तेम श्री जिनेश्वर वडे ज अविनाशी तेजनी-केवलज्ञाननी प्राप्ति थाय छे ॥ २९ ॥

जेम जुगार पासाने आधीन छे अने खेती वृष्टिने आधीन छे, तेम शिवपुरमां वसवुं ते श्री जिनेश्वरना ध्यानने ज आधीन छे ॥ ३० ॥

त्रण जगतनी लक्ष्मी प्राप्त थवी सुलभ छे, तथा अणिमादिक आठ सिद्धिओनी प्राप्ति थवी सुलभ छे, परन्तु जिनेश्वरना चरणकमळना रजकणो प्राप्त थवा अत्यन्त दुर्लभ छे ॥ ३१ ॥

अहो ! खेदनी वात छे के जिनेश्वरने पामीने पण केटलाक जीवो सूर्यना प्रकाशमां घूवडनी जेम गाढ मिथ्यादृष्टि रहे छे ॥ ३२ ॥

जिनेश्वर ज महादेव छे, ब्रह्मा छे, विष्णु छे, परमात्मा छे, सुगत (बुद्ध) छे, अलक्ष्य छे तथा स्वर्ग, मृत्यु अने पाताळने विषे ईश्वर छे ॥ ३३ ॥

१. स्वःसुरेश्वरः ग.-हि., स्वःशिवेश्वरः ख. घ. ।

त्रैगुण्य-गोचरा संज्ञा, बुद्धेशानादिषु स्थिता ।
या लोकोत्तर-सत्त्वोत्था, सा सर्वाऽपि परं जिने ॥ ३४ ॥

रोहणाद्रेरिवाऽऽदाय, जिनेन्द्रात्परमात्मनः ।
नानाभिधान-रत्नानि, विदग्धैर्व्यवहारिभिः ॥ ३५ ॥

सुवर्णभूषणान्याशु, कृत्वा स्व-स्व-मतेष्वथ । 5
तत्तद्देवेष्वाहितानि, कालात् तन्नामतामगुः ॥ ३६ ॥ युग्मम् ॥

यद्वा—

अमृतानि यथाऽब्दस्य, तडागादिषु पाततः ।
तज्जन्मानि जनाः प्राहुर्नामान्येवं तथाऽर्हतः ॥ ३७ ॥

लोकाग्रमधिरूढस्य, निलीनानि हरादिषु । 10
तेषां सत्कानि गीयन्ते, लोकैः प्रायो बहिर्मुखैः ॥ ३८ ॥ युग्मम् ॥

किञ्च तान्येव नामानि, विद्धि योगीन्द्र-वल्लभम् ।
यानि लोकोत्तरं सत्त्वं, ख्यापयन्ति प्रमाणतः ॥ ३९ ॥

संज्ञा रजस्तमःसत्त्वाभासोत्था अतिकोटयः ।
अनन्ते भववासेऽस्मिन्, मादृशामपि जज्ञिरे ॥ ४० ॥ 15

— —

बुद्ध अने महादेव वगेरे लौकिक देवोने सत्त्व, रजस् अने तमस् ए त्रण गुणना विषयवाळुं ज ज्ञान छे परन्तु लोकोत्तर सत्त्वथी उत्पन्न थवावाळुं सर्वज्ञान तो मात्र जिनेश्वरोने विषे ज रहेलुं छे ॥ ३४ ॥

रोहणाचल पर्वतना जेवा जिनेश्वर परमात्मा पासेथी विविध नामरूपी रत्नो लईने पंडितोरूपी वेपारीओए शीघ्र सारा वर्णवाळा नामरूपी आभूषणो बनावी पोतपोताना मानेला हरिहरादिक देवोने 20 विषे स्थापन कर्या तेथी ते सारा वर्णवाळा नामो कालान्तरे ते ते देवोना नामथी प्रसिद्ध थया छे ॥ ३५-३६ ॥

जेम वरसादनु जळ ज तळाव वगेरेमां पडयु होय छे, तो पण लोको कहे छे के 'आ पाणी तळावमा उत्पन्न थयुं छे' ते ज प्रमाणे लोकाग्र उपर आरूढ थयेला अरिहंतना ज पर्यायवाची नामो हरिहरादिकने विषे छे, छतां ते नामो हरिहरादिकनां छे एम अज्ञानी लोको बोले छे ॥ ३७-३८ ॥ 25

वळी, जे नामो प्रमाणथी लोकोत्तर सत्त्वने कहेनारां छे, ते ज नामो योगीन्द्रोने प्रिय एवा अरिहंतने जणावे छे, एम तुं जाण ॥ ३९ ॥

सत्त्व, रजस् अने तमोगुणना आभासथी उत्पन्न थयेलां करोडोथी पण वधारे नामो तो मारा जेवाने पण आ अनंत संसारमां प्राप्त थयां छे ॥ ४० ॥

अपि नाम सहस्रेण, मूढो हृष्टः स्वदैवते।
बदरेणापि हि भवेत्, शृगालस्य महो महान् ॥ ४१ ॥
सिद्धानन्त-गुणत्वेनानन्तनाम्नो जिनेशितुः।
निर्गुणत्वादनाम्नो वा, नाम-संख्यां करोतु कः ? ॥ ४२ ॥
5 रजस्तमोबहिःसत्त्वातीतस्य परमेष्ठिनः।
प्रभावेण तमःपङ्के, विश्वमेतन्न मज्जति ॥ ४३ ॥
मन्येऽत्र लोकनाथेन, लोकाग्रं गच्छताऽर्हता।
मुक्तं पापाज्जगत्त्रातुं, पुण्य(ण्यं)वल्लभमप्यहो ! ॥ ४४ ॥
पापं नष्टं भवारण्ये, समिति-प्रयतात् प्रभोः।
10 तद्ध्वंसाय ततः पुण्यं, सर्वं सैन्यमिवान्वगात् ॥ ४५ ॥
पुण्य-पापविनिर्मुक्तस्तेनासौ भगवान् जिनः।
लोकाग्रं सौधमारूढो, रमते मुक्ति-कान्तया ॥ ४६ ॥
जिनो दाता जिनो भोक्ता, जिनः सर्वमिदं जगत्।
जिनो जयति सर्वत्र, यो जिनः सोऽहमेव च ॥ ४७ ॥
15 इति ध्यान-रसावेशात्, तन्मयीभावमीयुषः।
परत्रेह च निर्विघ्नं, वृणुते सकलाः श्रियः ॥ ४८ ॥

इति सप्तमः प्रकाशः समाप्तः ॥

पोताना देवनां हजार नाम साभळीने मूढ माणस हर्षित थाय छे, केमके शियाळने तो बोर मळवाथी पण मोटो उत्सव थाय छे ॥ ४१ ॥

20 श्री जिनेश्वरमां अनत गुणो सिद्ध होवाथी तेमनां अनंत नामो छे, अथवा तो निर्गुण (सत्त्वादि गुण रहित) होवाथी तेमने नाम ज नथी, तो नामनी संख्या कोण करे ? ॥ ४२ ॥

रजोगुण, तमोगुण अने बाह्य-सत्त्वगुणथी रहित एवा परमेष्ठीना प्रभावथी ज आ जगत् अज्ञानरूपी कादवमां डूबी जतुं नथी ॥ ४३ ॥

मने एम लागे छे के लोकना अग्रभागे जता त्रण लोकना नाथ श्री अरिहंत परमात्मा जगतना 25 जीवोने पापथी बचाववा माटे वल्लभ एवा पुण्यने पण अहीं ज मूकी गया ॥ ४४ ॥

समितिमा प्रयत एवा प्रभु पासेथी पाप भवरूपी अरण्यमां नासी गयुं! तेथी तेनो नाश करवा माटे समग्र पुण्य पण सैन्यनी जेम तेनी पाछळ पड्युं ! ए रीते पुण्य-पाप बंनेथी विनिर्मुक्त जिनेश्वर देव लोकाग्ररूपी महेलमां आरूढ थई मुक्ति रूपी कान्ता साथे क्रीडा करे छे ॥ ४५-४६ ॥

जिन दाता छे, जिन भोक्ता छे, आ सर्व जगत् जिन छे, जिन सर्वत्र जय पामे छे अने जे 30 जिन छे, ते ज हुं छुं। ए प्रमाणे ध्यानरसना आवेशथी पंचपरमेष्ठिमां तन्मयपणाने पामेला भव्य प्राणीओ आ लोक अने परलोकमां निर्विघ्नपणे सकल लक्ष्मीने पामे छे ॥ ४७-४८ ॥

[अष्टमः प्रकाशः]

अर्हतामपि मान्यानां, परिक्षीणाष्ट-कर्मणाम् ।
सन्तः पञ्चदशभिदां, सिद्धानां न स्मरन्ति के ? ॥ १ ॥
निरञ्जनाश्चिदानन्दरूपा रूपादि-वर्जिताः ।
स्वभाव-प्राप्त-लोकाग्राः, सिद्धानन्त-चतुष्टयाः ॥ २ ॥ 5
साद्यनन्त-स्थितिजुषो, गुणैकत्रिंशताऽन्विताः ।
परमेशाः परात्मानः, सिद्धा मे शरणं सदा ॥ ३ ॥
शरणं मे गणधराः, षट्त्रिंशद्गुण-भूषिताः ।
सर्व-सूत्रोपदेष्टारो, वाचकाः शरणं मम ॥ ४ ॥
लीना दशविधे धर्मे, सदा सामायिके स्थिराः । 10
रत्नत्रय-धरा धीराः, शरणं मे[1] सुसाधवः ॥ ५ ॥
भव-स्थिति-ध्वंसकृतां, शम्भूनामिव नान्तरम् ।
सूरि-वाचक-साधूनां, तत्त्वतो दृष्टमागमे ॥ ६ ॥
धर्मो मे केवलज्ञानि-प्रणीतः शरणं परम् ।
चराचरस्य जगतो, य आधारः प्रकीर्त्तितः ॥ ७ ॥ 15

आठमो प्रकाश

अरिहंतोने पण माननीय तथा जेमना आठे कर्मो क्षीण थई गयां छे, एवा पंदर प्रकारना सिद्धोनु कया सत्पुरुषो स्मरण नथी करता ? ॥ १ ॥

कर्मना लेप विनाना, चिदानंद स्वरूप, रूपादिथी रहित, स्वभावथी ज लोकना अग्रभागने पामेला, सिद्ध थयेल छे अनन्त चतुष्टय जेमने एवा, सादि-अनन्त स्थितिवाळा, एकत्रीश गुणोवाळा, 20 परमेश्वररूप अने परमात्मस्वरूप श्री सिद्ध भगवंतोनु निरंतर मने शरण हो ॥ २-३ ॥

छत्रीश गुणो वडे शोभता श्री गणधर(आचार्य)भगवंतोनुं मने शरण हो। सर्व सूत्रोना उपदेशक श्री उपाध्याय भगवंतोनु मने शरण हो ॥ ४ ॥

क्षमादि दश प्रकारना धर्ममां लीन थयेला, सामायिकमां सदा स्थिर, ज्ञानादिक त्रण रत्नने धारण करनारा तथा धीर एवा श्री साधु भगवंतोनुं मने शरण हो ॥ ५ ॥ 25

आगमोमां जेम भवस्थितिनो ध्वंस करनारा श्री सिद्ध-भगवंतोमां परस्पर भेद जोवायो नथी, तेम भवस्थितिना ध्वंसमां उद्यमशील एवा आचार्य, उपाध्याय अने साधु वच्चे पण परमार्थथी भेद नथी ॥ ६ ॥

जे चराचर जगतनो आधारभूत कहेलो छे एवो केवलि-भाषित धर्म मने परम शरण हो ॥ ७ ॥

१. मेऽस्तु सा. ख. ग. हि. ।

ज्ञान-दर्शन-चारित्र-त्रयी-त्रिपथगोर्मिभिः ।
भुवन-त्रय-पावित्र्य-करो धर्मो हिमालयः ॥ ८ ॥
नानादृष्टान्त-हेतूक्ति-विचार-भर-बन्धुरे ।
स्याद्वाद-तत्त्वे लीनोऽहं, भग्नैकान्तमत-स्थितौ ॥ ९ ॥
5 नवतत्त्व-सुधा-कुण्डगर्भो गाम्भीर्य-मन्दिरम् ।
अयं सर्वज्ञ-सिद्धान्तः, पातालं प्रतिभाति मे ॥ १० ॥
सर्व-ज्योतिष्मतां मान्यो, मध्यस्थ-पदमाश्रितः ।
रत्नाकरावृतोऽनन्तालोकः श्रीमान् जिनागमः ॥ ११ ॥
स्थानं सुमनसामेकं स्थास्नुर्लोकद्वयोरपि ।
10 विनिद्र-शाश्वत-ज्योतिर्भाति गौः परमेष्ठिनः ॥ १२ ॥
श्रीधर्मभूमीश्वर-राजधानी, दुष्कर्म-पाथोज-वनी-हिमानी ।
सन्देह-सन्दोह-लता-कृपाणी, श्रेयांसि पुष्णातु जिनेन्द्र-वाणी ॥ १३ ॥
एवं नमस्कृति-ध्यान-सिन्धु-मग्नान्तरात्मनः ।
आममृत्कुम्भवत्सर्व-कर्मग्रन्थिर्विलीयते ॥ १४ ॥

15 धर्मरूपी हिमालय पर्वत ज्ञान, दर्शन अने चारित्र ए रत्नत्रयीरूप गंगा नदीना तरंगो वडे त्रण भुवनने पवित्र करनारो छे ॥ ८ ॥

विविध प्रकारना दृष्टान्तो, हेतुओ, सुवचनो अने सुंदर विचारणाओना समूहथी मनोहर अने भग्न कराई छे एकान्त मतोनी स्थिति जेना वडे एवा स्याद्वाद तत्त्वमा हु लीन थयो छु ॥ ९ ॥

नवतत्त्वरूपी अमृतनो कुंड जेना गर्भमां छे एवो अने गाम्भीर्यना मन्दिर समान आ सर्वज्ञ 20 सिद्धान्त मने पाताल जेवो ऊंडो प्रतिभासे छे ॥ १० ॥

मध्यस्थ (रागद्वेषरहित) भावने आश्रित होवाथी, सुवचनरूप रत्नोनी खाणोथी व्याप्त होवाथी अने अनंत प्रकाशवाळो होवाथी श्री जिनागम सर्व बुद्धिमान पुरुषोने मान्य छे ॥ ॥ ११ ॥

पवित्र मनवाळा पुरुषोनो एकमेव आधार, बन्ने लोकमा स्थायी अने विकस्वर शाश्वत ज्योतिरूप श्री जिनवाणी शोभे छे ॥ १२ ॥

25 श्री धर्मरूपी राजानी राजधानीरूप, दुष्कर्मोरूपी कमळना वनने बाळी नाखवामा हिमना समूहरूप अने संदेहना समूहरूप लताने छेदवामा कुहाडी समान जिनेश्वरनी वाणी अमारा कल्याणनु पोषण करो ॥ १३ ॥

आ प्रमाणे नमस्कारना ध्यानरूप समुद्रमा जेनो अंतरात्मा मग्न थयेलो छे, तेनी बधी कर्मरूपी गांठो काचा माटीना घडानी जेम विलय पामे छे ॥ १४ ॥

---

30 १. द्वयोपरि क. ग. घ. हि. ।

श्री-ह्री-धृति-कीर्त्ति-बुद्धि-लक्ष्मी-लीला-प्रकाशकः ।
जीयात् पञ्च-नमस्कारः, स्वःसाम्राज्य-शिवप्रदः ॥ १५ ॥
'सिद्धसेन'-सरस्वत्या, सरस्वत्यापगातटे ।
'श्रीसिद्धचक्र(नमस्कार) माहात्म्यं,' गीतं श्रीसिद्धपत्तने ॥ १६ ॥

इति श्रीसिद्धसेनाचार्यविरचिते श्रीनमस्कारमाहात्म्ये अष्टमः प्रकाशः समाप्तः ॥ 5

श्री, ह्री, धृति, कीर्ति, बुद्धि अने लक्ष्मीनी लीलाने प्रकाश करनार (आपनार) तथा स्वर्गनुं साम्राज्य अने मोक्षने आपनार पंच-नमस्कार मत्र निरतर जयवत रहो ॥ १५ ॥

श्री सरस्वती नदीने काठे आवेल श्री सिद्धपुर नगरमां श्री सिद्धसेनसूरिनी वाणीए आ श्री सिद्धचक्रनुं (नमस्कारनु) माहात्म्य गायु छे ॥ १६ ॥

परिचय 10

श्री 'नमस्कार माहात्म्य 'नी एक पुस्तिका श्री केसरबाई ज्ञानमंदिर, पाटण, तरफथी प्रकाशित थयेली छे। तेमा मूल अने भावार्थ बने छे। तेनु संपादन प. पू. पं. श्री कान्तिविजयजी गणिवरे करेल छे। ए पुस्तिकाने सामे राखीने प्रस्तुत संदर्भ तैयार करेल छे।

आ कृतिना रचयिता श्री सिद्धसेनसूरि छे। तेओ अंतिम श्लोकमा कहे छे के "सरस्वती नदीना तीरे सिद्धपत्तन (सिद्धपूर-पाटण) नगरमां आ 'नमस्कार माहात्म्य' श्री सिद्धसेनसूरिनी वाणीए गायुं हतुं।" 15

आ ग्रथनी रचना स्वय कही आपे छे के तेना निर्माता कोई महान ज्योतिर्धर महापुरुष होवा जोईए, ते विना आवी श्रद्धारसनी महानदी समी आ कृतिनो प्रभव अशक्य छे। साहित्य, अध्यात्म, योग वगेरेनी दृष्टिए आ रचना स्वय परिपूर्ण भासे छे।

आ ग्रथना कर्ता विषे अधिक जाणवामां आव्यु नथी। संभव छे के आ सिद्धसेनसूरि ते सिद्धसेन दिवाकर अथवा श्री तत्त्वार्थाधिगमसूत्रनी 'सिद्धसेनी' टीकाना कर्ता श्री सिद्धसेनाचार्य होवा जोईए। 20

जाणे अष्टकर्मने छेदवा माटे ज न बनाव्या होय एवा आठ प्रकाशोमा आ कृति रचायेली छे। प्रथम प्रकाशमां ग्रंथनुं मगल अने नवकारनु प्रथम पद, द्वितीय प्रकाशमां द्वितीयपद, तृतीयमां तृतीय, चतुर्थमां चतुर्थ अने पचममा पचमपद गवायु छे। अतिम चार प्रकाशोमां नवकारने लगता अन्य सर्व विषयोने संक्षेपवामां आव्या छे।

आ कृतिनी अनेक विशेषताओ छे। तेमानी एक विशेषता ए छे के नवकारना प्रथम ३५ 25 अक्षरोमांना प्रत्येक अक्षर पर ए कृतिमां स्वतत्र चिंतन छे।

नमस्कार-मंत्रने संक्षेपमा जाणवा इच्छनाराओ माटे आ कृति अत्यंत उपयोगी छे।

[६०–१५]

श्रीजिनप्रभसूरिरचिता

पञ्चनमस्कृतिस्तुतिः

[अनुष्टुप् छन्दः]

5 प्रतिष्ठितं तमःपारे, पारेवाग्वर्त्तिवैभवम् ।
प्रपञ्चं वेधसः 'पञ्च-नमस्कार'मभिष्टुमः ॥ १ ॥
अहो! पञ्चनमस्कारः, कोऽप्युदारो जगत्सु यः ।
सम्पदोऽष्टौ स्वयं धत्ते, दत्तेऽनन्ताः[1] स्तुतः सताम् ॥ २ ॥
दत्तेऽनुकूल एवान्यो, भुक्तिमात्रमपि प्रभुः ।
10 एष पञ्चनमस्कारः, प्रतिलोम्येऽपि[2] मुक्तिदः[3] ॥ ३ ॥
नमस्कारनरेन्द्रस्य, किमपि प्राभवं[4] स्तुमः ।
यदीयफूत्कृतेनाऽपि, विद्रवन्ति द्विषः क्षणात् ॥ ४ ॥
सिद्धयोऽप्यणिमाद्यास्ता, नमस्कारमधिष्ठिताः ।
सप्तषष्ट्यक्षरात्माऽपि[5], यदसौ प्रणवेऽविशत् ॥ ५ ॥

15 ## अनुवाद

अंधकारनी पेले पार रहेला (प्रकाशरूप), वाणीमां रहेली शक्तिथी पर (एटले—जेनुं वर्णन करवामां वाणी असमर्थ छे) अने ब्रह्म(ज्ञान)ना विस्ताररूप (?) पंच-नमस्कारनी अमे स्तुति करीए छीए ॥ १ ॥

अहो! (आ) पंचनमस्कार त्रण जगतमां कोई अद्वितीय उदार छे, जे स्वयं आठ संपदाओ (विश्राम-स्थानो) ने धारण करे छे, (पण) स्तुति करायेलो ते (पच-नमस्कार) सज्जनोने अनन्त संपदाओ आपे छे ॥ २ ॥

20 बीजो स्वामी अनुकूळ (प्रसन्न) थाय तो ज केवळ भुक्ति-भोग मात्रने आपे छे। (ज्यारे) आ पंच-नमस्कार प्रतिलोमे (व्युत्क्रमथी—पश्चानुपूर्वीथी गणवा छता) पण मुक्तिने आपनार छे ॥ ३ ॥

नमस्काररूपी महाराजाना महिमानुं अमे केटलु वर्णन करीए के (नमस्कार नरेन्द्रना ते अनिर्वचनीय महिमाने अमे स्तवीए छीए के) जेना फूत्कारमात्रथी शत्रुओ एक क्षणमां नाश पामे छे ॥ ४ ॥

ते (अत्यन्त विख्यात) अणिमादि (आठ) सिद्धिओ पण नमस्कार(मंत्र)मां अधिष्ठित छे। तेथी 25 सड(अड)सठ अक्षरवाळो होवा छतां पण आ मंत्र प्रणव-ओंकारमां समाई गयो छे ॥ ५ ॥

१. °नन्तास्तु ताः सताम् J । २. °लोम्योऽपि H । ३. बद्धमोक्षमित्याम्नायः । ४. माहात्म्यम् । ५. अष्टषष्ट्य° J ।

शिरस्त्रादिधिया धीरैः, स्वाङ्गदेशनिवेशिता [6] ।
नमस्कृतेर्नवपदी, कटरे(?) वज्रपञ्जरः ॥ ६ ॥
वर्ण्यतां श्रीनमस्कारात्, कार्मणं किमतोऽधिकम् ? ।
यत्सम्प्रयोगतः पांशुरपि मंवनयेज्जगत् ॥ ७ ॥
नमस्कारं स्तुमः सिद्धं, यत्पदस्पर्शपूतया । 5
प्रत्याच्छादितसर्वाङ्गः, शान्तिमासादयेज्ज्वरी ॥ ८ ॥
नववर्णी नमस्कृत्य, कृती प्रतिपदं जपेत् ।
विधत्ते विविधाऽनिघ्नविघ्नाऽविग्रहनिग्रहम् ॥ ९ ॥
कर्णिकाष्टदलाढ्ये हृत्पुण्डरीके निवेश्य यः ।
ध्यायेत् पञ्चनमस्कारं, संसारं मंन्तरेत्तराम् ॥ १० ॥ 10

धीर-पुरुषोए नमस्कारना नव पदो (वज्रपजर-स्तोत्रमा बताव्या मुजब) शिरस्त्राण वगेरेना बुद्धिथी पोताना शरीरना जुदा जुदा भागोमा स्थापेला छे । आनी आगळ वज्रनुं पाजरुं पण शुं (शा कामनु) ?

(आ रीते पण न्यास करी शकाय:—प्रथम पद 'नमो अरिहताण' बोलतां मस्तक परनी चोटलीना भाग उपर हाथ फेरववो, ए ज प्रमाणे—बीजु पद बोलतां कपाळ उपर, त्रीजुं पद बोलता जमणा काने, चोथु पद बोलता खाडो-आख उपर, पाचमु पद बोलता जमणा कानने, छट्ठु पद बोलता जमणा 15 शखे—-ललाटना जमणा खुणामां अने बाकीना पदो वखते शेप विदिशाओमा हाथ फेरववो) ॥ ६ ॥

कहो, श्रीनमस्कार (मत्र) थी वधीने बीजु कयु मोटुं कामण छे ? जेना विधिपूर्वक सयोगथी धूळ पण जगतने वश करी शके छे (अर्थात नमस्कार-मंत्रना सयोगथी सिद्ध करेली धूळमा पण विश्वने वशी-करण करवानु सामर्थ्य छे) ॥ ७ ॥

ते सिद्धनमस्कारनी अमे स्तुति करीए छीए (मत्रोद्धार—"नम. सिद्धम ।") के जे मत्रना पद- 20 स्पर्शथी पवित्र थयेली कामळवडे (पोतानां) सर्व-शरीरने ढाकी देनार तावबाळो (माणस) शान्तिने पामे छे । (अर्थात सिद्ध नमस्कार गणीने ओढेला वस्त्रथी गमे तेवो ताव शांत थाय छे) ॥ ८ ॥

नववर्णी–'नमो लोए सव्व साहूण' पदने नमस्कार करीने ए पदरूप मत्रने पगले पगले (प्रतिक्षण) जपतो एवो धर्मी (पुण्यवान) पुरुष आवनारा विघ्नोने विग्रह (लडाई) विना सहेलाईथी रोकी शके छे (?) ॥ ९ ॥ 25

कर्णिका सहित आठ पत्रवाळा हृदय-कमळमा पचनमस्कार (ना नवपद) ने स्थापन करीने जे ध्यान करे ते संसारने शीघ्रतः तरी जाय छे ॥ १० ॥

---

६. प्रथमं पदं शिखायाम्, द्वितीयं भाले, तृतीयं दक्षिणकर्णोपरि, चतुर्थमवटौ, पञ्चमं सव्यश्रवणे षष्ठं दक्षिणशङ्खे—इत्यादिदिक्षु ।

७. संयोगतः वालुकाऽपि वशीकुरुते । ८. नुमः J । ९. सुधीः J । १०. स तरेत्तराम् । 30

सप्त[11]षष्टि-[12]पदैर्वश्ये, वर्णमालिख्यते च यत् ।
क्रमादावर्चयन् सम्यगेति शातैं(शान्ते)र्निशान्तताम् ॥ ११ ॥
आद्याक्षराण्यपीष्टार्थसिद्ध्यै स्युः परमेष्ठिनाम् ।
बिन्दुरप्यमृत(तं) किं न, नाशयेद् विषविक्रियाम् ॥ १२ ॥
5 कराङ्गुलीषु विन्यस्या[13]र्हदादीन् ध्यानमानयन् ।
[14]प्रत्यूहपन्नगव्यूहव्यपोहे गरु[15]डायते ॥ १३ ॥
गुरून् पञ्च क्रमाद् ध्यायन्, मुद्रया परमेष्ठिनाम् ।
गूढप्ररूढमचिरात् [16]कर्मग्रन्थिं विमोचयेत् ॥ १४ ॥
षोडशाक्षरमा[17]नं(?) श्रद्धापरमः परमेष्ठिनाम् ।
10 प्राणी प्रणिदधानोऽप्युप[18]वासफलमेधते ॥ १५ ॥

नमस्कार महामन्त्र—सड(अड)सठ अक्षरो अथवा पदो वश्यादिने उद्देशीने जे (रक्तादि) वर्णमां आलेखवामां आवे ते वर्ण मुजब वश्यादि कृत्य थाय छे। वशीकरण द्वारा वश बनीने ते पग वगेरेने पूजतो आवे छे (आवीने पगे पडे छे) अने शान्तिनु धाम बनी जाय छे—शान्त बनी जाय छे ॥ ११ ॥

परमेष्ठिओना प्रारभना अक्षरो (एटले अरिहंतनो **अ**, सिद्धनो **सि**, आचार्यनो **आ**, उपाध्यायनो 15 **उ** अने साधुनो **सा**—**असिआउसा**) पण इच्छित वस्तुनी प्राप्ति माटे थाय छे। शु बिन्दु (जेटलुं) पण अमृत झेरनी विक्रियानो नाश नथी करतु ? अर्थात् करे ज छे ॥ १२ ॥

पांचे पदो बोलतां क्रमशः बन्ने अंगूठा वगेरेना संयोगथी अरिहंतादिनुं करागुलीओमा न्यास करीने अरिहतादिनु ध्यान करतो पुण्यात्मा विघ्नरूप सर्पसमूहने विषे गरुडरूप थाय छे ॥ १३ ॥

परमेष्ठिमुद्रावडे अनुक्रमे पाच (अरिहतादि) गुरुओनु ध्यान करतो (आत्मा) गूढ अने वधेली (दृढ 20 मूलवाळी) कर्मग्रन्थिने शीघ्र छोडी नाखे छे। (मत्रशास्त्रनी दृष्टिए १०८ जापथी बीजाए करेल कामणरूप ग्रथि—बन्धनने छोडी नाखे छे) ॥ १४ ॥

अत्यन्त श्रद्धावाळो आत्मा परमेष्ठिओना सोळ अक्षरवाळा (अ—रि—ह—त—सि—द्ध—आ—य—रि—य—उ—व—ज्झा—य—सा—हु) मंत्रनुं ध्यान करवाथी एक उपवासना फळने पामे छे* ॥ १५ ॥

११. °षष्टी पदे° J। १२. कोष्ठकेषु।

25 १३. पञ्चस्वपि पदेषु क्रमेणाङ्गुष्ठद्वयादिसंयोगः। १४. विघ्न°। १५. °नैव तीर्यते। १६. १०८ जापेन परकृतदुष्टकार्मणग्रन्थिभेद·। १७. 'अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहु' इत्यक्षराण्यष्टदलकमले सकर्णिके नवपदीं जपन् वा चतुर्थफलमश्नुते। शतानि त्रीणि षड्वर्णं (अरिहंत सिद्ध) चत्वारि चतुरक्षरं (अरिहंत)पञ्च(अ्राऽ)वर्णं जपन् योगी चतुर्थफलमश्नुते। १८. °नोऽप्यौपवस्त्रफल° J।

* अर्थात् बसो वार ए सोळ अक्षरोने कर्णिकासहित एवा कमळमा अरिहंतादि नवपदोने स्थापीने अथवा त्रणसो 30 वार छ वर्णवाळो 'अरिहत सिद्ध' एवो मंत्र, अथवा चारसो वार चार वर्णवाळो 'अरिहंत' एवो मत्र, अथवा पाचसो वार 'अ(ऽ)' वर्णने जपतो योगी एक उपवासनु फळ मेळवे छे। आ तो स्थूळ फळ छे, खरी रीते तो ते स्वर्ग के अपवर्गने पण पामे छे।

विद्युज्जलाग्निभूपाल-व्याल-चौरारि-मारिजम् ।
भयं वञ्चयते पञ्चनमस्कारं च संस्मरन् ॥ १६ ॥
आराध्य विधिवत् पञ्चनमस्कारमुदारधीः ।
लक्षजापेन पापेन, मुक्तं आर्हन्त्यमश्नुते ॥ १७ ॥
ऐहिकं फलमीप्सूनामष्टकर्म्मप्रसाधिनी ।
मुक्त्यर्थिनां च स्यादेषैवाष्टकर्म्मनिषेधिनी ॥ १८ ॥

पंच-नमस्कारने सारी रीते स्मरण करनारो वीजळी, पाणी, अग्नि, राजा, हिंसक पशु, चोर, शत्रु अने मरकीथी उत्पन्न थता भयने दूर करे छे (अर्थात्—

'थमेइ जल जलण चिंतिय मित्तो वि पचनवकारो।
अरि-मारि-चोर-राउल-घोरुवसग्ग [अमुगस्स मम वा] पणासेइ ॥ स्वाहा ॥'

- आ मंत्रने चदनकर्पूरवडे लींपेली भूमि पर मूकेली (?) एक वही उपर लखवो। तेनी नीचे अरिहंत वगेरे पाच टिक्किका-चिह्नो करीने पछी प्रथम नवकारनु स्मरण करवु अने ते पछी 'थमेइ०' गाथानो प्रतिदिन १०८ वारनो अक्षतवडे जाप २१ दिवस करता ए प्रकारना भयो नडता नथी।) ॥ १६

5 'ॐ णमो अरिहंताणं अरे अरिणे अमुकं मोहय मोहय स्वाहा।' खटिकया श्रीखण्डेन वा इदं यन्त्रं लिखित्वाऽमुना मन्त्रेण श्वेतपुष्पैः श्वेताक्षतैर्वा जपेत्। यमाश्रित्य जपः क्रियते स वशीभवति। एतद्-यन्त्रमध्ये चात्मानमात्मना दीयते। ततः संध्यायेत्। पूर्वाशाभिमुखं पूर्वं पूर्वदलादारभ्याद्याक्षरं मन्त्रं जपेत् ११००। ततः आग्नेयदलादारभ्यामुमेव मन्त्रं जपेत् ११००। एवमन्यदलेष्वपि यावदीशानदलम्। एवमष्टरात्रं जपे कृते दुष्टव्यन्तरादिसर्वप्रत्यूहशान्तिः।

10 [६०] धर्मद्रुहो व्यन्तरस्योच्चाटनमन्त्रः—

'ॐ णमो आयरियाणं आइरियाणं फट्।' इत्यनेन धर्मद्रुहो व्यन्तरस्योच्चाटनम्।

[६१] वादजयार्थको मन्त्रः—

'ॐ हं सः ॐ ह्रीँ अर्हँ ऐँ श्रीँ असिआउसा नमः।'

एतन्मन्त्रं विवादविषये जयं करोति।

15 [६२] दाहशान्तिमन्त्रः—

'ॐ नमो ॐ अर्हँ अ सि आ उ सा नमो अरहंताणं नमः।'

हृदयकमले १०८ जपादुपवासफलम्। एतेन जलेन पानीयं मन्त्रितं कृत्वाऽग्नेर्वा दावानलस्याग्रे रेखां दद्याद् दाहशान्तिर्भवति॥

[६३] सर्वत्र जयार्थको मन्त्रः—

20 'ॐ ह्रीँ अर्हँ असिआउसा अनाहतविज्ञा(द्या)यै अर्हँ नमः।'

प्रतिदिन त्रिकालमष्टोत्तर[शत]जपः, सर्वत्र जयो भवति।

[६४] सर्पभयनाशनमन्त्रः—

'ॐ नमो सिद्धाणं पंचेणं पंचेणं।' एतेन दीपरात्रिदिने गुणिते यावज्जीवं सर्पभयं (यो) नो भवेत्।

25 [६५] सर्वकार्यसिद्धिमन्त्रः—

'ॐ ह्रीँ श्रीँ क्लीँ क्रौं ब्लुँ अर्हँ नमः।' इदं मन्त्रं जपतः सर्वकार्याणि साधयति।

[६६] शत्रुवशीकरणमन्त्रः—

'ॐ ह्रीँ श्रीँ अमुकं दुष्टं साधय साधय असिआउसा नमः।'

दिनानामेकविंशत्या, जपश्चाष्टोत्तरं शतम्।

30 यं शत्रुं च समुद्दिश्य, करोति पक्षं...तरेः (?)॥

[६७] सर्वसिद्धिकारकमन्त्रः—

'ॐ अरिहंताणं सिद्धाणं आयरियाणं उवज्झायाणं साहूणं नमः सर्वसमीहितसिद्धिं कुरु कुरु स्वाहा।'

जपनादयुतस्यैव सर्वसिद्धिर्भवेन्ननु॥

[६८] कर्मक्षयार्थको मन्त्रः—　　5

'ॐ ह्रीँ अर्हँ अनाहतविद्यायै नमः।' अथवा—'असिआउसा अनाहतविद्यायै नमः।' इति कर्मक्षयः।

[६९] शुभाशुभादेशको मन्त्रः—

'ॐ नमो अरिहओ भगवओ बाहुबलिस्स पण्हसव(म)णस्स अमले विमले निम्मलनाणपयासणि, ॐ नमो सव्वं भासई अरिहा सव्वं भासई केवली एएणं सव्ववयणेण सव्वं सच्चं होउ मे स्वाहा।' 10

इत्यात्मानं शुचिं कृत्वा, बाहुयुग्मेन संजपन्।
संपूज्य कायोत्सर्गेण, जिनं वक्ति शुभाशुभम॥

[७०] सर्वसिद्धिप्रदो मन्त्रः—

'ॐ ह्रीँ णमो अरहंताणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा।'

अयं मन्त्रो बुधेन शुचिना प्रातः सन्ध्यायां द्वात्रिंशद्वारं स्मरणीयः, सर्वसिद्धिप्रदः।　　15

[७१] प्रणवचक्रध्यानं, तत्फलं च—

कर्णिकायामोमिति मूर्ध्नि ह्रीँ णमो अरिहंताणं इति सर्वतो भू-जलपुरयुतं चक्रं प्रणवाख्यं च कथ्यते।

ध्यानात् कर्मक्षयं चाऽऽशु, कुरुते वश्यवश्यकम्॥

[७२] ज्वराद्युत्तारणमन्त्रः—　　20

'ॐ ऐँ ह्रीँ नमो लोए सव्वसाहूणं।' इत्यनेनाभिमन्त्रितपछ्यमा(पटा)च्छादनादेकाहिकं द्व्याहिकं त्र्याहिकं चातुर्थ(हि)कं दुष्टवेला-ज्वरादिकं नाशयति।

[७३] ग्रहाणां शान्तिकरमन्त्राः—

'ॐ णमो अरिहंताणं', जापस्त्वयुतसम्प्रमः।
चन्द्रदोषं हरेदेतद्, लघौ होमो दशांशकः॥ १॥　　25
'ॐ णमो सिद्धाणं' इत्येतज्जप्तं त्वयुतप्रमम्।
सूर्यपीडां हरेदेतत्, क्रूरे होमो दशांशकः॥ २॥
'ॐ ह्रीँ णमो आयरियाणं' जप्तं त्वयुतसंप्रमम्।
गुरुपीडां हरेदेतद्, दुःस्थिते तद्दशांशकम्॥ ३॥
ॐ ह्रीँ णमो उवज्झायाणं' जप्तं त्वयुतसंमितम्।　　30
बुधपीडां हरेदेतत्, क्रूरे होमो दशांशकः॥ ४॥

'ॐ ह्रीँ णमो लोए सव्वसाहूणं' जप्तं त्वयुतसंप्रमम्।
शनिपीडां हरेदेतत्, क्रूरे होमो दशांशकः ॥ ५ ॥
'ॐ ह्रीँ णमो अरहंताणं' जप्तं दशसहस्रकम्।
शुक्रपीडां हरेदेतत्, क्रूरे होमो दशांशकः ॥ ६ ॥
'ॐ ह्रीँ णमो सिद्धाणं', जप्तं दशसहस्रकम्।
मङ्गलव्याधिहरणे, क्रूरे स्याच्च दशांशकः ॥ ७ ॥
'ॐ ह्रीँ णमो लोए सव्वसाहूणं' जाप्यं दशसहस्रकम्।
राहु-केतुद्वये ज्ञेयं, क्रूरे होमो दशांशकः ॥ ८ ॥

[७४] रक्षामन्त्रः—

'ॐ ह्रीँ नमो अरिहंताणं पादौ रक्ष रक्ष।'
'ॐ ह्रीँ नमो सिद्धाणं कटिं रक्ष रक्ष।'
'ॐ ह्रीँ नमो आयरियाणं नाभिं रक्ष रक्ष।'
'ॐ ह्रीँ नमो उवज्झायाणं हृदयं रक्ष रक्ष।'
'ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं कण्ठं रक्ष रक्ष।'
'ॐ ह्रीँ एसो पंच नमस्कारो (णमोक्कारो) शिखां रक्ष रक्ष।'
'ॐ ह्रीँ सव्वपावप्पणासणो आसनं रक्ष रक्ष।'
'ॐ ह्रीँ मंगलाणं च सव्वेसिं पढमं होइ † मंगलं आत्मवक्षः
परवक्षः रक्ष रक्ष।' इति रक्षामन्त्रः ॥

[७५] सकलीकरणमन्त्राः

'ॐ नमो अरिहंताणं नाभौ।' 'ॐ नमो सिद्धाणं हृदये।' 'ॐ नमो आयरियाणं कण्ठे।' 'ॐ नमो उवज्झायाणं मुखे।' 'ॐ नमो लोए सव्वसाहूणं मस्तके। सर्वाङ्गेषु मां रक्ष रक्ष हिलि हिलि मातङ्गिनी स्वाहा।' इति सकलीकरणमन्त्राः।

[७६] 'ॐ णमो अरिहंताणं स्वाहा'—इति शान्तौ।
[७७] 'ॐ णमो अरिहंताणं स्वधा'—पुष्टौ।
[७८] 'ॐ णमो अरिहंताणं वषट्'—वश्ये।
[७९] 'ॐ णमो अरिहंताणं वौषट्'—आकृष्टौ।
[८०] 'ॐ णमो अरिहंताणं ठः ठः'—स्तम्भने।
[८१] 'ॐ णमो अरिहंताणं हूँ'—विद्वेषे।
[८२] 'ॐ णमो अरिहंताणं फट् स्वाहा'—उच्चाटने।

† 'हवइ' पाठान्तरम्।

[८३] 'ॐ णमो अरिहंताणं घेघे'—मारणे ।

*इत्यष्टौ मन्त्रास्तेजोऽग्निप्रियायुतसंपुटरीत्या पृथग्भूत्य जप्याः। एवमेव—ॐ णमो सिद्धाणं स्वाहा-*स्वधादियोज्यम्। एवमेव सूराबुपाध्याये साधौ योज्याः। एवं (८×५=) चत्वारिंशन्मन्त्रा यथेच्छं जप्याः।

[८४] तर्पणमन्त्राः—

"ॐ नमोऽर्हद्भ्यः स्वाहा। ॐ नमः सिद्धेभ्यः स्वाहा। ॐ नमः आचार्येभ्यः स्वाहा। ॐ [नमः] उपाध्यायेभ्यो स्वाहा। ॐ [नमः] सर्वसाधुभ्यः स्वाहा।"—इति तर्पणमन्त्राः।

[८५] होममन्त्राः—

"ॐ ह्राँ अर्हद्भ्यः स्वाहा, ॐ ह्रीँ सिद्धेभ्यः स्वाहा, ॐ ह्रूँ आचार्येभ्यः स्वाहा, ॐ ह्रौँ उपाध्यायेभ्यः स्वाहा, ॐ ह्रः सर्वसाधुभ्यः स्वाहा।"—इति होममन्त्राः।

[८६] शाकिनी निवारणमन्त्रः—

'ॐ णमो अरिहंताणं भूत-पिशाच-शाकिन्यादिगणान् नाशय हुं फट् स्वाहा।'

१०८ जप्तोऽयं मन्त्रः शाकिन्यादीन् विनाशयति। अथवा चैकं साष्टपत्रं पद्मं चिन्तयेत्। तत्र कर्णिकायामाद्यं तत्त्वं शेषाणि चत्वारि शङ्खावर्तविधिना संस्थाप्य ध्यानात् शाकिन्यादयो न प्रभवन्ति।

[८७] बुद्धिवर्धनमन्त्रः—

'ॐ णमो अरिहंताणं वद वद वाग्वादिनी स्वाहा।'

इत्यनेन मासं प्रति कङ्गुवस्तु (मालकाङ्गणीति प्रसिद्धं) चाभिमन्त्र्य मासं प्रति देयं चैवं षष्टिदिनप्रयोगे कृते बालस्य बुद्धिवृद्धिर्भवति।

[८८] सर्वकर्मकरमन्त्रः

'ॐ नमो अरिहंताणं, ॐ नमो सिद्धाणं, ॐ नमो आयरियाणं, ॐ नमो उवज्झायाणं, ॐ नमो लोए सव्वसाहूणं, ॐ नमो दंसणाय(स्स), ॐ नमो णाणाय(स्स), ॐ नमो चरित्ताय (स्स), ॐ ह्रीँ त्रैलोक्यवशंकरी ह्रीँ स्वाहा।'

चैकविंशतिवारं यद्, जप्त्वा ग्रन्थिश्च यस्य च।
दत्ते स हि वशी तस्य, भवति न च संशयः॥
पानीयं चाभिमन्त्र्यैवमुञ्जने नेत्ररोगिणः।
रोगपीडाहरं दत्तं, वा शिरोऽर्द्धशिरोऽर्तिषु॥

[आ पहेला विषय न. ६५—२० मां 'पंचनमस्कृतिदीपक' नामना ग्रथमांथी नमस्कार—मन्त्रो उद्धृत करवामा आव्या छे। तेमां ३९ मन्त्रो नीचे जे फलादेश आदि कह्यां छे तेनो अहीं अनुवाद आपवामा आवे छे.]

अनुवाद

आगमनां ग्रंथो भणवामां उद्यमशील मुनिने त्रण प्रकारनी केवली विद्याओ अने त्रण प्रकारनी पिशाची विद्याओथी गणित वगेरे विषयोमां सिद्धान्त संबंधि ज्ञान थाय छे ॥ १–६ ॥

आ अंगन्यास माटेनो मंत्र छे ।—आ पांचने करेलो नमस्कार सर्व पापोनो नाश करनारो छे । सर्व प्रकारनां मंगलोमां आ नमस्कार प्रथम मंगल छे ॥ ७ ॥

आ वज्रपंजर मंत्र छे–विपरीत कार्योमां अंगन्यास करवो अने शोभन कार्योमां वज्रपंजरनुं स्मरण करवुं । ते बन्नेथी रक्षा थाय छे ॥ ८ ॥

5 आ अपराजितविद्या छे । आ अनादिसिद्ध मंत्र चित्तने चमत्कार पमाडनारो छे । आ प्रकारे पंचांगी विद्यानुं ध्यान करनार कर्मनो क्षय करे छे ॥ ९ ॥

आ परमेष्ठिओनो बीज-मंत्र छे ।—अरिहंतनो अ, सिद्ध-अशरीरीनो अ, आचार्यनो आ, उपाध्यायनो उ अने मुनिनो म्, ए प्रकारे परमेष्ठीना पांच अक्षरोनी संधि करतां—अ+अ=आ+आ =आ+उ=ओ+म्=ॐकार निष्पन्न थाय छे । जैनेन्द्रव्याकरणनां सूत्रोथी तेनी सिद्धि थई छे ॥ १० ॥

10 आ षोडशाक्षरी विद्या छे—मन्त्रपदोमांथी निपजेली अने पांचे गुरुओना नाममांथी उत्पन्न सोळ अक्षरोथी शोभती महाविद्याने जगतना मनुष्योए नमस्कार करेल छे, तेनुं तुं स्मरण कर । बसो बार आ विद्यानु एकाग्र मनथी जाप करनार ध्यानी पुरुष इच्छा न करे तो पण उपवासना तपनुं फळ मेळवे छे ॥ ११ ॥

आ सत्तर अक्षरनी विद्या छे—आ विद्याथी मानवी वाणीमां वाद कुशळता मेळवे छे ॥ १२ ॥

15 आ त्रण देवोनी विद्या छे ॥ १३ ॥

आ छ अक्षरनी विद्या छे—ते दीक्षा आपता कहेवामा आवे छे ॥ १४ ॥

आ छ वर्णोथी उत्पन्न थयेली विद्या छे—आ अजेय अने पवित्र विद्यानो त्रणसो वार जाप करनार ध्यानी पुरुष एक उपवासनुं फळ मेळवे छे ॥ १५ ॥

आ चार वर्णात्मक मत्र छे–आ मत्र चार वर्ग–१ धर्म, २ अर्थ, ३ काम अने ४ मोक्षने 20 आपनारो छे । आ मंत्रनो चारसो वार जाप करनार योगी एक उपवासनुं फळ मेळवे छे ॥ १६ ॥

आ बे वर्णनो मंत्र छे ॥ १७ ॥

आ एकाक्षरी मंत्र छे—योगीओ सदा बिन्दु सहित ॐकारनु ध्यान करे छे । ते कामनाओने पूर्ण करनारो छे अने मोक्षने पण आपे छे, ते प्रणव-ॐकारने नमस्कार थाओ ॥ १८ ॥

अकारनु ध्यान अने तेनुं फळ—आदि मत्रना अरिहंत नामना अकारनो एकाग्रताथी पांचसो 25 वार जाप करनार एक उपवासनुं फळ मेळवे छे ॥ १९ ॥

आ पांच वर्णमयी विद्या छे । ते विद्या पंच तत्त्वथी उपलक्षित छे । श्रेष्ठ मुनिवरोए श्रुतस्कन्धमांथी ए विद्यानो बीजबुद्धियी उद्धार करेलो छे । बदीवानने छोडाववा माटे प्रथम मंत्र ह्रॉं अने शान्तिने माटे बीजो मंत्र ह्रीं दर्शावेलो छे । त्रीजो मंत्र ह्रूँ लोकोनुं मोहन करवा उपयोगमा लेवाय छे । चोथो मंत्र ह्रौं कर्म नाश माटे छे । ज्यारे पांचमो मंत्र ह्रः छये कर्मो माटे छे । ए पांचे मंत्रो मुक्तिने आपनारा 30 जणावेलाछे । पोताना मनने वश करीने त्रिसन्ध्य नियत-अभ्यास-जाप करवाथी साधक निःशंक थईने निगूढ एवा जन्मबंधनने जलदीथी छेदी नाखे छे ॥ २० ॥

आ विद्या मुक्तिने आपनारी छे—जे संयमी पुरुष एकाग्र बुद्धिथी निरंतरपणे मंगल, शरण अने उत्तम एवा अरिहंत, सिद्ध, साधु अने धर्म ए चार वर्गोनुं स्मरण करे छे ते मोक्षलक्ष्मीनो आश्रय करे छे ॥ २१ ॥

आ विश्वातिशायिनी विद्या छे—सिद्धिना महेलमां चडवा माटे आ तेर अक्षरोवाळी विश्वातिशायिनी विद्या छे, ते ए (महेल)ना पगथियां स्वरूप छे ॥ २२ ॥

ऋषिमंडलमंत्रराजनो आ मंत्र छे—जे भव्य पुरुष सत्तावीश वर्णोवाळो आ 'ऋषिमंडलमन्त्रराज'नुं ध्यान करे छे अने आठ हजार वार जाप करे छे ते पोतानां वांछितोने प्राप्त करे छे अने सर्व मनुष्योने अभीष्ट एवां इहपरलोकनां सुखोने मेळवे छे ॥ २३ ॥ 5

आ मूलत्रयी विद्या कहेवाय छे—ते वशीकरण, मोहन अने पुष्टि करनारी छे ॥ २४ ॥

'ॐ नमो अरिहंताणं' ए मंत्र माटेनी ध्यान प्रक्रिया बतावे छे—आठ दळमां आठ वर्णोथी शोभता अने चन्द्रमण्डलना आकारवाळा कमळनुं तुं मुखरूपी गुहामां स्मरण-ध्यान कर। "ॐ नमो अरिहंताणं" ए वर्णोने क्रमशः प्रत्येक पांदडी उपर ते (कमल)मां मूकवा जोईए। ते पछी (अकारादि) स्वरोवाळी अने सुवर्णना जेवी गौर वर्णवाळी कर्णिकानी केसरालीनुं स्मरण करवुं जोईए। जगतमां 10 शोभायमान एवी आ कर्णिका सुधाबीजपणाने पामो ॥ २५ ॥

ह्रीँकार मंत्रनी ध्यान प्रक्रिया बतावे छे—चन्द्रबिंबमांथी ऊगता पूर्ण चन्द्र समान अमृतबीज सदृश मायावर्ण ह्रीँकार धीमे धीमे नीचे आवी रह्यो छे एम ध्यान करवुं। पछी अत्यन्त विकसित, अति विस्तृत अने प्रभामण्डलनी मध्यमां रहेलो ह्रीँकार मुखकमलमां प्रवेशे छे अने मुखकमलनी कर्णिका उपर बिराजमान छे, एवु चिंतन करवु। वळी ते वर्ण जाणे मुखकमलना प्रत्येक पत्रमां भमतो होय, क्षणमां 15 (मुखमांना) आकाशमां विचरतो होय, मनना अंधकारने छेदतो होय, अमृतरसने झरतो होय, ताळवाना छिद्रमां पेसतो होय, भ्रूमध्यमा चमकतो होय अने जाणे ज्योतिर्मय होय, एवा अचिंत्य प्रभाववाळा ह्रीँकारनु मुनिए ध्यान करवु।

ॐ नमो अरिहंताणं अने ह्रीँकार ए बे मंत्रोनुं फळ:—

ॐ नमो अरिहंताणं ए आठ वर्णो अथवा ह्रीँनुं स्मरण करनार योगी विघ्नो नाश करे छे। एनो 20 जाप करता करता सकल शास्त्रनो पारगामी थाय छे। एनो निरंतर अभ्यास करतां छ मासमां मुखमां रहेली धुमाडानी दीवेट जूए छे। पछी एक वर्ष थता मुखमांथी महाज्वाळा नीकळती जूए छे। ते पछी सर्वज्ञनुं मुख जूए छे। ते पछी प्रत्यक्षरूपे सर्वज्ञने जूए छे ॥ २६ ॥

सात बीजवाळा मंत्रनुं ध्यान:—

ॐ ॐ ॐ ॐ ॐ ॐ ॐ ए प्रकारे सात बीज मंत्रोनुं ध्यान करनार सात प्रकारनी ऋद्धि 25 पामे छे। प्राचीन समयनी जेम आजे पण आपणा माटे ए जाप करवा योग्य छे। तेनुं मूळ एक ज छे। ते त्रण कुण्डलाकार वेष्टनथी युक्त छे। तेनी नीचे माया—ह्रीँकार पण (त्रण कुंडलाकारथी वेष्टित (?), ईकार अने बिंदुथी युक्त छे। आ नव अक्षरवाळुं बीज **अनाहत** कहेवाय छे। एनां ध्यानथी जे परब्रह्मरूप छे, अगम्य छे, अवाच्य छे एवुं सिद्धचक्र मुक्तिमां रहेलुं होवा छतां ते ध्येय विषय बने छे।

ए रीते 'ॐ' आदि जाप्यनुं वर्णन कर्युं। दरेकनी रुचि मुजब जाप्य (अरिहंतादि पदो) नाना 30 प्रकारना होवा छतां बधां एक ज छे कारण के परस्पर सदृश छे।

श्री नेमिचन्द्र सैद्धांतिके रचेला द्रव्यसंग्रहमां जणाव्युं छे के—

[अहींथी आगळ (द्रव्यसंग्रहमां) मंत्रवाक्यमां रहेल जे पदस्थ ध्यान, तेनुं विवरण करे छे—]

परमेष्ठीना वाचक—पांत्रीश, सोल, छ, पांच, चार, बे अने एक वर्णवाळा मंत्रोने तमे जपो अने तेनुं ध्यान करो। बीजुं गुरूपदेशथी समजो। (४९)

व्याख्या—णमो अरि०—०सव्वसाहूणं सुधीना आ पांत्रीश वर्णो (सर्वप्रद) (सर्वपापनाशक) कहेवाय छे। अरि०–साहू सुधीना सोळ अक्षरो 'नामपद' कहेवाय छे। अरिहंत सिद्ध—ए छ अक्षरो अरि-
5 हत अने सिद्धनां 'नामपद' कहेवाय छे। अ सि आ उ सा ए पांच अक्षरो 'आदिपद' कहेवाय छे। अरिहंत ए चार अक्षरो 'नामपद' छे। सिद्ध–ए बे अक्षरो सिद्धनां 'नामपद' छे। एक वर्णवाळो अ ए अक्षर अरिहतनु अथवा अर्हँनु 'आदिपद' छे। अथवा ॐ ए एक अक्षर पाच परमेष्ठीनु 'आदिपद' छे। ते केवी रीते, तो कहे छे के:—

अरिहत, अशरीरी–सिद्ध, आयरिय–आचार्य, उवज्झाय–उपाध्याय अने मुनिना प्रथम अक्षरोथी
10 निष्पन्न थयेलो ॐकार ए पंच परमेष्ठीनो वाचक छे।

उपर्युक्त गाथा प्रमाणे पांचे परमेष्ठीओना आदि अक्षरो अ+अ+आ+उ+म् नी व्याकरण-सूत्रोमा कहेल स्वरसंधि विधान मुजब संधि करतां ॐ शब्द निष्पन्न थाय छे। शा माटे आनो जाप करो अने ध्यान करो एम कहेवामां आवे छे? तो कहे छे के—प्रथम समग्र मत्रवादना पदोनी अंदर सारभूत एवां आ पदो आ लोक अने परलोकना इच्छितो पूरवामां समर्थ छे एम जाणवुं। ते पछी अनन्तज्ञान
15 आदि गुणोना स्मरणरूपे अने वचनथी उच्चारवडे जाप करवो।

वळी, शुभ उपयोगरूप त्रण गुप्तिवाळी अवस्थामां मौनपणे ध्यान करवु। 'अरिहत' वगेरे पदो वाचक छे अने अनन्तज्ञान आदि गुणोथी युक्त अरिहंत वाच्य–अभिधेय छे एम कहेवाय छे। पांचे परमेष्ठिओनु वाच्य-वाचक रूपे ध्यान करवुं।

बीजा पण बार हजार श्लोक प्रमाणवाळा 'पंच नमस्कार' प्रथमां बतावेल क्रम मुजब लघु
20 सिद्धचक्र, बृहत् सिद्धचक्र आदि देवपूजाना प्रकारो छे। तेने रत्नत्रयनी भेदाभेदथी आराधना करनार एवा सद्गुरुनी कृपाथी जाणीने तेनु ध्यान करवुं।

आ प्रकारे पदस्थ ध्यानना स्वरूपनु वर्णन कर्युं छे। 'द्रव्यसंग्रह' मूळ ग्रन्थ उपर 'ब्रह्मदेवे' रचेली व्याख्यामांथी आ विवरण अहीं आप्युं छे॥ २७॥

अगन्यास मत्र:—

25 तेनी सिद्धि माटे 'अ सि आ उ सा' ए वर्णो छे। अ नो नाभिकमलमा, सि नो मस्तकमां, आ नो कंठकमळमां, उ नो हृदयमां, सा नो मुख-कमलमा न्यास करवो। अथवा अ नो नाभिमां, सि नो मस्तकमा, आ नो कंठमा, उ नो हृदयमां अने सा नो मुखमां न्यास करवो॥ २८॥

ॐकार वगेरेनी ध्यानप्रक्रिया—

ॐ नमः सिद्धेभ्यः—एमां जे ॐकार छे तेनुं, तेमज ह्रीँ, अ, अर्हं वगेरे जे मत्रबीजो उपर
30 कहेवामा आवेलां छे तेमनु क्या—क्या स्थले स्मरण करवु जोईए? तो ते माटे आ रीते जणावे छे:—

बे आंखोमां, बे कानमां, नासिकाना अग्रभागमां, ललाट–भालस्थलमां, मुखमां, नाभिमां, मस्तकमा, हृदयमां, ताळवामा, अने बे भवांना अत भागमां (भ्रूमध्यमा)—(आ मंत्रबीजोनुं ध्यान करवु जोइए।)

ए प्रकारे निर्मळ बुद्धिवाळाओए शरीरमां ध्यानमां स्थानो कहेलां छे, ते पैकीना एक स्थानमां
35 नियत विषयमां चित्तने जोडवु जोईए॥ २९॥

ताव उतारवानो मंत्र—'ॐ नमो लोए सव्वसाहूणं' वगेरे पांचे पदोने ऊलटा क्रमे ॐकार तेम ज ह्रींकारपूर्वक बोलवा। ए प्रकारे मंत्रनो जाप करीने वस्त्रने गांठ देवी अने ते वस्त्र जेने ताव आवतो होय ते माणसने ओढाडी देवाथी ताव उतरी जाय छे, परंतु वस्त्र खास करीने नवु होवुं जोईए; एम कहेलुं छे ॥ ३० ॥

पिस्तालीश अक्षरनी विद्या—'ॐ ह्रीँ नमो अरि०' थी '०साहूणं' सुधीनी पिस्तालीश अक्षरोनी 5 आ विद्या छे। न संभळाय ए रीते एनो जाप करवो। दुष्ट मनुष्यो अने चोर वगेरेनुं संकट आवी पडतां, महा आपत्तिना स्थानमां शान्तिने माटे अथवा वरसाद लाववा माटे आ मत्रनो उपांशु जाप करवो जोईए। पांचे नामो (अरिहंतादि)ना आदि पदोनो ('अ सि आ उ सा' नो) पंचपरमेष्ठी मुद्रावडे जाप करतां समग्र क्षुद्र उपद्रवोनो नाश थाय छे अने कर्मनो क्षय थाय छे ॥ ३१ ॥

देवगणि विद्या (गणि विद्या)—ॐ अरिहंतथी नमः सुधीनो मंत्र ए देवगणि (गणिविद्या) 10 नामथी कहेवाय छे। तेनो सरस्वतीदेवीना मदिरमां १०८ वार जाप करवो। जाप कर्या पछी सर्व कार्योमां सिद्धि अने विजय आपे छे ॥ ३२ ॥

चोरनो भय दूर करवानो मंत्र—आ मत्रथी मंतरेला वस्त्रमा गांठ बाधवी। पछी गमे तेवा मोटा जंगलमां पण चोरनो भय लागतो नथी ॥ ३३ ॥

सर्प वगेरेनां झेर दूर करवानो मंत्र—आ मत्रथी सर्प वगेरेना विष नाश पामे छे ॥ ३४ ॥ 15

साप, वींछी, उदर वगेरेने दूर करवानो मंत्र—आ मंत्रथी साप, वींछी, उंदर वगेरे दूरथी नासी जाय छे ॥ ३५ ॥

बदीवानने मुक्त बनाववानो मत्र—पांचे पदोना वर्णोने ऊलटा क्रमे बोलवाथी—जाप करवाथी बदीवान छूटी जाय छे। बीजा कार्योमां आ मंत्रनो जाप न करवो। बीजां कार्योमां कारण विशेष बलवान होय छे, एवो न्याय छे। शान्तिकर्म वगेरे कार्यो, बंदीने छोडाववा रूप कार्यथी जुदा स्वरूपनां छे। 20 तेथी छूटो माणस बंधाई जाय अने बधायेलो छूटे एवुं आ मत्रनुं फळ छे (?) ॥ ३६ ॥

सर्वकर्मसमूहदायक मंत्र—आ कळियुगमां—पंचम काळमां पण आ मंत्र समग्र कृत्यकारी कर्मोनो समूह आपे छे। (अर्थात् एनाथी शांतिक, पौष्टिक, वशीकरण इत्यादि कार्यो थाय छे) ॥ ३७ ॥

परिचय

६४-१९ विभागमा जे परिचय आपेल छे ते ज प्रमाणे समजवो। 25

[६६–२१]

आत्मरक्षानमस्कारस्तोत्रम्

(अनुष्टुप्-वृत्तम्)

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम् ।
5 आत्मरक्षाकरं वज्रपञ्जराभं स्मराम्यहम् ॥ १ ॥
'ॐ नमो अरिहंताणं', शिरस्कं शिरसि स्थितम् ।
'ॐ नमो सव्वसिद्धाणं', मुखे मुखपटं वरम् ॥ २ ॥
'ॐ नमो आयरियाणं', अङ्गरक्षाऽतिशायिनी ।
'ॐ नमो उवज्झायाणं', आयुधं हस्तयोर्दृढम् ॥ ३ ॥
10 'ॐ नमो लोए सव्वसाहूणं', मोचके पादयोः शुभे ।
'एसो पंचनमुक्कारो', शिला वज्रमयी तले ॥ ४ ॥
'सव्व-पाव-प्पणासणो', वप्रो वज्रमयो बहिः ।
'मंगलाणं च सव्वेसिं', खादिराङ्गार-खातिका ॥ ५ ॥
'स्वाहा'न्तं च पदं ज्ञेयं, 'पढमं हवइ मंगलं'।
15 वप्रोपरि वज्रमयं, पिधानं देह-रक्षणे ॥ ६ ॥

अनुवाद

सारभूत, नवपदमय, वज्रना पाजरानी माफक आत्मरक्षा करनार एवा परमेष्ठि-नमस्कारनु हु ॐकारपूर्वक स्मरण करु छुं ॥ १ ॥

'ॐ नमो अरिहंताण' ए पद मस्तक पर रहेल शिरस्त्राण छे । 'ॐ नमो (सव्व) सिद्धाण' ए
20 पद मुख पर श्रेष्ठ मुखपट (मुख-रक्षक-वस्त्र) छे ॥ २ ॥

'ॐ नमो आयरियाणं' ए पद उत्तम अंग-रक्षा (कवच-बख्तर) छे, 'ॐ नमो उवज्झायाणं' ए पद बन्ने हाथोमां रहेलु मजबूत हथियार छे ॥ ३ ॥

'ॐ नमो लोए सव्व-साहूणं' ए पद बन्ने पगोनी पवित्र मोचक-पगनी रक्षा माटेनी गोठण सुधीनी मोजडीओ छे । 'एसो पंच-नमुक्कारो' ए पद तळीयामा रहेली वज्रमय शिला छे ॥ ४ ॥

25 'सव्व-पाव-प्पणासणो' ए पद बहारनो वज्रमय किल्लो छे, अने 'मगलाणं च सव्वेसिं' ए पद (किल्लाने फरती) खेरना अंगारावाळी खाई छे ॥ ५ ॥

'स्वाहा' अंतवाळुं एटले 'पढमं हवइ मगलं' (पढमं हवइ मगलं स्वाहा।) स्वाहा' ए पद शरीरनी रक्षा माटे किल्ला उपर रहेलुं वज्रमय ढांकण छे ॥ ६ ॥

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रव-नाशिनी।
परमेष्ठि-पदोद्भूता, कथिता पूर्वसूरिभिः ॥ ७॥
यश्चैवं कुरुते रक्षां, परमेष्ठि-पदैः सदा।
तस्य न स्याद् भयं व्याधिराधिश्चापि कदाचन ॥ ८॥

परमेष्ठिपदोथी बनेली आ रक्षा महाप्रभाववाळी छे, क्षुद्र उपद्रवोनी नाशक छे अने पूर्वाचार्योए कही छे ॥ ७॥

जे (जीव) परमेष्ठि-पदोवडे आ प्रमाणे सदा रक्षा करे छे, तेने क्यारेय भय, रोग अने मानसिक चिंताओ थती नथी ॥ ८॥

परिचय

आ स्तोत्र केटलाक प्रकाशनोमां प्रसिद्धि पाम्युं छे अने जैन समाजमां तेनो पाठ करवानो ठीक ठीक प्रचार छे। आ स्तोत्र 'बृहन्नमस्कारस्तोत्र' अथवा 'वज्रपञ्जर' नामे ओळखाय छे। आ स्तोत्रम-आठ पद्यो छे।

आ स्तोत्रनी बे हस्तलिखित प्रतिओ अमने मळी हती। एक प्रति, पूना-भांडारकर रिसर्च इन्स्टिटयूटना संग्रहनी प्रति नं० १८९५-९८ नी हती, ज्यारे बीजी प्रति लींबडी, शेठ आणंदजी कल्याणजीना हस्तलिखित भंडारनी प्रति नं. ७६५ नी हती। आ बंने प्रतिओने सामे राखी स्तोत्रनो मूल पाठ लेवामां आव्यो छे, ते स्तोत्र अमे अहीं अनुवाद साथे प्रगट कर्युं छे।

आ स्तोत्रना कर्ता विशे माहिती मळी नथी।

[६७-२२]

पञ्चपरमेष्ठिस्तवनम्

(वसन्ततिलका-वृत्तम्)

नम्राऽमरेश्वरकिरीटनिविष्टशोणा-
रत्नप्रभापटलपाटलिताङ्घ्रिपीठाः ।
'तीर्थेश्वराः' शिवपुरीपथसार्थवाहा,
निःशेषवस्तुपरमार्थविदो जयन्ति ॥ १ ॥

लोकाग्रभागभुवना भवभीतिमुक्ताः,
ज्ञानावलोकितसमस्तपदार्थसार्थाः ।
स्वाभाविकस्थिरविशिष्टसुखैः समृद्धाः,
'सिद्धा' विलीनघनकर्ममला जयन्ति ॥ २ ॥

आचारपञ्चकसमाचरणप्रवीणाः,
सर्वज्ञशासनधुरैकधुरन्धरा ये ।
ते 'सूरयो' दमितदुर्दमवादिवृन्दा,
विश्वोपकारकरणप्रवणा जयन्ति ॥ ३ ॥

अनुवाद

विनय सहित नमेला इन्द्रोना मुकुटमा जडेला अरुण रत्नोनी कान्तिना समूहथी अरुण वर्णवाळुं थयु छे पादपीठ जेमनु एवा, मोक्षपुरीना मार्गमा सार्थवाह समान तथा सम्पूर्ण वस्तुओना परम अर्थने जाणनारा 'तीर्थंकरो' जय पामे छे ॥ १ ॥

लोकना अग्रभाग पर छे निवास जेमनु एवा, संसारना भयोथी मुक्त, केवलज्ञानद्वारा समस्त पदार्थोना समूहने जाणनारा, स्वाभाविक, स्थिर तथा विशिष्ट प्रकारना सुखोथी समृद्ध अने विलीन थयो छे घनकर्मरूप मल जेमनो एवा 'सिद्धो' जय पामे छे ॥ २ ॥

ज्ञानादि पांच आचारोना परिपालनमां निपुण, जिन-शासननी धुराने वहन करवामा समर्थ, दुर्जेय एवा वादि-समूहनुं दमन करनारा अने विश्वपर उपकार करवामां कुशल एवा 'आचार्यो' जय पामे छे ॥ ३ ॥

सूत्रं यतीनतिपटुस्फुटयुक्तियुक्तं,
युक्ति-प्रमाण-नय-भङ्गगमैर्गभीरम् ।
ये पाठयन्ति वरसूरिपदस्य योग्या-
स्ते 'वाचका'श्चतुरचारुगिरो जयन्ति ॥ ४ ॥

सिद्ध्यङ्गनासुखसमागमबद्धवाञ्छाः, 5
संसारसागरसमुत्तरणैकचित्ताः ।
ज्ञानादिभूषणविभूषितदेहभागा,
रागादिघातरतयो 'यतयो' जयन्ति ॥ ५ ॥

अर्हतस्त्रिजगद्वन्द्यान्, त्रिलोकेश्वरपूजितान् ।
त्रिकालभावसर्व(सर्वभाव)ज्ञान्, त्रिविधेन नमाम्यहम् ॥ ६ ॥ 10

सर्वजगदर्चनीयान्, सिद्धान् लोकाग्रसंस्थितान् ।
अष्टविधकर्मसुक्तान्, नित्यं वन्दे शिवालयान् ॥ ७ ॥

पञ्चविधाचाररतान्, व्रत-संयमनायकान् ।
आचार्यान् सततं वन्दे, शरण्यान् भवदेहिनाम् ॥ ८ ॥

द्वादशाङ्गोरुपूर्वाख्य-श्रुतसागरपारगान् । 15
उपदेष्टृनुपाध्यायानुभयोः सन्ध्ययोः स्तुमः ॥ ९ ॥

जेओ साधुओने प्रमाण, नय, भंग अने गमो वडे गंभीर एवा सूत्र (श्रुत) ने अत्यन्त कुशळतापूर्वक तथा स्पष्ट युक्तिओ वडे भणावे छे, अने जेओ उत्तम एवा सूरिपदने योग्य छे, ते चतुर अने मधुर वाणीवाळा 'उपाध्यायो' जय पामे छे ॥ ४ ॥

सिद्धि-वधूना सुखकारक समागमनी दृढ अभिलाषावाळा, संसार-समुद्रने सारी रीते तरी 20 जवामां निपुण चित्तवाळा, ज्ञान-दर्शन-चारित्ररूप आभूषणोथी सुशोभित देहवाळा अने रागादि (दोषो) ने नाश करवानी प्रबल कामनावाळा 'साधुओ' जय पामे छे ॥ ५ ॥

त्रणे लोकने वंदन करवा योग्य, त्रणे लोकना अधिपति (इन्द्रो) वडे पूजित अने त्रणे कालना सर्व भावोने जाणनारा अरिहंतोने हुं मन-वचन-कायाथी नमस्कार करुं छुं ॥ ६ ॥

समग्र विश्वने पूजनीय, लोकना अग्रभागे रहेला, आठ प्रकारना कर्मोथी रहित अने कल्याणना 25 निकेतन रूप सिद्धोने हुं हंमेशा वंदन करुं छुं ॥ ७ ॥

पांच प्रकारना आचार (ने पाळवा) मां तत्पर, व्रत अने संयमना नायक अने संसारी प्राणीओने शरणरूप आचार्योने हुं निरंतर वंदन करुं छुं ॥ ८ ॥

बार अंग अने (चौद) महापूर्वरूपी श्रुतसमुद्रना पारगामी तथा उपदेश करनारा उपाध्यायोनी अमे बन्ने संध्याए स्तुति करीए छीए ॥ ९ ॥ 30

निर्वाणसाधकान् साधून्, सर्वजीवदयापरान्।
व्रत-शील-तपोयुक्तान्, वन्दे सद्गतिकाङ्क्षिणः ॥ १० ॥
एवं पञ्चनमस्कारः, सर्व पापप्रणाशनः।
मङ्गलानां च सर्वेषां, प्रथमं भवतु मङ्गलम् ॥ ११ ॥

---

5 मोक्षमार्गना साधनारा, सर्व जीवोनी दयामां तत्पर, व्रत, शील अने तपथी युक्त तथा सद्गतिने चाहनारा साधुओने हु वंदन करुं छु ॥ १० ॥

आ पंचनमस्कार सर्व पापोने नाश करनार अने बधा मगलोमां प्रथम-उत्कृष्ट मंगल थाओ ॥११॥

परिचय

आ स्तवन 'श्री श्रुतज्ञान अमीधारा' नामक पुस्तकमांथी लेवामा आव्युं छे, जेना संग्राहक प० पू० 10 पंन्यास श्रीक्षमाविजयजी गणिवर छे, अने जे निर्णयसागर प्रेसमां सन् १९३६ मां छपाईने प्रकाशित थयेल छे।

प्रारंभना पांच पद्यो वसन्ततिलकावृत्तमां छे अने अन्तिम छ पद्यो अनुष्टुप्मां छे। आ स्तवनना कर्ता विशे जाणवामां आवेल नथी।

[६८–२३]

नमस्कारस्तवनम्

15 अर्हतः सकलान् वन्दे, वन्दे सिद्धांश्च शाश्वतान्।
आचार्यानादराद् वन्दे, वन्दे श्रीवाचकानपि ॥ १ ॥
सर्वसाधूनहं वन्दे, नास्ति वन्द्यमतः परम्।
परमा पात्रता मेऽभूत्, वन्द्यसर्वस्ववन्दनात् ॥ २ ॥
तदेषां कीर्त्तनादस्तु, कीर्तिः कल्याणमेव च।
20 वचनातिक(तीत)लाभं हि, नामाऽपि श्रीमहात्मनाम् ॥ ३ ॥

अनुवाद

हु सर्व अरिहतोने वदन करु छु, शाश्वत एवा सिद्धोने हु वंदन करु छुं, आचार्योने आदरथी वंदन करु छुं, वाचक उपाध्यायोने वंदन करुं छुं. सर्व साधुओने वदन करुं छुं—आनाथी (पंच परमेष्ठीथी) उत्कृष्ट कोई वदनीय नथी। वंदन करवा योग्यने पोतानी सर्व शक्तिथी वंदन करवाथी 25 मारामां उत्कृष्ट पात्रता आवी छे। एमना कीर्तनथी (सौने) कीर्ति अने कल्याण प्राप्त थाओ। महात्माओनुं नाम पण वचनातीत लाभ ने आपनार होय छे ॥ १–३ ॥

परिचय

आ स्तवननी एक प्रति मुंबई श्री शांतिनाथ जैन मंदिर स्थित ज्ञानभंडारमांथी मळी हती। त्रण अनुष्टुप् श्लोकात्मक आ कृतिना कर्ता कोण हशे ते जाणवामां आव्युं नथी। आ स्तोत्र अहीं अनुवाद साथे 30 अमे प्रगट कर्युं छे॥

श्रीसिद्धचक्रम् (दिगम्बरीय नवदेवता-चित्रना आधारे)

[६९-२४]

लक्षनमस्कारगुणनविधिः ॥

(१)

मूलनायकस्य स्नात्रं कृत्वा पूजा क्रियते। ततः पञ्चशक्रस्तवैर्देवा वन्द्यन्ते। ततः पञ्चपरमेश्वराराधनार्थं २४ लोगस्स-कायोत्सर्गं कृत्वा पञ्चपरमेष्ठिप्रतिमा मण्ड्यन्ते। ततो वासकर्पूरादिभिः पूजा विधीयते 5
ततो नमस्कारान् गणयद्भिः पञ्चपरमेष्ठिपञ्चवर्णाश्चित्ते चिन्त्यन्ते। यथा—

'ससिधवला अरहंता, रत्ता सिद्धा य सूरिणो कणगं।
मरगयभा उवज्झाया, सामा साहू सुहं दिंतु॥'

ततो नमस्कार नमस्कारं प्रतिदेवस्य तिलकपुष्पारोपणवासक्षेपधूपोद्ग्राहनप्रदीपाखण्डकाक्षतोपढौकनवन्दनानि क्रियन्ते। सहस्रे संपूर्णे सति पूगीफलोपढौकनपूर्वं च तिसृभिः स्तुतिभिर्देवा वन्द्यन्ते, 10
सन्ध्याया च यदा गुणनमुच्यते तदा पञ्चशक्रस्तवैर्देवा वन्दनीयाः पञ्चपरमेष्ठ्याराधनार्थं २४ लोगस्स-कायोत्सर्गश्च कर्तव्यः। मोचने चापि। आसातना हुई ते सवि हुं मन-वचन-काया करी मिच्छा० (मिच्छामि दुक्कडं)। निर्विकृतिकाचाम्लोपवासादितपः क्रियते। स्त्रीसंघट्टादिकं वर्जनीयम्।

इति लक्षनमस्कारगुणनविधिः॥

यो लक्षं जिनबद्धलक्षसुमनाः सुव्यक्तवर्णक्रमः, 15
श्रद्धावान् विजितेन्द्रियो भवहरं मन्त्रं जपेच्छ्रावकः।
पुष्पैः श्वेतसुगन्धिभिश्च विधिना लक्षप्रमाणैर्जिनं,
यः संपूजयति स्म विश्वमहितः श्रीतीर्थराजो भवेत्॥
[इति] लक्षनमस्कारगणनफलम्॥

लक्ष नउकार जापविधि ॥ 20

प्रभाति मूलनायकरहइं स्नात्र करी पूजा करी पंच शक्रस्तव देव वांदीइ। पछइ पंचपरमेष्ठि-आराधनार्थ चउवीस लोगस्स काउस्सग्ग कीजइ। पछइ पंचपरमेष्ठि पांच प्रतिमा माडी, पूजा वास कपूरइं करी कीजइ। नउकार गुणतां पंच परमेष्ठिना पांच वर्ण चींतवीइं। यथा—अरिहंत धवलवर्ण, सिद्ध रक्तवर्ण, आचार्य सुवर्णवर्ण, उपाध्याय नीलवर्ण, महात्मा श्यामवर्ण। ए पांचे वर्णे हीआमाहि चींतवीइ। नउकार गुणतां नउकारि नउकारि देव रहिइं टीली कीजइ, फूल चडावीइ, वासक्षेप कीजइ, धूप ऊगाहीइं, 25
दीवउ कीजइ, चोखउ ढोईइ। जेती कीजइ सहस्र पूरइ हुइ। सोपारी ढोईइ, देव वांदीइं। सांझइं गुणवउं। मूंकतां पंचशक्रस्तवे देव वांदीइं। पंचपरमेष्ठि आराधनार्थ चउवीस लोगस्स काउस्सग्ग कीजइ, मूकतां 'अविधि आशातना हुई ते सवि हं मनि वचनि काय करी मिच्छामि दुक्कडं।' यथाशक्ति निवी, आंबिल, उपवास तप करिवउ। पुरषइं स्त्रीसंघट्ट वर्जिवउ। ए नउकार लाख गुणइ जिको विधिपूर्वक

तेहनउ जीव एकाग्रभाव छतइ तीर्थंकर कर्म ऊपार्जइ। मध्यमभाव छतइ विद्याधर, चक्रवर्ति, वासुदेव, प्रतिवासुदेव कर्म ऊपार्जइ। थोडइ भाव छतइ एकातपत्र राज्य पामइ ॥

इति लक्ष नउकार जापविधिः ॥
शुभं भवतु श्रीचतुर्विधसंघस्य ॥
5 **नवकार इक्क अक्खर, पावं फेडेइ सत्तअयराणं।**
पन्नासं च पएणं, सागर पणसय समग्गेणं ॥

श्रीरस्तु श्रमणसंघस्य ॥

परिचय

आ विधिनी एक प्रति पालीताणा, श्रीआगम जैन मंदिरना ज्ञानभंडारनी प्रति न. १९९९ नी
10 त्रण पानानी मळी हती, तेमा 'नवकारसारथवण' स्तोत्र हतु, तेनी अते आ प्रकारे विधि लखी हती ते विधि अमे अहीं संग्रहीत करी छे। आ नानी विधि लाख नमस्कारनी आराधना माटे अत्यंत उपयोगी छे।

लाख नवकार जापनी बीजी विधिनी एक प्रति डभोई, मुक्ताबाई जैन ज्ञानमंदिर प्रति न. ४३२७ नी मळी हती, जेमां प्रथम 'संक्षिप्त नमस्कार अर्थ' जणाव्यो हतो ने ते पछी आ विधि दर्शावी
15 हती। आ विधि जूनी गुजराती भाषामां छे, उपर्युक्त संस्कृत विधिनो अनुवाद छे तेथी तेने गुजराती विभागमां न मूकतां अहीं आपी छे।

आ संस्कृत अने गुजराती विधि उपरथी स्पष्ट थाय छे के लाख नवकार जापनी आ विधि कोई काळे खूब प्रचलित हशे।

त्रीजी विधि अमने एक हस्तलिखित छूटा पाना परथी मळी आवी छे। ते विधि ते ते
20 कृत्यकारित्व माटे होय एम जणाय छे॥

[७०–२५]

श्रीमन्नागसेनाचार्य-विरचित-'तत्त्वानुशासन' संदर्भः

स्वाध्यायः परमस्तावज्जपः पञ्चनमस्कृतेः।
पठनं वा जिनेन्द्रोक्तशास्त्रस्यैकाग्रचेतसा ॥ ८० ॥

स्वाध्यायाद्ध्यानमध्यास्तां, ध्यानात्स्वाध्यायमामनेत्। 5
ध्यानस्वाध्यायसंपत्त्या, परमात्मा प्रकाशते ॥ ८१ ॥

× × × ×

नाम च स्थापनं द्रव्यं, भावश्चेति चतुर्विधम्।
समस्तं व्यस्तमप्येतद्, ध्येयमध्यात्मवेदिभिः ॥ ९९ ॥

वाच्यस्य वाचकं नाम, प्रतिमा स्थापना मता। 10
गुण-पर्ययवद् द्रव्यं, भावः स्याद् गुणपर्ययौ ॥ १०० ॥

आदौ मध्येऽवसाने यद्, वाङ्मयं व्याप्य तिष्ठति।
हृदि ज्योतिष्मदुद्गच्छन्नामध्येयं तदर्हताम् ॥ १०१ ॥

अनुवाद

एकाग्र मनथी पचपरमेष्ठि नमस्कार महामत्रनो जाप अथवा श्रीजिनेश्वरदेवे कहेलां शास्त्रोनुं 15 अध्ययन ए सर्वोत्कृष्ट स्वाध्याय छे. ८०.

स्वाध्यायथी ध्यानमां चढे अने ध्यानथी स्वाध्यायने सविशेष चिंतवे, एम ध्यान अने स्वाध्याय रूप संपत्तिथी परमात्मतत्त्वनो (शुद्धात्मस्वरूपनो) प्रकाश थाय छे. (ध्यानमां ज्यारे न रही शके त्यारे स्वाध्यायनो आश्रय ले, एवो पण बीजा चरणनो अर्थ थई शके छे.) ८१.

चतुर्विध–ध्येय— 20

नामध्येय, स्थापनाध्येय, द्रव्यध्येय अने भावध्येय एम ध्येय चार प्रकारनुं छे. अध्यात्मना जाणकार महात्माओए एनुं (चतुर्विध-ध्येयनुं) भेगुं अथवा प्रत्येकनुं जुदुं जुदुं ध्यान करवुं जोईए. ९९.

वाच्य–अभिधेय पदार्थना वाचक शब्दने नाम अने प्रतिमाने स्थापना कहेवाय छे. गुण अने पर्यायवाळुं ते द्रव्य छे; अने गुण अने पर्याय ते भाव छे. १००.

नामध्येय— 25

जे (वाङ्मय–सर्वशास्त्रनी) आदिमां, मध्यमां अने अंतमां एम सकल वाङ्मयने व्यापीने रहेलुं छे ते, ज्योतिर्मय अने ऊर्ध्वगामी एवा श्री अरिहंत भगवंतोना नामनुं हृदयमां ध्यान करवुं जोईए (नामध्येय—'अरिहंत-अर्हँ' वगेरे). १०१.

हृत्पङ्कजे चतुःपत्रे, ज्योतिष्मन्ति प्रदक्षिणम् ।
'अ-सि-आ-उ-सा'क्षराणि, ध्येयानि परमेष्ठिनाम् ॥ १०२ ॥

ध्यायेद् 'अ-इ-उ-ए-ओ' च, तद्वन्मन्त्रानुदर्चिषः ।
मत्यादि-ज्ञान-नामानि, मत्यादि-ज्ञानसिद्धये ॥ १०३ ॥

5 सप्ताक्षरं महामन्त्रं, मुखरन्ध्रेषु सप्तसु ।
गुरूपदेशतो ध्यायेदिच्छन् दूरश्रवादिकम् ॥ १०४ ॥

हृदयेऽष्टदलं पद्मं, वर्गैः पूरितमष्टभिः ।
दलेषु कर्णिकायाञ्च, नाम्नाऽधिष्ठितमर्हताम् ॥ १०५ ॥

गणभृद्वलयोपेतं, त्रिःपरीतं च मायया ।
10 क्षोणीमण्डलमध्यस्थं, ध्यायेदभ्यर्चयेच्च तत् ॥ १०६ ॥

अकारादि-हकारान्ता मन्त्राः परमशक्तयः ।
स्वमण्डलगता ध्येया लोकद्वयफलप्रदाः ॥ १०७ ॥

चार दलवाळा हृदयकमळमा ज्योतिर्मय एवा 'अ-सि-आ-उ-सा' ए परमेष्ठिओना आद्य अक्षरोनु

	सि	
सा	अ	आ
	उ	

15 प्रदक्षिणामां ध्यान करवु जोईए. १०२.

ते ज रीते 'अ-इ-उ-ए-ओ' ए उज्ज्वल मंत्रोनुं ध्यान करे, तथा मत्यादि ज्ञानोनी सिद्धिमाटे मत्यादि ज्ञानोना नामोनुं ध्यान करे. १०३.

दूरश्रवणादि लब्धिओने इच्छता साधके 'नमो अरिहंताणं' ए सप्ताक्षर मंत्रनु (बे कानना, बे 20 नाकना बे आंखनां अने एक मुखनुं एम) सात मुखछिद्रोमां श्रीसद्गुरुना उपदेशथी ध्यान करवुं जोईए (चक्षुः आदिनी सीमाथी बहार रहेला रूपादिनुं प्रत्यक्ष वगेरे पण आ मंत्रना ध्यानथी थाय छे). १०४.

कर्णिकामां श्रीअरिहंत भगवंतोना नाम ('अर्हँ') थी अधिष्ठित अने आठ-दलोमां अष्ट-वर्ग ('अ-क-च-ट-त-प-य-श')थी पूरित एवा अष्टदल कमलनुं हृदयमां ध्यान करवु. ते पद्म, गणधर-वलय (अडतालीश लब्धिपदो) थी सहित अने माया-'ह्रीँ'कारथी त्रण वखत वेष्टित छे, एम चिंतववुं. 25 आ ध्यान पूर्वे ए बधाने भूमिमंडलपर आलेखीने एनी पूजा पण करी शकाय. (अहीं 'मूलाधारचक्र ज्या पृथ्वी तत्त्वनुं प्राधान्य छे, तेमां ध्यान करे, ए अर्थ पण लई शकाय.) ॥ १०५-१०६ ॥

'अ' थी 'ह' सुधीना अक्षरो इहलोक अने परलोकना फळने अपनारा परमशक्तिवाळा मंत्रो छे. तेमनुं आधारादि *स्वचक्रोमां ध्यान करवुं. १०७.

---

* विशेष माटे जुओ—श्रीसिंहतिलकसूरिकृत 'परमेष्ठिविद्यायन्त्रकल्प' न. स्वा० पृ. १११ थी १२६.

इत्यादीन् मन्त्रिणो मन्त्रानर्हन्मन्त्रपुरस्सरान् ।
ध्यायन्ति यदिह स्पष्टं, नामध्येयमवैहि तत् ॥ १०८ ॥
जिनेन्द्रप्रतिबिम्बानि, कृत्रिमाण्यकृतानि च ।
यथोक्तान्यागमे तानि, तथा ध्यायेदशङ्कितम् ॥ १०९ ॥
यथैकमेकदा द्रव्यमुत्पित्सु स्थास्नु नश्वरम् ।
तथैव सर्वदा सर्वमिति तत्त्वं विचिन्तयेत् ॥ ११० ॥
चेतनोऽचेतनो वाऽर्थो यो यथैव व्यवस्थितः ।
तथैव तस्य यो भावो याथात्म्यं तत्त्वमुच्यते ॥ १११ ॥
अनादि-निधने द्रव्ये, स्वपर्यायाः प्रतिक्षणम् ।
उन्मज्जन्ति निमज्जन्ति, जलकल्लोलवज्जले ॥ ११२ ॥
यद्विवृत्तं यथा पूर्वं, यच्च पश्चाद् विवर्त्स्यति ।
विवर्तते यदत्राद्य, तदेवेदमिदं च तत् ॥ ११३ ॥
सहवृत्ता गुणास्तत्र, पर्यायाः क्रमवर्त्तिनः ।
स्यादेतदात्मकं द्रव्यमेते च स्युस्तदात्मकाः ॥ ११४ ॥

'अर्हँ' मंत्रथी पुरस्कृत एवा पूर्वोक्त अने बीजा मंत्रो, जेमनुं मांत्रिको ध्यान करे छे, ते बधाने तमे अहीं **नामध्येय** तरीके स्पष्टरीते जाणो ॥ १०८ ॥

शाश्वत अने अशाश्वत एवी जिनप्रतिमाओनुं आगममां जेवी रीते वर्णन कर्युं छे, तेवी रीते शंका विना ध्यान करो (अहीं **स्थापनाध्येय**नुं वर्णन छे) ॥ १०९ ॥

द्रव्यध्येय—

जेम एक द्रव्य एकदा उत्पादशील, ध्रुव अने नश्वर छे, तेवी ज रीते सर्व द्रव्यो सर्वदा (उत्पाद-व्यय-ध्रौव्ययुक्त) छे, ए तत्त्वने चिंतववुं ॥ ११० ॥

चेतन के अचेतन पदार्थ, जेवी रीते व्यवस्थित छे, तेनो ते प्रकारनो जे भाव (स्वरूप) ते 'याथात्म्य' तत्त्व कहेवाय छे ॥ १११ ॥

जलमां जलतरंगोनी जेम अनादि-अनंत द्रव्यमां पोताना पर्यायो प्रतिक्षण उत्पन्न थाय छे अने लय पामे छे ॥ ११२ ॥

जेवी रीते जे (द्रव्य) पूर्वे विवर्त्युं (उत्पाद-व्यय-ध्रौव्यने पाम्युं) हतुं, जे (द्रव्य) पछी विवर्त (उत्पाद-व्यय-ध्रौव्य) ने पामशे अने जे (द्रव्य) आजे—वर्तमानमां-विवर्ते (उत्पाद-व्यय-ध्रौव्यने पामे) छे, ते ज आ छे अने आ ज ते छे. तात्पर्य के प्रत्येक द्रव्य द्रव्यरूपे सर्वकाळ एक सरखुं ज रहे छे ॥ ११३ ॥

तेमां सहभावी ते गुणो छे अने क्रमभावी ते पर्यायो छे. द्रव्य गुणपर्यायात्मक छे अने गुणपर्यायो द्रव्यात्मक छे ॥ ११४ ॥

एवंविधमिदं वस्तु, स्थित्युत्पत्तिव्ययात्मकम् ।
प्रतिक्षणमनाद्यन्तं, सर्वं ध्येयं यथास्थितम् ॥ ११५ ॥

अर्थव्यञ्जनपर्याया, मूर्त्तामूर्त्ता गुणाश्च ये ।
यत्र द्रव्ये यथावस्थास्तांश्च तत्र तथा स्मरेत् ॥ ११६ ॥

5 पुरुषः पुद्गलः कालो, धर्माधर्मौ तथाऽम्बरम् ।
षड्विधं द्रव्यमाम्नातं, तत्र ध्येयतमः पुमान् ॥ ११७ ॥

सति हि ज्ञातरि ज्ञेयं, ध्येयतां प्रतिपद्यते ।
ततो ज्ञानस्वरूपोऽयमात्मा ध्येयतमः स्मृतः ॥ ११८ ॥

तत्राऽपि तत्त्वतः पञ्च, ध्यातव्याः परमेष्ठिनः ।
10 चत्वारः सकलास्तेषु, सिद्धः स्वामीति निष्कलः ॥ ११९ ॥

अनन्तदर्शन-ज्ञानसम्यक्त्वादिगुणात्मकम् ।
स्वोपात्तानन्तरत्यक्तशरीराकारधारिणम् ॥ १२० ॥

साकारञ्च, निराकारममूर्तमजरामरम् ।
जिनबिम्बमिव स्वच्छस्फटिकप्रतिबिम्बितम् ॥ १२१ ॥

---

15 एवी जातनी आ वस्तु प्रतिक्षण स्थिति-उत्पत्ति-व्ययात्मक अने अनादि-अनंत छे। सर्व ध्येयनुं यथास्थितिरूपे (जे जेवुं होय, तेवुं ते प्रकारे) ध्यान करवुं जोईए ॥ ११५॥

जे द्रव्यमां अर्थपर्यायो, व्यंजनपर्यायो अने मूर्त्त के अमूर्त गुणो जेवी रीते रहेला होय, तेवी रीते तेमनुं स्मरण करवुं ॥ ११६॥

आत्मा, पुद्गल, काल, धर्म, अधर्म अने आकाश, ए छ प्रकारनुं द्रव्य मानवामा आव्यु छे। तेमां 20 आत्मा ते ध्येयतम (श्रेष्ठ ध्येय) छे ॥ ११७॥

भावध्येय—

ज्ञाता होय तो ज ज्ञेय ध्येयताने पामे छे तेथी ज्ञानस्वरूप आ आत्माने ध्येयतम कह्यो छे॥ ११८॥

जीव द्रव्योमा पण तत्त्वथी पांच परमेष्ठिओ ध्येय छे। तेमा अरिहत, आचार्यादि सकल (कर्मादि उपाधि सहित) छे अने सिद्ध स्वामी (?) होवाथी निष्कल (निरुपाधि) छे ॥ ११९॥

25 अनंत एवा दर्शन, ज्ञान, सम्यक्त्व वगेरे गुणोवाळा, चरम भवमां जे देह पोताने प्राप्त थयो हतो अने जे पोते तजी दीधो तेना आकार (चरम देहाकार) ने धारण करनारा, (ए अपेक्षाए) साकार, निराकार, अमूर्त्त, जरारहित, मृत्युरहित, निर्मल स्फटिक रत्नमा प्रतिबिंबित थयेल जिनबिंबसदृश, लोकना

---

१ 'घट' शब्दना पर्यायवाची शब्दो—कलश, कुम, वगेरे '**व्यंजन (शब्द) पर्यायो**' कहेवाय छे अने 'घट पदार्थना रक्तत्व, मृण्मयत्व, वगेरे '**अर्थपर्यायो**' कहेवाय छे। अथवा त्रिकालवर्ती पर्याय ते व्यजन पर्याय अने 30 वर्तमान कालवर्ती सूक्ष्म पयाय ते अर्थ पर्याय। जेम आत्माना विषयमा केवलज्ञान ते शुद्ध व्यंजनपर्याय अने तत्कालवर्ती केवलज्ञानोपयोग ते अर्थपर्याय।

लोकाग्रशिखरारूढमुदूढसुखसम्पदम् ।
सिद्धात्मानं निराबाधं, ध्यायेन्निर्धूतकल्मषम् ॥ १२२ ॥

तथाद्यमाप्तमाप्तानां, देवानामधिदैवतम् ।
प्रक्षीणघातिकर्माणं, प्राप्तानन्तचतुष्टयम् ॥ १२३ ॥

दूरमुत्सृज्यभूभागं, नभस्तलमधिष्ठितम् ।
परमौदारिकस्वाङ्गप्रभाभर्त्सितभास्करम् ॥ १२४ ॥

चतुस्त्रिंशन्महाश्चर्यैः, प्रातिहार्यैश्च भूषितम् ।
मुनि-तिर्यङ्-नर-स्वर्गि-सभाभिः सन्निषेवितम् ॥ १२५ ॥

जन्माभिषेकप्रमुखप्राप्तपूजातिशायिनम् ।
केवलज्ञाननिर्णीतविश्वतत्त्वोपदेशिनम् ॥ १२६ ॥

प्रभास्वल्लक्षणाकीर्णसम्पूर्णोदग्रविग्रहम् ।
आकाशस्फटिकान्तःस्थज्वलज्ज्वालानलोज्ज्वलम् ॥ १२७ ॥

तेजसामुत्तमं तेजो, ज्योतिषां ज्योतिरुत्तमम् ।
परमात्मानमर्हन्तं, ध्यायेन्निःश्रेयसाप्तये ॥ १२८ ॥

वीतरागोऽप्ययं देवो, ध्येयमानो मुमुक्षुभिः ।
स्वर्गापवर्गफलदः, शक्तिस्तस्य हि तादृशी ॥ १२९ ॥

अग्रभागरूप शिखरपर आरूढ, सुखसंपत्तिने वरेला, पीडारहित अने निष्कर्म एवा श्री सिद्धात्मानुं ध्यान करवुं ॥१२०-१२२॥

तथा आप्तोमां आद्य आप्त, देवोना पण अधिदैवत, घातिकर्मरहित, अनंत चतुष्टयने पामेला, पृथ्वीतलने दूर छोडीने (ऊंचे) आकाश प्रदेशमां रहेला, पोताना परम औदारिक शरीरनी प्रभाथी सूर्य करतां पण अधिक तेजस्वी, महाआश्चर्यभूत चोत्रीश अतिशयो अने आठ प्रातिहार्योथी शोभता, मुनिवरो, तिर्यंचो, मनुष्यो अने देवताओनी पर्षदाओथी घेरायेला, जन्माभिषेक वगेरेमां प्राप्त थयेल पूजाना कारणे सौथी चढियाता, केवलज्ञानवडे निर्णीत विश्वतत्त्वोना उपदेशक, उज्ज्वल एवा अनेक लक्षणोथी व्याप्त, सर्वांग परिपूर्ण अने उन्नत देहवाळा, निर्मल (महान) स्फटिक रत्नमां प्रतिबिंबित प्रदीप्त ज्वालाओवाळा अग्नि समान उज्ज्वल, सर्व तेजोमां उत्तम तेज अने सर्व ज्योतिओमां उत्तम ज्योति स्वरूप एवा श्री अरिहंत परमात्मानुं मोक्षनी प्राप्ति माटे ध्यान करवुं ॥१२३-१२८॥

मुमुक्षुओवडे ध्यान कराता एवा आ देवाधिदेव वीतराग होवा छतां स्वर्ग के मोक्ष फळने आपनारा छे, कारण के तेमनी शक्ति ज ते प्रकारनी अचिंत्य छे ॥१२९॥

सम्यग्ज्ञानादिसम्पन्नाः, प्राप्तसप्तमहर्द्धयः ।
तथोक्तलक्षणा ध्येयाः, सूर्युपाध्यायसाधवः ॥ १३० ॥

एवं नामादिभेदेन, ध्येयमुक्तं चतुर्विधम् ।
अथवा द्रव्यभावाभ्यां, द्विधैव तदवस्थितम् ॥ १३१ ॥

5 द्रव्यध्येयं बहि-र्वस्तु, चेतनाऽचेतनात्मकम् ।
भावध्येयं पुनर्ध्येयसन्निभध्यानपर्ययः ॥ १३२ ॥

ध्याने हि बिभ्रति स्थैर्यं, ध्येयरूपं परिस्फुटम् ।
आलेखितमिवाभाति, ध्येयस्याऽसन्निधावपि ॥ १३३ ॥

धातुपिण्डे स्थितश्चैवं, ध्येयोऽर्थो ध्यायते यतः ।
10 ध्येयं पिण्डस्थमित्याहुरत एव च केवलम् ॥ १३४ ॥

यदा ध्यानबलाद्ध्याता, शून्यीकृत्य स्वविग्रहम् ।
ध्येयस्वरूपविष्टत्वात्, तादृक् सम्पद्यते स्वयम् ॥ १३५ ॥

तदा तथाविधध्यानसंवित्तिध्वस्तकल्पनः ।
स एव परमात्मा स्याद्, वैनतेयश्च मन्मथः ॥ १३६ ॥

---

15 सम्यग्ज्ञानादिथी संपन्न, सात महाऋद्धिओवाळा (?) अने शास्त्रोक्त लक्षणोवाळा आचार्य, उपाध्याय अने साधु भगवंतोनु ध्यान करवुं ॥ १३० ॥

एवी रीते नामादिभेदोथी चार प्रकारनुं ध्येय कह्युं, अथवा ते (ध्येय) द्रव्य अने भावभेदे बे प्रकारनु ज छे ॥ १३१ ॥

चेतन के जडरूप बाह्य वस्तु ते द्रव्य-ध्येय छे अने ध्येय (अरिहंतादि) सदृश जे ध्याननो 20 पर्याय ते भाव-ध्येय छे ॥ १३२ ॥

ध्यान ज्यारे स्थिरताने धारण करे छे, त्यारे ध्येय नजीक न होवा छतां पण जाणे (सामे) आलेखित होय एवु अत्यंत स्पष्ट भासे छे ॥ १३३ ॥

ए ज प्रकारे ज्यारे सप्त धातुना पिंडमां (देहमां) ध्येय वस्तुनुं ध्यान कराय छे त्यारे ते ध्येयने (ध्यानने) पिंडस्थ कहेवाय छे एथी ज केवल (कैवल्य, केवलज्ञान ?) प्राप्त थाय छे ॥ १३४ ॥

25 ज्यारे ध्याता ध्यानना बळे स्वदेहने (स्वआकृतिने) शून्य करीने ध्येयस्वरूपे विष्ट होवाथी स्वयं तेना जेवो बनी जाय छे, त्यारे तेवा प्रकारना ध्यानना संवेदनथी नाश पाम्या छे सर्व विकल्पो जेना एवो ते पोते ज परमात्मा, गरुड अथवा कामदेव बनी जाय छे ॥ १३५-१३६ ॥

---

१ गरुड अने कामदेवना विशेषार्थ माटे जुओ श्लोक २०५।

सोऽयं समरसीभावस्तदेकीकरणं स्मृतम् ।
एतदेव समाधिः स्याल्लोकद्वयफलप्रदः ॥ १३७ ॥
किमत्र बहुनोक्तेन, ज्ञात्वा श्रद्धाय तत्त्वतः ।
ध्येयं समस्तमप्येतन्माध्यस्थ्यं तत्र बिभ्रता ॥ १३८ ॥
माध्यस्थ्यं समतोपेक्षा, वैराग्यं साम्यमस्पृहा । 5
वैतृष्ण्यं परमा शान्तिरित्येकोऽर्थोऽभिधीयते ॥ १३९ ॥
संक्षेपेण यदत्रोक्तं, विस्तरात्परमागमे ।
तत्सर्वं ध्यातमेव स्याद्ध्यातेषु परमेष्ठिषु ॥ १४० ॥

× × × ×

'अ'कारं मरुताऽऽपूर्य, कुम्भित्वा 'रेफ'वह्निना । 10
दग्ध्वा स्ववपुषा कर्म, स्वतो भस्म विरेच्य च ॥ १८३ ॥
'ह' मन्त्रो नभसि ध्येयः, क्षरन्नमृतमात्मनि ।
तेनाऽन्यत्तद्विनिर्माय, पीयूषमयमुज्ज्वलम् ॥ १८४ ॥
तत्रादौ पिण्डसिद्ध्यर्थं, निर्मलीकरणाय च ।
मारुतीं तैजसीमाप्यां, विदध्याद्धारणां क्रमात् ॥ १८५ ॥ 15

(आवी रीते परमात्मा साथेनो ध्यातानो अभेद) ते आ 'समरसीभाव' छे। ते ज 'एकीकरण' कहेवायुं छे। ए ज उभय लोकनां फळोने आपनारी 'समाधि' छे ॥ १३७ ॥

अहीं बहु कहेवाथी शुं? तात्त्विक रीते जाणीने, तेवी ज रीते तेना पर श्रद्धा करीने अने ए विषयमां *माध्यस्थ्य धारण करीने आ बधुं ध्यान करवुं जोइए ॥ १३८ ॥

माध्यस्थ्य, समता, उपेक्षा, वैराग्य, साम्य, निःस्पृहता, वैतृष्ण्य, परमशान्ति—ए बधा शब्दो 20 वडे एक ज अर्थ कहेवाय छे ॥ १३९ ॥

पंच परमेष्ठिओनुं ध्यान थतां ज, अहीं (पूर्वे) जे संक्षेपमां कह्युं छे अने परम आगमोमां जे विस्तारथी कहेवामां आव्युं छे, ते बधुं ध्यान थई ज जाय छे (अर्थात्—परमेष्ठिध्यानमा बीजुं बधुं सद्ध्यान आवी ज जाय छे) ॥ १४० ॥

'अर्हं'नुं ध्यान 25

(पूरकना) वायुवडे 'अ'कारने पूरित करीने अने (कुंभकवडे) कुंभित करीने रेफमांथी नीकळता अग्निवडे पोताना शरीरनी साथे (शरीरने अने) कर्मोने बाळवां. पछी शरीर अने कर्मोना दहनथी थयेल भस्मनुं पोतामांथी विरेचन करवुं (ते भस्मने पोतामांथी दूर करवी). पछी जे आत्मा उपर अमृत झरावी रह्युं छे एवा 'ह'कार मन्त्रनुं आकाशमां ध्यान करवुं. पछी ते अमृतथी एक नवा अमृतमय उज्ज्वल

* माध्यस्थ्य शब्दना विशेष अर्थ माटे जुओ श्लोक १३९ । 30

ततः पञ्चनमस्कारैः, पञ्चपिण्डाक्षरान्वितैः ।
पञ्चस्थानेषु विन्यस्तैर्विधाय सकलीक्रियाम् ॥ १८६ ॥
पश्चादात्मानमर्हन्तं, ध्यायेन्निर्दिष्टलक्षणम् ।
सिद्धं वा ध्वस्तकर्माणममूर्त्तं ज्ञानभास्वरम् ॥ १८७ ॥
5 नन्वनर्हन्तमात्मानमर्हन्तं ध्यायतां सताम् ।
अतस्मिंस्तद्ग्रहो भ्रान्तिर्भवतां भवतीति चेत् ॥ १८८ ॥
तन्न चोद्यं यतोऽस्माभिर्भावार्हन्नयमर्पितः ।
स चार्हद्ध्याननिष्ठात्मा, ततस्तत्रैव तद्ग्रहः ॥ १८९ ॥
परिणमते येनात्मा भावेन स तेन तन्मयो भवति ।
10 अर्हद्ध्यानाविष्टो भावार्हन् स्यात्स्वयं तस्मात् ॥ १९० ॥
येन भावेन यद्रूपं, ध्यायत्यात्मानमात्मवित् ।
तेन तन्मयतां याति, सोपाधिः स्फटिको यथा ॥ १९१ ॥

शरीरनुं निर्माण करवु। तेमां प्रथम देह (पिंड)नी रचना माटे मारुती (वायवीय) धारणा करवी अने पछी देहने निर्मल बनाववा माटे तेजस्वी अने जलीय धारणा क्रमशः करवी, ते पछी पाच * पिंडाक्षरोथी 15 युक्त अने शरीरना पांच स्थानोमां न्यास करायेला एवा पच नमस्कारो वडे सकलीकरण करवु। ते पछी जेमनुं स्वरूप पूर्वे कहेवामां आव्यु छे एवा श्री अरिहंत परमात्मारूपे अथवा कर्मरहित, अमूर्त्त अने ज्ञानवडे प्रकाशमान एवा श्री सिद्ध भगवंतरूपे पोताना आत्मानुं ध्यान करवु ॥ १८३-१८७ ॥

शंका—

जो तमारो आत्मा अरिहत नथी तो पछी तेनुं अरिहतरूपे ध्यान करता एवा तमने अतत्मां 20 (जे जेवो नथी तेमां) तत्नी (तेवानी) मान्यतारूप भ्रान्ति तो नथी थती ने? ॥ १८८ ॥

समाधान—

एवी शका न करवी, कारण के अमे अमारा आत्मानो भाव-अरिहंतरूपे अर्पणा (चिंतवना) करीए छीए। अरिहंतना ध्यानमा निष्ठ एवो आत्मा ते भाव-अरिहंत छे। तेथी अतत्मां तद्ग्रहरूप भ्रान्ति नथी किन्तु ततमां (तेमा) ज तत्नी (तेनी) यथार्थ मान्यता छे ॥ १८९ ॥

25 जे (अरिहतादि) भाववडे आत्मा परिणमे छे, ते (अरिहंतादि) भाववडे ते (आत्मा) तन्मय (अरिहतादिमय) बने छे; तेथी अरिहंतना ध्यानमां निष्ठ एवो आत्मा ते (अरिहंतभाव) थकी पोते ज भाव अरिहंत थाय छे। उपाधि सहित एवा स्फटिक रत्ननी जेम आत्मज्ञ पुरुष जे (अरिहतादि) भाववडे जे (अरिहंतादि) रूपे आत्मानु ध्यान करे छे, ते (अरिहंतादि) भाववडे तन्मयता (तद्भावरूपता)ने पामे छे (अर्थात् जेम स्फटिक-मणि सामे रहेली वस्तुनु रूप धारण करे छे, तेम आत्मा पण ध्यानवडे ध्येयमय 30 बने छे) ॥ १९०-१९१ ॥

* आ पाच पिंडाक्षरो प्रायः ह्राँ ह्रीँ ह्रूँ ह्रौँ ह्रः होवा जोईए।

अथवा भाविनो भूताः स्वपर्यायास्तदात्मकाः ।
आसते द्रव्यरूपेण, सर्वद्रव्येषु सर्वदा ॥ १९२ ॥
ततोऽयमर्हत्पर्यायो, भावी द्रव्यात्मना सदा ।
भव्येष्वास्ते सतश्चास्य, ध्याने को नाम विभ्रमः ॥ १९३ ॥
किञ्च भ्रान्तं यदीदं स्यात्, तदा नातः फलोदयः । 5
न हि मिथ्याजलाज्जातु, विच्छित्तिर्जायते तृषः ॥ १९४ ॥
प्रादुर्भवन्ति चामुष्मात्, फलानि ध्यानवर्तिनाम् ।
धारणावशतः शान्तक्रूररूपाण्यनेकधा ॥ १९५ ॥
गुरूपदेशमासाद्य, ध्यायमानः समाहितैः ।
अनन्तशक्तिरात्मायं, मुक्तिं भुक्तिं च यच्छति ॥ १९६ ॥ 10
ध्यातोऽर्हत्सिद्धरूपेण, चरमाङ्गस्य मुक्तये ।
तद्ध्यानोपात्त-पुण्यस्य, स एवान्यस्य भुक्तये ॥ १९७ ॥
ज्ञानं श्रीरायुरारोग्यं, तुष्टिः पुष्टिर्वपुर्धृतिः ।
यत्प्रशस्तमिहान्यच्च, तत्तद्ध्यातुः प्रजायते ॥ १९८ ॥

बीजी रीते समाधान— 15

अथवा सर्वे द्रव्योमां द्रव्यात्मक एवा भूत अने भविष्यना स्वपर्यायो द्रव्यरूपे सदा रहे छे—(अर्थात् प्रत्येक द्रव्यमां तेना भूत-भावि सर्व पर्यायो वर्तमानमां द्रव्यरूपे रहेला छे), तेथी सर्व भव्योमां भविष्यमा थनारा एवा आ 'अर्हत्पर्याय' द्रव्यरूपे सदा रहेला छे। तो पछी विद्यमान एवा ए पर्यायनुं ध्यान करवामां भ्रांति शी? ॥ १९२-१९३ ॥

वळी बीजा प्रकारे समाधान— 20

जो आ ध्यानने भ्रान्त मानवामां आवे तो, जेम कल्पित जलथी तृषानो नाश कदापि न ज थाय, तेवी रीते ए ध्यानथी फल प्राप्ति न थवी जोईए। किन्तु एथी ध्यानीओने धारणना बळे शान्त अने क्रूररूप अनेक प्रकारना फळोनी प्राप्ति थती देखाय छे। एथी आत्मानुं अर्हद्रूपे ध्यान करवुं ते भ्रान्ति नथी ॥ १९४-१९५॥

ध्याननुं फळ— 25

श्री सद्गुरुना उपदेशने प्राप्त करीने समाहित योगीओ वडे ध्यायमान आ अनंत शक्तिशाळी आत्मा मुक्ति अने भुक्तिने आपे छे ॥ १९६ ॥

अर्हन्त अथवा सिद्धरूपे जेनुं ध्यान करायुं छे एवो आ आत्मा चरम शरीरीनी मुक्ति माटे थाय छे, अथवा ते ध्यानवडे प्राप्त कर्युं छे पुण्य जेणे एवा अन्य(अचरमशरीरी)नी भुक्ति माटे थाय छे ॥ १९७ ॥

(भुक्तिने बतावे छे—) ते ते प्रकारनु ध्यान करनारने आ लोकमां अने परलोकमां जे जे प्रशंसनीय 30 छे ते बधुं—ज्ञान, लक्ष्मी, दीर्घायु, आरोग्य, तुष्टि, पुष्टि, सुंदर शरीर, धैर्य, वगेरे प्राप्त थाय छे ॥ १९८ ॥

तद्ध्यानाविष्टमालोक्य, प्रकम्पन्ते महाग्रहाः ।
नश्यन्ति भूतशाकिन्यः, क्रूराः शाम्यन्ति च क्षणात् ॥ १९९ ॥
यो यत्कर्मप्रभुर्देवस्तद्ध्यानाविष्टमात्मनः ।
ध्याता तदात्मको भूत्वा, साधयत्यात्मवाञ्छितम् ॥ २०० ॥
पार्श्वनाथो भवन्मन्त्री, संकलीकृतविग्रहः ।
महामुद्रां महामन्त्रं, महामण्डलमाश्रितः ॥ २०१ ॥
तैजसीप्रभृतीर्बिभ्रद्धारणाश्च यथोचितम् ।
निग्रहादीनुदग्राणां, ग्रहाणां कुरुते द्रुतम् ॥ २०२ ॥
स्वयमाखण्डलो भूत्वा, महामण्डलमध्यगः ।
किरीटकुण्डली वज्री, पीतभूषाम्बरादिकः ॥ २०३ ॥
कुम्भकी स्तम्भमुद्राद्यः(१), स्तम्भनं(न)मन्त्रमुच्चरन् ।
स्तम्भकार्याणि सर्वाणि, करोत्येकाग्रमानसः ॥ २०४ ॥
स स्वयं गरुडीभूय, क्ष्वेडं क्षपयति क्षणात् ।
कन्दर्पश्च स्वय भूत्वा, जगन्नयति वश्यताम् ॥ २०५ ॥
एवं वैश्वानरो भूत्वा, ज्वलज्ज्वालाशताकुलः ।
शीतज्वरं हरत्याशु, व्याप्य ज्वालाभिरातुरम् ॥ २०६ ॥

अरिहंत अथवा सिद्धना ध्यानमा लयलीन एवा महात्माने जोईने मोटा मोटा ग्रहो पण कंपे छे. भूत, प्रेत, शाकिनी, डाकिनी, वगेरे दूरथी भागी जाय छे अने अत्यंत क्रूर एवा जंतुओ पण क्षणवारमां शांत बनी जाय छे ॥ १९९ ॥

जे देवता जे (शान्त्यादि) कर्मने साधवामां समर्थ होय तेना ध्यानथी आविष्ट एवो ध्याता तद्रूप (ते देवतारूप) थईने मनोवांछितने साधे छे ॥ २०० ॥

यथोचित रीते सकलीकरण विधानद्वारा शरीरने सुरक्षित करनार, महामुद्रा, महामंत्र अने महामंडलनो आश्रय करनार अने तैजसी वगेरे धारणाओ धारण करतो एवो मांत्रिक (स्वयं) पार्श्वनाथ थईने (श्री पार्श्वनाथनुं अभेद ध्यान करीने) मोटा मोटा ग्रहोनो पण तरत ज निग्रह करे छे ॥ २०१-२०२ ॥

मुकुट, कुंडल वगेरे पहेरेला, हाथमां वज्र धारण करेला अने पीत वस्त्र तथा अलंकारोथी शोभता एवा इन्द्र जेवो ते बने छे अने महामंडलना मध्यभागमां रहीने तथा कुंभक प्राणायाम, स्तंभनमुद्रा वगेरे करीने स्तंभन-मंत्रने एकाग्र मनथी उच्चरतो ते सर्व स्तंभन कार्यो करे छे ॥ २०३-२०४ ॥

ते स्वय गरुड थईने क्षणमात्रमां विषने हरे छे, तथा स्वयं कामदेव बनीने जगतने वश करे छे ॥२०५॥

एवी ज रीते जेमांथी सेंकडो जाज्वल्यमान ज्वाळाओ नीकळी रही छे एवा अग्निरूप बनीने पोतानी ज्वालाओथी शीतज्वरथी पीडाती व्यक्तिने व्यापी ने शीतज्वरने तरत ज हरे छे ॥ २०६ ॥

१ पाठान्तरम्— सकलीकृतविग्रहः ।

स्वयं सुधामयो भूत्वा, वर्षन्नमृतमातुरे ।
अथैनमात्मसात्कृत्य, दाहज्वरमपास्यति ॥ २०७ ॥

क्षीरोदधिमयो भूत्वा, प्लावयन्नखिलं जगत् ।
शान्तिकं पौष्टिकं योगी विदधाति शरीरिणाम् ॥ २०८ ॥

किमत्र बहुनोक्तेन, यद्यत्कर्म चिकीर्षति । 5
तद्देवतामयो भूत्वा, तत्तन्निर्वर्तयत्ययम् ॥ २०९ ॥

शान्ते कर्मणि शान्तात्मा, क्रूरे क्रूरो भवन्नयम् ।
शान्तक्रूराणि कर्माणि, साध्यत्येव साधकः ॥ २१० ॥

आकर्षणं वशीकारः, स्तम्भनं मोहनं द्रुतिः ।
निर्विषीकरणं शान्तिर्विद्वेषोच्चाट-निग्रहाः ॥ २११ ॥ 10

एवमादीनि कार्याणि, दृश्यन्ते ध्यानवर्तिनाम् ।
ततः समरसीभावसफलत्वान्न विभ्रमः ॥ २१२ ॥

यत्पुनः पूरणं कुम्भो, रेचनं दहनं प्लवः ।
सकलीकरणं मुद्रामन्त्रमण्डलधारणाः ॥ २१३ ॥

कर्माधिष्ठातृदेवानां, संस्थानं लिङ्गमासनम् । 15
प्रमाणं वाहनं वीर्यं, जातिर्नाम द्युतिर्दिशा ॥ २१४ ॥

स्वय अमृतमय थईने पीडित उपर अमृतने वरसावतो योगी, एने (पीडितने) आत्मसात् (स्वाधीन अथवा अमृतमय) करीने एना दाहज्वरने दूर करे छे ॥ २०७ ॥

स्वय क्षीरसागरमय थईने सकल जगतने प्लावित (तृप्त) करतो योगी प्राणीओना शांतिकृत्य अने पुष्टिकृत्यने करे छे ॥ २०८ ॥ 20

आ विषयमां बहु कहेवाथी शुं ? योगी जे जे कर्मने करवानी इच्छा करे छे ते ते कर्मना देवतारूपे स्वयं थईने ते ते कर्मनुं संपादन करे छे ॥ २०९ ॥

शांत कर्मोमां शांत थईने अने क्रूर कर्मोमां क्रूर थईने आ साधक शांत अने क्रूर कर्मोने साधे छे ॥ २१० ॥

ध्यान करनाराओमां आकर्षण, वशीकरण, स्तंभन, मोहन, द्रुति, निर्विषीकरण, शांति, विद्वेष, उच्चाटन, निग्रह, वगेरे अनेक कार्यो जोवामां आवे छे, तेथी ए रीते समरसीभाव (ध्याननी एकाग्रता) नी 25 सफळता थती होवाथी ध्यान भ्रान्तिरूप नथी ॥ २११-२१२ ॥

ध्याननी सामग्री—

पूरक, कुंभक, रेचक, दहन, प्लावन, सकलीकरण, मुद्रा, मंत्र, मंडल, धारणा, ते ते कर्मना अधिष्ठायक देवताओनां संस्थान, चिह्न, आसन, प्रमाण, वाहन, वीर्य, जाति, नाम, कांति, दिशा,

भुजवक्त्रनेत्रसंख्या, भावः क्रूरस्तथेतरः ।
वर्णः स्पर्शः स्वरोऽवस्था, वस्त्रं भूषणमायुधम् ॥ २१५ ॥

एवमादि यदन्यच्च, शान्तक्रूराय कर्मणे ।
मन्त्रवादादिषु प्रोक्तं, तद्ध्यानस्य परिच्छदः ॥ २१६ ॥

5 यदात्रिकं फलं किञ्चित्, फलमामुत्रिकं च यत् ।
एतस्य द्वितयस्यापि, ध्यानमेवाग्रकारणम् ॥ २१७ ॥

ध्यानस्य च पुनर्मुख्यो, हेतुरेतच्चतुष्टयम् ।
गुरूपदेशः श्रद्धानं, सदाभ्यासः स्थिरं मनः ॥ २१८ ॥

× × × ×

10 रत्नत्रयमुपादाय, त्यक्त्वा बन्धनिबन्धनम् ।
ध्यानमभ्यस्यतां नित्यं, यदि योगिन् मुमुक्षसे ॥ २२३ ॥

ध्यानाभ्यासप्रकर्षेण, त्रुट्यन्मोहस्य योगिनः ।
चरमाङ्गस्य मुक्तिः स्यात्, तदाऽन्यस्य च क्रमात् ॥ २२४ ॥

भुजा-मुख-नेत्रोनी संख्या, क्रूर तथा शांतभाव, वर्ण, स्पर्श, स्वर, अवस्था, वस्त्र, आभूषण, आयुध
15 वगेरे अने बीजुं जे कांई मंत्रशास्त्रादिमां शांत तथा क्रूर कर्ममाटे कह्युं छे ते बधु ध्याननुं साधन
समजवु ॥ २१३-२१६ ॥

जे कंई इहलौकिक फळ छे अने जे कंई पारलौकिक फळ छे, ते बनेनुं मुख्य कारण ध्यान
ज छे ॥ २१७ ॥

ध्यानना मुख्य चार हेतुओ—

20 ध्यानना आ चार मुख्य हेतुओ छे—गुरुनो उपदेश, श्रद्धा, सदा अभ्यास अने स्थिर
मन ॥ २१८ ॥

× × × ×

ध्यानाभ्यास माटे प्रेरणा—

हे योगिन् ! जो तने मुक्त थवानी इच्छा होय तो कर्मबंधना (परिग्रहादि) कारणोनो त्याग करीने
25 अने रत्नत्रयनो अंगीकार करीने तुं सदा ध्याननो अभ्यास कर ॥ २२३ ॥

ध्यानमां फळो—

ध्यानाभ्यासनी उत्तरोत्तर वृद्धि थवाथी नाश पामी रह्यो छे मोह जेनो एवो योगी जो ते
चरमशरीरी होय तो ते ज भवमां तेनो मोक्ष थाय छे, बीजानी क्रमशः (थोडाक भवोमां) मुक्ति
थाय छे ॥ २२४ ॥

तथा ह्यचरमाङ्गस्य, ध्यानमभ्यस्यतः सदा ।
निर्जरा संवरश्च स्यात्, सकलाऽशुभकर्मणाम् ॥ २२५ ॥

आश्रवन्ति च पुण्यानि, प्रचुराणि प्रतिक्षणम् ।
यैर्महर्द्धिर्भवत्येष, त्रिदशः कल्पवासिषु ॥ २२६ ॥

तत्र सर्वेन्द्रियामोदि, मनसः प्रीणनं परम् । 5
सुखामृतं पिबन्नास्ते, सुचिरं सुरसेवितः ॥ २२७ ॥

ततोऽवतीर्य मर्त्येऽपि, चक्रवर्त्यादिसम्पदः ।
चिरं भुक्त्वा स्वयं मुक्त्वा, दीक्षां दैगम्बरीं श्रितः ॥ २२८ ॥

वज्रकायः स हि ध्यात्वा, शुक्लध्यानं चतुर्विधम् ।
विधूयाष्टापि कर्माणि, श्रयते मोक्षमक्षयम् ॥ २२९ ॥ 10

× × × ×

सारश्चतुष्टयेऽप्यस्मिन्, मोक्षः सद्ध्यानपूर्वकः ।
इति मत्वा मया किञ्चिद्ध्यानमेव प्रपञ्चितम् ॥ २५२ ॥

यद्यप्यत्यन्तगम्भीरमभूमिर्मादृशामिदम् ।
प्रावर्तिषि तथाप्यत्र, ध्यानभक्तिप्रचोदितः ॥ २५३ ॥ 15

अचरमशरीरीने प्राप्त थतां ध्यानां फळो—

अचरमशरीरीनी मुक्ति आ रीते थाय छेः—सदा ध्यानना अभ्यास करता अचरमशरीरी योगीने सर्व अशुभ कर्मोनी निर्जरा अने संवर थाय छे; अने प्रतिक्षण तेवा प्रचुरपुण्यकर्मोनो आश्रव थाय छे के जेमना उदयथी ते भवांतरमां कल्पवासी देवोमां महर्द्धिक देव थाय छे। त्यां (स्वर्गमां) सर्व इन्द्रियोने आल्हादक तथा मनने प्रसन्नता आपनार एवा श्रेष्ठ सुखरूप अमृतनुं पान करतो अने चिरकाल सुधी 20 देवोथी सेवातो ते सुखेथी रहे छे। ते पछी त्यांथी च्यवीने मर्त्य लोकमां पण चक्रवर्ति आदि पदोनी संपत्तिओने लांबा काळ सुधी भोगवीने पोते ज (वैराग्यथी) छोडी दे छे अने दीक्षाने अंगीकार करे छे। ते काळे वज्रऋषभनाराच संघयणवाळो ते चार प्रकारनां शुक्लध्यानने आराधीने अने तेथी आठे प्रकारनां कर्मोनो नाश करीने अने अक्षय एवा मोक्षने पामे छे ॥ २२५-२२९ ॥

× × × × 25

जे आचार्यो उपर कहेला गुणोथी सपन्न छे, जेमनां मन, वचन अने काया अनेक परिषहो आववा छता पण निरतर विधिपूर्वक स्थिर रहे छे, अनेक गुणोने धारण करवाथी जेओ सदा अग्रय प्रधान छे। अने अशुभ कर्मोना उदयथी प्राप्त थनार जन्म, मरण, जरा वगेरे सर्व दोषोना सबधथी जेओ रहित 15 छे, एवा आचार्योन हु अति भक्तिथी विधिपूर्वक अजलिबद्ध करकमलथी शोभना मस्तक वडे नमु छु। अेथी मन शिव, अचल, निष्पाप, अक्षय, बाधाओथी रहित अेवु मुक्तिसुख प्राप्त थाओ ॥ १० ११ ॥

पञ्चगुरुभक्तिः

श्रीमदमरेन्द्रमुकुटप्रघटितमणिकिरणवारिधाराभिः ।
प्रक्षालितपदयुगलान् प्रणमामि जिनेश्वरान् भक्त्या ॥ १ ॥
अष्टगुणैः समपेतान् प्रणष्टदुष्टाष्टकर्मरिपुसमितीन् ।
सिद्धान्सततमनन्तान्नमस्करोमीष्टतुष्टिसंसिद्ध्यै ॥ २ ॥ 5
साचारश्रुतजलधीन्प्रतीर्य शुद्धोरुचरणनिरतानाम् ।
आचार्याणां पदयुगकमलानि दधे शिरसि मेऽहम् ॥ ३ ॥
मिथ्यावादिमदोग्रध्वान्तप्रध्वंसिवचनसंदर्भान् ॥
उपदेशकान्प्रपद्ये मम दुरितारिप्रणाशाय ॥ ४ ॥ 10
सम्यग्दर्शनदीपप्रकाशका मेयबोधसंभूताः ।
भूरिचरित्रपताकास्ते साधुगणास्तु मां पान्तु ॥ ५ ॥
जिनसिद्धसूरिदेशकसाधुवरानमलगुणगणोपेतान् ।
पञ्चनमस्कारपदैस्त्रिसन्ध्यमभिनौमि मोक्षलाभाय ॥ ६ ॥

अनुवाद 15

जेओना चरणकमल इन्द्रोना सुशोभित मुकुटोमां जडेला मणिओना किरणरूपी जलधाराथी प्रक्षालित करवामां आव्या छे, एवा श्रीजिनेश्वर भगवंतो(–अरिहंतो)ने हुं भक्ति पूर्वक प्रणाम करुं छुं ॥ १ ॥

जेओ अनंतज्ञानादि आठ गुणोथी अलंकृत छे, अने जेओए अत्यन्त दुष्ट–दुःख देवावाळा आठ कर्मरूपी शत्रुओना समूहने नष्ट करी नाख्यो छे, एवा अनन्त सिद्धोने हुं अत्यन्त इष्ट एवी मोक्षलक्ष्मीने प्राप्त करवा नमस्कार करु छु ॥ २ ॥ 20

आचार अने श्रुत समुद्रोने तरीने जेओ शुद्ध अने पराक्रमवाळा चारित्रनुं पालन करवामां सदा तत्पर छे, एवा आचार्योना चरण-कमलोने हुं मस्तक पर धारण करुं छुं ॥ ३ ॥

जेओना वचनोनी रचना मिथ्यावादिओना अहंकाररूपी अंधकारने नाश करवावाळी छे, एवा उपाध्यायोनुं हुं मारा पापरूपी शत्रुओनो नाश करवा शरण लउं छुं अर्थात् तेओना शरणे जाउं छुं ॥ ४ ॥

जेओ सम्यग्दर्शनरूपी दीपकथी भव्यजीवोना मननो अन्धकार दूर करी तेओना मनने प्रकाशित 25 करनारा छे, जीवादिक समस्त पदार्थोना ज्ञानथी सुशोभित छे अने विविध चारित्रनी पताका जेओए फरकावी छे, एवा साधुसमुदायो मारी रक्षा करे ॥ ५ ॥

जेओ अनेक निर्मल गुणोना समूहथी सहित छे, एवा अरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय अने उत्तम साधुओने हुं मोक्ष प्राप्त करवानी इच्छाथी पंच-नमस्कार मंत्रना पदोवडे त्रिसन्ध्य नमस्कार करुं छुं ॥ ६ ॥ 30

एष पञ्चनमस्कारः, सर्वपापप्रणाशनः ।
मंगलानां च सर्वेषां, प्रथमं मङ्गलं भवेत् ॥ ७ ॥
श्रीमदर्हत्सिद्धाचार्योपाध्यायाः सर्वसाधवः ।
कुर्वन्तु मंगलाः(लं) सर्वे, निर्वाणपरमश्रियम् ॥ ८ ॥
5 सर्वान् जिनेन्द्रचन्द्रान्, सिद्धानाचार्यपाठकान् साधून् ।
रत्नत्रयं च वन्दे, रत्नत्रयसिद्धये भक्त्या ॥ ९ ॥
पान्तु श्रीपादपद्मानि, पञ्चानां परमेष्ठिनाम् ।
लालितानि सुराधीश-चूडामणिमरीचिभिः ॥ १० ॥
प्रातिहार्यैर्जिनान् सिद्धान्, गुणैः सूरीन् स्वमातृभिः ।
10 पाठकान् विनयैः साधून्, योगाङ्गैरष्टभिः स्तुवे ॥ ११ ॥

आ पंच-नमस्कार मंत्र बधा पापोने नाश करनार छे अने सर्व मंगलोमां मुख्य मंगल छे ॥ ७ ॥

अरिहंत, सिद्ध, आचार्य, उपाध्याय अने सर्व साधु आ पांचे परमेष्ठी मंगलरूप छे। तेओ मने मोक्षरूपी परम लक्ष्मी आपे ॥ ८ ॥

हुं रत्नत्रय प्राप्त करवा माटे अति भक्तिथी बधा अरिहंतोने, सिद्धोने, आचार्योने, उपाध्यायोने 15 साधुओने अने रत्नत्रयने नमस्कार करु छुं ॥ ९ ॥

इन्द्रोना मुकुटोमां जडेलां रत्नना किरणोथी रंजित एवां पांचे परमेष्ठिओना चरण-कमल मारी रक्षा करे ॥ १० ॥

आठ प्रातिहार्योथी सहित अरिहंतो, अनन्तज्ञानादि आठ गुणोथी सहित सिद्धो, अष्टप्रवचनमाताथी सहित आचार्यो, विनयथी सहित उपाध्यायो अने आठ योगांगोथी सहित साधुओनी हुं स्तुति करुं छुं ॥ ११ ॥

20 ## परिचय

आचार्यवर्य्य श्रीपूज्यपाद विरचित 'दशभक्त्यादि संग्रह' सकल दि० जैन पंचायत, अजमेरथी वीर सं० २४७३ मां प्रकाशित थयेल, तेमाथी सिद्धभक्ति, आचार्यभक्ति तथा पंचगुरुभक्ति आ त्रण स्तोत्रो, अत्रे लेवामां आव्या छे।

श्री पूज्यपादस्वामी दिगम्बर जैन परंपरामा एक प्रौढ अने प्रकाण्ड विद्वान् आचार्य थई गया छे। 25 तेओ विक्रमनी छठ्ठी शताब्दिमा थया छे। तेमना 'सर्वार्थसिद्धि' 'समाधितंत्र' वगेरे ग्रंथो बहुज प्रसिद्ध छे।

[७१-३४]

श्रीरत्नशेखरसूरिविरचितः
'श्राद्धविधि'प्रकरणान्तर्गतसन्दर्भः

एवं श्राद्धस्य स्वरूपमुक्त्वा प्रागुक्ते दिनरात्र्यादिकृत्यषट्के प्रथमं दिनकृत्यविधिमाह—

नवकारेण विबुद्धो, सरेइ सो सकुलधम्मनियमाई । 5
पडिकमिअ सुई पूइअ, गिहे जिणं कुणइ संवरणं ॥ ५ ॥

व्याख्या—'नमो अरिहंताणं' इत्यादिना विबुद्धः स श्राद्धः स्वकुलधर्मनियमादीन् स्मरेत् । अयमर्थः श्रावकेण तावत् स्वल्पनिद्रेण भाव्यम् । पाश्चात्यरात्रौ च यामादिसमये सकाले उत्थातव्यं तथा सति यथा विलोक्यमानैहलौकिकपारलौकिककार्यसिद्ध्यादयोऽनेकगुणाः, अन्यथा तत् सीदनादयो दोषाः ।

लोकेऽप्युक्तम्— 10

"कम्मीणां धणसंपडइ, धम्मीणां परलोअ ।
जिहिं सुत्तां रवि उग्गमइ, तिहि नरआओ न ओय ॥ १ ॥

निद्रापारवश्यादिना यदि तथोत्थातुं न शक्नोति तदा पञ्चदशमुहूर्त्ता रजनी तस्यां जघन्यतोऽपि चतुर्दशे ब्राह्मे मुहूर्ते उत्तिष्ठेत्, द्रव्याद्युपयोगं करोति—

द्रव्यतः—कोऽहं श्राद्धोऽन्यो वा ? 15

क्षेत्रतः—किं स्वगृहेऽन्यत्र वा ? उपरितलेऽधस्तले वा ?

कालतो—रात्रिर्दिनं वा ?

भावतः—कायिक्यादिना पीडितोऽहं न वा ?

एवमुपयोगे दत्ते निद्रानुपरमे नासानिःश्वासं निरुणद्धि । ततोऽपनिद्रः सन् द्वारं दृष्ट्वा कायिक्यादिचिन्तां करोति । उक्तं च साधुमाश्रित्यौघनिर्युक्तौ— 20

"दव्वाइ उवओगं ऊसासनिरुंभणा लोअंति ।

रात्रौ च यदि किञ्चित् कार्याद्यन्यस्मै ज्ञापयति, तदा मन्दस्वरादिनैव, उच्चैः स्वरं तु शब्दकासितखुंकारहुंकाराद्यपि न कुर्यात् । रात्रौ तत्करणे जागरितैर्गृहगोधादिहिंस्रजीवैर्मक्षिकोपद्रवाद्यारम्भः, प्रातिवेश्मिकैर्वा स्वस्वारम्भः प्रवर्त्येत । तथा च पानीयाहारिकारन्धनकारिकावाणिज्यकारकशोककारकपथिककर्षकारामिकारघट्टिकघरट्टादियन्त्रप्रवाहकशिलाकुट्टकचाक्रिकरजककुम्भकारलोहकारसूत्रधारद्यूतकारशस्त्रकारमद्यकारमात्स्यिकसौनिकवागुरिकलुब्धकघातकपारदारिकतस्करावस्कन्ददायकादीनामपि परम्परया कुव्यापारप्रवृत्तिरिति निरर्थकमनेके दोषाः । 25

तदुक्तं श्रीभगवत्यङ्गे—

जागरिआ धम्मीणं, अहम्मीणं तु सुत्तया सेया ।
वच्छाहिव भइणीए, अकहिंसु जिणो जयन्तीए ॥ १ ॥ 30

निद्राच्छेदे च तज्ज्ञेन भूजलाग्निवायुव्योमसु किं तत्त्वमित्याद्यन्वेष्यं यतः—

अम्भोभूतत्त्वयोर्निद्रा-, विच्छेदः शुभहेतवे ।
व्योमवाय्वग्नितत्त्वेषु, स पुनर्दुःखदायकः ॥ १ ॥

वामा शस्तोदये पक्षे, सिते कृष्णे तु दक्षिणा।
त्रीणि त्रीणि दिनानीन्दु-, सूर्ययोरुदयः शुभः ॥ २ ॥
शुक्लप्रतिपदो वायुश्चन्द्रोऽथार्के त्र्यहं त्र्यहम्।
वहन् शस्तोऽनया वृत्त्या, विपर्यासे तु दुःखदः ॥ ३ ॥
5 शशाङ्केनोदये वायोः, सूर्येणास्तं शुभावहम्।
उदये रविणा त्वस्य, शशिनास्तं शुभावहम् ॥ ४ ॥

केषाञ्चिन्मते वारक्रमेण सूर्यचन्द्रोदयः, तत्र रविभौमगुरुशनिषु सूर्योदयः सोमबुधशुक्रेषु चन्द्रोदयः। केषाञ्चित् संक्रान्तिक्रमाद्यथा ' मेसविसे रविचन्दा ' इत्यादि। केषाञ्चिच्चन्द्रराशिपरावर्त्तक्रमेण—

"सार्द्धं घटीद्वयं नाडिरेकैकार्कोदयाद्वहेत्।
10 अरघट्टघटीभ्रान्ति-न्यायो नाड्यः पुनः पुनः ॥ ५ ॥
षट्त्रिंशद् गुरुवर्णानां, या वेला भणने भवेत्।
सा वेला मरुतो नाड्या, नाड्यां संचरतो लगेत् ॥ ६ ॥

पञ्चतत्त्वानि चैवं—

"ऊर्ध्वं वह्निरधस्तोयं, तिरश्चीनः समीरणः।
15 भूमिर्मध्यपुटे व्योम, सर्वगं वहते पुनः ॥ ७ ॥
वायोर्वह्नेरपां पृथ्व्या, व्योम्नस्तत्त्वं वहेत् क्रमात्।
वहन्त्योरुभयोर्नाड्यो-, र्ज्ञातव्योऽयं क्रमः सदा ॥ ८ ॥
पृथ्व्याः पलानि पञ्चाश-, च्चत्वारिंशत्तथाम्भसः।
अग्नेस्त्रिंशत्पुनर्वायो-, र्विंशतिर्नभसो दश ॥ ९ ॥
20 तत्त्वाभ्यां भूजलाभ्यां स्या-, च्छान्तेः कार्ये फलोन्नतिः।
दीप्ता स्थिरादिके कृत्ये, तेजो-वाय्वम्बरैः शुभम् ॥ १० ॥
जीवितव्ये जये लाभे, सस्योत्पत्तौ च वर्षणे।
पुत्रार्थे युद्धप्रश्ने च, गमनागमने तथा ॥ ११ ॥
पृथ्व्यप्तत्त्वे शुभे स्यातां, वह्निवातौ च नो शुभौ।
25 अर्थसिद्धिः स्थिरोर्व्यां तु, शीघ्रमंभसि निर्दिशेत् ॥ १२ ॥ युग्मम् ॥
पूजाद्रव्यार्जनोद्वाहे, दुर्गादिसरिदाक्रमे।
गमागमे जीविते च, गृहे क्षेत्रादिसंग्रहे ॥ १३ ॥
क्रयविक्रयणे वृष्टौ, सेवाकृषिद्विषज्जये।
विद्यापट्टाभिषेकादौ, शुभेऽर्थे च शुभः शशी ॥ १४ ॥ युग्मम् ॥
30 प्रश्ने प्रारंभणे वापि, कार्याणां वामनासिका।
पूर्णा वायोः प्रवेशश्चेत्, तदा सिद्धिरसंशयम् ॥ १५ ॥
बद्धानां रोगितानां च, प्रभ्रष्टानां निजात्पदात्।
प्रश्ने युद्धविधौ वैरि-, संगमे सहसा भये ॥ १६ ॥
स्नाने पानेऽशने नष्टा-, न्वेषे पुत्रार्थमैथुने।
35 विवादे दारुणार्थे च, सूर्यनाडिः प्रशस्यते ॥ १७ ॥ युग्मम् ॥

कश्चित्त्वेवम्—

"विद्यारम्भे च दीक्षायां, शस्त्राभ्यासविवादयोः।
राजदर्शनगीतादौ, मन्त्रयन्त्रादिसाधने ॥ १८ ॥ सूर्यनाडी शुभा।

दक्षिणे यदि वा वामे, यत्र वायुर्निरन्तरम् ।
तं पादमग्रतः कृत्वा, निस्सरेत् निजमन्दिरात् ॥ १९ ॥
अधमर्णादिचौराद्या, विग्रहोत्पातिनोऽपि च ।
शून्याङ्गे स्वस्य कर्तव्याः, सुखलाभजयार्थिभिः ॥ २० ॥
स्वजनस्वामिगुर्वाद्या ये चान्ये हितचिन्तकाः । 5
जीवाङ्गे ते ध्रुवं कार्याः, कार्यसिद्धिमभीप्सुभिः ॥ २१ ॥
प्रविशत्पवनापूर्ण-, नासिकापक्षमाश्रितम् ।
पादं शय्योत्थितो दद्यात् , प्रथमं पृथिवीतले ॥ २२ ॥

एवं विधिना त्यक्तनिद्रः श्रावक आत्यन्तिकबहुमानः परममङ्गलार्थं नमस्कारं स्मरेदव्यक्तवर्णं यदाह— 10

"परमिट्ठिचिंतणं, माणसंमि सिज्जागएण कायव्वं ।
सुत्ताऽविणयपवित्ती, निवारिआ होइ एवं तु ॥ १ ॥"

अन्ये तु न सा काचिदवस्था यस्यां पञ्चनमस्कारस्यानधिकार इति मन्वाना अविशेषेणैव नमस्कारपाठमाहुः । एतन्मतद्वयमाद्यपञ्चाशकवृत्त्यादावुक्तं । श्राद्धदिनकृत्ये त्वेवमुक्तम्—

"सिज्जाठाणं पमुत्तूणं, चिट्ठिज्जा धरणीयले । 15
भाववंधुं जगन्नाहं, नमोक्कारं तओ पढे ॥ १ ॥"

यतिदिनचर्यायां चैवम्—

"जामिणिपच्छिमजामे, सव्वे जग्गंति बालवुड्ढाई ।
परमिट्ठिपरममन्तं, भणन्ति सत्तट्ठवाराओ ॥ १ ॥"

एवं च नमस्कारं स्मरन् सुप्तोत्थितः पल्यंकादि मुक्त्वा पवित्रभूमौ ऊर्ध्वं स्थितो निविष्टो वा 20 पद्मासनादिसुखासनासीनः पूर्वस्यां उत्तरस्यां वा सम्मुखो जिनप्रतिमाद्यभिमुखो वा चित्तैकाग्रताद्यर्थं कमलबन्धकरजापादिना नमस्कारान् परावर्त्तयेत्, तत्राष्टदले कमले कर्णिकायामाद्यं पदं, द्वितीयादिपदानि चत्वारि पूर्वादिदिक्चतुष्के, शेषाणि चत्वार्याग्नेय्यादिविदिक्चतुष्के न्यसेदित्यादि ।
उक्तं चाष्टमप्रकाशे[1] श्रीहेमसूरिभिः—

अष्टपत्रे सिताम्भोजे, कर्णिकायां कृतस्थितिम् । 25
आद्यं सप्ताक्षरं मन्त्रं, पवित्रं चिन्तयेत्ततः ॥ १ ॥
सिद्धादिकचतुष्कं च, दिक्पत्रेषु यथाक्रमम् ।
चूलापादचतुष्कं च, विदिक्पत्रेषु चिन्तयेत् ॥ २ ॥
त्रिशुद्ध्या चिन्तयन्नस्य, शतमष्टोत्तरं मुनिः ।
भुञ्जानोऽपि लभेतैव, चतुर्थतपसः फलम् ॥ ३ ॥ 30

करजापो नन्द्यावर्त्तशङ्खावर्त्तादिना इष्टसिद्ध्यादिबहुफलः ।

प्रोक्तं च—

"करआवत्ते जो पञ्चमङ्गलं साहुपडिमसंखाए ।
नववारा आवत्तइ छलंति तं नो पिसायाई ॥ १ ॥

१ योगशास्त्रे ।

बन्धनादिकष्टे तु विपरीतशङ्खावर्त्तादिनाक्षरैः पदैर्वा विपरीतं नमस्कारं लक्षाद्यपि जपेत्, क्षिप्रं क्लेशनाशादि स्यात्। करजापाद्यशक्तस्तु सूत्ररत्नरुद्राक्षादिजपमालया स्वहृदयसमश्रेणिस्थया परिधानवस्त्रचरणादावलगन्त्या मेर्वनुलङ्घनादिविधिना जपेत्। यतः—

"अङ्गुल्यग्रेण यज्जप्तं, यज्जप्तं मेरुलङ्घने।
5 व्यग्रचित्तेन यज्जप्तं, तत्प्रायोऽल्पफलं भवेत्॥ १॥
सङ्कुलाद्विजने भव्यः, सशब्दान्मौनवान् शुभः।
मौनजान्मानसः श्रेष्ठो, जापः श्लाघ्यः परः परः॥ २॥
जपश्रान्तो विशेद् ध्यानं, ध्यानश्रान्तो विशेज्जपम्।
द्वयश्रान्तः पठेत् स्तोत्र-, मित्येवं गुरुभिः स्मृतम्॥ ३॥

10 श्रीपादलिप्तसूरिकृतप्रतिष्ठापद्धतावप्युक्तम्—

"जापस्त्रिविधो मानसोपांशुभाष्यभेदात् तत्र मानसो मनोमात्रप्रवृत्तिनिर्वृत्तः स्वसंवेद्यः, उपांशुस्तु परैरश्रूयमाणोऽन्तः सञ्जल्परूपः, यस्तु परैः श्रूयते स भाष्यः, अयं यथाक्रममुत्तममध्यमाधमसिद्धिषु शान्तिपुष्ट्यभिचारादिरूपासु नियोज्यः, मानसस्य प्रयत्नसाध्यत्वाद् भाष्यस्याधमसिद्धिफलत्वादुपांशुः साधारणत्वात्प्रयोज्यः इति।" नमस्कारस्य पञ्चपदीं नवपदीं वाऽनानुपूर्व्यापि चित्तैकाग्र्यार्थं
15 गुणयेत्, तस्य च प्रत्येकमेकैकाक्षरपदाद्यपि परावर्त्यम्।

यदुक्तमष्टमप्रकाशे—

"गुरुपञ्चकनामोत्था, विद्या स्यात् षोडशाक्षरा।
जपन् शतद्वयं तस्या-, श्चतुर्थस्याप्नुयात् फलम्॥ १॥

गुरुपञ्चकं परमेष्ठिपञ्चकं षोडशाक्षरा—"अरिहंतसिद्धआयरियउवज्झायसाहु" रूपा। तथा—

20 शतानि त्रीणि षड्वर्णं, चत्वारि चतुरक्षरम्।
पञ्चावर्णं जपन् योगी, चतुर्थफलमश्नुते॥ २॥

षड्वर्णं 'अरिहंत सिद्ध' इति, चतुरक्षरं 'अरिहंत' इति, अवर्णं 'अकार' मेव मन्त्रं—

"प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम्।
फलं स्वर्गापवर्गौ तु, वदन्ति परमार्थतः॥ ३॥"

25 तथा—

नाभिपद्मे स्थितं ध्याये-, दकारं विश्वतोमुखम्।
सिवर्णं मस्तकाम्भोजे, आकारं वदनाम्बुजे॥ ४॥
उकारं हृदयाम्भोजे, साकारं कण्ठपञ्जरे।
सर्वकल्याणकारीणि, बीजान्यन्यान्यपि स्मरेत्॥ ५॥"

30 'असिआउसा' इति बीजान्यन्यान्यपि 'नमः सर्वसिद्धेभ्य' इति।

मन्त्रः प्रणवपूर्वोऽयं, फलमैहिकमिच्छुभिः।
ध्येयः प्रणवहीनस्तु, निर्वाणपदकांक्षिभिः॥ ६॥
एवं च मन्त्रविद्यानां, वर्णेषु च पदेषु च।
विश्लेषं क्रमशः कुर्या-, ल्लक्ष्यभावोपपत्तये॥ ७॥

35 जापादेश्च बहुफलत्वं, यतः—

पूजाकोटिसमं स्तोत्रं, स्तोत्रकोटिसमो जपः।
जपकोटिसमं ध्यानं, ध्यानकोटिसमो लयः॥ १॥

ध्यानसिद्धये च जिनजन्मादिकल्याणकभूम्यादिरूपं तीर्थमन्यद्वा स्वास्थ्यहेतुं विविक्तं स्थानाद्याश्रयेत्। यद् ध्यानशतके—

"निच्चं चिअ जुवइपसुनपुंसगकुसीलवज्जियं जइणो।
ठाणं विअणं भणिअं, विसेसओ झाणकालंमि ॥ १ ॥
थिरकयजोगाणं पुण, मुणीण झाणेसु निच्चलमणाणं।
गामंमि जणाइण्णे, सुन्ने रण्णे व न विसेसो ॥ २ ॥
तो जत्थ समाहाणं, होइ मणोवयणकायजोगाणं।
भूओवरोहरहिओ, सो देसो झायमाणस्स ॥ ३ ॥
कालो वि सुच्चिअ जहिं, जोगसमाहाणमुत्तमं लहइ।
नउ दिवसनिसावेलाइनियमणं झाइणो भणिअ ॥ ४ ॥
अच्चिअ देहावत्था, जिआण झाणोवरोहिणी होइ।
झाइज्जा तदवत्थो, ठिओ निसण्णो निवण्णो वा ॥ ५ ॥
सव्वासु वट्टमाणा, मुणओ जं देसकालचिट्ठासु।
वरकेवलाइलाभं, पत्ता बहुसो समिअपावा ॥ ६ ॥
तो देसकालचिट्ठा, निअमो झाणस्स नत्थि समयंमि ।
जोगाण समाहाणं, जह होइ तहा पयइअव्वं ॥ ७ ॥ इत्यादि।

नमस्कारश्चात्रामुत्राप्यत्यन्तं गुणकृत्। उक्तं हि महानिशीथे—

"नासेइ चोरसावय-, विसहरजलजलणबंधणभयाइं।
चिंतिज्जंतो रक्खस—रणरायभयाइं भावेण ॥ १ ॥"

अन्यत्रापि—

"जाए वि जो पढिज्जइ, जेणं जायस्य होइ फलरिद्धि।
अवसाणे वि पढिज्जइ, जेण मओ सुग्गइं जाइ ॥ १ ॥
आवइहिंपि पढिज्जइ, जेण य लंघेइ आवइसयाइं।
रिद्धीए वि पढिज्जइ, जेण य सा जाइ वित्थारं ॥ २ ॥
नवकारइक्कअक्खर, पावं फेडेइ सत्त अयराणं।
पन्नासं च पएणं, पञ्चसयाइं समग्गेणं ॥ ३ ॥
जो गुणइ लक्खमेगं, पूएइ विहीइ जिणनमुक्कारं।
तित्थयरनामगोअं, सो बन्धइ नत्थि संदेहो ॥ ४ ॥
अट्ठेवय अट्ठसया, अट्ठसहस्सं च अट्ठकोडीओ।
जो गुणइ अट्ठलक्खे, सो तइअभवे लहइ सिद्धिं ॥ ५ ॥"

नमस्कारमाहात्म्ये—

इह लोके श्रेष्ठिपुत्रशिवादयो दृष्टान्ताः यथा—स द्यूताद्यासक्तो 'विषमे नमस्कारं स्मरेरिति' पित्रा शिक्षितः पितरि मृते व्यसननिर्धनो धनार्थी दुष्टत्रिदण्डिगिरोत्तरसाधकीभूतः कृष्णचतुर्दशीरात्रौ श्मशाने खड्गपाणिः शवस्याङ्घ्री म्रक्षयन् भीतो नमस्कारं सस्मार। त्रिरुत्थितेनापि शवेन तं प्रत्यप्रभूष्णुना त्रिदण्ड्येव हतः स्वर्णनरः सिद्धस्तस्य ततो महर्द्धिः शिवश्चैत्याद्यचीकरत्, इत्यादि। परलोके तु वटशामलिकादयः, यथा सा म्लेच्छबाणविद्धा साधुदत्तनमस्कारार्त्सिहलेशस्य मान्यपुत्रीत्वेनोत्पन्ना श्रुतसमयमहेभ्योक्तनमस्काराद्यपदश्रुतेर्जातिस्मरा पञ्चशत्या पोतैरागत्य भृगुपुरे शामलिकाविहारोद्धारमकारयदित्यादि। तस्मात् सुप्तोत्थितेन पूर्वं नमस्कारः स्मर्तव्यस्ततो धर्मजागर्या कार्या।

अनुवाद

आ प्रमाणे श्रावकनुं स्वरूप कहीने हवे पहेलां कहेल दिनकृत्य, रात्रिकृत्य आदि छ कृत्योमांथी प्रथम दिवसकृत्यनी विधि कहे छे :—

अर्थ—नवकार गणीने जागृत थवुं पछी पोताना कुल नियमादिने संभारवा। त्यारबाद 5 प्रतिक्रमण करी पवित्र थई जिनमदिरमां जिनेश्वरने पूजी पच्चक्खाण करवुं।

व्याख्या—"नमो अरिहंताण" इत्यादि नवकार गणीने जागृत थयेलो श्रावक पोताना कुल. धर्म, नियम इत्यादिकनुं चिंतवन करे।' इत्यादि प्रथम गाथार्धनुं विवरण आ प्रमाणे छे :—

उठवानो समय अने वहेला उठवाथी लाभ

श्रावके निद्रा थोडी लेवी। पाछली रात्रे पहोर रात्रि बाकी रहे ते वखते उठवुं। तेम करवामा 10 आलोक संबंधी तथा परलोक संबंधी कार्यनो बराबर विचार थवाथी ते कार्यनी सिद्धि तथा बीजा पण घणा फायदा छे। अने तेम न करवामां आवे तो आलोक अने परलोक संबंधी कार्यनी हानि वगेरे घणा दोषो छे। लोकमां पण कह्युं छे के :—

अर्थ—कर्मकर लोको जो वहेलां उठीने कामे वळगे तो, तेमने धन मळे छे; धर्मिपुरुषो वहेला उठीने धर्मकार्य करे तो, तेमने परलोकनु सारु फल मळे छे; परन्तु जेओ सूर्योदय थया छतां पण उठता 15 नथी, तेओ बल, बुद्धि, आयुष्य अने धनने हारी जाय छे ॥ १ ॥

निद्रावश थवाथी अथवा बीजा कोई कारणथी जो पूर्वे कहेला वखते न उठी शके तो, पंदर मुहूर्तनी रात्रिमां जघन्यथी चौदमे ब्राह्ममुहूर्ते (अर्थात् चार घडी रात्रि बाकी रहे त्यारे) तो जरूर उठवुं जोईए।

द्रव्य-क्षेत्र-काल अने भावनो उपयोग

20 उठतांनी साथे श्रावके द्रव्यथी, क्षेत्रथी, काळथी तथा भावथी उपयोग करवो। ते आ प्रमाणे :—

"हुं श्रावक छु, के बीजो कोई छुं?" वगेरे विचार करवो ते **द्रव्यथी उपयोग**।

"हु पोताना घरमा छु के बीजाना घेर? मेडा उपर छुं के भोयतळीये?" इत्यादि विचार करवो ते **क्षेत्रथी उपयोग**।

"रात्रि छे के दिवस छे?" इत्यादि विचार करवो ते **काळथी उपयोग**।

25 "मन, वचन अथवा कायाना दुःखथी हु पीडायेलो छु के नहीं?" वगेरे विचार करवो ते **भावथी उपयोग**।

एम चार प्रकारे विचार कर्या पछी निद्रा बराबर दूर न थई होय तो, नासिका पकडीने निःश्वासने रोके। तेथी निद्रा तद्दन दूर थाय त्यारे द्वार (बारणुं) जोईने कायिकी चिंता वगेरे करे। साधुनी अपेक्षाथी ओघनिर्युक्तिमां कह्यु छे के—"द्रव्यादिनो उपयोग करे, निःश्वासनो निरोध करे अने 30 बारणां तरफ जुए।"

रात्रे कार्य प्रसंगे केवी रीते बोलवुं या बोलाववुं.

रात्रे जो कांई बीजा कोईने कामकाज जणाववुं पडे तो, ते बहु ज धीमा सादे जणाववुं। ऊंचा स्वरथी खांसी, खुंखार, हुंकार अथवा कोई पण शब्द न करवो। कारण के तेम करवाथी गरोळी वगेरे हिंसक जीव जागे अने माखी प्रमुख क्षुद्र जीवोने उपद्रव करे, तथा पडोशना लोको पण जागृत 35 थई पोत पोताना कार्यनो आरभ करवा लागे। जेमके, पाणी लावनारी तथा रांधनारी स्त्री, वेपारी,

शोक करनार, मुसाफर, खेडुत, माळी, रहेंट चलावनार, घंटी प्रमुख यंत्रने चलावनार, सलाट, घांची, धोबी, कुभार, लुहार, सूथार, जुगारी, शस्त्र तैयार करनार, कलाल, माछी, कसाई, शिकारी, घातपात करनार, परस्त्रीगमन करनार, चोर, धाड पाडनार, इत्यादि लोकोने परंपराए पोतपोताना निंद्य व्यापारने विषे प्रवृत्ति करावावानो तथा बीजा पण निरर्थक अनेक दोष लागे छे। श्रीभगवती सूत्रमां कह्युं छे के— "धर्मी पुरुषो जागता अने अधर्मी पुरुषो सुता होय ते सारा जाणवा। एवी रीते वत्स देशना राजा 5 शतानिकनी बहेन जयतीने श्रीमहावीर स्वामीए कह्युं छे।"

कई नाडी अने क्या तत्त्वथी शुं लाभ थाय तेनो विचार—

निद्रा जती रहे त्यारे स्वरशास्त्रना जाण पुरुषे पृथ्वी, जल, अग्नि, वायु अने आकाश ए पांचे तत्त्वोमां क्यु तत्त्व श्वासोच्छ्वासमां चाले छे, ते तपासवुं। कह्युं छे के :—"पृथ्वीतत्त्व अने जलतत्त्वने विषे निद्रानो त्याग करवो शुभकारी छे, पण अग्नि, वायु अने आकाश तत्त्वोने विषे तो ते दुःखदायक छे। 10 शुक्लपक्षना प्रातःकालमां चन्द्रनाडी अने कृष्णपक्षना प्रातःकालमां सूर्यनाडी सारी जाणवी। शुक्लपक्षमां अने कृष्णपक्षमां त्रण दिवस—एकम, बीज अने त्रीज सुधी प्रातःकालमां अनुक्रमे चन्द्रनाडी अने सूर्यनाडी शुभ जाणवी। अजवाळी पडवेथी मांडीने पहेला त्रण दिवस (त्रीज) सुधी चन्द्रनाडीमां वायुतत्त्व वहे, ते पछी त्रण दिवस (चोथ, पांचम अने छठ) सुधी सूर्यनाडीमा वायुतत्त्व वहे; ए रीते आगळ चाले तो शुभ जाणवु, पण एथी उलटुं एटले पहेला त्रण दिवस सूर्यनाडीमां वायुतत्त्व अने पाछला त्रण दिवसमां 15 चन्द्रनाडीमा वायुतत्त्व ए प्रमाणे चाले तो दुःखदायी जाणवु। चन्द्रनाडीमां वायुतत्त्व चालतां छतां जो सूर्यनो उदय थाय तो सूर्यना अस्त समये सूर्यनाडी शुभ जाणवी तथा जो सूर्यने उदये सूर्यनाडी वहेती होय तो अस्तने समये चन्द्रनाडी शुभ जाणवी।"

वार, संक्रांति अने चन्द्रराशिमां रहेल नाडीनुं फल

केटलाकना मते वारने अनुक्रमे सूर्य चन्द्रनाडीना उदयने अनुसरी फल जणावेल छे ते आ 20 रीते :—'रवि, मगल, गुरु अने शनि आ चार वारने विषे प्रातःकालमां सूर्यनाडी तथा सोम, बुध अने शुक्र ए त्रण वारने विषे प्रातःकालमां चन्द्रनाडी वहेती होय ते सारी'। केटलाकना मते संक्रांतिना अनुक्रमथी सूर्य अने चन्द्रनाडीनो उदय कहेलो छे। ते आ रीते :— 'मेष संक्रान्ति विषे प्रातःकालमां सूर्यनाडी अने वृषभ संक्रातिने विषे चन्द्रनाडी सारी इत्यादि।' केटलाकना मते चन्द्रराशिना परावर्तनना क्रमथी नाडीनो विचार छे, जेम के—'सूर्यना उदयथी मांडीने एकेक नाडी अढी घडी निरतर वहे छे। रहेंटना घडा 25 जेम अनुक्रमे वारवार भराय छे अने खाली थाय छे तेम नाडीओ पण अनुक्रमे फरती रहे छे। छत्रीश गुरु वर्ण (अक्षर) नो उच्चार करतां जेटलो काळ लागे छे, तेटलो काल प्राणवायुने एक नाडीमांथी बीजी नाडीमां जतां लागे छे।'

पांच तत्त्वोनुं स्वरूप, क्रम, काल, तथा तेनुं फल

एवी रीते पांच तत्त्वोनुं पण स्वरूप जाणवुं, ते आ प्रमाणेः—"अग्नितत्त्व ऊंचुं, जलतत्त्व 30 नीचुं, वायुतत्त्व आडुं, पृथ्वीतत्त्व नासिकापुटनी अंदर अने आकाशतत्त्व सर्व बाजु वहे छे। वहेती सूर्य अने चन्द्रनाडीमां अनुक्रमे वायु, अग्नि, जल, पृथ्वी, अने आकाश ए पांच तत्त्वो वहे छे अने ए क्रम हरहंमेशनो जाणवो। पृथ्वी तत्त्व पचास, जलतत्त्व चालीस, अग्नितत्त्व त्रीस, वायुतत्त्व वीस अने आकाशतत्त्व दस पळ वहे छे। पृथ्वी अने जलतत्त्व वहेता होय त्यारे शान्त्यादि कार्योमा सुंदर फळ प्राप्त थाय छे। 35

क्रूर तथा अस्थिरादि कार्यने विषे अग्नि, वायु अने आकाश ए त्रण तत्त्वोथी सारु फल थाय छे। आयुष्य, जय, लाभ, धान्यनी उत्पत्ति, वृष्टि, पुत्र, संग्राम, प्रश्न, जवुं अने आववु एटला कार्यमां पृथ्वीतत्त्व अने जलतत्त्व शुभ छे, अग्नितत्त्व अने वायुतत्त्व शुभ नथी। पृथ्वीतत्त्व होय तो कार्यसिद्धि धीरे धीरे अने जलतत्त्व होय तो तरत ज जाणवी।"

5 चन्द्र-सूर्य-नाडी वहे त्यारे क्या करवा योग्य कार्यो छे?

"पूजा, द्रव्योपार्जन, विवाह, किल्लादिनु अथवा नदीनुं उल्लंघन, जवु, आववु, जीवित, घर–क्षेत्र इत्यादिकनो सग्रह, खरीदवुं, वेचवु, वृष्टि, राजादिकनी सेवा, खेती, शत्रुनो जय, विद्या, पट्टाभिषेक इत्यादि शुभ कार्यमा चन्द्रनाडी वहेती होय तो शुभ छे। तेम ज कोई कार्यनो प्रश्न अथवा कार्यनो आरभ करवाने समये डावी नासिका वायुथी पूर्ण होय, अथवा तेनी अदर वायु प्रवेश करतो होय, तो निश्चे कार्यसिद्धि 10 थाय।" बधनमां पडेला, रोगी, पोताना अधिकारथी भ्रष्ट थयेला पुरुषोना प्रश्न, सग्राम, शत्रुनो मेलाप, सहसा आवेलो भय, स्नान, पान, भोजन, गई वस्तुनी शोधखोळ, पुत्रने अर्थे स्त्रीनो सयोग, विवाद तथा कोई पण क्रूर कर्म एटली वस्तुमां सूर्यनाडी सारी छे।"

सूर्य तथा चन्द्र बन्ने नाडीमां करवा योग्य विशिष्ट कार्यो

कोई ठेकाणे एम कहेल छे के "विद्यानो आरंभ, दीक्षा, शास्त्रनो अभ्यास, विवाद, राजानु दर्शन, 15 गीत इत्यादि तथा मन्त्रयन्त्रादिकनु साधन एटला कार्यमां सूर्यनाडी शुभ छे। जमणी अथवा डावी जे नासिकामा प्राणवायु एकसरखो चालतो होय, ते बाजुनो पग आगळ मूकीने पोताना घरमांथी बहार नीकळवु। सुख, लाभ अने जयना अर्थी पुरुषोए पोताना देवादार, शत्रु, चोर, झगडाखोर इत्यादिकने पोताना शून्यागे (डावी बाजुए) राखवा। कार्यसिद्धिनी इच्छा करनार पुरुषोए स्वजन, पोतानो स्वामी, गुरु तथा बीजा पोताना हितचिंतक ए सर्व लोकोने पोताना जीवागे (जमणी बाजुए) राखवा। पुरुषे बिछाना 20 उपरथी ऊठतां जे नासिका पवनना:प्रवेशथी परिपूर्ण होय, ते नासिकाना भागनो पग प्रथम भूमि उपर मूकवो।"

नवकार गणवानो विधि

श्रावके उपर्युक्त विधिथी निद्रानो त्याग करीने परम मगलने अर्थे अत्यत बहुमानपूर्वक नवकार मंत्रना वर्णोनु कोई न सामळे एवी रीते (मनमा) स्मरण करवु। कह्यु छे के :—'शय्यामां रह्या रह्या 25 नवकार गणवो होय तो, सूत्रनो अविनय निवारवाने माटे मनमां ज गणवो।' बीजा आचार्यो तो एम कहे छे के–'एवी कोई पण अवस्था नथी के जेनी अदर नवकार मन्त्र गणवानो अधिकार न होय, एम मानीने "नवकार हंमेश माफक गणवो। आ बन्ने मतो **प्रथम पंचाशकनी** वृत्तिमा कह्या छे। **श्राद्धदिनकृत्यमां** तो एम कह्यु छे के 'शय्यानुं स्थानक मूकीने नीचे भूमि उपर बेसी भावबधु तथा जगतना नाथ नवकार मन्त्रनुं स्मरण करवुं।' **यतिदिनचर्यामां** आ रीते कह्यु छे के, 'रात्रिने पाछले 30 पहोरे बाल, वृद्ध इत्यादि सर्व साधुओ जागे छे अने सात आठ वार नवकार मत्र गणे छे।' एवी रीते नवकार गणवानो विधि जाणवो।

जपना प्रकार—कमलबंधजप, हस्तजप वगेरे

निद्रा करीने उठेलो पुरुष मनमां नवकार गणतो शय्यानो त्याग करे, पवित्र भूमि उपर उभो रही अथवा पद्मासन के सुखासने बेसी पूर्व दिशाए के उत्तर दिशाए मुख करी अथवा जिनप्रतिमा के 35 स्थापनाचार्य समुख चित्तनी एकाग्रता वगेरे करवाने अर्थे (१) कमलबधथी अथवा (२) हस्तजपथी नवकार

मन्त्र गणे। (१) तेमा कल्पित आठ पत्रवाळा कमळनी कर्णिकामां प्रथम पद स्थापन करवु। पूर्व, दक्षिण, पश्चिम तथा उत्तर दिशाना दळ उपर अनुक्रमे बीजुं, त्रीजुं चोथुं अने पांचमुं पद स्थापन करवुं अने नैर्ऋत्य, वायव्य, अग्नि अने ईशान ए चार कोण दिशामां बाकी रहेलां चार पद अनुक्रमे स्थापन करवां।

श्रीहेमचन्द्रसूरिजीए **योगशास्त्रना** आठमा प्रकाशमां कह्यु छे के "आठ पाखडीना श्वेतकमलनी कर्णिकाने विषे चित्त स्थिर राखीने त्या पवित्र सात अक्षरनो मत्र—'नमो अरिहंताणं' नुं चिंतवन करवुं। 5 पूर्वादि चार दिशानी चार पांखडीने विषे अनुक्रमे सिद्धादि चार पदनु अने विदिशाने विषे बाकीना चार पदनु चिंतवन करवुं। मन, वचन अने कायानी शुद्धिथी जो ए रीते एकसो आठ वार मौन राखीने नवकारनुं चिंतवन करे, तो तेने भोजन करवा छता पण उपवासनुं फल अवश्य मळे छे।" नद्यावर्त, शंखावर्त इत्यादि प्रकारथी हस्तजप करे तो पण इष्टसिद्धि आदिक घणा फलनी प्राप्ति थाय छे। कह्यु छे के—"जे भव्य हस्तजपने विषे नद्यावर्त बार संख्याए नव वार एटले हाथ उपर फरतां रहेलां बार स्थानक (वेढाओ) 10 ने विषे नव वखत अर्थात् एक सो ने आठ वार नवकार मन्त्र जपे, तेने पिशाचादि व्यन्तरो उपद्रव करे नहीं। बंधनादि मरुट होय तो विपरीत (उलटा) शंखावर्त्तथी अक्षरोना के पदोना विपरीत क्रमथी नवकार मत्रनो लक्षादि संख्या सुधी पण जप करवो, जेथी क्लेशनो नाश वगेरे तरत ज थाय।

उपर कहेलो कमलबंध जप अथवा हस्तजप करवानी शक्ति न होय तो, सूत्र, रत्न, रुद्राक्ष इत्यादिकनी नोकारवाली पोताना हृदयनी समश्रेणिमां राखी पहेरेला वस्त्रने के पगने स्पर्श करे नहि, एवी 15 रीते धारण करवी अने मेरुनु उल्लघन न करता विधि प्रमाणे जप करवो। केम के—"अंगुलिना अग्रभागथी, व्यग्र चित्तथी तथा मेरुना उल्लंघनथी करेलो जप प्रायः अल्प फलने आपनारो थाय छे। लोकसमुदायमा जप करवा करता एकान्तमा जप करवो ते, मन्त्राक्षरनो उच्चार करीने करवा करता मौनपणे करवो ते अने मौनपणे करवा करता पण मननी अदर करवो ते श्रेष्ठ छे।" ए त्रणे जपमां पहेलां करतां बीजो अने त्रीजा करता त्रीजो श्रेष्ठ जाणवो। "जप करतां थाकी जाय तो ध्यान करवुं अने ध्यान करता थाकी 20 जाय तो जप करवो तेमज बन्नेथी थाकी जाय तो स्तोत्रनो पाठ करवो एम गुरुमहाराजे कह्युं छे।"

श्रीपादलिप्तसूरिजीए रचेली **प्रतिष्ठापद्धतिमां** पण कह्यु छे के :—"मानस, उपांशु अने भाष्य एम जापना त्रण प्रकार छे। केवल मनोवृत्तिथी उत्पन्न थयेलो अने मात्र पोते ज जाणी शके तेने **मानसजाप** कहे छे। बीजी व्यक्ति साभळे नही तेवी रीते मनमां बोलवा पूर्वक जे जाप करवामां आवे तेने **उपांशु जाप** कहे छे। तथा बीजा सांभळी शके तेवी रीते जाप करवामां आवे तेने **भाष्यजाप** 25 कहेवामा आवे छे। पहेलो मानस जाप शान्ति वगेरे उत्तम कार्यो माटे, बीजो उपांशु जाप पुष्टि वगेरे मध्यम कोटिना कामोने माटे अने त्रीजो भाष्य जाप जारण, मारण वगेरे अधम कोटिना कार्यो माटे साधक तेनो उपयोग करे छे। मानस जाप अति प्रयत्नवडे साध्य छे अने भाष्य जाप हलका फलने आपनारो छे, तेथी सौने माटे साधारण एवा उपांशु जापनो उपयोग करवो जोईए।

नवकारना सोळ, छ, चार अने एक अक्षरनो विचार— 30

चित्तनी एकाग्रता माटे साधके नवकारनां पांच अथवा नव पदोने अनानुपूर्वीथी पण गणवा जोईए अने साधक तो त्यांसुधी करे के नवकारना प्रत्येक पद अने अक्षरने पण फेरवीने गणे। **योगशास्त्रना** आठमा प्रकाशमां कह्युं छे के :—"अरिहंत–सिद्ध–आयरिअ–उवज्झाय–साहु" ए पच परमेष्ठिना नामरूप सोळ अक्षरनी विद्यानो बसो वार जाप करे तो उपवासनुं फल मळे, तेम ज 'अरिहंत–सिद्ध' ए छ अक्षरनो मंत्र त्रणसो वार, 'अरिहत' ए चार अक्षरनो मंत्र चारसो वार अने 'अ' ए एक 35

अक्षरना मन्त्रने पांचसो वार जाप करनार उपवासनुं फल मेळवे छे।" आ फल जापमां जीवनी सत्प्रवृत्ति थाय ए माटे ज जणावेल छे, बाकी तो वास्तविक रीते नवकारना जपनुं फल स्वर्ग अने मोक्ष छे। ते उपरांत 'असिआउसा नमः' ने अंगे जणाव्युं छे के 'अ' नाभिकमलने विषे, 'सि' मस्तकने विषे, 'आ' मुखकमलमां, 'उ' हृदयकमलमां अने 'सा' कंठने विषे स्थापीने पण ध्यान करवुं। आ उपरांत सर्वकल्याण-
5 कर एवा 'नमः सिद्धेभ्यः' वगेरे बीजा मन्त्रोनुं पण स्मरण करी चित्तनी एकाग्रता करवी।

ऐहिक फलनी इच्छावाळा पुरुषोए 'ॐ नमो अरिहंताणं' इत्यादि ॐकारपूर्वक आ नवकार मन्त्र गणवो। पण जेमने केवल निर्वाणपद—मोक्षपद प्राप्तिनी ज कामना होय तेओए ॐकार रहित नवकारनुं ध्यान करवु। आवी रीते वर्ण, पद वगेरे जुदां जुदां पाडी अरिहंतादिकना ध्यानमा लीन थवा माटे अनेक रीतिओ क्रमशः योजवी। जापादिक बहु फलने आपनारां छे। कह्युं छे के :—

10 'क्रोडो पूजा समान एक स्तोत्र छे, क्रोडो स्तोत्र समान एक जाप छे, क्रोडो जाप सरखुं एक ध्यान छे अने क्रोडो ध्यान समान एक लय एटले चित्तनी एकाग्रता छे।'

ध्याननां स्थल अने कालादिकनो विचार

ध्याननी सिद्धि माटे जिनेश्वर भगवतोना जन्म वगेरे कल्याणकनी भूमिओ, तीर्थस्थानो तेम ज पवित्र तथा एकान्त स्थलनो साधके उपयोग करवो जोईए। ते माटे **ध्यानशतक**मा कह्यु छे के :—"स्त्री,
15 पशु, नपुंसक तथा कुशील (वेश्यादि) थी रहित मुनिनुं स्थान होवु जोईए अने ध्यान अवस्थामा पण आवुं ज स्थान आवश्यक छे।" आ स्थाननी अपेक्षा सामान्य साधको माटे छे पण जेमणे मन, वचन अने कायाना योग स्थिर कर्या होय अने ध्यानमां निश्चल रही शकता होय तेवा मुनिओ तो गमे तेवा माणमोथी भरपूर लत्तामां, रणमां, अरण्यमां, स्मशानमां के शून्य स्थलमा एक सरखी रीते चित्तनी स्थिरता केळवी शके छे। आथी ज्यां मन, वचन अने कायानी स्थिरता रहे अने कोई पण जीवने पोतानाथी हरकत न थाय
20 तेवुं स्थान ध्यान माटे योग्य छे। जेवी रीते स्थान माटे कह्यु तेवी ज रीते काल माटे पण जाणवु। जे समये मन, वचन, कायाना योग उत्तम समाधिमां रहेता होय ते समये ध्यान करवु। ध्यान माटे रात्रि के दिवसनो कोई जातनो कालभेद नथी। साधके एटलुं खास विचारवु के जे समय पोताना देहने पीडाकारी न होय, ते समय ध्यान माटे योग्य समजवो। ध्यान पद्मासने करवु, उभा रहीने करवु, बेसीने करवु के कई रीते करवुं तेनो पण खास नियम नथी। कारण के सर्व काळमां, सर्व देशमां अने भिन्न भिन्न सर्व
25 अवस्थामां साधक मुनिओ केवलज्ञान पाम्या छे; माटे ध्यानना संबंधमां देशनो, कालनो अने देहनी अवस्थानो कोई पण नियम सिद्धान्तमां कह्यो नथी। अर्थात् मन, वचन अने कायाना योग समाधिमां रहे तेवो प्रयत्न करवो जोईए।

दरेक अवस्थामां नवकारनी उपकारकता

नवकार मंत्रनुं स्मरण आ लोक अने परलोक बन्नेमां घणुं ज उपकारक छे। महानिशीथ
30 सूत्रमां कह्युं छे के—'नवकार मन्त्रनुं भावथी चिंतन कर्युं होय तो चोर, जंगली प्राणी, सर्प, पाणी, अग्नि, बंधन, राक्षस, संग्राम अने राजानो भय नाश पामे छे। तेम ज अन्य ग्रंथोमा पण कह्युं छे के :—बालकनो जन्म थाय त्यारे नवकार गणवो, कारण के तेथी उत्पन्न थनार जीवने भविष्यमा सारा फलनी प्राप्ति थाय, अने मरण समये पण तेने नवकार संभळाववो, जे संभळाववाथी शुभ अध्यवसाय थतां सद्गति मळे। आपत्तिओमां नवकार गणवाथी आपत्तिओ नाश पामे छे। ऋद्धि-सिद्धिना
35 प्रसंगमां पण हरहंमेश नवकार-मंत्रनुं स्मरण करवुं। तेथी ऋद्धि स्थिर रहेवा पूर्वक वृद्धि पामे छे।'

नवकार गणवाथी केटलुं पाप खपे तेनो विचार

शास्त्रमां जणाव्युं छे के नवकारनो एक अक्षर गणवाथी सात सागरोपमनुं पाप खपे,[१] तेनुं एक पद गणवामां आवे तो पचास सागरोपमनुं पाप ओछुं थाय। तेम ज एक संपूर्ण नवकार पांचसो सागरोपमनु पाप खपावे। जे भव्य जीव विधिपूर्वक श्रीजिनेश्वर भगवंतनी पूजा करीने एक लाख नवकार मन्त्र गणे तो ते शंका रहित तीर्थंकर नामकर्म बांधे छे। जे जीव आठ क्रोड, आठ लाख, आठ हजार, आठ सो अने आठ 5 (८०८०८८०८) वार नवकार मन्त्र गणे ते त्रीजे भवे मुक्ति पामे छे।

नवकार स्मरणथी आ लोक अने परलोक फल संबन्धी दृष्टान्त

नवकार माहात्म्य उपर आ लोकना फल संबन्धमां श्रेष्ठिपुत्रक शिवकुमारनुं दृष्टान्तः—

'शिवकुमार जुगटुं वगेरे रमवाथी भयंकर दुर्व्यसनी बन्यो हतो तेथी, पिताए तेने शिखामण आपी के ज्यारे तु कोई भयङ्कर मुश्केलीमां आवी पडे त्यारे नवकार मन्त्र गणजे। समय जतां पिता 10 मृत्यु पाम्या। शिवकुमार धन खोई बेठो, अने धननी लालचे कोई सुवर्ण पुरुष साधता त्रिदंडीनो उत्तर साधक थयो। अंधारी चौदसनी रात्रिए स्मशानमां त्रिदंडीए तेने शबना पग घसवानुं काम भळाव्यु। त्रिदडीनी गोठवण एवी हती के शब मत्रविधि पूर्ण थये उत्तर साधकने हणे अने तेमाथी सुवर्णपुरुष थाय, ते मेळवी अखण्ड सुवर्ण निधान प्राप्त करवुं। शबनो पग घसतां शिवकुमारना मनमा भयनो संचार थयो। तेने पितानु वचन याद आव्यु, आथी तेणे मनमा नवकार मंत्रनो जाप शरु 15 कर्यो। शब उभु थयु पण उत्तरसाधकने नवकार मत्रनी शक्तिना प्रतापे हणी शक्युं नहि। शबे क्रोधित थई त्रिदडीने हण्यो अने तेमांथी सुवर्णपुरुष थयो, आ सुवर्णपुरुष शिवकुमारे ग्रहण कर्यो। त्यार पछी शिवकुमार सुधरी गयो, धर्ममा स्थिर थयो अने तेणे लक्ष्मीनो उपयोग जिनमंदिर बधाववा वगेरे सारा कार्यमां कर्यो।'

परलोकना फल संबधमा वड उपर रहेल समळीनु दृष्टान्त छे—'सिंहलाधिपति राजानी पुत्री 20 पिता साथे सभामां बेठी हती, तेवामां एक पुरुषने सभामां छींक आवी। छींक पछी तुर्त ते पुरुषे 'नमो अरिहताण' कह्युं। आ पद सांभळतां राजकुमारीने मूर्छा आवी अने तेने जातिस्मरण ज्ञान थयुं। मूर्छा वळया पछी राजकुमारीए पिताने पोताना पूर्व भवनी वात कही अने जणाव्युं के हु पूर्वभवमां समळी हती। एक पारधीए मने बाण मार्युं। हुं मूर्छा खाईने नीचे पडी तरफडती हती तेवामां एक मुनिराजे मने नवकार मत्रनुं स्मरण कराव्युं। आ स्मरणथी हु आपने त्यां पुत्रीरूपे अवतरी छुं। त्यारपछी राजकुमारी पचास 25 वहाण भरी पोताना समळीपणानो देह ज्यां आगल पड्यो हतो ते भरूचमां आवी अने त्या समलिकाविहार कराव्यो।

आ रीते उठतां नवकार मन्त्र गणवो जोईए तेनी व्याख्या थई।

धर्मजागरिका

नवकारमन्त्रना स्मरण पछी धर्मजागरिका करवी। 30

---

१ नारकीनो जीव सात सागरोपम प्रमाण काळमां दुःख भोगवीने जेटलां पापकर्मो खपावे, तेटलु पाप नवकारना एक अक्षरना स्मरणथी खपे।

परिचय

युगप्रधान तपागच्छीय श्रीसोमसुन्दरसूरिजीना शिष्य अने 'संतिकर' स्तोत्रना कर्त्ता श्रीमुनिसुन्दरसूरिजीनी ५४ मी पाटे थयेला श्रीरत्नशेखरसूरि विरचित अने शेठ देवचंद लालभाई जैन पुस्तकोद्धार संस्थाथी वीर सं. २४६६ मा प्रकाशित 'श्रीश्राद्धविधिप्रकरण' नामक ग्रन्थथी आ सन्दर्भ तारववामा 5 आवेल छे। आ ग्रन्थनी रचना वि. स. १५०६ मां थई छे एम तेओश्रीए मूलग्रन्थ उपर स्वोपज्ञ ६७६१ श्लोक प्रमाण 'श्राद्धविधि कौमुदी' नामक वृत्तिनी प्रशस्तिमां स्पष्ट रीते जणाव्यु छे।

गुजराती अनुवाद प. मफतलाल झवेरचद द्वारा संपादित 'श्राद्धविधिप्रकरण'मांथी अल्प फेरफार साथे अहीं रजू करेल छे।

[८०-३५]

उपा० श्रीयशोविजयजीकृत-
'द्वात्रिंशद्-द्वात्रिंशिका' संदर्भः

अर्हमित्यक्षरं यस्य, चित्ते स्फुरति सर्वदा ।
परं ब्रह्म ततः शब्द-, ब्रह्मणः सोऽधिगच्छति ॥ २८ ॥ 5

परःसहस्राः शरदां, परे योगमुपासताम् ।
हन्तार्हन्तमनासेव्य, गन्तारो न परं पदम् ॥ २९ ॥

आत्मायमर्हतो ध्यानात्, परमात्मत्वमश्नुते ।
रसविद्धं यथा ताम्रं, स्वर्णत्वमधिगच्छति ॥ ३० ॥

पूज्योऽयं स्मरणीयोऽयं, सेवनीयोऽयमादरात् । 10
अस्यैव शासने भक्तिः, कार्या चेच्चेतनास्ति वः ॥ ३१ ॥

सारमेतन्मया लब्धं, श्रुताब्धेरवगाहनात् ।
भक्तिर्भागवती बीजं, परमानन्दसंपदाम् ॥ ३२ ॥

अनुवाद

अर्हं एवो अक्षर जेना चित्तमां सदा स्फुरे छे; ते अर्हँ रूप शब्दब्रह्मथी परब्रह्म (मोक्ष) ने 15
प्राप्त करे छे ॥ २८ ॥

अन्य लोको हजारो वर्ष सुधी योगनी उपासना करो, परन्तु अरिहंतनी उपासना कर्या विना तेओ मोक्षने प्राप्त करी शकता नथी ॥ २९ ॥

जेम रसथी विद्ध एवु तांबु सुवर्ण बनी जाय छे तेम अरिहंतना ध्यानथी आ आत्मा परमात्मा बनी जाय छे ॥ ३० ॥ 20

आ अरिहंत पूज्य छे, स्मरणीय छे अने आदर पूर्वक सेववा योग्य छे । अने जो तमारामां चेतना-बुद्धि होय तो आ अरिहंतना ज शासनमा भक्ति राखवी जोईए ॥ ३१ ॥

शास्त्रसमुद्रनुं अवगाहन करतां मने आ ज सार प्राप्त थयो छे के परम आनन्दरूपी संपत्तिनुं मूल कारण अरिहंतदेवनी भक्ति ज छे ॥ ३२ ॥

परिचय 25

उपा. श्री यशोविजयजीकृत **'द्वात्रिंशद्-द्वात्रिंशिका'** ग्रंथनी **'जिनमहत्त्वद्वात्रिंशिका'** नामनी चोथी द्वात्रिंशिका (बत्रीशी) मांथी प्रस्तुत संदर्भ अहीं लेवामां आव्यो छे । सत्तरमी शताब्दिमां थयेल महोपाध्याय श्रीयशोविजयजीनो विशेष परिचय 'यशोविजयस्मृतिग्रंथ'मांथी जाणी शकाय छे ।

[८१–३६]

प्रकीर्ण-श्लोकाः

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः सिद्धाश्च सिद्धिस्थिता
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
5 श्रीसिद्धान्त-सुपाठका मुनिवरा रत्नत्रयाराधकाः,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ॥ १ ॥

प्रापद्दैवं तव नुतिपदैर्जीवकेनोपदिष्टैः,
पापाचारी मरणसमये सारमेयोऽपि सौख्यम् ।
कः सन्देहो यदुपलभते वासवश्रीप्रभुत्वं,
10 जल्पञ्जाप्यैर्मणिभिरमलैस्त्वन्नमस्कारचक्रम् ॥ २ ॥

मन्त्रं संसारसारं त्रिजगदनुपमं सर्वपापारिमन्त्रं,
संसारोच्छेदमन्त्रं विषमविषहरं कर्मनिर्मूलमन्त्रम् ।
मन्त्रं सिद्धिप्रधानं शिवसुखजननं केवलज्ञानमन्त्रं,
मन्त्रं श्रीजैनमन्त्रं जप जप जपितं जन्मनिर्वाणमन्त्रम् ॥ ३ ॥

15 अनुवाद

इन्द्रो वडे पूजायेला **अरिहंत भगवंतो**, सिद्धि स्थानमां रहेला **सिद्ध भगवंतो**, जिनशासननी उन्नति करनारा पूज्य **आचार्य भगवंतो**, श्रीसिद्धान्तने सारी रीते भणावनारा **उपाध्याय भगवंतो**, अने रत्नत्रयीनुं आराधन करनारा **मुनि भगवंतो**, ए पांचे परमेष्ठिओ प्रतिदिन तमारु मंगल करो ॥ १ ॥

20 (हे जिनवर !) पापी एवो कुतरो पण जीवक (महाराजा सत्यन्धरना पुत्र) वडे संभळावेला आपनां नमस्कार (पचनमस्कार)नां पदोने मरण समये साभळीने देवताई सुखने पाम्यो। तो पछी जप माटे वपराता निर्मल मणिओनी माळावडे नमस्कारचक्रने जपतो सुरेन्द्रनी संपत्तिनुं स्वामीपणुं मेळवे तेमां शो संदेह ? ॥ २ ॥

संसारमां सारभूत, त्रणे जगतमां अनुपम, सर्व पापरूपी शत्रुओने वशमा करनार, संसारनो उच्छेद 25 करनार, कालकूट झेरनो नाश करनार, कर्मोने निर्मूलन करनार, मोक्षने माटे प्रधान मन्त्र, शिवसुखने उत्पन्न करनार तथा केवल ज्ञानने आपनार जिनभाषित श्री नमस्कार मन्त्रनो तुं जाप कर, जाप कर। जाप करायेलो आ मन्त्र सिद्धिने आपनारो छे ॥ ३ ॥

आकर्षन् मुक्तिकान्तां सुरपतिकमलां दुर्विधस्यापि वश्यं,
कुर्वन्नुच्चाटयंश्चाशुभमथ रचयन् द्वेषमन्तर्द्विषां च ।
तन्वानः स्तम्भमुच्चैर्भवभवविपदां किञ्च मोहस्य मोहं,
पुंसस्तीर्थेशलक्ष्मीमुपनयति नमस्कारमन्त्राधिराजः ॥ ४ ॥

अर्हन्तो ज्ञानभाजः सुरवरमहिताः सिद्धिसिद्धाश्च सिद्धाः,
पञ्चाचारप्रवीणाः प्रवरगुणधराः पाठकाश्चागमनाम् ।
लोके लोकेशवन्द्याः प्रवरयतिवराः साधुधर्माभिलीनाः,
पञ्चाप्येते सदा नः विदधतु कुशलं विघ्ननाशं विधाय ॥ ५ ॥

अपवित्रः पवित्रो वा, सुस्थितो दुःस्थितोऽथवा ।
ध्यायेत् (यन्) पञ्च-नमस्कारं, सर्वपापैः प्रमुच्यते ॥ ६ ॥

अनादिमूलमन्त्रोऽयं, सर्वव्याधिविनाशकः ।
मङ्गलेषु च सर्वेषु, प्रथमं मङ्गलं मतः ॥ ७ ॥

मुक्तिरूपी स्त्रीनुं आकर्षण करनार, देवेन्द्रोनी लक्ष्मीने पण वश करनार, अशुभनुं उच्चाटन करनार, अंतरंग शत्रुओ प्रत्ये द्वेष पेदा करनार, संसारनी विपत्तिओनुं स्तंभन करनार अने मोहनु पण मोहन करनार आ नमस्कार मन्त्राधिराज मनुष्यने तीर्थंकरनी लक्ष्मी भेट आपे छे ॥ ४ ॥

केवल ज्ञानने धारण करनारा अने इन्द्रोथी पण पूजित एवा **अरिहंत भगवंतो**, सिद्धिपदने जेओ वर्या छे एवा **सिद्धो भगवंतो**, पांच प्रकारना आचारमां कुशल एवा **आचार्य भगवंतो**, श्रेष्ट गुणोने धारण करनार अने आगमोनु अध्ययन करावनार **श्री उपाध्याय भगवंतो** तथा साधु धर्मनुं पालन करवामा लीन अने देवेन्द्रोने पण वंदनीय एवा **श्रेष्ठ मुनि भगवंतो**—आ पांचे परमेष्टिओ अमारा विघ्नोनो नाश करीने अमारुं सदा कुशल करो ॥ ५ ॥

अपवित्र होय के पवित्र होय अथवा सुखी होय के दुःखी होय, पंच-नमस्कारनुं जे ध्यान करे ते सर्व पापोथी मुक्त बने छे ॥ ६ ॥

आ (नमस्कार) मंत्र अनादि मूल-मंत्र छे, सर्व व्याधिओनो नाश करनार छे अने सर्व मंगलोमा प्रथम-उत्कृष्ट मंगल छे ॥ ७ ॥

[८२–३७]

अज्ञातकर्तृकः—
श्रीपञ्चपरमेष्ठिस्तवः

भक्तिव्यक्तिपुरस्सरं प्रणिदधे विस्तीर्णमोहोदधे-
र्निस्तीर्णान् परमेष्ठिनः कृततमस्त्रासान् प्रकाशात्मनः।
पञ्चाऽप्युच्चतरान् क्षमाधरवरान् निस्तुल्यकल्याणकान्,
प्रीतिस्फीतिनिबंधनं सुमनसां तन्मन्दरागोत्तमान् ॥ १ ॥

अर्हन्तः स्वपरार्थसम्पदुदयप्रादुर्भवद्वैभवाः,
स्तोतव्या जगतां गतान्धतमसः प्राणिप्रमाणीकृताः।
सन्मार्गे प्रथमप्रधानवचनव्यालुप्तमिथ्यापथा,
भूयांसुर्भविनां भवाधिशमना देवाधिदेवाः श्रिये ॥ २ ॥

आहुर्यान् सुकृतस्य सर्वकृतिनामैकान्तिकात्यन्तिकं,
सिद्धानन्तचतुष्टयं फलमपव्याधिच्छिनाधिध्रुवं।
××××विशेषशेखरसमं व्याबाधया बाधितं[1],
सिद्धाः सिद्धिपदं सतां विदधतां ते संगतं सन्ततम् ॥ ३ ॥

आचाराचरणं सतां वितरणं सन्शेमुषीसम्पदां,
दोषाणां विनिवर्त्तनं गुणततेर्निर्वर्त्तनं निःस्पृहं।
तीर्थाधीशकृतपृथुप्रवचनप्रोद्भासनं प्रत्यहं,
कुर्वाणाः स्मरबाणभङ्गनिपुणास्ते सूरिसूराः श्रिये ॥ ४ ॥

सम्यग्दर्शनबोधसंयमसमाधानप्रधानप्रभा-
भूयः शिष्यसमूहसंगतमतिव्युत्पत्तिसद्विक्रमाः।
श्रीमद्वाचकपुंगवाः शुभतरोदर्काः कुतर्कातिगाः,
सूत्रार्थोभयवेदिनः प्रतिदिनं पुष्णन्तु पुण्योदयम् ॥ ५ ॥

ज्ञानाद्यैः शिवसाधकाः प्रतिपदं व्यापादका विद्विषां,
सम्पन्नाः श्रुतसम्पदां प्रतिपदा पापापदानन्ददाः।
गङ्गातुङ्गतरङ्गसंगतगुणश्रेणिर्मणिसिन्धवः,
सान्निध्यं शुभसंयमाध्वनि सदा तन्वन्तु वः साधवः ॥ ६ ॥

पञ्चाचाररमाविलाससरसिकाः पञ्चप्रमादद्विषः,
पञ्चज्ञानमयाः प्रपञ्चविमुखाः पञ्चव्रतातोदयाः।
दृप्यत् पञ्चहृषीककुञ्जरघटा पञ्चत्वपञ्चाननाः,
पञ्च श्रीपरमेष्ठिनः प्रणमतां पुष्णन्तु नः संपदम् ॥ ७ ॥

---

१ आ पाद सपूर्ण मळ्यु नथी।

सम्यग्ध्येयशिरोमणिं दिनमणिं विष्वकृतमस्त्रासने,
सर्वाभीष्टपरम्परावितरणे चिन्तामणिं प्राणिनाम् ।
श्रुत्वा श्रीपरमेष्ठिपञ्चकमहं सिद्ध्यर्थमभ्यर्थये,
भूयो भक्तिः भवे भवे मम भवेत् तद्ध्यानलीनं मनः ॥ ८ ॥

॥ इति श्रीपञ्चपरमेष्ठिस्तवः ॥

5

परिचय

आ **पञ्चपरमेष्ठि स्तव** श्रीलालभाई दलपतभाई भारतीय संस्कृति विद्यामंदिर, अहमदावादना हस्तलिखित प्रतोना संग्रहमांथी उपलब्ध थयुं छे । जेनो पोथी नं. ४५७०, जनरल नं. ११५० (१) छे आ प्रत एक पानानी छे । आ स्तवना कर्त्ता विषे माहिती मळी नथी ।

शिवमस्तु सर्वजगतः परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं सर्वत्र सुखी भवतु लोकः ॥

शुद्धिपत्रक*

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
१	१५	गता	गताः
२	२४	विधिपूर्वक	विधिपूर्वक एक लाग्व
३	२३	पुरुष	मनुष्य
४	२२	'पञ्चनमस्कृतिदीपक'	'पञ्चनमस्कृतिदीपक'नी हाथपोथीमा
९	२५	लक्ष्मी	शान्ति, लक्ष्मी
९	२७	मुक्ति, नवीन	मुक्ति, कान्ति, नवीन
१०	५	चैबोचाट्टन	चैबोचाटन
१०	१७	मनुष्यना	मनुष्योना
१०	२०	प्राणायमना	प्राणायामना
११	१५	'ह्रीँ'कार	स्फटिकमय 'ह्रीँ'कार
११	१७	सर्व कर्मोथी रहित पद्मासने बेठेल	सर्वकर्मोथी रहित, सर्व जीवोने अभय आपनार, निरञ्जन, पीडा रहित, सर्व प्रवृत्तिथी रहित, पद्मासने बेठेल
१२	१८	जिनप्रभसूरि चौदमा	जिनप्रभसूरि विक्रमना चौदमा
१४	३३	वादीओना	परवादीओना
२२	१८	तेनु 'दिव्यचिंतन'	चिन्तन करायेलु
३०	२७	नीचे रेक	नीचे रेफ
३१	२६	सिद्धिशिला	सिद्धशिला
३५	१०	प्रक्रारो	प्रकारो
३९	२७	अरिहतनु	अरिहतनु
४४	२२	आणिमा	अणिमा
४७	३	एम वे	एम बे
५१	५	'रमम्बुजम्	'रवुजम्
५४	३२	साहूणो	साहुणो
५८	२२	ग्रह रचना रिष्ट योगनी	ग्रहोनी
६१	२१	हँ हूँ हो हः	हँ हें हैं हौं हः
६२	२८	आत्मा जिन	आत्माने जिन
८६	११	नामोभव	नामोद्भव
८६	१८	केवलिण्णत्त	केवलिपण्णत्त
९७	१६	पोता	पोताने
१००	१६	ब्रह्मा	विष्णु
१००	१७	विष्णु	ब्रह्मा
१००	१८	श्वेत, पीळा तेमज श्यामवर्णवाळा	श्याम, पीळा तेमज श्वेतवर्णवाळा
१००	२२	ब्रह्मा विष्णु	विष्णु ब्रह्मा
१००	३१	परमेष्ठिओने	परमेष्ठिओनो

* **टिप्पणी** सर्वत्र ॐ ना स्थाने ॐ समजवो

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
१०१	१४	षट्शती	सषट्शती
११२	५	मल्ली	मल्लिः
११२	२९	अशोक	अशोका
११४	१३	करावी	करवी
११५	२२	पद्मना पारानी माला	पद्म अने अक्षसूत्रआदि
११८	१६	जूईना	जाईना
११९	१९	शरीरनु	किन्तु शरीरनुं
११९	२८	(इहलौकिक)	(ऐहलौकिक)
१२१	१	सरस्ती	सरस्वती
१२१	९	विबुधश्चन्द्र	विबुधचन्द्र
१२२	५	पट्सु	षट्सु
१२६	७	इन्स्टियूटनी	इन्स्टिटयूटनी
१२९	४	विच	निचं
१२९	११	व्यसनैग्रह०	व्यसनैर्ग्रह०
१२९	२२	शाली	शालि
१२९	२८	दुष्ट	दुष्ट मनुष्यो के
१३०	१८	गायनुं छाण	×
१३०	१९	गोरोचना, गायनु छाण	गोरोचना
१३०	१९	जूई वगेरेनी	जाई वगेरेनी
१३४	७	एतदूर्ध्व	एतदूर्ध्वं
१३४	१०	वज्रीड्कुश्यै	वज्राङ्कुश्यै
१३५	७	स्फुरचद्र०	स्फुरचन्द्र०
१३६	१७	जूईना	जाईना
१३७	७	[:१]	×
१३७	१९	चारे	ईशानादि चारे
१३८	४	आसिविसं	आसीविस
१३८	१४	पूर्वोत्तराश (शा)°	पूवोत्तरा(रे)श०
१३८	१९	मुंचामि	मुञ्चामि
१३९	१७	हृदयया	हृदयमा
१४२	१६	०	अनुवाद
१४३	२४	वर्णो	वर्णोनी
१४६	१२	सकर्णाना	सकर्णाना
१४६	१९	ज्ञानवाळा	कीर्तिवाळा
१४६	२३	योगथी...उत्पन्न	योगथी उत्पन्न
१४७	२३	सकोच	संकोच (?)
१५०	३	रिष्टे	रि(दु)ष्टे
१५२	२१	भय के त्रास	भय
१५६	२६	सगांवहालांओ	सगांवहालांओनी जेम
१५९	१९	शाकिनीओ	द्रोहकारक शाकिनीओ
१६२	२७	मोक्षनी सोपान पक्तिसमान	कल्याणनी परंपराने करनार

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
१६४	१७	जीवो अनंत अेवा	अनंत जीवो
१६६	६	सीमान्धराद्या	सीमन्धराद्या
१६६	१३	मागदायिनः	मार्गदायिनः
१७०	५	ऽमृताशुना	ऽमृतांशुना
१७०	२२	जूगार	जुगार
१७८	१७	अरिहतादिनु	अरिहतादिनो
१८०	९	प्राभृतीकृताः	प्राभृतीकृताः (ताम्)
१८०	२१	कानमा.. गया	कानने विशे भेट कराएली आ पवित्र पंचनमस्कृतिनो स्वीकार करीने तिर्यंचो पण स्वर्गे गया
१८२	२	सुवर्णात्मता	सुवर्णात्मता
,,	१६	वागवादकत्व	वाग्वादकत्व
१८६	१२	युगलेऽ	युगलेऽ (लम)
१८६	१४	तालु	तालु
१९३	२४	जीवसदृश असंमूढ बने छे (?)	बृहस्पति जेवी बने
१९९	५	हीं	हीँ
,,	,,	ह्रीं	ह्रीँ
२०१	८	हूँ	हूँ
,,	१९	मगंल	मगल
,,	२२	साहु	साहू
२०२	२३	भिवा	भिया
,,	२६	निरान्तरा	निरन्तरा
२०३	८	'सोलड'	'सोल'
,,	१६	'परश्वलोपम्'	'परश्व लोपम'
२०४	१५	पद्मनामा	पद्मानामा
२०८	२१	प्रतिदिन	प्रतिदिन
२१२	१७	छ छ	छ
२१२	३०	जणावेलाछे	जणावेला छे
२१३	३	वर्णोवाळो	वर्णोवाळा
२१३	२२	दीवेट	रेखा
२१३	३०	ॐ	ॐ
२१४	२६	खनो	उनो
,,	३०	क्या	कया
२१५	२	ह्रीकार	ह्रीँकार
२१७	११	स्तोत्रम-	स्तोत्रमा
,,	१५	मूल पाठा	मूलपाठ
२१८	४	शोणा	शोण
२२१	१७	स्म	स
२३०	३१	हूँ	हूँ

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
२३१	२८	चरमशरीरीनी	चरमशरीरनी
२३१	२९	अचरमशरीरी	अचरमशरीर
२३२	१४	स्वय	स्वयं
२३३	८	साध्यत्येव	साधयत्येव
२३५	१६	ध्याना	ध्यानना
२३८	९	स्व	स्यु°
२३८	१६	विजृम्भते	विजृम्भन्ते
२४०	१७	तेना	ते
२४२	८	त्वमीक्ष्णाम्	त्वभीक्ष्णम्
२४३	२	तरगिण्या°	तरगिण्य°
२५०	४	ह अ म् स् अ	ह अ म् स् अ स्
२५०	५	"याक्षीयम्" ॥ स् ॥	याक्षीयम् ॥
२५३	१	क्रतक्रतुः	कृतक्रतुः
२५३	३६	अतीन्द्रियो	अती(नि)न्द्रियो
२५८	४	महार्हत्य	महार्हन्त्य
२५८	१३	आर्हत्यलक्ष्मी	आर्हन्त्यलक्ष्मी
२६०	२३	अपने	आपने
२६१	६	धमसम्य	धर्मसम्यक्
२६२	३	दिक्कमारी०	दिक्कुमारी°
२६४	९	०गाम्भीर्यवया०	°गाम्भीर्यवर्या
२६८	१९	अपाने	आपने
२७५	२३	जणावणारा	जणावनारा
२७८	११	ताड्प्रे	ताड्प्रे
२७९	१८	विरहमान	विहरमान
२८३	२७	काय ?	दाकाय ?
२८६	२९	सन. छत्र°	°सन॰छत्र°
२८७	३२	पिताः	पिता
२९०	१५	बृहतीपतिः	बृहतां पतिः
,,	१६	°देवोपदिष्टा	°देवोपदेष्टा
,,	२२	°गुणोगुणः	गुणोऽगुणः
,,	२३	विद्या	ऽविद्या
,,	३३	वृत्ताग्रयुग्मः	वृत्ताग्रयुग्यः
२९२	४	विजीवघनः	चिजीवघनः
,,	४	°सुगन्धि°	°सुसुगन्धि°
२९५	१५	वैभव	वैभव मुजब
२९६	६	विविक्ते देशे	विविक्तदेशे
३०७	३	सम°	सम°
३१०	५	°मूलघातन०	°मूलघातन°
३१०	८	मोहनच्छिद्रुम°	मोहच्छिद्रुम°
३१०	२७	हु	हुं

पृष्ठ	पंक्ति	अशुद्ध	शुद्ध
३१०	३०	समक्षवु	समजवुं
३१२	६	°क्षयव्याहत°	°क्षयमव्याहत°
३१२	७	याग	योग
३१४	११	पापोने	पापोनो
३१६	२२	वर्पणे	कर्पणे
३१९	११	०हेतु	°हेतु
३१९	१३	झणोवरोहिणी	झाणोवरोहिणी